સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 45

■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ કાર્તિક વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

રવિવાર, ૧૬ નવેમ્બર ૨૦૨૫, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૯ થી ૧૫

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શ્રીનગરમાં ધડાકો ૧૦ મોત ૩૨ ઘાયલ પોલીસ સ્ટેશનમાં જ વિસ્ફોટ થયો



સુરેશ એસ ડુગ્ગર

જમ્મુ : ફરીદાબાદમાં જપ્ત કરાયેલા વિસ્ફોટક પદાર્થે કાશ્મીરમાં ભયાનક તબાહી મચાવી છે. આ વિસ્ફોટક પદાર્થના સેમ્પલ લેવાના પ્રયાસમાં શક્તિશાળી ધડાકો થયો હતો. અધિકારીઓએ માહિતી આપી કે શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં શુક્રવારે મોડી રાત્રે થયેલા ઉચ્ચ તીવ્રતાવાળા વિસ્ફોટમાં નાયબ તહસીલદાર સહિત ૧૦ જણનાં મોત થયાં હતાં અને બીજા ૩૨ જણ ઘાયલ થયા હતા. આમાં અમુક ઘાયલ ગંભીર છે. અધિકારીએ માહિતી આપી કે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલા જપ્ત વિસ્ફોટક પદાર્થમાં સ્ફોટ થયો. વિસ્ફોટક પદાર્થ સંભવતઃ એમોનિયમ નાઈટ્રેટ હાલમાં જ હરિયાણાના ફરીદાબાદથી નૌગામ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો. જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ફરીદાબાદ પોલીસના સંયુક્ત ઑપેરશન બાદ ડૉક્ટરોના ટેરર મોડ્યુલનો પર્દાફાશ થયો હતો અને વિસ્ફોટક પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતો. મૃતકોમાં મોટા ભાગે પોલીસ કર્મચારી અને એફએસએલ ટીમના સભ્ય છે. મૃતકોમાં એક નાયબ તહસીલદાર અને એક સ્થાનિક દરજીનો પણ સમાવેશ થાય છે. આમાં બીજા ૩૨ ઘાયલ થયા છે.

મૃતદેહ સંપૂર્ણપણે બળી ગયા છે અને તેમને ઓળખવાનું કામ મુશ્કેલ છે. વિસ્ફોટક એટલો ભીષણ હતો કે ૧૦૦-૨૦૦ મીટર દૂર આસપાસનાં ઘરોમાંથી માનવઅંગો મળી આવ્યા હતા.

ઘાયલોને ઉપચાર માટે શ્રીનગર સ્થિત લશ્કરની ૯૨ બેસ હૉસ્પિટલમાં અને સ્કિમ્સ સૌરામાં ભરતી કરવામાં આવ્યા છે. જ્યારે થોડાને ઈલાજ માટે એક સ્થાનિક પ્રાઈવેટ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અધિકારીઓનું કહેવું છે કે સુરક્ષા દળો શ્વાન પથક લઈને નૌગામ પોલીસ સ્ટેશનમાં પહોંચી ગયા છે. શ્રીનગરના ડેપ્યુટી કમિશનર અક્ષય લાબરુએએ નૌગામ પોલીસ સ્ટેશન અને હૉસ્પિટલમાં ઘાયલોની મુલાકાત લીધી. અધિકારીઓએ કહ્યું હતું કે આ વિસ્ફોટક પદાર્થ ડૉક્ટર મુજમ્મિલ ગનઈના ભાડાના ઘરમાંથી પકડાયેલા ૩૬૦ કિલોના વિસ્ફોટક પદાર્થનો હિસ્સો છે. તપાસ હેઠળ નમૂનો લેવામાં આવી રહ્યો હતો. વિસ્ફોટના સ્થળે છ મૃતદેહ મળી આવ્યા હતા. મૃતકોની ઓળખાણ હજી થઈ નથી. મૃતદેહોને શ્રીનગરના પોલીસ કંટ્રોલ રૂમમાં રાખવામાં આવ્યા છે. અધિકારીઓએ માહિતી આપી કે ઓછામાં ઓછા ૨૪ પોલીસ અને ત્રણ નાગરિકને શહેરની વિવિધ હૉસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. રાત્રે સન્નાટાનો ભંગ કરીને મોટો સ્ફોટ થયો હતો. પોલીસ સ્ટેશનની ઈમારતને પ્રચંડ નુકસાન થયું હતું. સતત નાના નાના ધડાકા થતા બૉમ્બ નિષ્ક્રિય કરનાર ટીમ તરત બચાવ કાર્ય શરૂ કરી શકી નહોતી.

જપ્ત કરવામાં આવેલા વિસ્ફોટક પદાર્થને ફોરન્સિક લેબમાં રાખવામાં આવ્યો હતો અને ૩૬૦ કિલો વિસ્ફોટક પદાર્થ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હતો. ■

## પાકિસ્તાન ટેરર જૂથના દાવાને રદિયો

જમ્મુ અને કાશ્મીર પોલીસના મહાનિર્દેશક નલીન પ્રભાતે કહ્યું હતું કે પોલીસ સ્ટેશનમાં થયેલા ધડાકાનાં કારણોની અટકળો કરવી અનાવશ્યક છે. જોકે પોલીસ સ્ટેશનમાં થયેલા ધડાકાની જવાબદારી આતંકવાદી જૂથોએ લીધી છે. મહાનિર્દેશકે પાકિસ્તાની આતંકવાદી જૂથોએ આ ધડાકાની જવાબદારી લેતા કરેલા દાવાને નિરાધાર અને પાયાવિહોણો કહ્યો હતો. તેમણે એ વાતને સમર્થન આપ્યું હતું કે ધડાકામાં ૧૦ જણનાં મોત થયાં છે અને બીજા ૩૨ ઘાયલ થયા છે. બિનસરકારી સૂત્રો મરણાંક ૧૫નો હોવાનું કહે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી વિસ્ફોટક સામગ્રી પોલીસ સ્ટેશનના ખુલ્લા ક્ષેત્રમાં સુરક્ષિત રીતે રાખવામાં આવી હતી. આના સેમ્પલ લઈને તેને ફોરન્સિક અને રાસાયણિક તપાસ માટે મોકલવાના હતા. જપ્ત કરેલો પદાર્થ મોટી માત્રામાં હોવાથી આ પ્રોસેસ શુક્રવારથી ચાલુ હતી. રાત્રે ૧૧-૨૦ કલાકે આમાં આકસ્મિક રીતે ધડાકો થયો હતો. મૃતકોમાં એક રાજ્ય તપાસ અધિકારી, એફએસએલના ત્રણ સદસ્ય, બે ફોટોગ્રાફર અને બે મહેસૂલ અધિકારીઓ અને એક દરજીનો સમાવેશ થાય છે. આ ઘટનામાં ૨૦ પોલીસ કર્મચારી, બે મહેસૂલઅધિકારી અને ત્રણ નાગરિક ઘાયલ થયા છે. ધડાકામાં ઈમારત સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ છે અને આસપાસની ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું છે. નજીકના બે રહેવાસી ઘરોને ભારે નુકસાન થયું છે. બારીઓ અને અંદરના ભાગ તૂટી ગયા છે છતના પેનલ ઊખડી ગયા છે. રસોઈના કબાટ તૂટી ગયા છે. કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. અમુક કેદીઓ પણ ઘાયલ થયા છે અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવાં આવ્યા છે. સ્થાનિક લોકોએ કહ્યું હતું કે આ ધડાકાથી આખા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો અને અંધારામાં જ લોકો ઘરની બહાર આવી ગયા હતા. પોલીસ સ્ટેશન ખંડેર બની ગયું છે. ઉપ રાજ્યપાલ મનોજસિંહાએ પોલીસ સ્ટેશનમાં થયેલા ધડાકાની તપાસનો આદેશ આપ્યો છે. આ વિસ્ફોટક પદાર્થને શા માટે કાશ્મીરના નૌગામ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યો એ સવાલના જવાબમાં અધિકારીએ કહ્યું હતું કે મૂળ કેસ નૌગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હોવાથી આમ કરવામાં આવ્યું હતું. ■

## મોદીની ગુજરાતને ૯,૭૦૦ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત આવ્યા હતા અને અહીં તેમણે કુલ રૂ. ૯,૭૦૦ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ ગુજરાતીઓને આપી હતી, જેમાંથી અમુક પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન તો અમુક પ્રોજેક્ટ્સના શિલાન્યાસ કરવામાં આવ્યા હતા. વડા પ્રધાને

શનિવારે આદિવાસી વિસ્તારોનો પ્રવાસ કર્યો હતો અને ડેડિયાપાડા ખાતે એક જાહેરસભાને સંબોધી હતી. વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ગત ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી અને ભારત પર્વની શરૂઆત બાદ આજે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીના ભવ્ય આયોજન સાથે 'ભારત પર્વ'ની પૂર્ણતા થઈ છે.

તેમણે આદિવાસીઓએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા યોગદાનને યાદ કરતા જણાવ્યું હતું કે દેશના સન્માન અને સ્વરાજની વાત જ્યારે આવી છે, ત્યારે આદિવાસી સમુદાય સૌથી આગળ આવી ઊભો છે. તેમનું યોગદાન હંમેશાં યાદ કરવું જ રહ્યું. તેમણે કૉંગ્રેસની ટીકા કરતા જણાવ્યું હતું કે દેશમાં છ દાયકા સુધી રાજ કરનારી કૉંગ્રેસે આદિવાસીઓને તેમના હાલ પર છોડી દીધા હતા, પરંતુ આદિવાસી કલ્યાણ ભાજપની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. ૨૦૧૪ પહેલા ભગવાન બિરસા મુંડાને કોઈ યાદ કરનારું નહોતું. માત્ર તેમના અગલ-બગલના ગામ સુધી જ તેમને પૂજવામાં આવતા હતા. આજે દેશભરમાં અનેક ટ્રાઇબલ મ્યુઝિયમ બનાવવામાં આવી રહ્યા છે. વડા પ્રધાનની મુલાકાત દરમિયાન જનજાતીય કલ્યાણ માટે વિશેષ પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ થયા હતા, જેમાં આરોગ્ય, માર્ગ અને પરિવહન સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. વડા પ્રધાન મોદી સુરતથી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા પહોંચી ગયા છે. અહીં પહોંચતા પહેલા તેમણે સાગબારામાં પૌરાણિક દેવમોગરા મંદિરમાં માતાની પૂજા કરી હતી અને ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે તેમણે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમની મુલાકાત દરમિયાન તેમણે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સમીક્ષા પણ કરી હતી. ■

## આધાર નાગરિકત્વનો પુરાવો નથી : ચૂંટણી પંચ

નવી દિલ્હી : ભારતના ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે અમે અગાઉ જ એવી સૂચના આપી છે કે બિહારમાં સુધારેલી મતદારયાદીમાં નામ ઉમેરવા કે કાઢવા આધાર કાર્ડ એ નાગરિકત્વનો નહીં, પરંતુ ઓળખાણનો પુરાવો છે. સુપ્રીમ કોર્ટમાં નોંધાવેલા જવાબમાં ચૂંટણી પંચે કહ્યું હતું કે આઠ સપ્ટેમ્બરે ચૂંટ્ણી પંચે મતદારયાદીની સમીક્ષા કરતી વખતે આધાર કાર્ડના ઉપયોગને અમે વર્ગીકૃત કર્યો હતો. પંચે કહ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ની કલમ ૨૩(૪) પ્રમાણે અદાલતે કહ્યું છે કે આધાર કાર્ડનો ઉપયોગ

ઓળખાણ સિદ્ધ કરવા માટેનો છે. લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ની કલમ ૨૩ મતદારયાદીમાં નામના ઉમેરાને સંબંધિત છે.

પંચે વધુમાં કહ્યું હતું કે અદાલતના આદેશને અનુસરીને નવ સપ્ટેમ્બર, ૨૦૨૫એ બિહારના ચીફ ઈલેક્ટરલ ઑફિસર (સીઈઓ)ને સૂચના આપવામાં આવી છે કે સુધારેલી મતદારયાદીમાં નામ ઉમેરવા કે કાઢવા માટે આધાર કાર્ડનો ઉપયોગ નાગરિકત્વનો નહીં, પરંતુ ઓળખાણનો પુરાવા તરીકે કરી શકાશે.

પંચે કહ્યું હતું કે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટીએ ઑગસ્ટ ૨૦૨૩માં એક ઑફિસ મેમોરેન્ડમમાં ખુલાસો કર્યો હતો કે આધાર નાગરિકત્વ, રહેઠાણ કે જન્મતારીખનો પુરાવો નથી. (એજન્સી)■

## ભાજપે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન આરકે સિંહ સહિત ત્રણ નેતાને સસ્પેન્ડ કર્યા

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટી( ભાજપે) એ પૂર્વ કેન્દ્રીય પ્રધાન અને વરિષ્ઠ પાર્ટી નેતા આરકે સિંહ સહિત ત્રણ નેતાને પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ છ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા છે. ભાજપે તેમને કારણદર્શક નોટિસ ફટકારી છે, જેમાં તેમને શા માટે હાંકી કાઢવા ન જોઈએ તે સમજાવવા માટે કહેવામાં આવ્યું છે. આરકે સિંહ છેલ્લા કેટલાક દિવસોથી પાર્ટી નેતૃત્વના નિર્ણયો સામે વાંધો ઉઠાવી રહ્યા હતા અને એનડીએ વિરુદ્ધ પણ બોલી રહ્યા હતા. ભાજપ દ્વારા પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ પૂર્વ આરકે સિંહે રાજીનામું આપી દીધું છે. આ દરમિયાન, ભાજપે પાર્ટીના બે અન્ય પદાધિકારીઓ સામે પણ કાર્યવાહી કરી છે. કટિહાર ક્ષેત્રના વિધાન પરિષદ સભ્ય (એમએલસી) અશોક અગ્રવાલ અને તેમની પત્ની, કટિહારના મેયર ઉષા અગ્રવાલને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અશોક અગ્રવાલના પુત્ર, સૌરવ અગ્રવાલ, કટિહાર વિધાનસભા મતવિસ્તારમાંથી ભાજપના સત્તાવાર ઉમેદવાર, તારકેશ્વર પ્રસાદ સામે ચૂંટણી લડ્યા હતા. સૌરવ અગ્રવાલને વિકાસશીલ ઇન્સાન પાર્ટી દ્વારા ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા, જે વિપક્ષી મહાગઠબંધનનો ભાગ છે.મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન અરાહના ભૂતપૂર્વ સાંસદ અને ભૂતપૂર્વ ગૃહ સચિવ, સિંહે ૨૦૨૪ની ચૂંટણીમાં હાર બાદ ભાજપ અને બિહાર સરકારની ખુલ્લેઆમ ટીકા કરી હતી. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે આ પગલું રાજ્યમાં શિસ્ત જાળવવા અને એકતાને મજબૂત કરવાના ભાજપના દૃઢ નિશ્ચયને પ્રતિબિંબિત કરે છે.

## મુઝફ્ફરપુરમાં આગઃ એક જ પરિવારના પાંચનાં મોત

મુઝફ્ફરપુરઃ જિલ્લાના મોતીપુર પોલીસ સ્ટેશનના મોતીપુર બજાર વિસ્તારમાં એક ઘરમાં આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં એક જ પરિવારના પાંચ સભ્યો જીવતા બળી જતાં તમામનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ચાર લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ આગની ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થયા હતા. માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર લાલ બાબુ ગુપ્તાના ઘરમાં શુક્રવારે મોડી રાત્રે આગ લાગી હતી. ઘટના સમયે તમામ લોકો ઘરમાં સૂતા હોવાથી આગની ઝપેટમાં આવી ગયા હતા. માહિતી મળતાં જ મોતીપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. મૃતકોમાં લલન શાહ, તેની માતા, પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. પાંચ ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

નાયબ પોલીસ અધિક્ષક સુચિત્રા કુમારીએ જણાવ્યું કે આ ઘટના મોતીપુર વિસ્તારના વોર્ડ નંબર ૧૩માં મધરાતે બની હતી. શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગે ઇમારતના ત્રીજા માળને તેની ઝપેટમાં લીધો ત્યારે લોકો સૂતા હતા. તેમણે વધુમાં કહ્યું કે અગ્નિશામક દળની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. ■

## ઈડનમાં બે દિવસમાં પડી ૨૬ વિકેટ, ભારત આજે જીતી શકે

### બીજા દાવમાં સાતમાંથી ચાર વિકેટ જાડેજાએ લીધી

કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની પ્રથમ ટેસ્ટમાં પહેલા બે દિવસમાં ઢગલાબંધ (કુલ ૨૬) વિકેટ પડી જેનું પરિણામ એ આવી રહ્યું છે કે ટીમ ઇન્ડિયાને આ મૅચ જીતવાનો પૂરો મોકો મળ્યો છે, કારણકે ગઈ કાલના બીજા દિવસે સાઉથ આફ્રિકાએ બીજા દાવમાં ફક્ત ૯૩ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી અને સરસાઈ બાદ કરતા તેમના માત્ર ૬૩ રન હતા.

રવીન્દ્ર જાડેજા પ્રથમ દાવમાં વિકેટ નહોતો લઈ શક્યો, પણ ગઈ કાલે તેણે માત્ર ૨૭ રનમાં ચાર બૅટ્સમેનને પૅવિલિયન ભેગા કર્યા હતા. એક તબક્કે તેણે એક જ ઓવરમાં બે વિકેટ લીધી હતી.

બે વિકેટ કુલદીપ યાદવે અને એક વિકેટ અક્ષર પટેલે લીધી હતી. ટૂંકમાં, ભારતના સ્પિનર્સના આક્રમણમાં સાઉથ આફ્રિકાની ટીમ માનસિક પ્રેશરમાં આવી ગઈ હતી અને વિકેટ પછી વિકેટ ગુમાવી બેઠી હતી. આજે મૅચનો

ત્રીજો દિવસ છે અને આ દિવસે પહેલા કે બીજા સત્રમાં ભારતીય ટીમ જીતી શકે એમ છે. ભારતે પ્રથમ દાવમાં ૩૦ રનની સરસાઈ લીધી જેની બાદબાકી કરતા ટેમ્બા બવુમાની ટીમના બીજા દાવમાં ૬૩ રન થયા છે અને એની માત્ર ત્રણ વિકેટ પડવાની બાકી છે. ભારતને સેકન્ડ ઇનિંગ્સમાં દબાણમાં લાવવા સાઉથ આફ્રિકાએ એને ઓછામાં ઓછા ૧૨૫ રનનો લક્ષ્યાંક આપવો જોઈશે જે શક્ય નથી લાગતું.

ઈડનમાં શુક્રવારના પ્રથમ દિવસે ૧૧ વિકેટ પડી હતી. સાઉથ આફ્રિકાનો પ્રથમ દાવ ૧૫૯ રનના સ્કોર પર પૂરો થયા બાદ ભારતે એ દિવસે એક વિકેટે ૩૭ રન કર્યા હતા. ગઈ કાલે બીજા દિવસે વધુ ૧૫ વિકેટ પડી હતી. આ ૧૫માંથી આઠ વિકેટ ભારતની હતી. કૅપ્ટન શુભમન ગિલે ગરદનના દુખાવાને કારણે બૅટિંગ અધવચ્ચે જ છોડી દીધી હતી. ભારતનો દાવ ૩૦ રનની સરસાઈ સાથે ૧૮૯ રનના સ્કોર પર સમેટાયો હતો અને પછી બીજા દાવમાં સાઉથ આફ્રિકાનો સાતમી ઓવરથી ધબડકો શરૂ થઈ ગયો હતો.

ઓપનર રાયન રિકલ્ટન (૧૧ રન)ની પ્રથમ વિકેટ કુલદીપ યાદવે લીધી હતી, પણ પછીના ચારેય શિકાર જાડેજાએ કર્યા હતા. તેણે એઇડન માર્કરમ (૪), વિઆન મુલ્ડર (૧૧), ટૉની ડિ ઝોર્ઝી (બે) અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (પાંચ)ને આઉટ કર્યા હતા. વિકેટકીપર કાઇલ વેરાઇન (૯)ને અક્ષર પટેલે ક્લીન બોલ્ડ કર્યો હતો. દિવસની અંતિમ અને સાઉથ આફ્રિકાની સાતમી વિકેટ માર્કો યેનસેન (૧૩)ની હતી જે કુલદીપે લીધી હતી. ■

## દિલ્હીની રેસ્ટોરાંની બહાર ગોળીબારઃ ચારની ધરપકડ

નવી દિલ્હીઃ દિલ્હીના ઝિલમિલ ઔદ્યોગિક વિસ્તારમાં પૈસા પડાવવા માટે રેસ્ટોરાંની બહાર ગોળીબાર કરનારા ત્રણ સગીર સહિત ચાર જણની ધરપકડ કરવામાં આવી છે, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

પકડાયેલા લોકોમાં માનવ તરીકે ઓળખાતો ૧૯ વર્ષીય કથિત શૂટર પણ સામેલ છે.

તેમણે ઉમેર્યું હતું કે તેમણે રેસ્ટોરાંની બહાર બે વાર ગોળીબાર કર્યો હતો. બીજી વખત, રેસ્ટોરાંના ગાર્ડે તેના પર વળતો ગોળીબાર કરતાં માનવ ઘાયલ થયો હતો.

એક સગીર ''શાહદરા શૂટર્સ'' નામનું સોશ્યલ મીડિયા ગ્રૂપ પણ ચલાવતો હતો, જ્યાં ફોલોઅર્સ મેળવવા માટે ગુનાહિત કૃત્યોના વીડિયો અપલોડ કરવામાં આવતા હતા. તે કથિત રીતે વિવેક વિહારમાં ૨૦૨૩ના હત્યા કેસમાં પણ સામેલ હતો.

આ જૂથ યોગેશ શર્મા ઉર્ફે યોગી અને તેના સહયોગીઓ દ્વારા ચલાવવામાં આવતા સંગઠિત ખંડણી વસૂલાત સિન્ડિકેટનો ભાગ હતો. તેમની મોડસ ઓપરેન્ડીમાં વ્યવસાયિક સંસ્થાઓ પર ગોળીબાર, હુમલાનું ફિલ્માંકન અને પછી પૈસા પડાવવાની ધમકીઓ આપવાનો સમાવેશ થાય છે.

પોલીસે જણાવ્યું હતું કે શૂટરનો ઇન્ટરનેટ-આધારિત કોલિંગ એપ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો અને દરેક હુમલા માટે ૧ લાખ રૂપિયાની ઓફર કરવામાં આવી

હતી. શરૂઆતમાં યોજના યોગ્ય રીતે અમલમાં ન આવતા આરોપીઓ માટે પિસ્તોલની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમણે શરૂઆતમાં યોજનાનો યોગ્ય રીતે અમલ કરવામાં નિષ્ફળ રહ્યા બાદ બે રાઉન્ડ ગોળીબાર કર્યો હતો.

બીજી ઘટના દરમિયાન, માનવને રેસ્ટોરન્ટના ગાર્ડ દ્વારા ચલાવવામાં આવેલી ગોળીથી ઈજા થઈ હતી. પોલીસે ઉમેર્યું હતું કે, બાદમાં તેણે સારવારની માગ કરી હતી અને ખોટો દાવો કર્યો હતો કે તે પડી જવાથી ઘાયલ થયો છે.

૧૦ નવેમ્બરના રોજ રેસ્ટોરાંના ઓપરેશન હેડ ૩૮ વર્ષીય મહિલા તરફથી ફરિયાદ મળી હતી, જેમણે આગલી રાત્રે રેસ્ટોરાંની બહાર બે ગોળીબારની ઘટનાઓની જાણ કરી હતી.

૯ નવેમ્બરના રોજ રાત્રે ૧૦.૪૦ વાગ્યાની આસપાસ, સ્કૂટર પર બે માણસ રેસ્ટોરાં પાસેથી પસાર થયા અને ફરિયાદીએ બે શંકાસ્પદ ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો. લગભગ બે કલાક પછી, તે જ સ્કૂટરસવાર તેની સાથે મોટરસાઇકલ સાથે પાછો ફર્યો હતો, અને સવારોએ કથિત રીતે હત્યાના ઇરાદાથી તેના પર ચાર રાઉન્ડ ગોળીબાર કર્યો હતો, તેવું ફરિયાદીએ પોલીસને જણાવ્યું હતું.

તેના સુરક્ષા ગાર્ડે તેના લાઇસન્સ પ્રાપ્ત હથિયારનો ઉપયોગ કરીને વળતા બે ગોળીબાર કર્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે રેસ્ટોરાં માલિક પાછળથી ઘટનાસ્થળે પહોંચ્યો હતો, આરોપીએ ધમકી આપી હતી અને તેઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. બીએનએસની કલમ ૧૦૯(૧) (હત્યાનો પ્રયાસ) અને ૩(૫) (સંયુક્ત જવાબદારી) અને આર્મ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.

પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતાં, શંકાસ્પદોના રૂટ મેપ કર્યા હતાં, ટેકનિકલ સર્વેલન્સ તૈનાત કર્યા હતાં અને બાતમીદારોને સક્રિય કર્યા હતા, જેના પગલે ચાર શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓએ કથિત રીતે પોતાની ઓળખ છુપાવવા માટે ઇન્ટરનેટ આધારિત કોલિંગ એપનો ઉપયોગ કર્યો હોવાનું કબૂલ્યું હતું. ■

## ગુજરાત એટીએસે પંજાબમાં હથિયારોની હેરાફેરીમાં વોન્ટેડ આરોપીની હાલોલથી ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડે પંજાબમાં હથિયારોની હેરાફેરી અને આતંકી હુમલામાં વોન્ટેડ આરોપી ગુરુપ્રીત સિંહની ધરપકડ કરી હતી. એટીએસે રાજ્યના પંચમહાલ જિલ્લાના હાલોલથી તેની ધરપકડ કરી હતી. આ આરોપી પાકિસ્તાનસ્થિત આતંકવાદી નેટવર્કના ઈશારે દેશમાં ગ્રેનેડ હુમલા કરવા માટે કાર્યરત ગેંગ માટે હથિયારોની દાણચોરીમાં કથિત સંડોવણી માટે વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે ગુજરાત એટીએસે જણાવ્યું હતું કે પંજાબ પોલીસ દ્વારા મળેલી ચોક્કસ માહિતીના આધારે પંચમહાલ જિલ્લાના હાલોલ શહેરમાંથી ગુરુપ્રીત સિંહ ઉર્ફે ગોપી બિલ્લાની ધરપકડ કરવામાં આવી હતી. તેને પંજાબ પોલીસને સોંપવામાં આવશે. પંજાબ પોલીસે ગુરુદાસપુર જિલ્લામાં કેટલીક વ્યક્તિઓ વિરુદ્ધ ગ્રેનેડની દાણચોરી અને વિસ્ફોટ કરવા અને સરહદ પાર કાર્યરત આતંકવાદી નેટવર્કને મદદ કરવા બદલ કેસ નોંધ્યો હતો.

આ અંગે પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ કેસનો મુખ્ય આરોપી મનુ અગવાન અને મનિન્દર બિલ્લા જે હાલમાં મલેશિયામાં છે, તેઓ પાકિસ્તાનની આઈઆઈએસના હેન્ડલર્સ દ્વારા પંજાબ અને અન્ય રાજ્યોના ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગ્રેનેડ હુમલા કરવા અને આતંકવાદ ફેલાવવા પંજાબમાં સ્લીપર સેલની ભરતી કરતા હતા.

તેમજ એટીએસે હાલમાં ધરપકડ કરાયેલા બે અન્ય આરોપીઓની પૂછપરછ દરમિયાન પંજાબ પોલીસને આતંકવાદી હુમલાઓના કાવતરાના ભાગરૂપે બે ગ્રેનેડ અને બે પિસ્તોલની દાણચોરીમાં ગુરપ્રીત સિંહની ભૂમિકાની માહિતી મળી હતી. ■

## ગુજરાતમાં શ્વાસ સંબંધિત સમસ્યાના દર્દીઓ વધ્યા, દરરોજ સરેરાશ ૩૪૦ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શ્વાસની સમસ્યા ધરાવતા દર્દીઓમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. શ્વાસની સમસ્યા ધરાવતા દરરોજના સરેરાશ ૩૪૦ જેટલા કેસ હોસ્પિટલોમાં નોંધાઈ રહ્યા છે.

રાજ્યના મોટા શહેરોમાં પ્રદૂષણ પણ ચિંતાજનક સ્તરે પહોંચી રહ્યું છે ત્યારે શ્વાસની સમસ્યાના કેસમાં હજુ વધારો થાય તેવી સંભાવના છે. વાતાવરણમાં સતત થઇ રહેલા પરિવર્તનથી પણ શ્વાસની સમસ્યા ધરાવતા દર્દીઓ વધી રહ્યા છે. સામાન્ય રીતે શ્વાસની સમસ્યા યુવાનોને ખાસ અસર કરતી નથી. જો કે જે દર્દીઓ જોવા મળે છે તેમાંથી મોટાભાગના ૪૦થી વધુ વયના છે. વાતાવરણમાં સ્મોગનું પ્રમાણ વધી ગયું હોવાથી શ્વાસની સમસ્યા ધરાવતા દર્દી વધી રહ્યા છે અને તેમને નોર્મલ થવા ઓક્સિજન સપોર્ટની જરૂર પડે છે. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૧૬-૧૧-૨૦૨૫ થી તા. ૨૨-૧૧-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૬મીએ વૃશ્ચિક રાશિમાં પ્રવેશ કરે છે. મંગળ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં વક્રીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કન્યા રાશિમાં રહે છે. તા. ૧૭મીએ તુલા રાશિમાં, તા. ૨૦મીએ વૃશ્ચિક રાશિમાં, તા. ૨૨મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક, સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નવી નોકરીનો પ્રારંભ શક્ય છે. નવા કામકાજનો પ્રારંભ પણ આ સપ્તાહમાં જણાય છે. મકાન-મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને નિત્ય અભ્યાસ સરળતાથી સંપન્ન થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું આ સપ્તાહનું કામકાજ સફળતાથી પૂર્ણ થઈ શકશે. નોકરીમાં તા. ૧૮, ૧૯, ૨૧ શુભ ફળદાયી પુરવાર થશે. વેપારના નિર્ણયો સફળ બની રહેશે. વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિમાં પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસમાં અનુકૂળતા અનુભવશે તથા ઉચ્ચ પરીક્ષાના સફળ પરિણામો પણ પ્રાપ્ત કરશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. તા. ૨૦, ૨૧, ૨૨ નોકરીમાં સફળતાનો અનુભવ થશે. કામકાજના કાયદાના પ્રશ્નોનો ઉકેલ આવશે. અર્થવ્યવસ્થા વધુ સુખદ પુરવાર થશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓના મતભેદોનો ઉકેલ આવશે. પ્રવાસ માટે આ સપ્તાહ અનુકૂળ જણાય છે. વિદ્યાર્થીઓના નિત્ય શૈક્ષણિક કામકાજ સફળતાથી સંપન્ન થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. જૂના રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરી માટે ગોચરફળ શુભ છે. નોકરીના સહકાર્યકરો તા. ૧૭, ૧૮, ૨૦મીએ ઉપયોગી થતાં જણાશે. તા. ૨૨મીએ અર્થવ્યવસ્થાનો સુખદ અનુભવ થાય. મહિલાઓ આ સપ્તાહમાં સહપરિવાર પ્રવાસનું આયોજન કરી શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા પ્રકારના કામકાજનો પ્રારંભ શક્ય છે. નવીન નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. જૂનાં લેણીના રકમની વસૂલી પણ શક્ય જણાય છે. કુટુંબના સભ્યોમાં મહિલાઓના વિવાદનો ઉકેલ આવશે. પ્રાસંગિક જવાબદારી પૂર્ણ કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું યોગ્ય માર્ગદર્શન પણ પ્રાપ્ત થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં સફળ નિર્ણયો લઈશકશો. દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૧૬, ૨૦, ૨૨ સફળતાસૂચક છે. પ્રવાસ દ્વારા નવા આર્થિક, વેપાર વ્યવસાયના કામકાજના સંબંધો નિર્માણ થશે. નવીન કામકાજનો પ્રારંભ કરવા માટે મહિલાઓને અનુકૂળતા જણાશે. કુટુંબના સભ્યોથી યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજનાં પરિણામો ઉત્સાહપ્રેરક બનશે. નાણાં વ્યવસ્થામાં ઝડપી સુધારો જણાય. નોકરીમાં તા. ૧૯, ૨૦, ૨૨ શુભ જણાય છે. વેપારનાં સાધનો મેળવશો. કાર્યાલયમાં વ્યાજનાં નાણાં વગેરેના પ્રયત્નો સફળ બની રહેશે. ગૃહિણીઓના સંતાનના જવાબદારીના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. જરૂરી માર્ગદર્શન મેળવશો. તા. ૧૭, ૨૦, ૨૧ નોકરીના કામકાજ માટે સફળ જણાય છે. ભાગીદારના સંબંધમાં પરિવર્તન આવે તેમ છે. નવા કામકાજનો પ્રારંભ થાય. નાણાં આવકની મૂંઝવણોનો ઉકેલ આવશે. વ્યવસાયના પ્રારંભ માટે મહિલાઓને જરૂરી પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. તા. ૧૬, ૧૭, ૨૦ કાર્યક્ષેત્રે સફળતા સૂચક છે. કામકાજના મિત્રો ઉપયોગી થશે. વેપાર વધશે. નાણાં આવક વિશેની મૂંઝવણો દૂર થાય. મહિલાઓને નોકરીના ક્ષેત્રે અનુકૂળતા જણાશે.સ્વતંત્ર કારોબારમાં યશસ્વી રહેશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૧૬, ૧૭ના નોકરીના નિર્ણયો સફળ પુરવાર થશે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. મિલકત વાહન ઈત્યાદિના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને તા. ૧૭, ૧૮, ૨૨મીએ પરિવારના સભ્યોથી સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થાય. નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશો.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીના તા. ૧૭, ૧૮, ૨૧ના કામકાજમાં સફળતા જણાશે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય છે. કાર્યક્ષેત્રે વૈચારિક મતભેદો દૂર થશે. પ્રવાસ દ્વારા કારોબારના વિકાસના કામકાજ સંપન્ન થતાં જણાશે. મિત્રો દ્વારા જરૂરી માર્ગદર્શન પણ મેળવી શકશો. મહિલાઓને સ્વાસ્થ્ય જાળવણીના પ્રયત્નોમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ અધ્યયનમાં નિયમિતતા દાખવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ અને વાયદાના વેપારમાં પણ અનુકૂળતા શક્ય છે. નોકરીમાં પ્રગતિ જણાય. તા. ૧૬, ૧૭, ૨૨ના નિર્ણયો નોકરીના ક્ષેત્રે સફળતાસૂચક છે. વેપારના આર્થિક વ્યવહાર સંપન્ન થશે. વેપારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત થતો જણાશે. સંતાનના જવાબદારીના કામકાજમાં સફળતા મેળવશો. વિદ્યાર્થીઓ નવા અભ્યાસમાં માટે પ્રગતિનો અનુભવ કરશે. ■

## આજનું પંચાંગ
### દક્ષિણાયન - સૌર હેમંતઋતુ,
### રવિવાર, તા. ૧૬-૧૧-૨૦૨૫, સૂર્ય વૃશ્ચિકમાં

ભારતીય દિનાંક ૨૫, માહે કાર્તિક, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭,
કાર્તિક વદ-૧૨
જૈન વીર સંવત ૨૫૫૨,
માહે કાર્તિક, તિથિ વદ-૧૨
પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર,
માહે ૪થો તીર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૪થો શહેરેવર,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨જો બેહમન,
માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૫મો જમાદિલ અવ્વલ સને ૧૪૪૭
મીસરી રોજ ૨૬મો,
માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૦ સુધી, પછી ચિત્રા, ચંદ્ર કન્યામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૫, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ-દ્ર
સવારે ક. ૦૯-૧૯, ભરતીઃ રાત્રે ક. ૨૨-૨૧
ઓટઃ બપોરે ક. ૧૫-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૨ (તા. ૧૬)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - દ્વાદશી. તિથિવાસર સવારે ક. ૦૯-૦૯ સુધી, અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ક. ૨૬-૧૧, નિરયન સૂર્ય વૃશ્ચિકમાં ક. ૧૩-૩૬. મું. ૩૦ સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ સવારે ક. ૦૭-૨૦ થી ક. ૧૩-૪૪ સુધી, મહાલય સમાપ્તિ.
શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૩-૪૪ પછી શુભ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન શ્રેષ્ઠ, ગાયત્રી હવન જાપ, ચંદ્રદેવતાનું પૂજન, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થમાં સ્નાન, તર્પણ, શ્રાદ્ધ, સૂર્ય, વિષ્ણુપૂજા, દાન, શુદ્ધકાળમાં પરદેશનું પસ્તાનું, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
આચમનઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય તુલા/વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
### તા. ૧૬-૧૧-૨૦૨૫ થી તા. ૨૨-૧૧-૨૦૨૫

રવિવાર, કાર્તિક કૃષ્ણ-૧૨, વિ. સં. ૨૦૮૨, તા. ૧૬મી નવેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૦ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. તિથિવાસર સવારે ક. ૦૯-૦૯ સુધી, અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ક. ૨૬-૧૧, નિરયન સૂર્ય વૃશ્ચિકમાં ક. ૧૩-૩૬. મું. ૩૦ સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ સવારે ક. ૦૭-૨૦ થી ક. ૧૩-૪૪ સુધી, મહાલય સમાપ્તિ. (બપોરે ક. ૧૩-૪૪ પછી શુભ)

સોમવાર, કાર્તિક કૃષ્ણ-૧૩, તા. ૧૭મી, નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૧ સુધી (તા. ૧૮) પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં બપોરે ક. ૧૫-૩૪ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. લાલા લજપતરાય પુણ્યતિથિ, ત્રયોદશી વૃદ્ધિ તિથિ છે. સોમપ્રદોષ. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, કાર્તિક કૃષ્ણ-૧૩, તા. ૧૮મી, નક્ષત્ર સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, શ્રી જ્ઞાનેશ્વર મહારાજ પુણ્ય તિથિ, ભદ્રા સવારે ક. ૦૭-૧૨થી રાત્રે ક. ૨૦-૨૮. (વિષ્ટિદોષ ગ્રાહ્ય છે. શુભ કાર્ય વર્જ્ય છે.)

બુધવાર, કાર્તિક કૃષ્ણ-૧૪, તા. ૧૯મી, નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૦૭-૫૮ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલામાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩ સુધી (તા. ૨૦), પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, શ્રી રંગઅવધૂત પુણ્યતિથિ (નારેશ્વર), વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩. શુભ કાર્ય વર્જ્ય છે

ગુરુવાર, કાર્તિક કૃષ્ણ-૩૦, તા. ૨૦મી, નક્ષત્ર વિશાખા સવારે ક. ૧૦-૫૮ સુધી, પછી અનુરાધા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. અન્વાધાન, વિંછુડો, શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, માર્ગશીર્ષ શુક્લ-૧, તા. ૨૧મી, નક્ષત્ર અનુરાધા બપોરે ક. ૧૩-૫૫ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, માર્તંડ ભૈરવ ષડરાત્રૌત્સવારંભ, ચંદ્રદર્શન, મું. ૧૫. મહર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૬૩ અંશ, વિંછુડો. શુભ દિવસ.

શનિવાર, માર્ગશીર્ષ શુક્લ-૨, તા. ૨૨મી, નક્ષત્ર જયેષ્ઠા સાંજે ક. ૧૬-૪૬ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં સાંજે ક. ૧૬-૪૬ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. ભારતીય અગ્રહાયણ માસારંભ, વિંછુડો સમાપ્તિ સાંજે ક. ૧૬-૪૭. લગ્ન. સૂર્ય સાયન ધનુમાં સવારે ક. ૦૭-૦૭. શુભ દિવસ. ■

# બરેલી જંકશન નજીક માલગાડીના ડબ્બામાં આગ લાગી

બરેલી : અધિકારીઓએ જણાવ્યું હતું કે શનિવારે દિલ્હીથી આસામ જઈ રહેલી માલગાડીના એક ડબ્બામાં અચાનક આગ લાગી હતી. રેલવે જંકશન નજીક ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો જેના કારણે મુસાફરો અને રેલવે કર્મચારીઓમાં ગભરાટ ફેલાયો હતો.

પ્લેટફોર્મ પર હાજર લોકોએ તાત્કાલિક સ્ટેશન પ્રશાસનને જાણ કરી હતી અને ફાયર બ્રિગેડના કર્મચારીઓએ તરત જ આવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાની માહિતી મળતાં જ જીઆરપી સ્ટેશન હાઉસ ઓફિસર સુશીલ કુમાર વર્મા, પોલીસ અને આરપીએફ કર્મચારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમ પણ પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

બરેલી જંકશનના સુપરિન્ટેન્ડેન્ટ ભાનુ પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે માલગાડી દિલ્હીથી આસામના અઝારા જઈ રહી હતી અને ટ્રાફિક સંપૂર્ણપણે સામાન્ય હતો.

માહિતી મળતાં જ સ્ટેશન મેનેજરે માલગાડીના છેલ્લા કોચને ટ્રેનના બાકીના ભાગથી અલગ કરવાનો આદેશ આપ્યો હતો. ટેકનિકલ ટીમો અને રેલવે સ્ટાફે ઘટનાસ્થળે પહોંચીને અસરગ્રસ્ત કોચને સલામત સ્થળે ખસેડ્યો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. ■

# કર્ણાટકમાં કાર અકસ્માતમાં ત્રણ યાત્રાળુઓનાં મોત

મેંગલૂરુઃ કર્ણાટકમાં શનિવારે વહેલી સવારે મેંગલૂરુ-બેંગલૂરુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બીસી રોડ સર્કલ પાસે એક કાર અકસ્માતમાં ત્રણ યાત્રાળુઓનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ચાર ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકો રામ્યા (૨૩), રવિ (૬૪) અને નંજમ્મા (૭૫) બેંગલૂરુના રહેવાસી હતા. આ જૂથ બેંગલૂરુના પીન્યાથી ઉડુપી શ્રી કૃષ્ણ મઠ તીર્થયાત્રા માટે જઇ રહ્યું હતું ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

પ્રારંભિક અહેવાલો દર્શાવે છે કે કાર બીસી રોડ સર્કલ પર ધડાકાભેર અથડાયા બાદ દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી. જેના કારણે વાહન સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે રવિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે લોકોએ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો.

તેમણે જણાવ્યું કે ઘાયલોમાં કીર્તિ, સુશીલા, બિંદુ અને પ્રશાંતનો સમાવેશ થાય છે. તેમને ગંભીર ઇજાઓ સાથે મેંગલૂરુની એક ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે આ નવનિર્મિત ટ્રાફિક સર્કલ અવૈજ્ઞાનિક છે. તેમ જ તાજેતરના મહિનાઓમાં તેના કારણે અનેક અકસ્માતો થયા છે. બંતવાલ ટ્રાફિક પોલીસે કેસ નોંધીને ઘટનાની તપાસ આરંભી છે. ■

# બિહારના ઈતિહાસમાં પ્રથમવાર આટલા ઓછા મુસ્લિમ ઉમેદવારોને લોકોએ ચૂંટ્યા

પટણાઃ બિહાર વિધાનસભા ચૂંટણીમાં મુસ્લિમ ઉમેદવારોનું પ્રતિનિધિત્વ ઐતિહાસિક રીતે ઘટી ગયું છે. આ વખતે માત્ર ૧૧ મુસ્લિમ ઉમેદવાર જ વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. વર્ષ ૨૦૧૯માં આ સંખ્યા ૧૯ હતી.

એઆઈએમઆઈએમે સીમાંચલમાં અગાઉની તમામ બેઠક પર વિજય મેળવી લીધો છે તો અન્ય અનેક વિસ્તારમાં મહાગઠબંધનના વૉટનું વિભાજન કર્યું છે.

બિહાર વિધાનસભા ચૂંટણીમાં નીતીશકુમારની આંધીમાં મહાગઠબંધનનો સંપૂર્ણ રાજકીય કિલ્લો ધરાશાયી થઈ ગયો છે. એનડીએની રાજકીય લહેરમાં મુસ્લિમ રાજકારણ પણ તણાઈ ગયું. આ વખતે માત્ર ૧૧ મુસ્લિમ ઉમેદવાર જ વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. વર્ષ ૨૦૧૯માં આ સંખ્યા ૧૯ હતી. મતલબ છેલ્લી વિધાનસભાની ચૂંટણીની સરખામણીએ આ વખતે ચૂંટાઈ આવેલા વિધાનસભ્યોની સંખ્યામાં આઠનો ઘટાડો થયો છે.

બિહારના રાજકીય ઈતિહાસમાં વર્ષ ૧૯૫૧થી લઈને અત્યાર સુધીમાં જેટલી ચૂંટણી થઈ તેમાં વર્ષ ૧૯૮૫ની ચૂંટણીમાં સૌથી વધુ (૩૪) મુસ્લિમ વિધાનસભ્ય ચૂંટાઈ આવ્યા હતા તો આ વખતે આ સંખ્યા સૌથી ઓછી (૧૧) રહી છે.

વર્ષ ૨૦૨૫ની વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ વિધાનસભ્ય (પાંચ) એઆઈએમઆઈએમના ચૂંટાઈ આવ્યા છે તો આરજેડીના ત્રણ, કૉંગ્રેસના બે અને જેડી (યુ)ના એક મુસ્લિમ વિધાનસભ્ય ચૂંટાઈ આવ્યા છે.

સીપીઆઈ માલે અને ચિરાગ પાસવાનના પક્ષમાંથી એક પણ મુસ્લિમ વિધાનસભ્ય ચૂંટાઈ આવ્યો નથી. ■

# ચૂંટણી પરિણામ બાદ લાલુ પરિવારમાં ખળભળાટ
## પુત્રી રોહિણીએ પરિવાર સાથે સંબંધ તોડ્યો

પટણાઃ લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્યએ સોશ્યલ મીડિયા પર મૂકેલી પૉસ્ટે ખળભળાટ મચાવી દીધો છે. મહાગઠબંધનના પરાજયને કારણે પહેલા જ તેની સામે સવાલ ઊઠી રહ્યા હતા એવામાં પરિવારના સભ્યએ જ સોશ્યલ મીડિયા પર ખળભળાટ મચાવતી કરેલી પૉસ્ટે રાજકીય તોફાન ઊભું કરી દીધું છે.

બિહાર વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનને મળેલા નાલેશીજનક પરાજય બાદ આરજેડીના સુપ્રીમો લાલુ યાદવના પરિવારમાં ખળભળાટ મચી ગયો છે.

પહેલા તો પુત્ર તેજ પ્રતાપે ચૂંટણી પરિણામ જાહેર થતાં જ તેજસ્વીને નિષ્ફળ લેખાવી દીધો હતો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમ જ એનડીએના નેતાઓની ભરપેટ પ્રશંસા કરી હતી. પુત્રી રોહિણીએ પણ રાજકારણ છોડવાની અને પરિવાર સાથે સંબંધ તોડી નાખવાની જાહેરાત કરી શનિવારે જબરજસ્ત રાજકીય વિસ્ફોટ કર્યો હતો.

રોહિણીએ ચોંકાવનારો દાવો કરતાં કહ્યું હતું કે સંજય યાદવ અને રમીઝે તેને આમ કરવા જણાવ્યું હતું અને હવે તે તમામ દોષ અને આરોપ પોતાનાં પર લઈ રહી છે.

રોહિણીએ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં લખ્યું હતું કે હું રાજકારણ છોડી રહી છું અને પરિવાર સાથે સંબંધ પણ તોડી રહી છું. સંજય યાદવ તેમ જ રમીઝે મને આમ કરવા કહ્યું હતું અને આનો સંપૂર્ણ દોષ હું મારે માથે લઉં છું.

જોકે પક્ષ કે પરિવાર તરફથી આ મામલે અત્યાર સુધીમાં કોઈ ઔપચારિક પ્રતિક્રિયા નથી આવી, પરંતુ આરજેડીમાં આ પૉસ્ટ અંગે જોરશોરથી ચર્ચા થઈ રહી છે.

સંજય યાદવ આરજેડીના રાજ્યસભાના સાંસદ છે અને તેજસ્વી યાદવના સૌથી ભરોસેમંદ સહયોગીઓમાંનાં એક છે.

રમીઝ તેજસ્વીનો જૂનો મિત્ર છે અને તે પડોશી રાજ્ય ઉત્તર પ્રદેશના એક રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે.

બિહાર વિધાનસભામાં એનડીએને ૨૦૨ તો મહાગઠબંધનને માત્ર ૩૫ બેઠક જ મળી હતી. ■

# ગુજરાતમાં શિયાળાનો માહોલ યથાવત વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવેમ્બર મહિનાથી જ ઠંડીનો માહોલ જામ્યો છે. અમદાવાદ, ગાંધીનગર સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ઠંડીએ ચમકારો બતાવતા જનજીવન પર પણ થોડી અસર જોવા મળે છે. રાજ્યના અન્ય ભાગો જેવા કે કચ્છ અને સૌરાષ્ટ્રના શહેરોમાં ઠંડીનો ચમકારો વધુ અનુભવાઈ રહ્યો છે. ખાસ કરીને સવારે અને મોડી સાંજથી ઠંડો પવન હોવાથી લોકોએ ગરમ કપડાનો ઉપયોગ શરૂ કરી દીધો છે. અમદાવાદમાં પણ સારી એવી ઠંડી પડી રહી છે. અમદાવાદમાં શનિવારે લઘુતમ તાપમાન ૧૬.૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી નોંધાયું હતું જ્યારે અમરેલીમાં ૧૫.૨ અને નલિયામાં ૧૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. વડોદરામાં પણ લઘુતમ તાપમાન ૧૫.૨ નોંધાયું હતું.

રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં હાલ સૂકું હવામાન અનુભવાઈ રહ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં અને ગુજરાત પ્રદેશના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે નીચું નોંધાયું હતું, જ્યારે ગુજરાતના બાકીના ભાગોમાં તાપમાન સામાન્ય રહ્યું હતું.અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, નલિયા, રાજકોટમાં લઘુતમ તાપમાન ૧૩થી ૧૪ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૨૯થી ૩૦ ડિગ્રી નોંધાઈ રહ્યું છે. અમુક શહેરોને બાદ કરતા લઘુતમ તાપમાન ૧૬થી ૨૦ ડિગ્રી વચ્ચે અને મહત્તમ તપામાન ૨૮થી ૩૦ ડિગ્રી વચ્ચે રહે છે. અમરેલી અને નલિયામાં લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી સુધી પણ પહોંચ્યું હતું. ■

# ગાંધીનગરની અડાલજની વાવ ખાતે ૨૩ નવેમ્બરએ પ્રસિદ્ધ વોટર ફેસ્ટિવલ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરની સુપ્રસિદ્ધ અડાલજની વાવ ખાતે ૨૩ નવેમ્બરના રોજ વોટર ફેસ્ટિવલના ૧૬મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત ટુરિઝમ દ્વારા આયોજિત અને અદાણી ગ્રૂપના સહયોગથી આ મહોત્સવ ઐતિહાસિક સમારકોને એક નવા રૂપમાં રજુ કરે છે. લોક અને શાસ્ત્રીય સંગીતથી સજાવેલી એક શાનદાર સાંજને માણવા મોટી સંખ્યામાં લોકો આ ફેસ્ટિવલની મુલાકાત લે છે.

લોકોને ભવ્ય અને ઐતિહાસિક સ્મારકોનો પરિચય કરાવવા માટે જાણીતા 'ક્રાફ્ટ ઓફ આર્ટ' ના સ્થાપક બિરવા કુરેશીએ શનિવારે આ કાર્યક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ફેસ્ટિવલના ૧૬ વર્ષ પૂર્ણ થવા અમારા માટે એક મોટી સિધ્ધી છે. આ વોટર ફેસ્ટિવલ ભારતના અદ્વિતિય સ્થાપત્ય વારસાને અમારી શ્રદ્ધાંજલિ છે, અને અડાલજની વાવ અમને દર વર્ષે તેની ઉજવણી માટે પ્રેરણા આપે છે.

કુરેશીએ જણાવ્યું હતું કે ૨૦૨૫ની આવૃત્તિ વૈશ્વિક સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કલાકારો તેમના અસાધારણ અને મનમોહક પરફોર્મન્સથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરશે.

કુરેશીએ વધુમાં ઉમેર્યું હતું કે, ઉસ્તાદ ફઝલ કુરેશી તેમના તબલા વાદ્યથી, વાયોલિન પર અંબી સુબ્રહ્મણ્યમ, કીબોર્ડ પર સ્ટીફન દેવાસી, મીર મુખ્તિયાર અલી કબીર વાણી, ઘટમ પર ગિરધર ઉડુપા, ડ્રમ્સ પર અરુણ કુમાર, ઢોલક પર નવીન શર્મા, બાસ પર પૃથ્વી સેમ્યુઅલ અને સારંગી પર ઇલિયાસ ખાન પર્ફોર્મન્સ રજૂ કરશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રથમ વખત, આ શાસ્ત્રીય સંગીત ઉત્સવમાં કેરળની કથકલી સ્કૂલ દ્વારા એક ખાસ પર્ફોર્મન્સ રજૂ કરવામાં આવશે, જે ભારતની શાસ્ત્રીય નૃત્ય પરંપરાઓની ઊંડાઈ અને સુંદરતા દર્શાવે છે. આ સાંજનું આયોજન પ્રખ્યાત અભિનેત્રી, પ્રસ્તુતકર્તા અને કલાકાર સુચિત્રા પિલ્લઈ દ્વારા કરવામાં આવશે. ■

# અમદાવાદના ૩૩ ટકા લોકો ડાયાબિટીસ અને હાઈ બીપીના દરદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં મનપા દ્વારા શુક્રવારે વિવિધ જગ્યાએ હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ૨,૨૨૧ વ્યક્તિઓમાંથી ૨૯ ટકા લોકો હાઈ બ્લડ સુગર અને ૩૫ ટકા લોકો હાઈ બ્લડ પ્રેશર (હાયપરટેન્શન)ના દરદી હોવાનું બહાર આવ્યું હતું. આ જીવનશૈલીને લગતી શારીરિક સ્થિતિ શહેરીજીવનને આભારી હોવાનું માનવામાં આવે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૬૪૪ લોકોમાં બ્લડ સુગરનું ઊંચું સ્તર જોવા મળ્યું હતું. આ આંકડો લગભગ દર ત્રણ વ્યક્તિએ એક જેટલો થાય છે. જ્યારે ૭૭૨ વ્યક્તિઓ (૩૫ ટકા) હાઈ બીપીથી પરેશાન હોવાનું જાળવા મળ્યું હતું.

સૂત્રોએ ઉમેર્યું હતું કે આ આંકડા ચિંતાજનક છે. શહેરીજનોએ નિયમિત ડાયાબિટીસ તપાસ અને લાઇફ સ્ટાઇલ ચેન્જ કરવી જોઈએ. આ ડેટામાં મોટાભાગે ૪૦ વર્ષથી વધુ વયના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે પુખ્તવયના લોકોમાં ડાયાબિટીસનો રાષ્ટ્રીય વ્યાપ આશરે ૧૧.૪ ટકા છે, પરંતુ અમદાવાદમાં તે ૧૫ થી ૧૮ ટકાની વચ્ચે છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ વધારે છે. શુક્રવારે વિશ્વ ડાયાબિટીસ દિવસે જાહેર બગીચાઓ, ક્લિનિક્સ અને અમદાવાદ મનપાના આરોગ્ય કેન્દ્રો સહિત શહેરભરના ૧૦૩ કેન્દ્રો પર વિવિધ તપાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# અંકલેશ્વર-ભરૂચને જોડતો નર્મદા મૈયા બ્રિજ વાહનચાલકો માટે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંકલેશ્વરથી ભરૂચને જોડતા નર્મદા નદી પરના નર્મદા મૈયા પુલ પર જિલ્લા વહીવટીતંત્રે ભારે અને અતિભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ લાદ્યો છે. ગુજરાત સરકારે જૂન ૨૦૨૧ માં આ પુલનું ઉદઘાટન કર્યું હતું. આ પુલનો અમદાવાદ-મુંબઈના વ્યસ્ત માર્ગ પર ટ્રાફિકની ભીડ ઘટાડવાનો હતો અને શરૂઆતમાં ટ્રાફિકનો પ્રવાહ બરાબર રીતે ચાલી રહ્યો હતો. જોકે, સમય જતાં, બસ, ટ્રક અને અન્ય ભારે વાહનો જેવા મોટા ખાનગી વાહનો, ખાસ કરીને રાત્રે, નાના અને મોટા અકસ્માતોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ભરૂચ જિલ્લાના રહેવાસીઓએ વીડિયો અને ફોટોગ્રાફ્સ દ્વારા સરકારનું ધ્યાન દોરતાં, સરકારે એક જાહેરનામું બહાર પાડ્યું, જેમાં ભારે અને અતિભારે વાહનોને પુલનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. હવે, ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટ ગૌરાંગ મકવાણાએ જાહેરાત કરી છે કે, જ્યાં સુધી સૂચનામાં વધુ કોઈ ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ ભારે અને અતિભારે વાહનોને નર્મદા મૈયા પુલ પરથી પસાર થવા પર કાયમી પ્રતિબંધ રહેશે. ■

# ગરવી ગુર્જરી દ્વારા સાત મહિનામાં રાજ્ય બહાર ₹ ૧૭ કરોડની સ્વદેશી વસ્તુઓનું થયું વેચાણ

અમદાવાદઃ રાજ્ય સરકારના હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ અંતર્ગત એપ્રિલથી ઓક્ટોબર-૨૦૨૫ એટલે કે છેલ્લા ૦૭ મહિનામાં ગરવી ગુર્જરી એમ્પોરિયમ ઉપરાંત રાજ્ય તથા રાજ્ય બહાર કુલ ૩૪ મેળા-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ રૂ. ૧૭.૫૨ કરોડથી વધારે કિંમતની સ્વદેશી હાથશાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓનું વેચાણ થયું હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આ વેચાણમાં નિગમ દ્વારા વિવિધ સરકારી કચેરીઓમાં આપવામાં આવેલ ગિફ્ટ હેમ્પર તથા સરકારી કચેરીઓમાં કરેલ સુશોભનની કામગીરીનો પણ સમાવેશ થાય છે.

કુટિર ઉદ્યોગ પ્રધાન નરેશ પટેલ તેમજ રાજ્યકક્ષાના પ્રધાન સ્વરૂપજી ઠાકોરના નેતૃત્વમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીથી દેશના ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન મળે અને સ્વદેશી હાથશાળ - હસ્તકલાની પરંપરાગત ઉત્પાદનોની ખરીદી કરીને આપણા વારસાનું જતન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક કારીગરોને વધુમાં વધુ રોજગારી મળી રહે તે હેતુથી ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા નિગમના તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો મારફત સ્વદેશી હાથશાળ-હસ્તકલાની ચીજવસ્તુઓના રૂ.૧૩૦૩.૨૨ લાખના ખરીદ ઑર્ડર કારીગરોને આપવામાં આવ્યા છે. આ વેચાણ દ્વારા રાજ્યભરના કુલ ૭,૦૦૦થી વધુ હાથશાળ અને હસ્તકલા કારીગરોને પ્રોત્સાહનની સાથે સાથે રોજગારી આપવામાં આવી છે. ■

# કચ્છમાં રૂ.૩,૩૭૫ની લાગતથી ચાર મહત્ત્વની નવી રેલવે લાઇન બિછાવવામાં આવશે

## કચ્છના સરહદી અને સમુદ્રી કાંઠાના છેવાડાના વિસ્તારોને રેલ સાથે જોડવા કેન્દ્રીય કેબિનેટે લીધો મહત્ત્વનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છની વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે કેન્દ્રીય મંત્રીમંડળે દેશલપર-હાજીપીર-લુણા અને વાયોર-લખપત બે રેલવે લાઈનો તેમજ ભુજ-નલીયા વચ્ચે બિછાવવામાં આવેલી રેલવે લાઇનનું નખત્રાણાના વાયોર સુધી વિસ્તરણ, અંદાજિત ૧૯૪ કિ.મીને આવરી લેતી નવી નલિયા-જખૌ બંદરના ટ્રેકને રૂ.૩,૩૭૫ કરોડના ખર્ચે બનાવવા માટે મંજૂરી આપી હતી.

આ ચાર નવી રેલવે લાઈનોનું નિર્માણ કચ્છના આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલા સરહદી અને સમુદ્રી કાંઠાના છેવાડાના વિસ્તારો સુધી રેલ કનેક્ટિવિટી મજબૂત કરવા, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા અને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા તરફ આ મહત્ત્વપૂર્ણ પગલું બની રહેશે.

કચ્છ પ્રદેશમાં વિપુલ માત્રામાં કુદરતી સંસાધનો આવેલાં છે. ભારતમાં ઉત્પાદિત કુલ ચૂનાના પથ્થરના આશરે ૭૦ ટકા જેટલું ઉત્પાદન એકલાં કચ્છમાં થાય છે. ઉત્તમ ગુણવત્તા માટે વિશ્વભરમાં જાણીતી બેન્ટોનાઇટ માટી અબડાસા, બંદરીય માંડવી, લખપતના પેટાળમાંથી વિપુલ માત્રામાં મળી આવે છે જેનો ઉપયોગ ડ્રિલિંગ પ્રવાહી, સૌંદર્ય પ્રસાધનો, કૃષિ અને વોટરપ્રૂફિંગ સહિત સેંકડો ઉદ્યોગોમાં થાય છે. હાલમાં, કચ્છ ક્ષેત્રમાં ૨૦૯ જેટલી બેન્ટોનાઇટના ખનનની ખાણો સક્રિય છે, જે વાર્ષિક આશરે ૬૦ મિલિયન ટન ઉત્પાદન કરે છે.

વિનાશક ભૂકંપ બાદ થઇ રહેલાં ઔદ્યોગિકરણ અને કંડલા તેમજ મુંદરા જેવાં મહાબંદરોને કારણે પશ્ચિમ રેલ્વે હેઠળનો સૌથી મોટો માલવાહક પ્રદેશ કચ્છ જિલ્લો બન્યો છે. ગત એપ્રિલ ૨૦૨૫થી ઓક્ટોબર ૨૦૨૫ના સમયગાળા દરમ્યાન ૧.૭૨૭ મિલિયન મેટ્રિક ટન ઔદ્યોગિક મીઠું, ૧.૧૧૯ મિલિયન મેટ્રિક ટન ખાદ્ય મીઠું અને ૧૦.૫૮૬ મિલિયન મેટ્રિક ટન કન્ટેનર કચ્છથી મોકલવામાં આવ્યા હતા.

નાપાક પાકિસ્તાનને અડીને આવેલો આ સૂકો રણ પ્રદેશ વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે અહીં ઝડપી, સલામત અને વિશ્વસનીય પરિવહન વ્યવસ્થા વિકસાવવી જરૂરી છે. નવી રેલવે લાઇનોનું નિર્માણ અને અપગ્રેડેશન સંરક્ષણ દળોની તૈનાતી, લશ્કરી સાધનોના પરિવહન અને કટોકટીનો ઝડપથી જવાબ આપવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. આ પ્રકલ્પ કચ્છના ઔદ્યોગિક અને ખનિજ સમૃદ્ધ વિસ્તારોને દેશના રેલ નેટવર્ક સાથે જોડશે અને રાષ્ટ્રીય સુરક્ષા માટે મજબૂત પાયો પણ પૂરો પાડશે.

બીજી તરફ, તાજેતરમાં ૧૦૧.૪૦ કિલોમીટરની ભુજ-નલિયા રેલ લાઇનનું મીટર ગેજથી બ્રોડગેજમાં રૂપાંતરણ કાર્ય પૂર્ણ કરી લેવાયું છે. નલિયાથી વાયોર (૨૪.૬૫ કિ.મી) રેલ લાઇનનું વિસ્તરણ હાલ રૂ. ૪૩૭.૧૮ કરોડના અંદાજિત ખર્ચે ચાલી રહ્યું છે. સાંઘીપુરમ ગામ આ રૂટ પર પ્રસ્તાવિત વાયોર સ્ટેશનની નજીક સ્થિત છે. હાલમાં, રેલ કનેક્ટિવિટી હજુ સુધી ઉપલબ્ધ ન હોવાથી સાંઘીપુરમ ખાતે આવેલા સાંઘી સિમેન્ટ સહિતના એકમો દ્વારા થતાં ઉત્પાદનોને સડક માર્ગે પહેલા ભુજ પહોંચાડવામાં આવે છે અને ત્યારબાદ માલગાડી દ્વારા ગંતવ્ય સ્થળ પર મોકલવા પડી રહ્યા છે. વધુમાં, એક અગ્રણી ઉદ્યોગ ગૃહ વાયોર સ્ટેશન નજીક નવું સિમેન્ટ ઉત્પાદન એકમ સ્થાપિત કરી રહ્યું છે, જે ટૂંક સમયમાં ઉત્પાદન શરૂ કરે તેવી અપેક્ષા છે. રેલ લાઇનનું આ વિસ્તરણ આ તમામ ઉદ્યોગોને સીધી રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે, જેનાથી કાચા માલ અને તૈયાર ઉત્પાદનોનું પરિવહન વધુ અનુકૂળ, ઝડપી અને ખર્ચ-અસરકારક બનશે સાથો સાથ ટ્રાફિક જામની સ્થિતિમાંથી સ્થાનિકોને રાહત મળશે, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધશે અને પ્રાદેશિક આર્થિક વિકાસને વેગ મળશે.

દરમ્યાન, પશ્ચિમ કચ્છના નલિયા-જખૌ બંદર વચ્ચેની ૨૪.૮૮ કિ.મીની નવી બ્રોડગેજ રેલ લાઇનને, જખૌ બંદર સુધી લંબાવવામાં આવશે જેથી મત્સ્યયોગના કેન્દ્ર સમા જખૌ બંદરની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં વધારો થશે અને મુંદરા-કંડલા બંદરો પર સતત વધી રહેલું દબાણ ઘટશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૧માં ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા નવીનીકરણ પામેલા અબડાસા તાલુકાના જખૌ બંદરને આયાત-નિકાસ હબ તરીકે વિકસિત કરવા માટેના આ પ્રકલ્પનો અંદાજિત ખર્ચ રૂ.૪૧૦.૪૬ કરોડ છે. આ વિસ્તારમાં વિશાળ જમીન ઉપલબ્ધ છે, જે ઔદ્યોગિક એકમો, વેરહાઉસ, સેવા પ્રક્રિયા અને પેકેજિંગ કેન્દ્રો સ્થાપવાની સંભાવનામાં વધારો કરશે. હાલમાં, કોલસો, મીઠું, ક્લિંકર અને સિમેન્ટનું પરિવહન રેલ કનેક્ટિવિટીના અભાવે માર્ગ દ્વારા થાય છે, પરંતુ હવે તેનું સ્થાન રેલ દ્વારા લેવામાં આવશે. ■

# રાજ્ય સરકારે રોડ રિસર્ફેસિંગ સહિતનાં કામોની સમીક્ષા માટે ચાર ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે રાજયના ચાર મહાનગરોમાં ચોમાસા દરમ્યાન રસ્તાઓને થયેલા નુકસાન, નબળા કામ, લોકોને મુશ્કેલીના સંજોગોમાં સરકારે કડક વલણ અખત્યાર કર્યું છે. તાજેતરમાં થયેલી મીટિંગમાં નવા સર્વે, રિપોર્ટના આદેશ, જરૂર પડ્યે એફઆઈઆરના આદેશ આપ્યા બાદ હવે સરકારે રોડ રિસર્ફેસિંગ સહિતના કામોની સમીક્ષા માટે ચાર ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરી હતી. આ રીતે સરકાર હવે ન માત્ર રસ્તા પણ અન્ય મોટા કામો ઉપર પણ નજર રાખશે તે સ્પષ્ટ બન્યુ છે. બિસ્માર રસ્તાઓની મહાનગરોમાં વિગતવાર ચકાસણી કરીને સીધો સચીવને રિપોર્ટ આપવાની છે. જે સર્વેના કારણે રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર કોર્પો.ની ટીમોને દોડાદોડી કરવી પડી રહી છે.

પ્રજાને જીવનજરૂરી સવલતો પૂરી પાડતા વિકાસકાર્યો સરકારની પ્રાથમિકતા છે. ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર આ દિશામાં સતત પ્રયત્નશીલ છે. જે અનુસાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં લેવામાં આવેલ નિર્ણય અનુસાર, રાજ્યમાં ચોમાસા દરમિયાન ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ હેઠળ બનાવાયેલા કેટલાક રસ્તાઓમાં થયેલ નુકસાનની સમીક્ષા કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્ય સ્તરની વિશેષ ટીમની રચના કરવામાં આવી છે. જેમાં રાજ્યની ભાવનગર, રાજકોટ, વડોદરા અને સુરત જેવી ૪(ચાર) મહાનગરપાલિકાઓના રોડની કામગીરીની ચકાસણી કરવા અધિક્ષક ઈજનેરે નેતૃત્વ હેઠળ ચાર વિશેષ ટીમોની રચના કરવામાં આવી હતી.

આ ટીમ દ્વારા સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકાના વિસ્તારોમાં સ્થળ મુલાકાત લઈને, ડીફેક્ટ લાયાબિલિટી હેઠળના તૂટેલા માર્ગોની થયેલ કામગીરીની વિગતવાર ચકાસણી હાથ ધરવામાં આવશે. જે તાકીદે કાર્યા બાદ, સંબંધિત તમામ માહિતી સાથેનો અહેવાલ અગ્ર સચિવને સુપરત કરવામાં આવશે.

વધુમાં, આગામી સમયમાં પ્રાદેશિક કમિશ્નરોની કચેરીઓ મારફતે નગરપાલિકાના વિસ્તારોમાં કરવામાં આવેલા રસ્તા મરામતનાં કામોના ક્રોસ વેરીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. રાજયની અન્ય મહાનગરપાલિકાઓમાં પણ સ્થળ તપાસ દ્વારા માર્ગોની ગુણવત્તા અને કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. ■

# ગુજરાતના ૪૧ લોકોને ઊંચા પગારની લાલચ આપી વિદેશ મોકલવાના રેકેટનો પર્દાફાશ, ૩ની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતી એક સંગઠિત માનવ તસ્કરી અને સાયબર ક્રાઇમ સિન્ડિકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ ગેંગ ગુજરાતના ૪૧ જેટલા નાગરિકોને ઊંચા પગારની લાલચ આપી વિદેશમાં મોકલીને તેમને બંધક બનાવી 'સાયબર સ્લેવરી' કરાવતી હતી.

આરોપીઓ, તેમના સબ-એજન્ટો સાથે મળીને, ગુજરાતના યુવાનોને વિદેશમાં 'ડેટા એન્ટ્રીની જોબ પ્લેસમેન્ટ'ની લોભામણી લાલચ આપતા હતા. ટિકિટ બુક કરાવી, પાકિસ્તાની એજન્ટો (મીયાઝઅલી અને તનવીર) મારફતે કુલ ૪૧ નાગરિકોને મ્યાનમાર, દુબઈ, વિયેતનામ અને મલેશિયા જેવા દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોમાં મોકલવામાં આવ્યા હતા.

ભોગ બનનાર લોકો જેવા જ એરપોર્ટ પર પહોંચતા, ચીની ગેંગના એજન્ટો દ્વારા તેમના પાસપોર્ટ અને મોબાઈલ સહિતના દસ્તાવેજો જપ્ત કરી લેવામાં આવતા હતા. ત્યારબાદ તેમને બળપૂર્વક ગેરકાયદેસર રીતે મોઇ નદી મારફતે સરહદ પાર કરાવીને મ્યાનમારના સરહદી વિસ્તારમાં આવેલા કે.કે.પાર્ક, મ્યાવાડી ટાઉનશિપ ખાતેના ચાઇનીઝ હબમાં બંધક બનાવવામાં આવતા હતા.

બંધક બનાવેલા આ ભારતીય નાગરિકોને શારિરીક અને માનસિક ત્રાસ આપીને ફિશીંગ, ક્રિપ્ટો સ્કેમ, પોન્ઝી સ્કીમ અને ડેટીંગ એપ દ્વારા છેતરપીંડી જેવા વિવિધ સાયબર ગુનાઓ કરવા માટે મજબૂર કરવામાં આવતા હતા. જે નાગરિકો સહકાર આપવાનો ઇનકાર કરતા, તેમને છ મહિના કે તેથી વધુ સમય માટે ગેરકાયદેસર અટકાયતમાં રાખીને હેરાન-પરેશાન કરવામાં આવતા હતા.

સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સની ટીમે આ સમગ્ર પ્રકરણનું એનાલીસીસ કરીને આંતરરાષ્ટ્રીય સાયબર સિન્ડિકેટ સાથે મળીને ગુના આચરતા સોનલ સંજયભાઈ ફડદુ (જૂનાગઢ), સંજયભાઇ હરીભાઇ ફળદુ (જૂનાગઢ) અને શૈલેશભાઈ વાલજીભાઈ ડાભી (આણંદ) નામના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી ૩ મોબાઇલ ફોન જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# જીટીયુનું કટ-કોપી-પેસ્ટ: ગયા વર્ષનું બેઠું પ્રશ્નપત્ર આપી દેતા વિદ્યાર્થીઓમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાના પરિણામ નહીં, પરંતુ પ્રશ્નપત્રથી નારાજ હતા. અહીં વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે ગયા વર્ષનું બેઠું પેપર માત્ર તારીખ બદલી આપી દેવામાં આવ્યું હતું. પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલા સવાલ એસાઈન્મેન્ટમાં પણ પૂછાયા હતા, તેમ પણ વિદ્યાર્થીઓએ કહ્યું હતું. આ અંગે યુનિવર્સિટીના સૂત્રોએ કમિટી બેસાડી તપાસ કરવાનું આશ્વાસન આપ્યું હતું. યુનિવર્સિટીએ સિવિલ એન્જિનિયરિંગના સેમેસ્ટર ૭નું પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને આપ્યું ત્યારે તેમણે રોષ વ્યક્ત કર્યો હતો અને આ ગયા વર્ષનું જ હોવાનો દાવો કર્યો હતો. પોર્ટ એન્ડ હાર્બર એન્જિનિયરિંગ વિષયના પ્રશ્નપત્ર વિશે વિદ્યાર્થીઓએ પ્રોફેસર સાથે પણ ચર્ચા કરી હતી અને એસાઈન્મેન્ટના જ સવાલો પૂછવામાં આવ્યા હોવાની રજૂઆત પણ કરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

# રાજકોટમાં આડાસંબંધનો લોહિયાળ અંજામ

## લફરાબાજ પત્નીને ગોળી મારી પતિનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના નાગેશ્વર વિસ્તારમાં આવેલી એક બિલ્ડિંગમાં પતિએ પત્નીને ગોળી માર્યા બાદ પોતે પણ લમણે ગોળી માર્યા મારી આત્મહત્યાનો પ્રયાસ કરતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી. પત્નીના ભત્રીજા સાથેના પ્રેમ સંબંધના કારણે પતિ-પત્ની વચ્ચે દોઢ મહિનાથી ઝઘડો ચાલતો હતો. ૧૫ નવેમ્બર શનિવારના રોજ સવારે પત્નીના પ્રેમ સબંધથી કંટાળેલા પતિએ યોગા ક્લાસમાંથી પરત આવતાની સાથે બિલ્ડિંગના પટાંગણમાં જ પત્નીને ગોળી ધરબી દીધી હતી, જે બાદમાં પોતે પણ લમણે ગોળી મારી આપઘાત કરી લીધો હતો.

મળતી વિગત મુજબ, લાલજીભાઇ રમેશભાઇ પઢીયારના પત્ની તૃષાબેનને લાલજીભાઇના ફઇના દીકરાના દીકરા એટલે કે કુટુંબી ભત્રીજા વિશાલ મહેશભાઇ ગોહેલ સાથે પ્રેમસંબંધ હતો. આ મુદ્દે પતિ અને પત્ની વચ્ચે સતત તકરાર થતી રહેતી હતી. જેથી લાલજીભાઇના પત્ની તૃષા પઢીયાર (ઉ.વ.૩૯) તેની બહેનપણી પૂજાના ઘરે રહેવાં જતાં રહ્યાં હતા. તૃષા તેની બહેનપણી પૂજાબેન સાથે પાર્કિંગમાં હતાં ત્યારે તૃષાબેનના પતિ લાલજીભાઇ પઢીયાર (ઉ.વ.૪૨) ત્યાં આવ્યા હતાં અને ઝઘડો કરી તૃષાબેન ઉપર બે ફાયરીંગ કરી દેતાં તૃષાબેનને ગળા પર ગોળી ઘૂસી જતાં લોહીલુહાણ થઇ ઢળી પડ્યા હતાં. આ પછી લાલજીભાઇ પઢીયારે પોતાના ઉપર જાતે ફાયરીંગ કરી લીધુ હતું. આ કારણે તે પણ ઢળી પડ્યા હતાં.

સમગ્ર ઘટના પૂજાબેનની નજર સામે બની હતી. તેણે તુરત જ પોલીસ અને ૧૦૮ને જાણ કરતા ઇએમટી અને પાઇલોટ પણ પહોંચી ગયા હતાં. જો કે લાલજીભાઇને તબીબે ઘટના સ્થળે મૃત જાહેર કર્યા હતાં અને તૃષાબેનની હાલત ગંભીર હોઇ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. આ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો.અનૈતિક સંબંધને કારણે આ ખૂની ખેલ ખેલાયો હોવાથી ઘટનાએ હાલ સ્થાનિક વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો.

આ બનાવમાં મૃતક લાલજીભાઇના મોટા ભાઇની ફરિયાદને આધારે પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીગ્રામ પોલીસે ઘટના સ્થળેથી પાંચ જેટલા કારતૂસ સહિત એક પિસ્તોલ કબ્જે કરી હતી. તે ઉપરાંત સ્થાનિક સીસીટીવીનું ડીવીઆર પણ કબ્જે કર્યું હતું. ■

# 'સર'ની કામગીરીમાં હાજર ન થતા શિક્ષકો સામે ધરપકડ વોરંટ: રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘની મુખ્ય પ્રધાનને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યભરના શિક્ષકોને 'સર' (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) એટલે કે, ખાસ મતદાર યાદી સુધારણા ઝૂંબેશની કામગીરી સોંપવામાં આવી છે. આ કામગીરીમાં હાજર ન થતાં કેટલાંક શિક્ષકો સામે ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવતા સમગ્ર શિક્ષણ આલમમાં ચકચાર મચી ગઈ છે. ત્યારે ૧૫ નવેમ્બરે રાજકોટ અને અમદાવાદમાં શિક્ષકો અને શૈક્ષિણીક સંઘો દ્વારા કલેક્ટર મારફતે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આવેદનમાં જણાવ્યું હતું કે, મતદાર યાદી સુધારણાની આ કામગીરી વિદ્યાર્થીઓના ભણતરના ભોગે શિક્ષકોને સોંપવાને બદલે બીએલઓ (બૂથ લેવલ ઓફિસર)ની અલગ કેડર ઊભી કરવામાં આવે તેવી માગ છે. આ સાથે જ બીમાર હોય કે દૂર રહેતા હોય તેમાં શિક્ષકો હાજર થવામાં મોડું કરે તો તેની સામે ધરપકડ વોરંટ ઇસ્યુ કરવામાં આવી રહ્યા છે, જે ખૂબ જ નીંદનીય છે, જેથી શિક્ષકોને બીએલઓની કામગીરીમાંથી મુક્ત કરવામાં આવે. અમદાવાદમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય મહાસંઘના પ્રતિનિધિઓ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને બીએલઓ તરીકે ફરજ બજાવતા શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અંગે રજૂઆત કરી હતી. અહીં પ્રાંત મહિલા મંત્રીએ જણાવ્યું હતું કે, જો સોંપાયેલ કામગીરી સમયસર પૂર્ણ ન થાય, તો વોરંટ કાઢી ધરપકડ જેવી કાર્યવાહી કરવાની ધમકી આપવામાં આવે છે. કેટલાક શિક્ષકોએ નોકરી પરથી દૂર કરવાની ચેતવણી મળતી હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. વધુમાં ઉમેર્યું હતું કે, હાલ એક બીએલઓને સરેરાશ ૧૪૦૦ જેટલા મતદારોની વિગતો એકત્ર કરવાની અને ત્યારબાદ તેની ઑનલાઈન એન્ટ્રી કરવાની જવાબદારી પણ હોય છે, જે અત્યંત સમયખાઉ બની શિક્ષણ વ્યવસ્થાને અસર કરે છે. ■

# અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાં બુક્સ રિફંડના નામે પાંચ કરોડનું કૌભાંડ, ૭ શખ્સો સામે ફરિયાદ

અમદાવાદ: શહેરના એસજી હાઈવે પર આવેલી જાણીતી નિરમા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના નાણાંની જંગી ઉચાપતનો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. યુનિવર્સિટીના મેનેજમેન્ટ વિભાગના એક કર્મચારીએ તેના મિત્રો અને સબંધીઓ સાથે મળીને ગુનાહિત કાવતરું રચીને કુલ રૂપિયા પાંચ કરોડથી વધુ જંગી રકમની ઉચાપત આચરતા ચકચાર મચી ગઈ છે. આ અંગેની ફરિયાદ યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર નિકુંજ રમણીકભાઇ પટેલે નોંધાવી હતી. યુનિવર્સિટી દ્વારા વાર્ષિક ઓડિટ દરમિયાન આ સમગ્ર મામલો સામે આવ્યો હતો, જે બાદ નિરમા યુનિવર્સિટીએ સોલા પોલીસ સ્ટેશનમાં કર્મચારી પ્રકાશ ઠાકોર સહિત ૭ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

કૌભાંડનો મુખ્ય સૂત્રધાર યુનિવર્સિટીના મેનેજમેન્ટ વિભાગમાં એકાઉન્ટ મેનેજમેન્ટનું કામ કરતો કર્મચારી પ્રકાશ રણજીતભાઈ ઠાકોર છે. પ્રકાશ ઠાકોરને સને ૨૦૧૮ માં યુનિવર્સિટીના સ્ટુડન્ટ એક્ટીવીટી અને એલ્યુમની એસોશીએશનના ત્રણ ખાતાનું મેનેજમેન્ટ સોંપાયું હતું, જેમાં વિદ્યાર્થીઓ પાસેથી બુક્સ અને એક્ટીવીટી માટે વાર્ષિક એડવાન્સ રકમ જમા થતી હતી. પ્રકાશ ઠાકોરે આ નાણાં હડપવા માટે એક મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. તેણે પૈસાની જરૂરિયાત ઊભી થતાં વિદ્યાર્થીઓના નામ લખી, તેની સામે ખોટી રીફંડની રકમો દર્શાવીને બનાવટી એનઈએફટી લિસ્ટ અને લેટર તૈયાર કર્યા હતા. ત્યારબાદ ઓથોરાઈઝ્ડ ફેકલ્ટી સભ્યોને રિફંડ ચૂકવવાનો છે તેવું વિશ્વાસ અપાવી તેમની સહીઓ મેળવી લીધી હતી. આ બનાવટી લિસ્ટના આધારે, પ્રકાશ ઠાકોરે યુનિવર્સિટીના ખાતામાંથી નાણાં પોતાના તથા તેના મિત્રો અને ઓળખીતાઓના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આ ગુનાહિત કાવતરામાં નિકેતન, હર્ષિલ લહેરી, નંદકિશોર, મહેશ છાપ્યા, જૈનમ વીરા અને રોહિત વિક્રમભાઈ ઠાકોર સહિતના સહ-આરોપીઓ પણ સામેલ હતા. પ્રકાશ ઠાકોર તેમને કમિશન પેટે રૂપિયા આપવાની લાલચ આપીને સહમત કરતો હતો. આ સહ-આરોપીઓ કમિશન કાપીને બાકીની રકમ પ્રકાશ ઠાકોરના બેંક ખાતામાં પરત જમા કરાવી દેતા હતા. આ ઘટનાથી યુનિવર્સિટીના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા છે, જેમને તેમના રિફંડની રાહ જોવી પડી છે. યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું હતું કે પ્રકાશ ઠાકોરે તારીખ ૨૪/૦૪/૨૦૨૩થી તારીખ ૦૧/૦૫/૨૦૨૫ સુધીમાં કુલ રૂપિયા ૫ કરોડથી વધુ રકમની જંગી રકમની ઉચાપત કરી હતી. ■

# વડા પ્રધાન મોદીએ તેમના ડ્રીમ પ્રોજેક્ટ 'બુલેટ ટ્રેન'ના કાર્યની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી સવારે સુરત એરપોર્ટથી હેલિકોપ્ટરમાં અંત્રોલી પહોંચ્યા હતા. અહીં તેમણે મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ (બુલેટ ટ્રેન)ના કાર્યની સમીક્ષા કરી હતી. વડા પ્રધાન મોદીએ બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈને પ્રોજેક્ટની પ્રગતિનું જાત નિરિક્ષણ કર્યું હતું. વિષમ હવામાનના કારણે સુરત તંત્ર દ્વારા હેલિકોપ્ટર અને બાય રોડ એમ બંને પ્રકારના પરિવહન આયોજન તૈયાર રખાયા હતાં. વડા પ્રધાને સુરતના પલસાણા તાલુકાના અંત્રોલી ખાતે નિર્માણધીન બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. આ મહત્વાકાંક્ષી ડ્રીમ પ્રોજેક્ટના સ્ટેશન અને બાંધકામની પ્રગતિની સમીક્ષા કરી હતી. વડા પ્રધાનની મુલાકાત દરમિયાન તેમને સ્ટેશન અને ટ્રેકના કામની પ્રગતિનું નિરીક્ષણ કરાવવા માટે એક ખાસ ટ્રેક મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અંત્રોલીથી બીલીમોરા વચ્ચે યોજાનારા પ્રથમ ટ્રાયલ રનની તૈયારીઓને વેગ આપવો એ તેમની આ સમીક્ષાનો મુખ્ય ઉદ્દેશ હતો.

વડા પ્રધાનની મુલાકાતને પગલે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સુરતના રેસિડેન્ટ કલેક્ટર વિજય રબારી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું કે, ૧૫ નવેમ્બરના રોજ અંત્રોલી ખાતેના બુલેટ ટ્રેન સ્ટેશન અને કોન્વોય રૂટ વિસ્તારને 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કરવામાં આવ્યો છે. આ જાહેરનામા મુજબ પોલીસ વિભાગના ડ્રોન સિવાય અન્ય કોઈ પણ પ્રકારના ડ્રોન કે અનમેન્ડ એરિયલ વ્હીકલ ઉડાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારમાં સઘન ચકાસણી અને સર્વેલન્સ શરૂ કરી દીધું છે, જેથી વડા પ્રધાનની મુલાકાત દરમિયાન કોઈપણ પ્રકારનું સુરક્ષા વિઘ્ન ન ઊભું થાય તે માટે સમગ્ર સુરક્ષા તંત્ર એલર્ટ મોડ પર હતું. ■

# ગુજરાત એટીએસએ ઝડપેલા ત્રણ આતંકીઓની હવે એનઆઈએ કરશે પૂછપરછ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા તાજેતરમાં અમદાવાદમાંથી ત્રણ શખ્સની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ આતંકવાદી હુમલા કરવાની તૈયારીમાં હોવાનું બહાર આવ્યું હતું. આ ત્રણેયમાં ડો. અહેમદ સૈયદ દ્વારા સૌથી ખતરનાક ગણાતું એવું રાઈઝીન નામનું ઝેરી કેમિકલ તૈયાર કરીને મોટા પ્રમાણમાં જાનહાનિ કરવાનું કાવતરું હતું. ડો. અહેમદ સૈયદ અન્ય શકમંદ તબીબોના સંપર્કમાં પણ હોવાનું ખુલ્યું હતું, જે દર્શાવે છે કે આતંકી સંગઠનો એકસાથે મોટી ઘટનાને અંજામ આપવાની ખતરનાક યોજના ધરાવતા હતા. દિલ્હીમાં બ્લાસ્ટની ઘટના અને તબીબોની સંડોવણીના પગલે તપાસ એજન્સીઓ માની રહી છે કે વિવિધ આતંકી સંગઠનો એકસાથે દેશનાં મોટાં શહેરોમાં મોટી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હતા. આ ગંભીરતાને ધ્યાનમાં લઈને કેન્દ્રીય ગૃહ વિભાગે તાત્કાલિક નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીને ગુજરાત એટીએસ સાથે મળીને સંયુક્ત તપાસ કરવા માટે સૂચના આપી છે.

એનઆઈએ ગુજરાત એટીએસને ગુજરાત બહાર આઈએસકેપીના કનેક્શન તપાસવા માટે ખાસ મદદ કરશે. અહેમદ સૈયદ દિલ્હી, મુંબઈ અને અમદાવાદ સહિત દેશના કેટલાંક તબીબો સાથે સંપર્કમાં હોવાની વિગતો બહાર આવી હતી.

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા તાજેતરમાં ઝડપી પાડવામાં આવેલા ડો. અહેમદ સૈયદ, આઝાદ શેખ અને મોહમ્મદ સુહેલના ઈસ્લામિક સ્ટેટ ઑફ ખોરાસન પ્રોવિન્સ નામના આતંકી સંગઠન સાથેના કનેક્શન સામે આવ્યા બાદ હવે સમગ્ર દેશમાં ચાલતા આ ખતરનાક નેટવર્ક અંગે ચોંકાવનારી વિગતો મળી છે. એનઆઈએની તપાસમાં હજુ કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે. ■

# ઊર્જા વિભાગના સંપૂર્ણ ડાટા ઉપલબ્ધ કરતું વેબપોર્ટલ ઊર્જા સંવર્ધનમ લોંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઊર્જા પ્રધાન ઋષિકેશભાઇ પટેલે વીજ વિભાગ માટે મહત્ત્વના સાબિત થઈ શકે તેવા વેબપોર્ટલ ઊર્જા સંવર્ધનમ લોંચ કર્યું હતું. આ વેબપોર્ટલમાં વીજ ઉત્પાદનથી માંડીને ગ્રાહકો દ્વારા થતાં વીજ વપરાશ સહિતનો તમામ ડેટા સંગ્રહિત કરી ભવિષ્યની યોજનાઓને અમલમાં મૂકવા માટે સરળતા રહેશે.

પટેલે વીજ સંવર્ધનમ પોર્ટલનું લોંચિંગ કરતા જણાવ્યું હતું કે રાજ્ય સરકાર વિકાસ કામોનું લાંબાગાળાનું આયોજન કરે છે અને ભવિષ્યના આયોજન માટે ટેક્નોલોજીનો વિનિયોગ કરવામાં આવી રહ્યો છે. તે ઉપક્રમમાં વીજ સંવર્ધનમ પોર્ટલ કાર્ય કરશે.

વીજ સંવર્ધનમના ફિચર્સ અંગે માહિતી આપતા પટેલે જણાવ્યું હતું કે આ પોર્ટલમાં રાજ્યના તમામ સબ સ્ટેશન, સબ ડિવિઝનની માહિતી ફિડ કરવામાં આવી છે. ક્યાં વિસ્તારમાં, ક્યા સમયમાં કેટલો વીજ વપરાશ થાય છે, વગેરેનો રિયલ ટાઇમ ડેટા આ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ થશે. આ ઉપરાંત ગ્રાહક સેવાઓ સુદઢ કરવા માટે તેમના વીજ વપરાશ ઉપરાંત ક્યારે લાઇન ટ્રીપ થઇ, કેટલા સમય માટે ટ્રીપ થઇ, કેટલા સમય માટે શટ ડાઉન થયું, એ તમામ પ્રકારની માહિતી આ પોર્ટલ ઉપરથી મળી રહેશે. ભવિષ્યમાં ઊર્જા ઉત્પાદનને પણ આ પોર્ટલ સાથે સાંકળવામાં આવશે. જેથી નવા સ્ત્રોત, વિતરણ વ્યવસ્થા વધુ સુદઢ બનાવી શકાશે, તેમ તેમણે ઉમેર્યું હતું. ■

# અંધેરીમાં ગુંદવલી મેટ્રો સ્ટેશન પર નધણિયાતી બેગને કારણે ગભરાટ

મુંબઈ: અંધેરી વિસ્તારમાં ગુંદવલી મેટ્રો સ્ટેશન પર શનિવારે બપોરે નધણિયાતી બેગ મળી આવતાં પ્રવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. જોકે બેગની તપાસ કરવામાં આવતાં કોઇ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી. ગુંદવલી મેટ્રો સ્ટેશન પર પહેલા માળે ટિકિટ કાઉન્ટરની નજીક શનિવારે બપોરે કાળા રંગની બેગ નજરે પડતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આથી બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વૉડ (બીડીડીએસ) તથા ડૉગ સ્ક્વૉડ ઘટનાસ્થળે આવી હતી. દરમિયાન બેગની તલાશી લેવામાં આવતાં કોઇ જ વાંધાજનક વસ્તુ મળી આવતાં પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

નોંધનીય છે કે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીક બસસ્ટોપ પર શુક્રવારે નધણિયાતી બેગ મળી આવી હતી, જેને પગલે લોકોને ત્યાંથી હટાવવામાં આવ્યા હતા અને બેગની તલાશી લેવાતાં તેમાંથી કપડાં મળી આવ્યાં હતાં. ■

પાંચમાં પાનાનું ચાલુ

## એકનાથ શિંદે

એવી ચર્ચા છે કે શિંદેના ગઢમાં ચવ્હાણ દ્વારા ભાજપ દ્વારા આયોજિત ઓપરેશન લોટસ ફક્ત કલ્યાણ-ડોમ્બિવલી સુધી મર્યાદિત રહેશે નહીં. આનું આગામી ચરણ થાણે મનપામાં જોવા મળી શકે છે.

એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા, ત્યારે તેમણે થાણે જિલ્લાના લગભગ તમામ શહેરો પર એકલા હાથે નિયંત્રણ જાળવવાનો પ્રયાસ કર્યો. શિંદે મુખ્ય પ્રધાન હતા ત્યારે ભાજપે જાહેર બાંધકામ વિભાગ જેવો અસરકારક પોર્ટફોલિયો રવીન્દ્ર ચવ્હાણને સોંપ્યો હતો. એક અર્થમાં, ભાજપે ચવ્હાણને તાકાત આપી. જોકે, શિંદે પિતા-પુત્રએ તે અઢી વર્ષ દરમિયાન ડોમ્બિવલીમાં પણ ચવ્હાણને કંઈ કરવા દીધું નહોતું. શિંદેએ એવી યોજના બનાવી હતી કે ચવ્હાણને થાણે અને ડોમ્બિવલીના વહીવટી કાર્ય માટે વધુ અવકાશ નહીં મળે.

ચવ્હાણ ભાજપના સીધા પ્રદેશ પ્રમુખ બની ગયા છે. તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નજીકના તરીકે જાણીતા છે. ઓછામાં ઓછું પક્ષ સ્તરે, ચવ્હાણ પાસે હજુ પણ તેમના શહેરમાં નિર્ણયો લેવાનો સંપૂર્ણ અધિકાર છે. શિંદે નગર વિકાસ ખાતાના પ્રધાન અને પછી મુખ્ય પ્રધાન હતા ત્યારે ચવ્હાણે જે સહન કર્યું હતું તેનું વળતર ચૂકવવાની તેમની પાસે તક છે. ચવ્હાણે શિંદે પિતા-પુત્રના નજીકના દિપેશ મ્હાત્રેને પોતાના પક્ષમાં ખેંચીને પહેલો ઘા માર્યો છે. ચવ્હાણે શિંદેના ઘા પર મીઠું ભભરાવતાં કહ્યું હતું કે, 'કલ્યાણ ડોમ્બિવલીના મેયર ભાજપના હશે અને તેઓ પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અનુયાયી હશે'. આ લડાઈનો આ પહેલો તબક્કો છે. શિંદે માટે મહાયુતિ છોડી દેવી સરળ નથી. તેથી, ભાજપના આ પગલાથી શિંદે નારાજ થાય તે સ્વાભાવિક છે.

રવીન્દ્ર ચવ્હાણ ખૂબ જ શાંત અને સંયમિત રીતે શિંદેના સંપર્ક કાપતા જોવા મળે છે. બીજી તરફ, વન ખાતાના પ્રધાન ગણેશ નાઈક અને ભાજપના થાણેના વિધાનસભ્ય સંજય કેલકર શિંદે પર સીધો હુમલો કરી રહ્યા છે. નાઈક પ્રધાન બન્યા ત્યારથી, ભાજપ છાવણીમાં જે શાંતિ જોવા મળી રહી છે તે શંકાસ્પદ છે. નાઈકનું એક નિવેદન એવું હતું કે, 'જો તમે થાણેમાં સત્તા લાવવા માંગતા હો, તો ઘમંડી રાવણને બાળી નાખો.' આ નિવેદન શિંદેના સમર્થકો માટે આઘાતજનક હતું.

નાઈક જ્યારે પણ અને જ્યાં પણ શક્ય હોય ત્યાં શિંદેને નિશાન બનાવતા જોવા મળે છે. સંજય કેળકરે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના કારભારની પણ ટીકા કરી છે. કેળકરે અગાઉ અપીલ કરી છે કે આ મ્યુનિસિપલ કોર્પોરેશન ભ્રષ્ટ છે અને તેને ચોક્કસ નેતાઓના ચુંગાલમાંથી મુક્ત કરાવવું જોઈએ. જ્યારે નાઈક-કેળકરે આક્રમક રીતે શિંદેને સતાવ્યા છે, ત્યારે ફડણવીસ-ચવ્હાણ શાંતિથી આ બધું જોઈ રહ્યા છે.

અત્યારે સ્થિતિ એવી છે કે એકનાથ શિંદે મહાયુતિમાં સાથે રહીને ચૂંટણીઓનો સામનો કરવાની વાતો કરી રહ્યા છે અને ભાજપ સ્વબળે ચૂંટણી લડવાની તૈયારીઓ કરીને એકનાથ શિંદેને બલિ ચડાવવા સજ્જ થઈ રહ્યા છે. અત્યારે શિંદે એવા ફસાયા છે કે તેઓ મહાયુતિ છોડીને જઈ પણ નથી શકતા અને મહાયુતિમાં ભાજપ તેમને સુખે રહેવા નથી દેતા. કદાચ આ જ કારણ હતું કે શિંદે શનિવારે પોતાના વતન જતા રહ્યા હતા, કેમ કે તેઓ જ્યારે જ્યારે નારાજ હોય છે ત્યારે પોતાના વતન ડેરે ગામમાં જતા રહેતા હોય છે. ■

## પચીસ ડિસેમ્બરે

એરલાઈન્સની ઉડશે અને એનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. ઉદ્‌ઘાટનના દિવસે દિલ્હીથી નવી મુંબઈ રૂટ પર ક્યુપી ૧૮૩૯ ફ્લાઈટ સવારે ૫.૨૫ વાગ્યે ઉપડશે અને ૮.૧૦ વાગ્યે નવી મુંબઈના એરપોર્ટ પર ઉતરશે. ત્યારબાદ ક્યુપી ૧૮૩૨ વિમાન ૮.૫૦ વાગ્યે નવી મુંબઈથી ઉપડી સવારે સવા અગિયાર વાગ્યે દિલ્હી પહોંચશે. ૨૬ ડિસેમ્બરથી દિલ્હી, ગોવા, કોચી અને અમદાવાદ માટે નિયમિત ફ્લાઇટ શરૂ થઈ જશે. ■

## બિહાર ચૂંટણીમાં

હાથમાં લીધી. મને અગાઉ લાગ્યું હતું કે મહિલાઓના બેંક ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા જમા કરાવવાની યોજના (એનડીએ માટે) અનુકૂળ અસર પેદા કરી છે, એમ શરદ પવારે બારામતીમાં પત્રકારોને જણાવ્યું હતું.

તેઓ મુખ્ય પ્રધાન મહિલા રોજગાર યોજનાનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેમાં દરેક પરિવારની એક મહિલા સભ્યને વ્યવસાય સ્થાપવા માટે પૈસાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમિયાન ચૂંટણી પંચે આ યોજના હેઠળ નાણાંનું વિતરણ કેવી રીતે મંજૂરી આપી.

ચૂંટણી પંચે વિચારવું જોઈએ કે શું (બિહાર સરકાર દ્વારા આ યોજના હેઠળ) નાણાંનું વિતરણ યોગ્ય હતું કે નહીં, એમ પીઢ રાજકારણીએ કહ્યું હતું અને ભવિષ્યની ચૂંટણીઓમાં બિહારની બાબતનું સંભવિત અનુકરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

મહારાષ્ટ્રની ચૂંટણી દરમિયાન પણ (લાડકી બહેન યોજના હેઠળ) રકમ સત્તાવાર રીતે મહિલાઓના ખાતામાં જમા કરવામાં આવી હતી. જો શાસક પક્ષો ચૂંટણીમાં સમાન પદ્ધતિનો ઉપયોગ કરે છે, તો તે લોકોના વિશ્વાસ તેમજ ચૂંટણી પ્રક્રિયાને નુકસાન પહોંચાડશે, એમ તેમણે ઉમેર્યું હતું.

સ્થાનિક સંસ્થાઓની આગામી ચૂંટણીઓ માટે તેમના અલગ થયેલા ભત્રીજા અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારની આગેવાની હેઠળ એનસીપી (એસપી) અને એનસીપી વચ્ચેના સંભવિત જોડાણ અંગેના સવાલોના સીધા જવાબ આપવાનું પવારે ટાળ્યું હતું.

મને કોઈ પણ જિલ્લામાં (એનસીપીના બે જૂથો વચ્ચે જોડાણ અંગે) આવી વાતચીત વિશે ખબર નથી. એનસીપી (એસપી)માં થયેલી ચર્ચા મુજબ, સ્થાનિક નેતાઓ નગર પંચાયત અને પંચાયત સમિતિની ચૂંટણી દરમિયાન (ગઠબંધન બનાવવા અંગે) નિર્ણય લેશે, એમ તેમણે જણાવ્યું હતું. ■

## ઝૂંપડપટ્ટીના

સુધી એમાં ઝૂંપડપટ્ટી એવો પર્યાય હતો. હવે ૫૧ ટકા ઝૂંપડપટ્ટીનો સંમિશ્ર પરિસર એવી નવી વ્યાખ્યા કરી મર્યાદા વધારી ૫૦ એકર કરવામાં આવી છે.

ઝૂંપડપટ્ટી સામૂહિક રિડેવલપમેન્ટની માન્યતામાં ઝૂંપડા ઉપરાંત જૂની બિલ્ડિંગો, ચાલીઓ, સરકારી - ઔદ્યોગિક વસાહતો, કાર્યાલયોનો સમાવેશ કરવાને પણ માન્યતા આપવામાં આવી છે. અગાઉ ફક્ત ઝૂંપડપટ્ટીનું રિડેવલપમેન્ટ થતું હતું. નવા ધોરણમાં સરકારે ઝૂંપડપટ્ટી રિડેવલપમેન્ટની વ્યાખ્યા જ બદલી નાખી છે. હવે એમાં કોઈનો પણ સમાવેશ થઈ શકે છે. સંબંધિત પ્લોટના કુલ ક્ષેત્રફળના ૫૧ ટકા પરિસરમાં ઝૂંપડપટ્ટી ફેલાયેલી હોય એ જરૂરી છે. સમગ્ર પરિસર સાથે હોય એ આવશ્યક છે. ત્યાર સુધી બિલ્ડિંગોનો સમાવેશ નહોતો કરી શકાતો. હવે સરકારે એનો માર્ગ પણ મોકળો કરી દીધો છે. ■

## ભાયખલામાં

હતા. ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડે માટીના ઢગલા નીચે દબાઈ ગયેલા મજૂરોને બહાર કાઢ્યા હતા અને તેમને નાયર હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા.

જોકે સારવાર અગાઉ જ બે મજૂરનાં મોત થયા હતા તો અન્ય ત્રણ જણ પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મૃતકોમાં ૩૦ વર્ષના રાહુલ અને ૨૮ વર્ષના રાજૂનો સમાવેશ થાય છે તો ૨૫ વર્ષનો સજ્જાદ અલી, ૨૮ વર્ષનો સોબત અલી અને ૧૮ વર્ષનો લાલ મોહમ્મદ આ ત્રણ મજૂરોની હાલત ગંભીર છે.

પાલિકાના ઈ-વૉર્ડના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે હબીબ બિલ્ડિંગનું રિડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું હતું. શનિવારે ૧૫ ફૂટ નીચે પાયાની ભરણી અને ખોદકામ જેવા કામ ચાલી રહ્યા હતા. એ દરમ્યાન સાઈટ પર અચાનક માટી અને કાદવ નીચે કામ કરી રહેલા મજૂરો પણ મોટા પ્રમાણમાં આવી પડયો હતો, જેની નીચે મજૂરો દબાઈ ગયા હતા. આ દુર્ઘટના બાદ બિલ્ડરને સ્ટોપ વર્કની નોટિસ ફટકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ■

## કૉંગ્રેસ મુંબઈમાં

રમેશ ચેન્નીથલા અને મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળ હાજર હતા. આ બેઠકમાં મુંબઈના સ્થાનિક નેતાઓએ મુંબઈ મનપાની ચૂંટણી સ્વબળે લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને વર્ષા ગાયકવાડે આ સંબંધેનો એક પત્ર રમેશ ચેન્નીથલાને આપ્યો હતો. હવે આ પત્ર પાર્ટીના મોવડીમંડળને દિલ્હીમાં આપવામાં આવશે અને તેઓ અંતિમ નિર્ણય લેશે એમ પાર્ટીના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. વર્ષા ગાયકવાડે શનિવારે જણાવ્યું હતું કે કૉંગ્રેસ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની આગામી ચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડવાની તૈયારી કરી રહી છે. પાર્ટીની એક બેઠકને સંબોધતા તેમણે પાર્ટી કાર્યકરોને 'બીએમસીમાં કોંગ્રેસનો ધ્વજ ફરકાવવા'નો સંકલ્પ લેવાની હાકલ કરી હતી અને બધી જ ૨૨૭ બેઠકો માટેની તૈયારીમાં લાગી જવા કાર્યકર્તાઓને જણાવ્યું હતું. ગાયકવાડે એઆઈસીસીના મહાસચિવ રમેશ ચેન્નીથલા અને મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકલ સહિત વરિષ્ઠ નેતાઓની હાજરીમાં આ નિવેદન આપ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ ભાઈ, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના નેતા રાજ ઠાકરે પાલિકાની ચૂંટણીમાં હાથ મિલાવે એવી શક્યતા વચ્ચે કોંગ્રેસનો એક વર્ગ રાજ ઠાકરે સાથે જોડાણ કરવાનો વિરોધ કરી રહ્યો છે, કારણ કે તેમનું વલણ ઉત્તર ભારતીય સ્થળાંતર કરનારાઓ સામે આક્રમક છે. પત્રકારોએ ચેન્નીથલાને જ્યારે પૂછ્યું કે શું પાર્ટી બીએમસીની ચૂંટણીમાં એકલા લડશે, ત્યારે તેમણે કહ્યું હતું કે આવા નિર્ણયો સ્થાનિક એકમો પર છોડી દેવામાં આવ્યા છે. ■

## એલબીએસ રોડ

રૂપિયાના ખર્ચે આ બ્રિજ બાંધવામાં આવવાનો છે. આગામી ત્રણ વર્ષમાં આ બ્રિજનું કામ પૂરું થવાની અપેક્ષા છે. સાયનથી લઈને થાણે સુધીના પટ્ટામાં એલબીએસ રોડ પર ઘાટકોપરમાં ત્રણ મુખ્ય જંકશન પર અંધેરી-ઘાટકોપર લિંક રોડ, ઘાટકોપર સ્ટેશન રોડ અને સંત નરસી મહેતા રોડ પર ભારે ટ્રાફિક રહેતો હોય છે.

આ પટ્ટામાં ઘણા નાના ક્રોસ રોડને કારણે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. તેથી પાલિકા અહીં ટુ-વે, ફોર વે ફ્લાયઓવર બનાવીને ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માગે છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ અંધેરી ઘાટકોપર લિંક પર શ્રેયસ જંકશન, સર્વોદય હૉસ્પિટલ નજીકનું જંકશન અને સંત નરસી મહેતા રોડ પર બીએમસી યાર્ડની સામેના જંકશન જેવા સ્થળોએ થતા ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો બની ગયો છે. વધુમાં એલબીએસ પર નાના જંકશન અને ક્રોસ રોડને કારણે ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બની ગઈ છે. તેથી ફ્લાયઓવરને કારણે આ સમસ્યામાં રાહત મળી રહેશે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે એલબીએસ રોડ પ્રમાણમાં થોડો સાંકડો છે. તેમાં પાછું આ ફ્લાયઓવરની ડિઝાઈન પર થોડી જટીલ રહેવાની છે કારણકે એલબીએસ રોડ પર મહારાષ્ટ્ર રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કૉર્પોરેશન દ્વારા ઘાટકોપર પૂર્વ અને પશ્ચિમને જોડતા બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. તેમાં પાછું સર્વોદય હૉસ્પિટલ નજીક મેટ્રો લાઈન પર છે. તેથી આ ફ્લાયઓવર મેટ્રો લાઈન ઉપરથી બનાવવાનો રહેશે. કુર્લા-ઘાટકોપર વચ્ચેના આ ફ્લાયઓવર માટે બીડ સબમીટ કરવાની અંતિમ તારીખ છ ડિસેમ્બર છે. એ અગાઉ ૨૧ નવેમ્બરના પાલિકાના મુખ્યાલયમાં પ્રી-બિડ મીટિંગ યોજાશે. ■

## બિહારમાં ૧૬

પ્રદર્શનને કારણે તેમનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું. અવિભાજિત એનસીપીએ શરદ પવારના નેતૃત્વમાં ગોવા, બિહાર, ગુજરાત, દીવ-દમણમાં પોતાની પાંખો ફેલાવી હતી. જોકે, પાર્ટીના વિભાજન પછી રાષ્ટ્રીય દરજ્જો ગુમાવ્યો હતો. આ દરજ્જો પાછો મેળવવાના ઉદ્દેશ સાથે, બિહારમાં ૧૬ ઉમેદવારો ઉભા રાખવામાં આવ્યા હતા. તેમાંના ત્રણ મતવિસ્તાર - મહુઆ, પિંપરા અને મણિહારીના ઉમેદવારોએ એક હજાર મતોનો આંકડો પાર કર્યો હતો. બાકીના ૧૩ ઉમેદવારોને ૨૦૦ થી ૯૦૦ની વચ્ચે મત મળ્યા હતા. ઘણા મતવિસ્તારોમાં એનસીપીના ઉમેદવારને 'નોટા' કરતાં પણ ઓછા મત મળ્યા હતા. બિહારમાં ચૂંટણીની જવાબદારી પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ અને રાજ્યસભા સાંસદ પ્રફુલ્લ પટેલ પર હતી. અજિત પવારની એનસીપી મહારાષ્ટ્રમાં એનડીએ સાથે છે, પરંતુ તે બિહારમાં સ્વબળે લડી હતી. આ અંગે, પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ બ્રિજમોહન શ્રીવાસ્તવે કહ્યું હતું કે, 'આ ચૂંટણીમાં, મહારાષ્ટ્રનો એક પણ સ્ટાર પ્રચારક બિહારમાં આવ્યો નહોતો. એનસીપીના તમામ ૧૬ ઉમેદવારો પોતાના દમ પર લડ્યા હતા.અજીત પવારની એનસીપીને બિહારમાં ફક્ત ૦.૦૩ ટકા મત મળ્યા છે. જ્યારે 'નોટા' (ઉપરમાંથી કોઈ વિકલ્પ પસંદ નથી)ને ૧.૮૨ ટકા મત મળ્યા છે, જે એનસીપી કરતા વધુ છે. જ્યારે શરદ પવાર પાર્ટીના પ્રમુખ હતા, ત્યારે પાર્ટીના વિધાનસભ્ય અને સાંસદ પણ બિહારમાં ચૂંટાયા હતા. ઉમેદવારને પોતાની ડિપોઝીટ બચાવવા માટે ઓછામાં ઓછા ૧૬.૬૬ ટકા મત મેળવવાની જરૂર છે. પરંતુ ૧૬ એનસીપી ઉમેદવારોમાંથી કોઈ પણ ઓછામાં ઓછા ૧/૬ મત મેળવી શક્યું નથી. અજિત પવારની એનસીપી માટે રાષ્ટ્રીય દરજ્જો પ્રાપ્ત કરવો એટલું સરળ નથી. ■

## મોડા આવવા બદલ

દાખલ કરવામાં આવી હતી. જોકે તબિયત વધુ લથડતાં તેને બાદમાં મુંબઈની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં શુક્રવારે રાતે તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન અંશિકાના મૃત્યુ બાદ પરિવારજનોએ શાળાના મેનેજમેન્ટ અને શિક્ષક પર બેદરકારીનો આરોપ કર્યો હતો. ઘટનાની તપાસ કરીને દોષી સામે કાર્યવાહી કરવામાં આવે એવી માગણી તેમણે કરી છે. આ ઘટના બાદ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ મોટી સંખ્યામાં શાળાની બહાર એકઠા થયા હતા. વિદ્યાર્થિનીનું મૃત્યુ થયું હોવાનું જણાયા બાદ વાલિવ પોલીસે શાળામાં તથા હોસ્પિટલમાં જઇને તપાસ કરી હતી. અંશિકાની માતાએ આક્ષેપ કર્યો હતો કે શિક્ષક દ્વારા અપાયેલી 'અમાનવીય શિક્ષા'ને પરિણામે મારી પુત્રીનું મૃત્યુ થયું હતું. શિક્ષકે તેને ખભા પર બેગ સાથે ઊઠ-બેસ કરવાની શિક્ષા આપી હતી. શિક્ષા ભોગવ્યા બાદ મારી પુત્રીની તબિયત બગડી હતી. તેના ગળા અને પીઠમાં દુખાવો ઉપડ્યો હતો અને તે ઊઠી શકી નહોતી. બનાવની જાણ થતાં હું શાળામાં ગઇ હતી અને શિક્ષકને આ અંગે પૂછ્યું હતું. ત્યારે કહેવામાં આવ્યું હતું કે શાળામાં મોડા આવવા બદલ વિદ્યાર્થીઓને સજા કરવામાં આવી હતી. શિક્ષકે સજાને યોગ્ય ઠેરવી હતી અને કહ્યું હતું કે વાલીઓ ફી ભર્યા છતાં વિદ્યાર્થીને યોગ્ય શિક્ષણ ન આપતા હોવાનો અમારા પર આરોપ લગાવે છે. શાળાના એક શિક્ષકે જણાવ્યું હતું કે એ વિદ્યાર્થિનીને કેટલી ઊઠ-બેસ કરાવવામાં આવી હતી તે જાણી શકાયું નથી. ખરેખર કોઇને ખબર નથી કે તેનું મૃત્યુ આને કારણે થયું છે કે અન્ય કોઇ કારણથી. બીજી તરફ રાજકીય પક્ષના નેતાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થિનીને પહેલેથી જ સ્વાસ્થ્યની સમસ્યા હોવા છતાં તેને શિક્ષા આપવામાં આવી હતી. ■

## જૈન મરણ

જેસર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ઉમેદચંદ અમીચંદ સંઘવીના સુપુત્ર શશીકાંત સંઘવી (ઉં. વ. ૭૧) તા. ૧૪-૧૧-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. ભરતભાઇના ભાઇ. સ્વ. નીરૂપમાબેનના દીયર. નયનાબેનના જેઠ. મિથીલના પપ્પા. ઠે. બી-૩, પ્રેમકુંકુ,નવરોજી લેન, મુનીસુવ્રત દેરાસરની સામે, ઘાટકોપર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ કાંદિવલી મુંબઈ ગં. સ્વ. સીમાબેન ઉં. - ૭૭ તા. ૧૩/૧૧/૨૦૨૫ ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ.દિલીપભાઈ રતિલાલ દોશીના ધર્મપત્ની. સ્વ.હિંમતભાઈ, સ્વ. જયંતીભાઈ, દેવેન્દ્રભાઈ તથા સ્વ. માનકુવરબેન, સ્વ.અનસૂયાબેન, મંજુલાબેન, સ્વ. હંસાબેન તથા અરુણાબેનના ભાઈના ધર્મપત્ની. પ્રેમલના માતૃશ્રી, સ્મૃતિ ના સાસુ, કાવ્ય અને હેત ના દાદી. પિયર પક્ષે સ્વ.ગુણવંતીબેન કિશોરભાઈ ખંડેરિયાના સુપુત્રી. મધુભાઈ, સ્વ. વિનીતભાઈ, કિરણભાઈ, સ્વ. રેખાબેન, સુનીતાબેન, પંકજબેનના બેનની પ્રાર્થનાસભા ૧૭/૧૧/૨૦૨૫ સોમવાર સાંજે ૫ થી ૭ રાખેલ છે - દામોદરવાડી,અશોક ચક્રવર્તી રોડ, અશોક નગર, કાંદિવલી ( ઇસ્ટ) મુંબઈ - ૬૭.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી સ્વ. લીલાવતીબેન ગુલાબચંદ કોઠારીના સુપુત્ર વિરેશભાઇ કોઠારી (ઉં. વ. ૬૪) હાલ મીરા રોડ, તા. ૧૪-૧૧-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે લતાબેન કોઠારીના પતિ. તેમ જ મિત અને યશવીના પિતાશ્રી. તેમ જ સ્વ. મનહરલાલભાઇ, હસમુખભાઇ, કિરીટભાઇ, સ્વ. ભાવિનભાઇ, રમાબેન ભોગીલાલ મહેતા, સ્વ. ભાનુબેન ભુપતભાઇ બગડિયા, મધુબેન અજયભાઈ કામદારના ભાઇ. તેમ જ શ્વસુર પક્ષે સ્વ. રમાબેન હકમીચંદ ટીંબડિયાના જમાઇ. તે સ્વ. તારાચંદભાઇ, સ્વ. કાંતિલાલભાઇ, સ્વ. ચંદુભાઇ, સ્વ. નવનીતભાઇ ઝાટકીયાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રી. શ્વે. મૂ. પૂ. જૈન**

હળવદ નિવાસી હાલ કાંદિવલી (પૂર્વ) અ. સૌ. પદમાબેન ભોગીલાલ વોરા (ઉં. વ. ૮૨) તે સંજય, વિપુલ, પ્રિતીના માતુશ્રી. કલ્પના, પૂજા, કેતનકુમારના સાસુ. સ્વ. ચંપકભાઇ, સ્વ. છોટાલાલભાઇ, સ્વ. પ્રભાબેન, સ્વ. હીરાબેનના ભાભી. પિયરપક્ષે મૂળી નિવાસી હાલ મલાડ કેશવલાલ જેચંદ ગાંધીના દીકરી. સ્વ. મનુભાઇ, સ્વ. નગીનભાઇ, સ્વ. સરોજબેન, મહેન્દ્રભાઇના બેન. બુધવાર તા. ૧૨-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૧૭-૧૧-૨૫ સોમવારના સવારે ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. દામોદરવાડી, અશોકનગર, કાંદિવલી (પૂર્વ).

**કચ્છી દશા ઓસવાલ જૈન (ક. દ. ઓ. જૈન)**

સુખપર (તેરા)ના સ્વ. કુંવરબાઇ વિશનજી ભિયશી ખોનાના પુત્ર મહેન્દ્ર (ઉં.વ. ૫૬) હાલ ઘાટકોપર તા. ૧૨-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સોમચંદ, જીતેન્દ્ર, દમયંતી દિલિપ ગાલા, લતા નવીન લોડાયા, ધનલક્ષ્મી મુકેન નાગડાના ભાઇ. તે માતુશ્રી પ્રેમાબાઇ ગોવિંદજી વેલજી મૈશેરીના દોહિત્ર. તે સ્વ. પૂનમચંદ, દિપેશ, હિતેશ, હેતલ હિતેશ લોડાયા, મિતલ ભાવિન શાહ, કાજલ નિખિલ લોડાયાના કાકા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૩, મહાવીર દર્શન, સંઘાણી એસ્ટેટ, શ્રેયસ સિનેમા, ઘાટકોપર (વેસ્ટ)- મુંબઇ-૮૬.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ કાંદિવલી સ્વ. ત્રંબકલાલ રતીલાલ શાહ (ધરમશી મુળજીભાઇ ગોળવાળા)ના ધર્મપત્ની જયાબેન (ઉં. વ. ૮૨) તા. ૧૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. તે કેતન, પિયુષ, મીતાબેન મહેશકુમાર, ભાવનાબેન પ્રવીણકુમાર, રીટાબેન (નીશાબેન) તરુણકુમારના માતુશ્રી. પારુલ, ભાવિતાના સાસુ. સ્મિત, દીપ, જયતી નીલ મહેતા, હસ્તીના દાદી. જીનલ, મૈત્રી, આગમ, યશ, સ્મિતના નાની. દાઠા નિવાસી લાલચંદ બીમચંદ શાહની દીકરી. સોમવાર, તા. ૧૭-૧૧-૨૫ના માતૃવંદના રાખેલ છે. ટા. ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. વર્ધમાન સ્થાનકવાસી હોલ, ૪થે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**જામનગર અને હાલાર વિશા શ્રીમાળી જૈન તથા મંચ્છુકાઠા વિશા શ્રીમાળી જૈન**

પડધરી નિવાસી (હાલ કાંદીવલી) કેતન છબીલદાસ પટેલના ધર્મપત્ની અં.સૌ.ભારતીબેન (ઉં.વ.૫૪) ૧૪/ ૧૧/૨૫ના રોજ અરિહંતશરણ થયેલ છે . તે માતૃશ્રી લતાબેન છબીલદાસ પટેલના પુત્રવધુ. નિલેશભાઈ જીતેનભાઈના ભાભી. તે વિધિના મમ્મી. તે પિયરપક્ષે ગં સ્વ લીલાબેન ગોવર્ધનભાઈ ધનજીભાઈ વરિયાના પુત્રી. હર્ષાબેન મનીષભાઈ વરિયા,ગીતાબેન પ્રવીણભાઈ આશિયાણી, ભાવેશભાઈ તથા શિલ્પાબેનના બેન. પ્રાર્થનાસભા ૧૬/૧૧/૨૫ના રોજ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (મોટા ઉપાશ્રય) પારેખ લેન એસ. વી. રોડ કાંદીવલી (વેસ્ટ) ૫ મે માળે, સમય ૩ થી ૫ માં રાખેલ છે (લૌકિક વ્યવહાર બંધ છે)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જુનાગઢ નિવાસી હાલ વસઈ. સ્વ. અં.સૌ. કાશીબેન ત્રિભોવનદાસ શેઠના સુપુત્ર. મહાસુખરાય (ઉં.વ.૭૭). ૧૩-૧૧-૨૫ ને ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તે દક્ષાબેન (દમુબેન)ના પતિ. સ્વ. મણિકાન્તભાઈ, સ્વ.મધુભાઈ, સ્વ.સરલાબેન, સ્વ. મંજુબેન અને સ્વ. ઇન્દુબેનના ભાઈ. તે જીજ્ઞા નિરવ સંઘાણી, નિતા હસમુખ વોરા, કાજલ દિપક વોરા,અને આનંદ શેઠના પિતાશ્રી. તે ધારા આનંદ શેઠના સસરા. તે ભોકરવા નિવાસી હાલ વસઈ સ્વ. ઇન્દુબેન બાલુભાઈ શેઠના જમાઈની પ્રાર્થનાસભા સ્વામીનારાયણ મંદિર, ગ્રાઉન્ડ ફ્લોર,૬૦ ફીટ રોડ, સમતા નગર, વસઈ વેસ્ટમાં ૧૭/૧૧/૨૫ના સોમવારે ૪ થી ૬ રાખેલ છે.

**ઝાલાવાડી વીશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ મુંબઈ રમેશભાઈ વોરા (ઉં.વ.૭૮) તે સ્વ. નાગરદાસ ઉજમશી વોરાના પુત્ર. તે નિરંજનાબેનના પતિ. તે સ્વ. ઉજમશી જુઠ્ઠાભાઈના જમાઈ. તે અભિષેક અને અવનીના પિતા. કોમલ ના સસરા. તે સ્વ. અનિલાબેન, મનહરભાઈ, મહેશભાઈ અને હંસાબેનના ભાઈ. તે ૧૩/૧૧/૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વીશા શ્રીમાળી જૈન**

ઝોબાળા નિવાસી હાલ બોરીવલી સ્વ. મંજુલાબેન વિનયચંદ્ર સંઘવીના પુત્ર. અતુલભાઈ (ઉં.વ.૬૪), તે નીતાબેનના પતિ. રોનક અને અમીના પિતા. તે કેતકી અને દિશાંકના સસરા. તે જ્યોત્સનાબેન ધીરજલાલ, રેખાબેન, ભરતકુમાર, કલ્પનાબેન નરેશકુમાર, અલ્કાબેન અશોકકુમાર, મૌલિકબેન સમીરકુમારના ભાઈ. પાળીયાદ નિવાસી રસિકલાલ પોપટલાલ ગાંધીના જમાઈ. તે ૧૫/૧૧/૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

નવાવાસ (દુર્ગાપુર)ના મુલબાઈ વીરા (ઉં.વ.૮૪) ૧૪-૧૧-૨૫ના અવસાન પામેલ છે. શીવજી લાધાના પૌત્રી. પાંચીબાઇ જેવત શીવજીના પુત્રી. નાનજી, નાગજી, વશનજી, વેલબાઈ (કેસરબેન)ના બેન. નાગલપુરના ખીમઇબાઈ નાનજી વેલજીના દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભારતી ફુરીયા, એફ/૨૬ વિસામો, નવનીત નગર, દેશલેપાડા, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧.

પત્રીના શામજી (બચુભાઇ) ધરોડ (ઉં.વ.૮૬) ૧૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે. તે રતનબેન ગાંગજીના પુત્ર. ઇંદિરાબેનના પતિ. વિજય, સુષ્મા, દક્ષાના પિતા. છસરા કેશરબેન મેઘજીના ભાઇ. રતાડીયા (ગ.) માતુશ્રી લીલબાઇ લાલજીના જમાઇ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. વિજય ધરોડ, ચોધરીયા ફળીયો, ગામ : પત્રી, મુન્દ્રા કચ્છ ૩૭૦૪૨૫.

ચુનડી હાલે ભુજના હેમચંદ ગંગર (ઉં.વ.૭૩) ૧૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન ખીંયશી વેલજીના સુપુત્ર. હીના (રેખા)ના પતિ. અલ્પા, વિશાલના પિતા. શાંતીલાલ, જયંતીલાલ, લક્ષ્મીચંદના ભાઇ. મો. ખાખર પુષ્પા (ચંચળ) પ્રાણજીવન કેશવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિશાલ ગંગર, સીમંધર સીટી, ૬૨, રાધિકા પાર્ક, ભુજ, કચ્છ. ૩૭૦૦૦૧.

બેરાજાના સાકરબેન દામજી મુરજી કક્કા (ઉં.વ.૮૨) ૧૪-૧૧-૨૫ના અવસાન પામેલ છે. તે મગીબાઈ મુરજી વરજાંગના પુત્રવધુ. દામજીના ધર્મપત્ની. હંસા, રેખા, સંજયના માતુશ્રી. મોટી ખાખરના ખેતબાઈ નાનજી મોનાના સુપુત્રી. ધનજી, ભુજપુર ના લક્ષ્મીબેન મણીલાલના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. સંજય કક્કા, ૩૦૨, નીલકંઠ સોસાયટી, ફતેહ અલી રોડ, ભાનુ નગર, ડોંબીવલી(પુ). ૪૨૧૨૦૧.

બારોઈ હાલે પુણેના સચીન જીતેન્દ્ર કલ્યાણજી સંગોઈ (ઉં.વ.૪૧) ૧૨-૧૧-૨૫ અવસાન પામેલ છે. સ્વ.માતુશ્રી કસ્તુરબેન કલ્યાણજીના પૌત્ર. સ્વ.ઉષા જીતેન્દ્રના પુત્ર. મોટા આસંબીયાના પૂજા જય હેમંતકુમાર છેડાના ભાઈ. બેરાજાના હીરજી શીવજી ભેદાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીતેન્દ્ર સંગોઇ, વરૂણ, રો હાઉસ ૩, કૃષ્ણ લીલા ટેરેસની સામે, હરી પ્લાઝાની પાછળ, મહાત્મા સોસાયટી લેન નંબર - ૪, કોથરુડ, પુણે, ૪૧૧૦૩૮.

મોટી ખાખરના નિર્મળા શાંતીલાલ વોરા (ઉં.વ.૬૩) ૧૪-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ.સાકરબેન ગાંગજીના પુત્રવધુ. સ્વ.શાંતીલાલ ના ધર્મપત્ની. નું.ત્રંબોના જેતીબેન શામજીના સુપુત્રી. રાખી, ધવલ, શ્વેતાના માતુશ્રી. રસીક, જયંતી, કાંતીલાલ, વિનોદ, જયશ્રીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ધવલ શાંતીલાલ વોરા, ૧/૨૦૮, પુજા નગર, કેબિન ક્રોસ રોડ, ભાયંદર (પુર્વ). જી. થાણે-૪૦૧૧૦૫.

ખારૂઆના મોહનલાલ લીલાધર કારાણી (ઉં.વ.૭૫) ૧૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી આશબાઈ લીલાધર નથુના સુપુત્ર. અમૃતબેનના પતિ. લતા, ચેતન, વિરેનના પિતાશ્રી. ઉમરશી, ભવાનજી, ચાંપશી, રાયધણજરના કલ્યાણબાઈ (રતનબેન) આસુ, કોટડા રોહાના શાંતાબેન લખમશીના ભાઈ. માતુશ્રી બચુબેન મોહનલાલ રાઘવજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમૃતબેન કારાણી, સી-૭૦૨, સુમુખ હિલ્સ, બાણડોંગરી કાંદિવલી (ઈ) ૪૦૦૧૦૧.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ સોનવાડી (હાલ મલાડ) ગં.સ્વ. હીનાબેન બિપીનભાઈ પટેલ ((ઉં.વ.૬૫) ૧૩-૧૧-૨૫ ગુરુવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે વિજયભાઈ, પ્રીતિબેન, રાજનાં મમ્મી. પંકજભાઈ, શીતલ, સ્નેહલનાં સાસુ. સ્વ. ધનુબેન, સ્વ. કમુબેન, સ્વ. કુસુમબેન, સ્વ. શાંતાબેન અને કિશોરભાઈનાં ભાભી. રંજનબેનનાં જેઠાણી. પિયરપક્ષે પ્રવીણભાઈ, રાજુભાઈ, કલાવતીબેન, બીનાબેનનાં બહેન. પ્રાર્થનાસભા ૧૭.૧૧.૨૫ના સોમવારે નિવાસસ્થાને રાખી છે. બારમું અને પુષ્પાણી ૨૪.૧૧.૨૫ના સોમવારે ૫.વાગે. નિવાસસ્થાનઃ વિજયભાઈ બિપીનભાઈ પટેલ, બી-૨૦૨, શ્રી સિદ્ધિ એપાર્ટમેન્ટ, જય જવાન લેન, દફતરી રોડ, મિલન હોટલની પાછળ, મલાડ (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગારીયાધાર હાલ મુંબઈના રહેવાસી સ્વ. રામજીભાઈ હીરાલાલ અણજારા, તે સ્વ. ખીમીબેન, સ્વ. હીરાલાલ તેજાભાઈ અણજારાના પુત્ર. સ્વ. દેવલબેનના પતિ. ધીરજ, દિનેશ, રમીલા, શીલા, આશાના પિતા. સ્વ. લાલજીભાઈ મણીબેન ભાણજીભાઈના ભાઈ. મોસાળ સ્વ. ખીમજીભાઇ વાઘેલા, મોતીબેન વાઘેલાના ભાણેજ. સ્વ. ધુડીબેન ઉકાભાઇ રેવરના જમાઈનું બારમું ૧૭/૧૧/૨૫ના સોમવાર રોજ સાંજે ૫ વાગે મહાજન વાડી કેશવજી નાઈક રોડ, ભાતબજાર, મસ્જીદ બંદર, મુંબઈ - ૯.

**પવરાઇ ભાટીયા**

હાલ મીરારોડ નિવાસી જયોતિબેન જસાણી (ઉં.વ. ૭૭) સ્વ. ભગવાનદાસ વિસનજી જસાણીના પત્ની. સ્વ. પાર્વતી જેરામ નેગાંધીની સુપુત્રી. કલ્પેશ અને સંગીતાના માતા. કવિતા અને વિનયના સાસુ. ચંદ્રસેન, જયસિંહ તેમ જ રેણુકાના બેન, વેલાબેન તેમ જ કમળાબેનના ભાભી. રાહુલના દાદી. હર્ષિક અને અંકિતાના નાની. ગુરૂવાર તા. ૧૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૧૧-૨૫ના બપોરે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનક વાસી જૈન સંઘ, લોકમાન્ય તિલક રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ઊગેડીવાલા સ્વ. કમલા (મંગળાબેન) (ઉં.વ.૮૧) તે સ્વ. કલ્યાણજી મુલજી આર્થાના ધર્મપત્ની હાલ મુલુંડ તા. ૧૪-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. તે કચ્છ ગામ નેત્રા (માતાજીના) સ્વ. વેલબાઇ માધવજી કતીરાના સુપુત્રી. સ્વ. રૂક્ષ્મણીબેન ખીમજી કક્કળ, સ્વ. કસ્તુરબેન મોતીરામ પૂજાણી, સ્વ. મણીબેન કરસનદાસ ગણાત્રા, સ્વ. મીરાબેન માધવજી મજેઠીયા, વીઠલદાસ મુલજી આથા, અનસુયા રમેશ સચદે, રમેશ (બબો) મુલજી આથાના ભાભી. સરસ્વતી વીઠલદાસ આથા, રક્ષા, રમેશ આથાના જેઠાણી. તે પ્રીતી સંજય સોમૈયા ધર્મિષ્ઠા પ્રમોદ તન્ના અજીત, સંગીતા-ગીતા, મનીષના માતુશ્રી. તે જયશ્રી અજીત આથા, વીશાખા મનીષ આથાના સાસુ. તા. ૧૪-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૧૧-૨૫ના ૫થી ૭. રવિવારના ગોપુરમ હોલ, રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગામ બેડ હાલ નાલાસોપારા સ્વ. મણીબેન કરમસી રાજાના પુત્રવધૂ જ્યોતિબેન રાજા (ઉં.વ.૬૯) ૧૩/૧૧/૨૫ને ગુરવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રભુદાસ કરમસી રાજાના ધર્મપત્ની. તે મયુર, પિંકલ, દર્શનાના માતૃશ્રી. તે ભવ્યા, જીમીકુમાર, ગિરિશકુમારના સાસુ. તે સ્વ શારદાબેન મોરારજી ગોકળદાસ સીમરીયાની પુત્રી. તથા સ્વ. સુભાષભાઈ, દિલીપભાઈ, પ્રફુલ્લભાઈના બહેન. બન્ને પક્ષની પાર્થનાસભા શનિવાર ૧૫/૧૧/૨૫નાં ૪ થી ૬. સરનામુંઃ કચ્છી વિશા ઓસવાલ, તુલીજ રોડ, રામદેવ ઝેરોક્ષની ઉપર નાલાસોપારા (ઇસ્ટ)

**લોહાણા**

વિનોદરાય વસાણી ((ઉં.વ.૮૬) સ્વ કાશીબેન વિઠ્ઠલદાસ વસાણીના પુત્ર. રેખાબેનના પતિ. સંજય સીમા દેવેશ પારેખના પિતાશ્રી. પ્રીતીબેન, સંગીતાના શ્વસુર. સુહાસ બેનના દીયર. સ્વ. પ્રમોદરાય, છબીલ ભાઈ, રમાબેન વિરેશ સાયતા, સરલાબેન જગદીશ તન્ના, ઉર્મીબેન દિનેશ મેસવાણીના ભાઈ ૧૪-૧૧-૨૫ના શ્રીજી ચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ગામ શ્રી મહુવા નિવાસી હાલ અંધેરી સ્વ. ચંદ્રાબેન રમણિકલાલ પંચમીયાના પુત્ર અરવિંદભાઈ (ઉં.વ.૭૨), તે સંધ્યાબેનના પતિ. ચિ. સંકેત - અંસૌ. મોસમ, તથા અંસૌ. તન્વી- ચિ. જયના પિતાશ્રી. તે અંસૌ. જયશ્રીબેન-રાજુભાઇ, દિલીપભાઇ-અસૌ. દિવ્યાબેન, વિનોદભાઈ- અં સૌ. શિલ્પાબેનના મોટાભાઈ. તે સસરાપક્ષે સ્વ. કાંતિભાઈ મણિલાલ કામદારના જમાઈ. તે જીયાનાના દાદા. શુક્રવાર ૧૪-૧૧-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાથનાસભા રવિવાર ૧૬-૧૧-૨૫ના સાંજે ૫ થી૭. સ્થળઃ શ્રી ચતવાની બાગ, ગોખલે રોડ, વિલે પાર્લે (ઈસ્ટ)સ્ટેશનની સામે, મુંબઈ-૫૭.

**કપોળ**

ઉના દેલવાડાવાળા (હાલ મુંબઈ) સ્વ. રવિન્દ્રભાઈ મણીલાલ મહેતાના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉં.વ.૮૮) તે જીતલ - દિપાલી, તેજસ - રૂપા, ભાવિની તેજષ કાચરિયાના માતુશ્રી. સ્વ. નંદલાલભાઈ, સ્વ. ખુશાલદાસ ભાઈ, સ્વ. જયાબેન ચુનીલાલ મહેતા, સ્વ. મૃદુલાબેન અરૂણભાઈ ગુંદરિયા તથા હંસાબેન વસંતરાય દોશીના ભાભી. પિયરપક્ષે સ્વ. નાનાલાલ તથા સ્વ. જમનાબેનના દિકરી. અનસુયાબેન સંઘવી, દેવયાની બેન. તથા હંસાબેન મથુરિયા, સ્વ. ચંદ્રવદનભાઈ તથા સ્વ. સુરેશભાઈ મથુરિયાના બહેન. ૧૨.૧૧.૨૫ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**સમસ્ત પાંચગામ વિશા ઝારોળા વણિક**

સાજના (મહેસાણા નિવાસી ) હાલ મુંબઈ. હરેશભાઇ હીરાલાલ શાહ (ઉં.વ.૭૫) ૧૪.૧૧.૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે હરેશ હીરાલાલ શાહ, મુદ્રિકા હરેશ શાહના પતિ. સ્વ.હીરાલાલ પોપટલાલ શાહ, સ્વ. માણેકબેનના પુત્ર. મૃદાન્ગ, હેમલના પિતાશ્રી. અર્પના, નેહાના સસરા. તે સ્વ. દિનેશભાઇ, વિજયભાઈ, સ્વ.રંજનબેન, ઇલાબેન, સ્મિતાબેન, જયોતિબેનના ભાઇ. ૧૪.૧૧.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે પ્રાર્થનાસભા સોમવાર, ૧૭.૧૧.૨૫. ૪. થી ૬. સ્થળઃ પવનધામ,મહાવીર નગર, પવનધામ માર્ગ,ઓપ. બી.સી.સી.આઈ. ગ્રાઉન્ડ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ.૬૭.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રીય**

જેતપુર નિવાસી હાલ ભિવંડી સ્વ. જેઠાલાલ દુર્લભજી જગડના ધર્મપત્ની ગં.સ્વ. વસંતાબેન (ઉં.વ.૯૨) તે ૧૨/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અશોકભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, મુકેશભાઈ, મીના, સાધના, રેખાના માતુશ્રી. તે ત્રિકમજી કાનજી મર્થકના દીકરી. તે ફૂલચંદ ટોપણ પડિયાના ભાણેજ. તે રસીલા, મૃદુલા, નીતા, નીલા ના સાસુમા. તે સ્વ. અનિલ, જીતેન્દ્ર, દક્ષાના ભાભુ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૬/૧૧/૨૫ના રવિવાર ના રોજ સાંજે ૪ થી ૬. સ્થળ : અરેના ૨૪, ટર્ફ અમીધારા બિલ્ડીંગની સામે,અંજૂરફાટા કામતઘર રોડ, ભિવંડી, જી : થાણે. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## આજે રેલવેમાં

નવેમ્બરના રોજ સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. જેને કારણે આ સમયે અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે.

બ્લોકના સમયમાં લોકલ ટ્રેન ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુર્લા સ્ટેશન પર ઊભી રહેશે. હાર્બર લાઈન પર પનવેલ-વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયમાં સીએસએમટી-બેલાપુર, પનવેલ વચ્ચે ટ્રેનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે.

બ્લોકના સમયમાં સીએસએમટી વાશી દરમિયાન વિશેષ લોકલ ટ્રેનો ઉપલબ્ધ રહેશે. બ્લોકના સમયમાં થાણે-વાશી, નેરુલ વચ્ચે લોકલ ટ્રેનો નિયમિતપણે દોડશે. પશ્ચિમ રેલવે પર બોરીવલી-રામ મંદિર સ્ટેશન પર અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન અપ-ડાઉન ફાસ્ટ લોકલ અંધેરી-ગોરેગાંવ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આ સમય દરમિયાન કેટલી અપ-ડાઉન લોકલ રદ કરવામાં આવશે. હાર્બર લાઈન પર અંધેરી-બોરીવલીની કેટલીક લોકલ ટ્રેનો ગોરેગાંવ સુધી જ દોડાવવામાં આવશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઝૂંપડપટ્ટીના સામૂહિક રિડેવલપમેન્ટમાં પ્રાઈવેટ બિલ્ડિંગોના સમાવેશને મંજૂરી

મુંબઈ: રાજ્યના ૫૦ એકર અથવા એનાથી વધુ પ્લોટ પર સામૂહિક રિડેવલપમેન્ટ માટે મંજૂરી આપનારી રાજ્ય સરકારે આ રિડેવલપમેન્ટમાં પ્રાઈવેટ બિલ્ડિંગોનાં સમાવેશ માટે મંજૂરી આપી છે. અલબત્ત એને માટે સંબંધિત ઈમારતોની પરવાનગી મેળવવી આવશ્યક હોવાની સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. આ બિલ્ડીંગોને એમના હક મળવા જોઈએ એવી શરત પણ રાખવામાં આવી છે.

ઝૂંપડપટ્ટી રિડેવલપમેન્ટ માટે ૫૧ ટકા ઝૂંપડપટ્ટીવાસીઓની મંજૂરી આવશ્યક છે. જોકે મહારાષ્ટ્ર ઝૂંપડપટ્ટી કાયદાની કલમ (૩ કે) અનુસાર ઝૂંપડપટ્ટી વિસ્તારના ૧૦ એકર અથવા એથી વધુ મોટા પ્લોટ પર ઝૂંપડપટ્ટીવાસીઓની પરવાનગી વિના એસઆરએ યોજના અમલમાં મૂકવા સરકાર તરફથી રિડેવલપમેન્ટને માન્યતા આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ૧૦ એકર કરતા વધુ ક્ષેત્રફળ ધરાવતા તેમજ એક જ વોર્ડની અનેક ઝૂંપડીઓના સામુહિક રિડેવલપમેન્ટ કરવાનો પર્યાય મુક્ત રાખવામાં આવ્યો છે. એના માટે આ કલમ રાખવામાં આવી છે. અત્યાર

(જુઓ પાનું ૪) ▶▶

# એકનાથ શિંદે ભાજપના ચક્રવ્યૂહમાં ફસાયા?

## શિંદે મ્યુનિસિપલ ચૂંટણીમાં ગઠબંધન માટે આગ્રહી હોવા છતાં, તેમને ભાજપની અંદરથી વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ બન્યા ત્યારથી રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે નાયબ મુખ્ય પ્રધાનપદ મળ્યું હોવા છતાં નારાજ છે અને આ વાત સર્વવિદિત છે, પરંતુ હવે આગામી મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં એકનાથ શિંદેને કાપવાના પ્રયાસો ભાજપ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. છેલ્લા અહેવાલો મુજબ એકનાથ શિંદે અત્યારે ભાજપના ચક્રવ્યૂહમાં એવા ફસાયા છે કે તેઓ આ સ્થિતિમાંથી નીકળી શકે નહીં એવું લાગી રહ્યું છે. તેઓ પાલિકાની ચૂંટણી મહાયુતિમાં લડવાની અપેક્ષા રાખે છે અને ભાજપ સ્વબળે ચૂંટણી લડવાની તૈયારીઓ કરી રહ્યો છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ વિસ્તારના બાર ભૂતપૂર્વ કોર્પોરેટરોને ભાજપમાં ખેંચી લીધા હોવાથી એવું લાગી રહ્યું છે કે ભાજપ એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેના ગઢમાં સ્વબળે લડવાનો કારસો ઘડી રહ્યો છે.

અહીં ઉલ્લેખનીય છે કે ચવ્હાણે પોતાના વોર્ડમાં પ્રભાવશાળી ગણાતા આ સ્થાનિક નેતાઓ સાંસદ શ્રીકાંત શિંદેના પ્રભાવમાં ન આવે તે માટે શક્ય તેટલું બધું કર્યું છે. શિવસેના છેલ્લા બે દાયકાથી કલ્યાણ અને ડોમ્બિવલીમાં સત્તા પર છે. શિવસેનામાં ભાગલા પડ્યા પછી, હવે એવું લાગે છે કે શ્રીકાંત શિંદેએ આ સમગ્ર પ્રદેશ પર પ્રભાવ જમાવી લીધો છે. આ પૃષ્ઠભૂમિમાં,

(જુઓ પાનું ૪) ▶▶

# મોડા આવવા બદલ છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિનીને૧૦૦ ઊઠ-બેસની શિક્ષા

## સપ્તાહ બાદ થયું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

પાલઘર: પાલઘર જિલ્લાની એક શાળામાં મોડા આવવા બદલ છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિનીને ૧૦૦ ઊઠ-બેસની શિક્ષા આપવામાં આવ્યાના સપ્તાહ બાદ તેનું મૃત્યુ થયું હતું, જેને પગલે આ પ્રકરણે અધિકારીઓ દ્વારા હવે તપાસ હાથ ધરવામાં આવી છે.

વિદ્યાર્થિનીની ઓળખ અંશિકા (કાજલ) ગૌડ તરીકે થઇ હોઇ તે વસઇ પૂર્વના સાતીવલી ખાતે કુવરપાડા વિસ્તારમાં આવેલી શાળામાં ભણતી હતી. શુક્રવારે રાતે મુંબઈની હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું.

શાળામાં ૮ નવેમ્બરે સવારે પાંચ વિદ્યાર્થી મોડા આવ્યા હતા, જેમાં અંશિકાનો પણ સમાવેશ હતો. આને કારણે તેમને ૧૦૦ ઊઠ-બેસ કરવાની શિક્ષા આપવામાં આવી હતી. અમુકે તો ખભા પર બેગ સાથે ઊઠ-બેસ કરવી પડી હતી.

ઘરે ગયા બાદ અંશિકાની તબિયત બગડતાં તેને વસઇની હોસ્પિટલમાં

(જુઓ પાનું ૪) ▶▶

### એમવીએમાં ભંગાણ

# કૉંગ્રેસ મુંબઈમાં અલગ અને એકલી લડશે

## સિનિયર નેતાએ આપ્યો સંકેત: હવે દિલ્હીનો નિર્ણય બાકી

મુંબઈ: રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓના પડઘમ વાગી ચૂક્યા છે ત્યારે આગામી મહાનગરપાલિકાઓની ચૂંટણી માટે દરેક પક્ષો પોતાની તૈયારીઓ કરી રહ્યા છે, ત્યારે મહારાષ્ટ્રના વિપક્ષી મહાવિકાસ આઘાડી (એમવીએ)માં ભંગાણ પડવાના એંધાણ જોવા મળ્યા છે. એઆઈસીસીના મહાસચિવ અને મહારાષ્ટ્રના પ્રભારી રમેશ ચેન્નીથલાએ શનિવારે જણાવ્યું હતું કે કૉંગ્રેસ મુંબઈ મહાનગરપાલિકામાં એકલેપંડે ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્યમાં અનેક મનપા-પાલિકા-પંચાયતમાં મહાવિકાસ આઘાડી ગઠબંધન અકબંધ રહેશે એવી શક્યતા છે.

અહીં ઉલ્લેખનીય છે કે શનિવારે કૉંગ્રેસની બેઠક થઈ હતી, જેમાં મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષ વર્ષા ગાયકવાડ, એઆઈસીસીના મહાસચિવ

(જુઓ પાનું ૪) ▶▶

# બિહાર ચૂંટણીમાં 'યોજના ભંડોળ'ના વિતરણને ચૂંટણી પંચે મંજૂરી કેમ આપી?: શરદ પવાર

મુંબઈ: એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે શનિવારે જણાવ્યું હતું કે બિહાર ચૂંટણીમાં એનડીએની જીતમાં મહિલાઓ માટે ઉદ્યોગસાહસિકતા યોજનાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, તેમણે એવો સવાલ કર્યો હતો કે ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ભંડોળના વિતરણને કેવી રીતે મંજૂરી આપી હતી.

ભાજપ-જેડી(યુ) ગઠબંધનને ચૂંટણીમાં પ્રચંડ વિજય મળ્યાના એક દિવસ પછી, પવારે કહ્યું હતું કે ભાજપ અને જેડી(યુ) નેતા નીતિશ કુમાર સંયુક્ત રીતે મુખ્ય પ્રધાનનું નામ નક્કી કરશે.

બિહાર ચૂંટણીનું પરિણામ (મુખ્ય પ્રધાન) નીતિશ કુમાર દ્વારા આગાહી કરવામાં આવેલી યોજનાથી અલગ નહોતું. મહિલાઓએ ચૂંટણી પોતાના

(જુઓ પાનું ૪) ▶▶

# ભાયખલામાં બિલ્ડિંગમાં પાયાભરણી દરમ્યાન અકસ્માત: બે મજૂરનાં મોત, ત્રણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલામાં એક વિચિત્ર દુર્ઘટના બની હતી, જેમાં બિલ્ડિંગના પાયાના ભરણીના કામ દરમ્યાન અચાનક માટી અને કાદવ ૧૫ ફૂટ નીચે કામ કરી રહેલા મજૂરો પર પડી જતા બે મજૂરોનાં કમનસીબે મૃત્યુ થયા હતા. તો અન્ય ત્રણ મજૂર ગંભીર રીતે જખમી હોઈ તેમના પર નાયર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ભાયખલા પશ્ચિમમાં હંસ રોડ પરિસરમાં હબીબ મૅન્શન નામની બિલ્ડિંગમાં કન્સ્ટ્રકશનનું કામ ચાલી રહ્યું છે. શનિવારે બિલ્ડિંગના પાયાભરણી અને પાયલીંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે બપોરના પોણા ત્રણ વાગ્યાની આસપાસ અચાનક મોટા પ્રમાણમાં માટી અને કાદવ નીચે કામ કરી રહેલા મજૂરો પર આવી પડ્યું હતું. આ ઘટનામાં પાંચેક મજૂરો દબાઈ ગયા હતા.

ઘટના સ્થળેથી ફાયરબ્રિગેડ, પોલીસ સહિત પાલિકાના અધિકારી-કર્મચારી પહોંચી ગયા

(જુઓ પાનું ૪) ▶▶

# આજે રેલવેમાં બ્લોક: ટ્રેનોની માથાકૂટ રહેશે

મુંબઈ: મુંબઈ લોકલ એ મુંબઈ અને મુંબઈગરાની લાઈફલાઈન છે. દરરોજ કરોડો પ્રવાસીઓ આ મુંબઈ લોકલમાં પ્રવાસ કરે છે અને રેલવે દ્વારા આટલા મોટા નેટવર્કની દેખરેખ માટે દર રવિવારે મેગા બ્લોક હાથ ધરવામાં આવે છે. આ સમયગાળામાં રેલવે, ટ્રેક અને સિગ્નલ મેઈન્ટેનન્સ સહિતના અન્ય મહત્ત્વના ટેક્નિકલ મેઈન્ટેનન્સના કામ થાય ધરાય છે.

મધ્ય રેલવે પર રવિવારે એટલે કે ૧૬મી

(જુઓ પાનું ૪) ▶▶

# પચીસ ડિસેમ્બરે નવી મુંબઈ એરપોર્ટથી પહેલી ફ્લાઈટ ઉડાણ ભરશે

નવી મુંબઈ: નવી મુંબઈ માટે ૨૫ ડિસેમ્બર ઐતિહાસિક દિવસ સાબિત થશે. આ દિવસે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (એનએમઆઈ) ઔપચારિક પણે પ્રવાસી ઉડ્ડયન માટે કાર્યરત થવાનું છે. આઠમી ઓક્ટોબરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ એરપોર્ટનું ઉદઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટનના બે મહિના પછી આ એરપોર્ટ પૂર્ણ ક્ષમતા સાથે ઉડ્ડયન માટે સજ્જ થઈ ગયું છે.

એરપોર્ટ પરથી પહેલી ફ્લાઈટ અકાસા

(જુઓ પાનું ૪) ▶▶

# એલબીએસ રોડની ટ્રાફિકની સમસ્યાનો આવશે અંત

## સુધરાઈ ૧૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કુર્લા-ઘાટકોપર વચ્ચે ફ્લાયઓવર બાંધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના પૂર્વ ઉપનગરમાં વર્ષોથી લાલબહાદુર શાસ્ત્રી રોડ પર રહેલી ટ્રાફિકની સમસ્યાનો બહુ જલદી અંત આવવાનો છે. મુંબઈ મહાનગરપાલિકાએ કુર્લા પશ્ચિમમાં કલ્પના ટોકિઝથી ઘાટકોપર પશ્ચિમમાં પંખે શાહ બાબા દરગાહ સુધીના ૪.૨ કિલોમીટર લાંબા ફ્લાયઓવરના નિર્માણ માટે ટેન્ડર મગાવ્યા છે. અંદાજે ૧,૬૩૫ કરોડ

(જુઓ પાનું ૪) ▶▶

### અજિત પવારનું સ્વપ્ન ચકનાચૂર

# બિહારમાં ૧૬ ઉમેદવારો ઉભા રાખ્યા: નોટા કરતાં પણ ઓછા મત મળ્યા

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વમાં રાજ્યની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ બિહારમાં સ્વબળે ઝંપલાવતા ૧૬ ઉમેદવારો ઉભા રાખ્યા હતા, પરંતુ મોટાભાગના ઉમેદવારો નોંધપાત્ર પ્રદર્શન કરી શક્યા ન હતા અને તેઓ પોતાની ડિપોઝિટ પણ બચાવી શક્યા ન હતા. પાર્ટીના વિભાજન પછી પાર્ટીનો રાષ્ટ્રીય દરજ્જો પુનઃપ્રાપ્ત કરવા માટે અજિત પવારે આ વખતે બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારો ઉભા રાખ્યા હતા, પરંતુ નબળા

(જુઓ પાનું ૪) ▶▶

# મુબઈ ઍરપોર્ટ પર ૧૭ કરોડનું કોકેઇન જપ્ત

મુંબઈ: ડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર ૧૭.૧૮ કરોડ રૂપિયાનું કોકેઇન પકડી પાડીને તાન્ઝાનિયન મહિલાની ધરપકડ કરી હતી. મહિલા યુગાન્ડાના એન્ટેબેથી આવી હતી. કોકેઇનની દાણચોરી અંગે માહિતી મળ્યા બાદ ગુરુવારે ડીઆરઆઇની ટીમ ત્યારે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મહિલા ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચ્યા બાદ તેને આંતરવામાં આવી હતી.



જીવનચક્ર: મુંબઈમાં હાલમાં ઠેકઠેકાણે મેળાઓનું આયોજન કરાયું છે જેમાં આકાશ ઝૂલા ખાસ આકર્ષણ હોય છે. જીવનનું ચક્ર પણ આ રીતે ફરતું રહે છે જેમાંથી મુક્ત થવું મુશ્કેલ હોય છે. (અમય ખરાડે)

### માનખુર્દ-શિવાજીનગરમાં અનામત લોટરી સામે નારાજગી

# સળંગ ચાર વોર્ડ ઓબીસીમાં અનામત હોવાથી ચૂંટણી પંચને નોટિસ

મુંબઈ: મુંબઈ મહાનગરપલિકાની આગામી ચૂંટણી માટે ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના જાહેર થયેલી અનામત લોટરી બાદ અનેક ઈચ્છુક ઉમેદવારોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ છે. અનેક વોર્ડમાં ઉલટપુલટ થઈ જતા ભૂતપૂર્વ નગરસેવકોથી લઈને ઈચ્છુકોએ હવે ચૂંટણીપંચને ઘેરી રહી છે, જેમાં ખાસ કરીને માનખુર્દ-શિવાજીનગરમાં ચારે-ચાર વોર્ડ ઓબીસી માટે અનામત થઈ જતા અન્ય ઈચ્છુક ઉમેદવારો આગામી પાંચ વર્ષ માટે તક ચૂકી ગયા હોવાથી નારાજ થઈ ગયા છે અને લોટરીને ગોવંડી સિટિઝન્સ વેલફેર ફોરમે રાજ્યના ચૂંટણીપંચ અને મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીને કાયદેસરની નોટિસ મોકલી છે. લોટરીમાં રાજકીય હસ્તક્ષેપ થયા હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાના એમ-પૂર્વ વોર્ડમાં કુલ ૧૫ વોર્ડ છે, તેમાંથી માનખુર્દ-શિવાજીનગર વિધાનસભા મતદારસંઘમાં વોર્ડ ૧૩૫,૧૩૬,૧૩૭ અને ૧૩૮માં ઓબીસી આરક્ષણ લાગુ પડયું છે.

પાલિકાની ૨૦૧૭ની ચૂંટણીમાં વોર્ડ ૧૩૫ અને ૧૩માં સર્વસાધારણ મહિલા માટે આરક્ષિત હતું. તો વોર્ડ ૧૩૭માં ઓબીસી અને ૧૩૮માં સામાન્ય શ્રેણી માટે હતું પણ આ વખતે ચારેય વોર્ડમાં ઓબીસી આરક્ષણ લાગુ થતા ઈચ્છુકો નિરાશ થઈ ગયા છે. ગોવંડી ન્યૂ સંગમ વેલફેર સોસાયટીએ આ સંદર્ભમાં રાજ્ય ચૂંટણી પંચ અને પાલિકા કમિશનરને નોટિસ મોકલી છે. ૧૩૫,૧૩૬,૧૩૮ અને ૧૩૮માં સામાન્ય અને લઘુમતી મતદાર સંઘની સંખ્યા વધુ હોવાથી આ વોર્ડમાં આરક્ષણ માટેની લોટરી ફરી કાઢવાની માગણી કરવામાં આવી છે.

એમ-પૂર્વ વોર્ડમાં વોર્ડ ૧૩૫થી ૧૩૮માં નવી મતદારયાદી અને જનગણના આંકડા પર આધઆરિત જાતિ મુજબ લોકસંખ્યાની તપાસ કરવી અને જયાં આવશ્યક છે ત્યાં ફરી લોટરી કાઢીને સામાન્ય અથવા અન્ય જાતિ માટે અનામત કરવો એવી માગણી પણ તેઓએ કરી છે. તેમ જ અનામત પ્રક્રિયામાં રાજકીય હસ્તક્ષેપ અથવા પ્રશાસકીય હસ્તક્ષેપ થયો હોવા બાબતે સ્વતંત્ર તપાસની પણ માગણી આ સંસ્થાએ કરી છે.

ચારેય વોર્ડમાં સળંગ ઓબીસી અનામત લાગુ થવાથી રાજકીય હસ્તક્ષેપ દેખાઈ આવે છે. અનામત લોટરી પદ્ધતિને કારણે સામાન્ય અને લઘુમતી સમાજના ઉમેદવારોને તેમના પોતાના વિસ્તારમાં ચૂંટણી લડવાનો અધિકાર છીનવાઈ ગયો છે એવી નારાજગી પણ સંસ્થાએ વ્યક્ત કરી હતી.

# સંસદસભ્યો, વિધાનસભ્યો સામેના કેસના નિકાલ માટે હવે સમય મર્યાદા

મુંબઈ: મહારાષ્ટ્ર ઉપરાંત ગોવા તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અને દમણના સંસદસભ્યો અને વિધાનસભ્યો વિરુદ્ધ કુલ ૪૭૮ કેસ વિવિધ તબક્કા પર અટકી પડ્યા છે જેનો નિકાલ નથી આવી શક્યો એવી જાણકારી હાઈ કોર્ટે શુક્રવારે આપી હતી.

લાંબા સમયથી ચાલી રહેલા આ કેસોનો નિકાલ ત્વરિત આવે એ હેતુ સાથે એના માટે સમય મર્યાદા પણ નક્કી કરવામાં આવી હતી.

સંસદસભ્યો અને વિધાન સભ્યો વિરુદ્ધ ચાલી રહેલા કેસની સંખ્યા ઘણી મોટી છે એવી ટિપ્પણી હાઈ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અખંડની ખંડપીઠે કરી હતી.

હાઈ કોર્ટે આપેલા આદેશ અનુસાર અંતિમ તબક્કાની દલીલો ચાલી રહી હોય એવા ખટલા જેમની પાસે ચાલી રહ્યા હોય એવા ન્યાયમૂર્તિઓએ કાનૂની પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ ત્વરિત ગતિએ કેસનો નિકાલ લાવવા જણાવાવમાં આવ્યું છે. જે ખટલાઓમાં સરકારી પક્ષના સાક્ષીઓના પુરાવા નોંધવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે એ ખટલાઓ સંબંધિત નીચલી અદાલતે સીઆરપીસીની કલમ ૩૧૩ અનુસાર પુરાવાઓ સંદર્ભે આરોપીઓના જવાબ નોંધવા માટે ત્રણ અઠવાડિયાની મુદત રાખવામાં આવી છે.

આ પ્રક્રિયા પૂર્ણ કરતાંની સાથે જામીન પર બહાર રહેલા આરોપીઓને સમન્સ મોકલવામાં આવે તેમજ જેલમાં હોય એ આરોપીઓની અદાલતમાં હાજરીનો આગ્રહ રાખ્યા વિના વિડીયો કોન્ફરન્સિંગની મદદથી તેમની નોંધણી કરવામાં આવે એવો આદેશ અદાલતે આપ્યો છે.

લાંબા સમયથી ચાલી રહેલા કેસ અને એની વર્તમાન સ્થિતિ આ પ્રમાણે છે: ૪૭૮ ખટલા ચાલી રહ્યા છે, ૧૩૨ કેસમાં આરોપીની અદાલતમાં ઉપસ્થિતિ નિશ્ચિત કરવાનું બાકી, ૪૫ કેસમાં અદાલતમાં અન્ય અરજીઓ પર સુનાવણી ચાલુ છે, ૧૪૪ કેસમાં સાક્ષીઓના પુરાવા નોંધવામાં આવી રહ્યા છે અને ૩૨ ખટલામાં બંને પક્ષની દલીલો ચાલી રહી છે.

# સ્વાતંત્ર્ય લડતમાં આદિવાસીઓના યોગદાનની ઈતિહાસના પુસ્તકોમાં અવગણના: ફડણવીસ

નાગપુર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારો પર નિશાન સાધતા કહ્યું હતું કે ઇતિહાસના પુસ્તકોમાં સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી નાયકોની ભૂમિકાને ઇરાદાપૂર્વક અવગણવામાં આવી હતી.

જનજાતિ ગૌરવ દિવસ પર આદિવાસી હક માટે લડતા નેતા અને સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે એક સભાને સંબોધિત કરતા ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આદિવાસી સમુદાયના પાણી, જમીન, જંગલો અને સંસ્કૃતિની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

ફડણવીસે આદિવાસી સંસ્કૃતિ મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યા પછી કહ્યું હતું કે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનારા આદિવાસી નાયકોને ઇરાદાપૂર્વક ઇતિહાસથી દૂર રાખવામાં આવ્યા હતા જેથી સામાન્ય લોકોને તેમના વિશે જાણ ન થાય.

ભાજપ સરકારે આદિવાસી સમુદાય માટે અનેક કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે અને જંગલની જમીન 'પટ્ટા' (માલિકીના અધિકાર) ફાળવી રહી છે એવી જાણકારી આપી મુખ્યપ્રધાને આદિવાસી આશ્રમ શાળાઓના પ્રારંભ અને આદિવાસી છાત્રાલયોમાં પ્રવેશ મેળવતા ન હોય તેવા આદિવાસી વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૦ હજારની સહાયની યાદી આપી હતી. (પીટીઆઈ)

# ભાયંદરમાં ચોરીની શંકા પરથી યુવકને મારી નાખ્યો

## કોર્ટે ત્રણ આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી

થાણે: થાણે જિલ્લાની કોર્ટે ગુનાની ગંભીરતા અને ક્રૂરતાને ટાંકીને મૉબ લિન્ચિંગના કેસમાં ત્રણ આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. આ કેસમાં ચોરીની શંકા પરથી ૨૩ વર્ષના યુવકને બેરહેમીથી મારપીટ કરીને તેની હત્યા કરવામાં આવી હતી.

એડિશનલ સેશન્સ જજ વી.જી. મોહિતેએ શુક્રવારે આરોપી રામતેજ ઉર્ફે ગવ્યા રામા યાદવ (૨૯), અમરજીત ઉર્ફે છાબિ બિંદ્રપ્રસાદ ગુપ્તા (૨૯) અને ચિરાગ ઉર્ફે કાલ્યા શોભનાથ ઠાકુર (૩૧)ને ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૨, ૩૨૩ અને ૫૦૪ હેઠળ દોષી ઠેરવ્યા હતા.

કોર્ટે ત્રણેય આરોપીને આજીવન કારાવાસની સજા ઉપરાંત પ્રત્યેકને ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. કોર્ટે અન્ય આરોપી શિવકુમાર ઉર્ફે લાલા બિંદર લોઢને શંકાનો લાભ આપી તમામ આરોપમાંથી નિર્દોષ જાહેર કર્યો હતો.

ભાયંદર પૂર્વના ઇન્દિરાનગરમાં ૬ માર્ચ, ૨૦૨૧ના રોજ આ ઘટના બની હતી, જેમાં ચોરીની શંકા પરથી ટોળાએ સૂરજભાન ઓમપ્રકાશ સોની (૨૩) અને વિકી ઉર્ફે અભિષેક સિંહની બેરહેમીથી મારપીટ કરી હતી. ગંભીર રીતે ઘવાયેલા સૂરજભાન સોનીનું મૃત્યુ થયું હતું અને પોસ્ટમોર્ટમમાં પુષ્ટિ થઇ હતી કે 'ઇન્ટ્રાક્રેનિયલ હેમરેજ અને મગજમાં ઇજાને કારણે મૃત્યુ થયું હતું.

એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર રશમી ક્ષીરસાગરે કહ્યું હતું કે આરોપીઓ સામેના આરોપ પુરવાર કરવા તપાસકર્તા પક્ષના ૧૦ સાક્ષીદારને તપાસવામાં આવ્યા હતા.

કોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે મારપીટના વીડિયોમાં ગુનાની ગંભીરતા અને ક્રૂરતા જોવા મળી હતી. આરોપીઓ યુવાન ગુનેગારો હોવા છતાં અને તેમના પરિવારના સભ્યો તેમના પર નિર્ભર હોવા છતાં સજા સંભળાવતી વખતે ગુનો કરવાની રીત ધ્યાનમાં લેવી જોઇએ. જજે અવલોકન કર્યું હતું કે આરોપીઓ વતી દલીલ કરાયેલા મુદ્દાઓ ઉદારતા દર્શાવવા માટે અપૂરતા હતા. (પીટીઆઇ)

### પુણે જમીન કૌભાંડમાં મહિલાનું નામ

# પોલીસ સમક્ષ નિવેદન નોંધાવવા માટે હાજર થવાનું કહેવાયું

પુણે: રાજ્યમાં હાલ ગાજી રહેલા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારને સંડોવતા ૩૦૦ કરોડના જમીન કૌભાંડમાં હવે શીતલ તેજવાનીને પોલીસે સમન્સ પાઠવ્યા છે. શીતલને આ મામલામાં પોતાનું નિવેદન નોંધાવવા માટે પોલીસ સમક્ષ હાજર રહેવા જણાવાયું છે.

પુણેના મુંઢવા વિસ્તારમાં ૪૦ એકરના સરકારી પ્લોટનો આ સોદો વિવાદ બાદ હવે રદ કરવામાં આવ્યો છે. આ પ્લોટની પાવર ઓફ એટર્ની શીતલ તેજવાની પાસે હતી, જે બાદમાં પાર્થ પવારની કંપની અમેડિયા એન્ટરપ્રાઇઝીસ એલએલપીને વેચવામાં આવી હતી.

આ સોદામાં શીતલનું નામ આવ્યા બાદ તે ગાયબ થઇ ગઇ હતી. હવે આ પ્રકરણની તપાસ શરૂ કરાઇ હોવાથી શીતલને પોલીસ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસના કાર્યાલય દ્વારા આ પ્રકરણમાં એફઆઇઆર દાખલ કરાયો છે, જેમાં અમેડિયા એન્ટરપ્રાઇઝીસના સહ-ભાગીદાર દિગ્વિજય પાટીલ, શીતલ તેજવાની તેમ જ સબ-રજિસ્ટ્રાર આર.બી. તરુના નામ છે, જેમની વિરુદ્ધ ઉચાપત અને છેતરપિંડીનો આરોપ છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે શીતલને નોટિસ જારી કરવામાં આવી છે. આ નોટિસ તેના મુંબઈના નરીમાન પોઇન્ટ વિસ્તારના કાર્યાલયમાં આપવામાં આવી હતી, જ્યારે પિંપરી-ચિંચવડ વિસ્તારમાં તેના ઘરે પણ નોટિસ જારી કરવામાં આવી છે. (પીટીઆઇ)

# ભિવંડીમાં કબ્રસ્તાન માટે ફાળવેલી સરકારી જમીન ગેરકાયદે વેચવા બદલ ૧૨ સામે ગુનો

થાણે: થાણે જિલ્લાના ભિવંડીમાં ૪૯ વર્ષ અગાઉ કબ્રસ્તાન માટે ફાળવેલી સરકારી જમીન વેચવા અને ખરીદવા બદલ ૧૨ જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર એપ્રિલ, ૧૯૭૬માં આ છેતરપિંડી આચરવામાં આવી હતી.

આ પ્રકરણે તપાસ કરાયા બાદ મહેસૂલ અધિકારીએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે ભારતીય દંડસંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી) હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

શાંતિનગર પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર ભિવંડીના ગૌરીપાડા વિસ્તારમાં સરકારી જમીનનો ટુકડો કબ્રસ્તાન માટે ફાળવાયો છે તે જાણતા હોવા છતાં આરોપીઓએ તેને વેચવા અને ખરીદવા માટે સાઠગાંઠ કરી હતી. (પીટીઆઇ)

# જાડેજાનું રાજસ્થાનમાં કમબૅક, પણ આન્દ્રે રસેલને કોલકાતાએ હરાજીમાં મૂકીને ચોંકાવી દીધા

## આઈપીએલની દસ ટીમમાંથી કોણે કયા ખેલાડીને ગુડબાય કરી, કોને રીટેન કર્યા અને કોને ટ્રેડમાં મેળવ્યા?: કઈ ટીમ પાસે ઑક્શન માટે કેટલું ભંડોળ બાકી છે?

મુંબઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૦ ટીમે શનિવારે બપોરે ૩.૦૦ વાગ્યાની મુદત સુધીમાં આ સ્પર્ધાના મોવડીઓને લિસ્ટ આપી દીધા હતા જેમાં તેમણે ૨૦૨૬ની આઇપીએલ પહેલાં કયા ખેલાડીઓને જાળવી રાખ્યા (રીટેન કર્યા), કોને ટ્રેડિંગ વિન્ડોમાં અન્ય ટીમને આપી દીધા છે અથવા કોની પાસેથી મેળવ્યા અને કોને આગામી ૧૬મી ડિસેમ્બરના ઑક્શન માટે રિલીઝ (છૂટા) કરી દીધા છે તેમના નામ દર્શાવ્યા હતા.

૧૬મી ડિસેમ્બરે અબુ ધાબીમાં એક દિવસનું મિની-ઑક્શન યોજાશે જેમાં તમામ ટીમોને મર્યાદિત સંખ્યામાં ખેલાડીઓ ખરીદવાનો મોકો મળશે. જોકે હરાજીના એ સમયકાળ પછીના ટ્રેડિંગ વિન્ડોમાં પણ ટીમોને અન્ય ટીમ પાસેથી ખેલાડીની અદલાબદલી કરવાનો અથવા ખરીદવાનો મોકો મળશે.

૨૦૨૫ની આઇપીએલ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ જીતી લીધી હતી અને પંજાબ કિંગ્સની ટીમ રનર-અપ રહી હતી. એ સીઝનના પ્લે-ઑફ પહેલાંના પૉઇન્ટ્સ-ટેબલમાં પંજાબની ટીમ મોખરે હતી અને ચેન્નઈની ટીમ સાવ તળિયે હતી.

ત્રણ વખત આઇપીએલનું ટાઇટલ જીતી ચૂકેલા કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ના ફ્રૅન્ચાઇઝીએ મોટો ધડાકો કર્યો છે. શાહરુખ ખાનની સહ-માલિકીવાળી આ ટીમમાંથી પીઢ કૅરિબિયન ખેલાડી અને કેકેઆરને ઘણી મૅચો જિતાડી આપનાર આક્રમક બૅટ્સમૅન અને ઑલરાઉન્ડર આન્દ્રે રસેલને ૧૬મી ડિસેમ્બરના ઑક્શન માટે રિલીઝ કરી દેવામાં આવ્યો છે. નવાઈની વાત એ છે કે એને ટ્રેડમાં કોઈ ટીમને આપી પણ નથી દેવાયો. તે ૨૦૧૪ની સાલથી કેકેઆરમાં હતો. એ પહેલાં તે દિલ્હી ડેરડેવિલ્સ ટીમમાં હતો. કેકેઆરે તેને ૨૦૨૫ના મેગા ઑક્શન પહેલાં ૧૨ કરોડ રૂપિયામાં રીટેન કર્યો હતો. કેકેઆરે ઑલરાઉન્ડર વેન્કટેશ ઐયરને પણ હરાજીમાં મૂક્યો છે. આ ફ્રૅન્ચાઇઝીએ ૨૦૨૫માં તેને હરાજીમાં ૨૩.૭૫ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો, પરંતુ તે સારું નહોતો રમ્યો.

### સૌથી વધુ ફંડ કોની પાસે છે

તમામ ૧૦ ટીમમાંથી કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) પાસે સૌથી વધુ ભંડોળ બચ્યું છે. કેકેઆર હજી ૬૪.૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરી શકશે, જ્યારે સીએસકે પાસે ૪૩.૪૦ કરોડનું ફંડ બાકી રહ્યું છે. અન્ય આઠ ટીમમાંથી ૨.૭૫ કરોડ રૂપિયાનું સૌથી ઓછું ભંડોળ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) પાસે છે.

### કઈ ટીમે કોને રિલીઝ કર્યા, કોને રીટેન કર્યા

### કોલકાતા નાઇટ રાઇડર્સ (૬૪.૩૦ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** આન્દ્રે રસેલ, વેન્કટેશ ઐયર, ઍન્રિક નૉર્કિયા, ચેતન સાકરિયા, લવનીત સિસોદિયા, મોઇન અલી, ક્વિન્ટન ડિકૉક, રહમનુલ્લા ગુરબાઝ, સ્પેન્સર જૉન્સન.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** અજિંક્ય રહાણે, રિન્કુ સિંહ, સુનીલ નારાયણ, વરુણ ચક્રવર્તી, અંગક્રિશ રઘુવંશી, રૉવમૅન પોવેલ, અનુકૂલ રૉય, હર્ષિત રાણા, મનીષ પાન્ડે, રમણદીપ સિંહ, ઉમરાન મલિક, વૈભવ અરોરા.

### ચેન્નઈ સુપર કિંગ્સ (૪૩.૪૦ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** રવીન્દ્ર જાડેજા (રાજસ્થાનને આપ્યો), ડેવૉન કૉન્વે, રચિન રવીન્દ્ર, દીપક હૂડા, આન્દ્રે સિદ્ધાર્થ, મથીશા પથિરાના, સૅમ કરૅન (રાજસ્થાનને આપ્યો), કમલેશ નાગરકોટી, રાહુલ ત્રિપાઠી, શેખ રાશીદ, વિજય શંકર, વંશ બેદી.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** એમએસ ધોની, ઋતુરાજ ગાયકવાડ, સંજુ સૅમસન (રાજસ્થાન પાસેથી મેળવ્યો), ડેવાલ્ડ બ્રેવિસ, આયુષ મ્હાત્રે, ઉર્વિલ પટેલ, શિવમ દુબે, નૂર અહમદ, નૅથન એલિસ, શ્રેયસ ગોપાલ, અંશુલ કંબોજ, ખલીલ અહમદ, રામક્રિષ્ન ઘોષ, મુકેશ ચૌધરી, જૅમી ઓવર્ટન, ગુર્જપનીત સિંહ.

### રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (૧૬.૪૦ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** લિઆમ લિવિંગસ્ટન, લુન્ગી ઍન્ગિડી, મયંક અગરવાલ, મનોજ ભંડાગે, સ્વસ્તિક ચિકારા, મોહિત રાઠી.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** વિરાટ કોહલી, રજત પાટીદાર, ફિલ સૉલ્ટ, દેવદત્ત પડિક્કલ, ટિમ ડેવિડ, કૃણાલ પંડ્યા, રોમારિયો શેફર્ડ, જિતેશ શર્મા, ભુવનેશ્વર કુમાર, યશ દયાલ, જૉશ હૅઝલવૂડ, સુયશ શર્મા, અભિનંદન સિંહ, જૅકબ બેથેલ, નુવાન થુશારા, રસિખ દાર, સ્વપ્નિલ સિંહ.

### પંજાબ કિંગ્સ (૧૧.૫ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** ગ્લેન મૅક્સવેલ, જૉશ ઇંગ્લિશ, આરૉન હાર્ડી, કાઇલ જૅમીસન, કુલદીપ સેન, પ્રવીણ દુબે.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** શ્રેયસ ઐયર, અર્શદીપ સિંહ, અઝમતુલ્લા ઓમરઝાઇ, હર્નૂર પન્નુ, હરપ્રીત બ્રાર, લૉકી ફર્ગ્યુસન, માર્કો યેનસેન, માર્કસ સ્ટોઇનિસ, મિચ ઑવેન, મુશીર ખાન, નેહલ વઢેરા, પ્રભસિમરન સિંહ, પ્રિયાંશ આર્યા, પી. અવિનાશ, શશાંક સિંહ, સૂર્યાંશ શેડગે, વિષ્ણુ વિનોદ, વૈશાક વિજયકુમાર, ઝેવિયર બાર્ટલેટ, યશ ઠાકુર અને યુઝવેન્દ્ર ચહલ.

### મુંબઈ ઇન્ડિયન્સ (૨.૭૫ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** અર્જુન તેન્ડુલકર (લખનઊને આપ્યો), બેવૉન જેકબ્સ, કર્ણ શર્મા, લિઝાદ વિલિયમ્સ, મુજીબ ઉર રહમાન, રીસ ટૉપ્લી, ક્રિષન શ્રીજીત, સત્યનારાયણ રાજુ, વિઘ્નેશ પુથુર.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** હાર્દિક પંડ્યા, રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, જસપ્રીત બુમરાહ, તિલક વર્મા, મિચલ સૅન્ટનર, રાયન રિકલ્ટન, ટ્રેન્ટ બૉલ્ટ, વિલ જૅક્સ, શાર્દુલ ઠાકુર (લખનઊ પાસેથી મેળવ્યો), શેરફેન રુધરફર્ડ (ગુજરાત પાસેથી મેળવ્યો), મયંક માર્કન્ડે (કોલકાતા પાસેથી મેળવ્યો), એ. એમ. ગઝનફર, અશ્વની કુમાર, કૉર્બિન બૉશ્ચ, દીપક ચાહર, નમન ધીર, રઘુ શર્મા, રાજ બાવા, રૉબિન મિન્ઝ.

### લખનઊ સુપર જાયન્ટ્સ (૨૨.૯૫ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** ડેવિડ મિલર, આર્યન જુયલ, યુવરાજ ચૌધરી, રવિ બિશ્નોઈ, રાજ્યવર્ધન હંગારગેકર, શાર્દુલ ઠાકુર (મુંબઈને આપ્યો), આકાશ દીપ. શમાર જોસેફ.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** રિષભ પંત, મિચલ માર્શ, અર્જુન તેન્ડુલકર (મુંબઈ પાસેથી મેળવ્યો), અબ્દુલ સામદ, એઇડન માર્કરમ, મોહમ્મદ શમી (હૈદરાબાદ પાસેથી મેળવ્યો), નિકોલસ પૂરન, આકાશ સિંહ, અર્શિન કુલકર્ણી, આવેશ ખાન, આયુષ બદોની, દિગ્વેશ રાઠી, હિમ્મત સિંહ, મણિમારન સિદ્ધાર્થ, મૅથ્યૂ બ્રીટ્ઝકે, મયંક યાદવ, મોહસિન ખાન, પ્રિન્સ યાદવ, શાહબાઝ અહમદ.

### સનરાઈઝ હૈદરાબાદ (૨૫.૫૦ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** મોહમ્મદ શમી (લખનઊને આપ્યો), વિઆન મુલ્ડર, ઍડમ ઝૅમ્પા, અથર્વ ટેઇડ, સચિન બૅબી, અભિનવ મનોહર, સિમરજીત સિંહ, રાહુલ ચાહર.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** અભિષેક શર્મા, પૅટ કમિન્સ, હિન્રિક ક્લાસેન, ટ્રૅવિસ હેડ, નીતીશ કુમાર રેડ્ડી, હર્ષલ પટેલ, ઇશાન કિશન, જયદેવ ઉનડકટ, અનિકેત વર્મા, બ્રાઇડન કાર્સ, એશાન મલિન્ગા, હર્ષ દુબે, કામિન્ડુ મેન્ડિસ, રવિચન્દ્રન સ્મરણ, ઝીશાન અન્સારી.

### દિલ્હી કૅપિટલ્સ (૨૧.૮૦ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** ડૉનોવાન ફરેરા (રાજસ્થાનને આપ્યો), દર્શન નાલકંડે, ફાફ ડુ પ્લેસી, જેક ફ્રેઝર-મૅકગર્ક, માનવંત કુમાર, મોહિત શર્મા, સેદિકુલ્લા અટલ.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** અક્ષર પટેલ, કે. એલ. રાહુલ, કરુણ નાયર, ટ્રિસ્ટેન સ્ટબ્સ, કુલદીપ યાદવ, મિચલ સ્ટાર્ક, આશુતોષ શર્મા, નીતીશ રાણા (રાજસ્થાન પાસેથી મેળવ્યો), અભિષેક પોરેલ, અજય મન્ડલ, દુષ્મન્થા ચમીરા, સમીર રિઝવી, માધવ તિવારી, ટી. નટરાજન, ત્રિપુરાણા વિજય, વિપરાજ નિગમ.

### ગુજરાત ટાઇટન્સ (૧૨.૯૦ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** શેરફેન રુધરફર્ડ (મુંબઈને આપ્યો), દાસુન શનાકા, જેરાલ્ડ કૉએટ્ઝી, કરીમ જનત, કુલવંત ખેજરોલિયા, મહિપાલ લૉમરોર.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** શુભમન ગિલ, જૉસ બટલર, કૅગિસો રબાડા, મોહમ્મદ સિરાજ, વૉશિંગ્ટન સુંદર, રાશિદ ખાન, સાઇ સુદર્શન, પ્રસિદ્ધ ક્રિષ્ના, અનુજ રાવત, ગ્લેન ફિલિપ્સ, ગુર્નૂર બ્રાર, ઇશાંત શર્મા, જયંત યાદવ, કુમાર કુશાગ્રા, માનવ સુથાર, અર્શદ ખાન, નિશાંત સિંધુ, આર. સાઇ કિશોર, રાહુલ તેવાટિયા, એમ. શાહરુખ ખાન.

### રાજસ્થાન રૉયલ્સ (૧૬.૦૫ કરોડ રૂપિયાનું ફંડ બાકી)

**કોને રિલીઝ કર્યા/ટ્રેડમાં આપી દીધાઃ** સંજુ સૅમસન (ચેન્નઈને આપ્યો), નીતીશ રાણા (દિલ્હીને આપ્યો), માહીશ થીકશાના, વનિન્દુ હસરંગા, આકાશ મઢવાલ, અશોક શર્મા, ફઝલહક ફારુકી, કુમાર કાર્તિકેય, કુણાલ સિંહ રાઠોર.

**કોને રીટેન કર્યા/ટ્રેડમાં મેળવ્યાઃ** રવીન્દ્ર જાડેજા (ચેન્નઈ પાસેથી મેળવ્યો), વૈભવ સૂર્યવંશી, યશસ્વી જયસ્વાલ, ડૉનોવાન ફરેરા (દિલ્હી પાસેથી મેળવ્યો), સૅમ કરૅન (ચેન્નઈ પાસેથી મેળવ્યો), ધ્રુવ જુરેલ, જોફ્રા આર્ચર, શિમરૉન હેટમાયર, ક્વેના મફાકા, લુઆન-ડ્રે પ્રીટોરિયસ, નેન્દ્રે બર્ગર, રિયાન પરાગ, સંદીપ શર્મા, શુભમ દુબે, તુષાર દેશપાંડે, યુધવીર સિંહ.

# ૨૦૨૬ના ફૂટબૉલ વર્લ્ડ કપ માટે ૪૮માંથી કયા ૩૦ દેશ ક્વૉલિફાય થઈ ગયા, જાણો છો?

લંડનઃ ૨૦૨૬માં યોજાનારા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં વિક્રમજનક ૪૮ ટીમ ભાગ લેશે અને એમાંથી લગભગ ૩૦ ટીમ અત્યારથી જ આ વિશ્વ કપ માટે ક્વૉલિફાય થઈ ગઈ છે. યુરોપના દેશ ક્રોએશિયાએ શુક્રવારે ક્વૉલિફિકેશન મેળવી લીધું હતું.

૨૦૧૮ વર્લ્ડ કપના રનર-અપ ક્રોએશિયાએ શુક્રવારે ફારો આઇલૅન્ડ્સને ૩-૧થી પરાજિત કરીને વર્લ્ડ કપમાં એન્ટ્રી મેળવી લીધી હતી. યુરોપ ખંડમાંથી ઇંગ્લૅન્ડ અને ૨૦૨૨નું રનર-અપ ફ્રાન્સ પણ ક્વૉલિફાય થઈ ગયા છે, પરંતુ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું પોર્ટુગલ હજી સુધી ક્વૉલિફાય નથી થયું.

૪૮માંથી ત્રણ દેશ (યજમાન અમેરિકા, મેક્સિકો, કૅનેડા)ને આપોઆપ ૨૦૨૬ના વિશ્વ કપમાં પ્રવેશ મળ્યો છે. બીજા બે દેશ વિવિધ ખંડની અંદર-અંદરની પ્લે-ઑફ સ્પર્ધામાં મોખરે આવીને વર્લ્ડ કપમાં સ્થાન મેળવશે અને બાકીના તમામ ૪૩ દેશ સંબંધિત ખંડમાં રમાતા ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં ઉપરના સ્થાને આવીને ક્વૉલિફાય થઈ રહ્યા છે. ઘણી ટીમો ક્વૉલિફાય થઈ ચૂકી છે.

કયા ખંડમાંથી કઈ ટીમ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ ગઈ એની યાદી આ મુજબ છેઃ (૧) યજમાન દેશો અમેરિકા, મેક્સિકો, કૅનેડા. (૨) આફ્રિકામાંથી અલ્જિરિયા, કેપ વર્ડે, ઇજિપ્ત, ઘાના, આઇવરી કોસ્ટ, મોરોક્કો, સેનેગલ, સાઉથ આફ્રિકા, ટ્યૂનિશિયા. (૩) એશિયામાંથી ઇરાન, જાપાન, જોર્ડન, ઑસ્ટ્રેલિયા, કતાર, સાઉદી અરેબિયા, સાઉથ કોરિયા, ઉઝબેકિસ્તાન. (૪) યુરોપમાંથી ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, ક્રોએશિયા. (૫) ઑસનિયામાંથી ન્યૂ ઝીલૅન્ડ. (૬) દક્ષિણ અમેરિકામાંથી આર્જેન્ટિના, બ્રાઝિલ, કોલમ્બિયા, ઇક્વાડોર, પારાગ્વે, ઉરુગ્વે.

# ભારતીય સ્પિનર્સે પરચો બતાવ્યો, હવે સાઉથ આફ્રિકાના હાર્મર અને મહારાજથી બચવાનું છે

## ભારતે સાઉથ આફ્રિકાની માત્ર ત્રણ વિકેટ લેવાની બાકી

કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં ભારત સામેની પ્રથમ ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી લાઇવ)માં ગઈ કાલે બીજા દિવસની રમતના અંતે સાઉથ આફ્રિકાનો સેકન્ડ ઇનિંગ્સનો સ્કોર ૭/૯૩ હતો. કૅપ્ટન ટેમ્બા બવુમા ૨૯ રને અને કૉર્બિન બૉશ્ચ એક રને રમી રહ્યા હતા. આખા બીજા દિવસમાં કુલ ૧૫ વિકેટ અને બે દિવસમાં ૨૬ વિકેટ પડી હતી. રવીન્દ્ર જાડેજા ગઈ કાલનો હીરો હતો. તેણે ૨૯ રનમાં ચાર વિકેટ લીધી હતી. બે વિકેટ કુલદીપ યાદવે અને એક વિકેટ અક્ષર પટેલે લીધી હતી. ભારતે પ્રથમ દાવમાં ૩૦ રનની સરસાઈ લીધી હતી જેની બાદબાકી કરતા સાઉથ આફ્રિકાના બીજા દાવમાં માત્ર ૬૩ રન છે અને એની ત્રણ વિકેટ પડવાની બાકી છે.

પ્રવાસી ટીમે પ્રથમ દાવમાં ૧૫૯ રન કર્યા બાદ ગઈ કાલે ભારતીય ટીમ ૧૮૯ રનમાં ઑલઆઉટ થઈ જતાં ભારતને ૩૦ રનની સરસાઈ મળી હતી. આઇપીએલમાં ચેન્નઈમાંથી હવે રાજસ્થાનની પોતાની જૂની ટીમમાં પાછો આવી ગયેલો રવીન્દ્ર જાડેજા શુક્રવારે પ્રથમ દાવમાં એકેય વિકેટ નહોતો લઈ શક્યો, પણ ગઈ કાલે તેણે ચાર વિકેટ ઝડપી હતી જેમાં એક તબક્કે તેણે એક જ ઓવરમાં બે વિકેટ લીધી હતી.

આ મૅચ આજના ત્રીજા દિવસે શરૂઆતના કલાકોમાં જ પૂરી થઈ જવાની પાકી સંભાવના છે. જોકે ભારતને ૧૦૦-૧૨૫ જેટલો લક્ષ્યાંક પણ મળશે તો ભારતીય બૅટ્સમેનોએ સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર યેનસેન ઉપરાંત ખાસ કરીને બે સ્પિનર કેશવ મહારાજ અને સાઇમન હાર્મરથી ખાસ ચેતવું પડશે. શનિવારના પ્રથમ દાવમાં હાર્મરે ભારતની ચાર વિકેટ લીધી હતી. ત્રણ વિકેટ યેનસેને અને એક વિકેટ મહારાજે મેળવી હતી. કૉર્બિન બૉશ્ચને પણ એક વિકેટ મળી હતી, જ્યારે શુભમન ગિલ ગરદનના દુખાવાને લીધે બૅટિંગ છોડીને પૅવિલિયનમાં પાછો જતો રહ્યો હતો. હવે આજે તે જરૂર પડશે તો બૅટિંગમાં આવશે એવી સંભાવના છે.

વાઇસ-કૅપ્ટન રિષભ પંત ગઈ કાલે ફીલ્ડિંગ દરમ્યાન સ્ટમ્પ્સની પાછળથી સતત બોલ્યા કરતો હતો. તે સાથીઓને પ્રોત્સાહિત કરતો હતો અને હરીફ ટીમના બૅટ્સમેનોની ખામી બતાવતો હતો. અક્ષર પટેલ અને કુલદીપ યાદવને મોરચા પરથી આરામ આપીને રવીન્દ્ર જાડેજાને અટૅકમાં લાવવામાં આવ્યો ત્યારે તે જાડેજાને એવું કહી રહેલો માઇક્રોફોનમાં સંભળાયું હતું કે ‘જડ્ડુભાઈ, આપ દેખ લેના.’

જાડેજાએ પછી પરચો દેખાડી જ દીધો હતો. તેણે ઉપરાઉપરી ચાર વિકેટ લીધી હતી.

# ટેસ્ટ ક્રિકેટમાં રિષભ પંતના કુલ ૯૨ છગ્ગા, સેહવાગનો વિક્રમ તોડ્યો

કોલકાતાઃ ટેસ્ટ ક્રિકેટમાં ભારત વતી સૌથી વધુ છગ્ગા ફટકારવામાં અત્યાર સુધી વીરેન્દર સેહવાગ કુલ ૯૦ સિક્સર સાથે નંબર વન હતો, પણ હવે રિષભ પંત મોખરે થઈ ગયો છે.

પંતે ગઈ કાલે ૨૭ રનની ટૂંકી ઇનિંગ્સમાં જે બે સિક્સર ફટકારી એમાંની પ્રથમ સિક્સર તેની ૯૧મી હતી અને એ સાથે તેણે સેહવાગનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો હતો.

હવે પંતના નામે કુલ ૯૨ છગ્ગા છે. રોહિત શર્મા ૮૮ છગ્ગા સાથે ત્રીજા સ્થાને છે. ટેસ્ટ જગતમાં બેન સ્ટૉક્સ ૧૩૬ છગ્ગા સાથે અવ્વલ છે અને પંત સાતમા નંબરે છે.

દરમ્યાન, પંત વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં કુલ ૭૫ સિક્સર સાથે વિશ્વમાં બીજા નંબરે છે. બેન સ્ટૉક્સ (૮૬ સિક્સર) આ યાદીમાં મોખરે છે.



રિષભ પંતે ગઈ કાલે એક સમયે અનોખી સ્ટાઇલમાં શૉટ માર્યો હતો. તે વારંવાર બીટ થયો હતો અને માત્ર ૨૭ રન કરીને આઉટ થયો હતો. (પીટીઆઇ)

**ગિલ હૉસ્પિટલમાંઃ** કૅપ્ટન શુભમન ગિલને ગઈ કાલે ઈડનમાં બૅટિંગ શરૂ કર્યા બાદ તરત જ ગરદનમાં અસહ્ય દુખાવો થતાં સ્ટ્રેચરમાં સૂવડાવીને સ્ટેડિયમથી હૉસ્પિટલ સુધી લઈ જવામાં આવ્યો હતો. તેણે નેક બ્રેસ પહેર્યું હતું. તે ગઈ કાલે ચાર રનના તેના સ્કોર પર રિટાયર હર્ટ થયો હતો. આ મૅચમાં તે જરૂર પડશે તો કદાચ બૅટિંગમાં આવશે. ગિલ છ-સાત મહિનાથી કૅપ્ટન્સીના બોજ તળે એકધારું રમી રહ્યો છે.



# ૨૧મી નવેમ્બરથી ઍશિઝઃ ઑસ્ટ્રેલિયાને શરૂઆતથી જ ઝટકા

## પૅટ કમિન્સ પછી હવે હૅઝલવૂડ પણ ઈજાને કારણે પ્રથમ ટેસ્ટની બહારઃ સ્ટીવ સ્મિથ કૅપ્ટન્સી સંભાળશે

પર્થઃ અહીં શુક્રવાર, ૨૧મી નવેમ્બરે ઇંગ્લૅન્ડ સામે ઑસ્ટ્રેલિયાની પાંચ મૅચની ઍશિઝ ટેસ્ટ સિરીઝ શરૂ થશે, પરંતુ યજમાન ઑસ્ટ્રેલિયાને શ્રેણીની શરૂઆત પહેલાં જ મોટા ઝટકા લાગ્યો છે. તેમનો મુખ્ય ફાસ્ટ બોલર જૉશ હૅઝલવૂડ પગના સ્નાયુઓના દુખાવાને કારણે પહેલી ટેસ્ટની બહાર થઈ ગયો છે અને તેના સ્થાને માઇકલ નેસરને સ્ક્વૉડમાં સામેલ કરવામાં આવ્યો છે.

પ્રથમ ટેસ્ટ પર્થમાં, બીજી બ્રિસ્બેનમાં, ત્રીજા ઍડિલેઇડમાં, ચોથી મેલબર્નમાં અને પાંચમી સિડનીમાં રમાવાની છે.

હૅઝલવૂડની પહેલાં કૅપ્ટન પૅટ કમિન્સ પણ ઈજાને કારણે પ્રથમ ટેસ્ટમાં નહીં રમે એવી જાહેરાત કરવામાં આવી હતી. કમિન્સને પીઠમાં દુખાવો છે.

બ્રેન્ડન ડૉગેટ નામના ૩૧ વર્ષની ઉંમરના નવા ફાસ્ટ બોલરને પર્થની પ્રથમ ટેસ્ટમાં રમવાનો મોકો મળે તો નવાઈ નહીં.

જોકે હાલમાં સ્થિતિ એવી છે કે માઇકલ સ્ટાર્ક અને સ્કૉટ બૉલેન્ડ પર બધો બોજ આવી ગયો છે. કમિન્સની ગેરહાજરીમાં સ્ટીવ સ્મિથ કૅપ્ટન્સી સંભાળશે.

બેન સ્ટૉક્સની કૅપ્ટન્સીમાં અને હૅરી બ્રૂકની વાઇસ-કૅપ્ટન્સીમાં ઇંગ્લૅન્ડની ટીમ ઑસ્ટ્રેલિયા રમવા આવી છે. તેમની ટીમમાં જો રૂટ ઉપરાંત બેન ડકેટ, ઝૅક ક્રૉવ્લી, ઑલી પૉપ, જૅમી સ્મિથ, જેકબ બેથેલ, વિલ જૅક્સ, બ્રાયડન કાર્સ, આર્ચર, ઍટકિન્સન, શોએબ બશીર, માર્ક વૂડ, જૉશ ટન્ગ અને મૅથ્યૂ પૉટ્સનો સમાવેશ છે.

ઑસ્ટ્રેલિયાને ઘરઆંગણે હરાવવું ભલભલી ટીમ માટે મુશ્કેલ હોય છે. આ વર્ષની શરૂઆતમાં ભારતનો ઑસ્ટ્રેલિયામાં ૧-૩થી રકાસ થયો હતો. રોહિત શર્મા અને વિરાટ કોહલીની નિષ્ફળતાને લીધે એ શ્રેણીમાં ભારતે નામોશી જોવી પડી હતી. એ શ્રેણી બાદ બન્ને લેજન્ડે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

રોહિત-વિરાટની વિદાય બાદ શુભમન ગિલને ટેસ્ટનો કૅપ્ટન બનાવાયો હતો અને તેની કૅપ્ટન્સીમાં ઇંગ્લૅન્ડમાં ભારતે સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવી હતી.

# ‘બાપુ’ બેમિસાલ

## ડબ્લ્યૂટીસીમાં ૧,૫૦૦ રન ઉપરાંત ૧૫૦ વિકેટ, જાડેજા વિશ્વનો પ્રથમ ઑલરાઉન્ડર



કોલકાતાઃ રવીન્દ્ર જાડેજા હાલમાં ટેસ્ટ-જગતના આઇસીસી રૅન્કિંગમાં નંબર-વન ઑલરાઉન્ડર તો છે જ, ગઈ કાલે તેણે એવી સિદ્ધિ હાંસલ કરી જે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ના ઇતિહાસમાં બીજો કોઈ પણ ખેલાડી નથી મેળવી શક્યો. જાડેજા ડબ્લ્યૂટીસીના સાત વર્ષના ઇતિહાસમાં કુલ ૧,૫૦૦ રન બનાવવા ઉપરાંત ૧૫૦ વિકેટ લેનારો સૌથી પહેલો પ્લેયર બન્યો છે.

‘બાપુ’ અને ‘ જડ્ડુ’ તરીકે જાણીતો ૩૬ વર્ષનો જાડેજા આઇપીએલમાં હવે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) ટીમમાં નથી. તેને રાજસ્થાન રૉયલ્સે સીએસકે પાસેથી ટ્રેડિંગ વિન્ડોમાં મેળવી લીધો છે. પોતાના આ મનપસંદ લેટેસ્ટ ફેરફાર બાદ શનિવારે ઈડન ગાર્ડન્સમાં જાડેજા તેના બેસ્ટ ફૉર્મમાં હતો. તેણે પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં ૨૭ રનમાં ચાર વિકેટ લીધી હતી. તેના આ પર્ફોર્મન્સને લીધે સાઉથ આફ્રિકાની ટીમ સેકન્ડ ઇનિંગ્સમાં મોટી મુસીબતમાં મુકાઈ ગઈ હતી. ટેમ્બા બવુમાની ટીમે ગઈ કાલના બીજા દિવસના અંત સુધીમાં બીજા દાવમાં સાત વિકેટે ૯૩ રન કર્યા હતા અને આ પ્રવાસી ટીમ ભારતથી માત્ર ૬૩ રન આગળ હતી અને એની ત્રણ જ વિકેટ પડવાની બાકી હતી.

જાડેજાએ જબરદસ્ત ટર્ન અપાવતી પિચ પર ટ્રિસ્ટેન સ્ટબ્સ (પાંચ રન)ને આઉટ કર્યો એ ડબ્લ્યૂટીસીમાં તેની ૧૫૦મી વિકેટ હતી અને એ સાથે તેનું નામ ડબ્લ્યૂટીસીમાં સુવર્ણ અક્ષરે લખાયું હતું. તેણે આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં કુલ દોઢસો વિકેટ લેવા ઉપરાંત કુલ ૨,૫૩૨ રન પણ કર્યા છે.

જાડેજા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે, પણ ટેસ્ટ અને વન-ડે ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખ્યું છે. ડબ્લ્યૂટીસીમાં ઇંગ્લૅન્ડનો જો રૂટ ૬,૦૮૦ રન સાથે તમામ બૅટ્સમેનોમાં મોખરે છે અને ઑસ્ટ્રેલિયાનો સ્પિનર નૅથન લાયન ૨૧૯ વિકેટ સાથે નંબર-વન છે, પરંતુ ટોચના તમામ બોલર્સ અને બૅટ્સમેનોમાં જાડેજા (૧૫૦ વિકેટ અને ૨,૫૩૨ રન)થી ચડિયાતો ઑલરાઉન્ડર કોઈ નથી.

# આજે દોહામાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ જંગ

દોહાઃ કતારના દોહા શહેરમાં ચાલી રહેલી એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ નામની ટૂર્નામેન્ટમાં રવિવાર, ૧૬મી નવેમ્બરે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) ઇન્ડિયા-એ અને પાકિસ્તાન શાહીન્સ વચ્ચે મુકાબલો છે. ભારતે તાજેતરમાં જ હૉંગ કૉંગ સિક્સીસ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાની ટીમને ધૂળ ચાટતી કરી જ હતી અને હવે અહીં દોહામાં પણ એને હરાવવાનો જિતેશ શર્મા અને તેની ટીમને સારો મોકો છે.

ભારતની ટીમમાં વૈભવ સૂર્યવંશી, પ્રિયાંશ આર્યા, નમન ધીર, નેહલ વઢેરા, રમણદીપ સિંહ, આશુતોષ શર્મા, હર્ષ દુબે, યશ ઠાકુર અને ગુર્જપનીત સિંહ જેવા જાણીતા ખેલાડીઓનો સમાવેશ છે.

ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલાં યુએઇ સામેની મૅચમાં ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ૧૫ સિક્સર અને ૧૧ ફોરની મદદથી માત્ર ૪૨ બૉલમાં ૧૪૪ રન કરીને સનસનાટી મચાવી દીધી હતી.

હવે આજે ભારતની આ મજબૂત ટીમનો પાકિસ્તાને સામનો કરવાનો છે.

# ચેસના વર્લ્ડ કપમાં ભારતનો અર્જુન ક્વૉર્ટર ફાઇનલમાં

પણજીઃ ગોવામાં ચાલી રહેલા ચેસના ફિડે વર્લ્ડ કપમાં ઘણા ભારતીયો સ્પર્ધાની બહાર થઈ ગયા છે, પરંતુ અર્જુન એરીગૈસીએ એક ગઢ સાચવી રાખ્યો અને તે ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગયો હતો. તેણે બે વખત વર્લ્ડ કપ જીતનાર અમેરિકાના લેવૉન આરૉનિયનને ૧૬મા રાઉન્ડની બીજી ગેમમાં હરાવી દીધો હતો.

બીજી તરફ, ભારતનો પી. હરિક્રિષ્નએ સતત બીજી ગેમ ડ્રૉ કરાવવી પડી હતી. તેનો મેક્સિકોના જોઝ એડુઆર્ડો મૅટિનેઝ સાથે મુકાબલો હતો. આ સ્પર્ધામાં ટોચના ત્રણ સ્થાને આવનાર ખેલાડીઓ આવતા વર્ષે ધ કૅન્ડિડેટ્સમાં રમી શકશે અને એમાં ચૅમ્પિયન બનનાર પ્લેયર વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશને પડકારશે.

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૧૬-૧૧-૨૦૨૫




એક સમય હતો જ્યારે ચૂંટણીઓ મુદ્દા પર લડાતી હતી, પણ હવે મુદ્દામાલ પર લડાય છે...જે પક્ષ મતદારોને વધારે માલ આપે છે તેને મતદારો મત આપે છે. બિહાર વિધાનસભા ચૂંટણીમાં સ્વાભાવિક રીતે આ 'ખેલો' થયો ને એનાં પરિણામ સામે જ છે !

બિહાર ચૂંટણી પરિણામ

# લાલચ નહીં... સીધી લાંચ એ છે ચૂંટણી જીતવાની સચોટ ફોર્મ્યુલા!

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

બિહાર વિધાનસભા ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને તેજસ્વી યાદવની 'રાષ્ટ્રીય જનત દળ'થી માંડીને પ્રશાંત કિશોરની 'જન સુરાજ પાર્ટી' સુધીના કોઈ શોધ્યા ના જડે એવી જંગી બહુમતીથી ભાજપના નેતૃત્વ હેઠળના 'એનડીએ' (નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ)એ જીત મેળવી. ભાજપ અને જેડીયુ બંને ૧૦૧-૧૦૧ બેઠકો પર ચૂંટણી લડ્યાં હતાં. ભાજપે ૯૨ અને જેડીયુએ ૮૩ બેઠકો જીતી છે એ જોતાં બંનેનો સફળતાનો રેશિયો ૮૦ પરસેન્ટ પ્લસ છે. મહાદેવ ભેગા પોઠિયા પૂજાય એ હિસાબે ભાજપ-જેડીયુની સાથે સાથે ચિરાગ પાસવાનની પાર્ટી 'એલજેપી' અને જીતનરામ માંઝીની 'હમ' તથા ઉપેન્દ્ર કુશવાહાની 'રાષ્ટ્રીય લોક મોરચા' પર પણ બિહારીઓ બરાબરના રીઝતાં 'એનડીએ'ની બેઠકોનો આંકડો ૨૦૦ને પાર થઈ ગયો છે ને કોંગ્રેસ-આરજેડીનો શંભુમેળો ૪૦ બેઠકોના આંકડાને પણ પાર કરી શક્યો નથી. બિહાર જેવા મોટા રાજ્યમાં અત્યાર સુધીમાં કોઈ જોડાણને આવી પ્રચંડ જીત નથી મળી એ જોતાં એનડીએની જીત અભૂતપૂર્વ છે તેમાં બેમત નથી.

લોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી એ વખતે એવી ધારણા વ્યક્ત કરાયેલી કે, હવે ભાજપના વળતાં પાણી શરૂ થઈ ગયાં છે, પણ માત્ર દોઢ વર્ષમાં ભાજપે આ ધારણા ખોટી પાડી છે. છેલ્લાં દોઢ વર્ષમાં ભાજપે મહારાષ્ટ્ર, હરિયાણા, દિલ્હી અને હવે બિહાર એમ ચાર રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવી છે. ઝારખંડને બાદ કરતાં લોકસભાની ચૂંટણી પછીની બધી વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપ જીત્યો છે અને આ જીત પણ જંગી બેઠકો સાથેની છે.

ભાજપ વિધાનસભાની ચૂંટણીઓમાં ઉપરાછાપરી જીતી રહ્યો છે કેમ કે ભાજપને હાથ- જીતની અક્સીર ફોર્મ્યુલા લાગી ગઈ છે. ચૂંટણી પાછળ બીજા બધા ખર્ચા કરવાના બદલે સરકારી પૈસો સીધો મતદારોના ખાતામાં જમા કરાવવાનો કીમિયો અજમાવ્યો ને આ કીમિયો જબરો કારગત નિવડ્યો છે. મતદારોના ખાતામાં રૂપિયા જમા કરાવવા માટે રૂપકડી યોજના ચૂંટણી પહેલાં શરૂ કરી દે છે ને મતદારોના ખાતામાં સીધા રૂપિયા ટ્રાન્સફર કરી નાખે છે. આ રીતે સરકારી પૈસે ચૂંટણી લડવાનો કીમિયો એનડીએ - ભાજપને હાથ લાગી ગયો છે, જે અહીં અકસીર નિવડ્યો છે....

બિહારમાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએની જીતનું મુખ્ય કારણ મહિલા મતદારો છે. મહિલા મતદારો ભાજપ પર ઓળઘોળ થઈ ગઈ તેનું કારણ નીતીશ કુમાર સરકારની 'મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના' છે. બિહાર વિધાનસભાની ચૂંટણીના બે મહિના પહેલાં નીતાશ સરકારે આ યોજના શરૂ કરીને સાગમટે ૭૫ લાખ મહિલાઓના ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા માથાંદીઠ ઓનલાઈન ટ્રાન્સફર કરી દીધા હતા. બીજા તબક્કામાં બીજી ૭૫ લાખ મહિલાઓનાં ખાતામાં ૧૦ હજાર રૂપિયા જમા કરાવ્યાં. આ રીતે આ યોજના હેઠળ રાજ્યની ૧.૫ કરોડ મહિલાના ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા રોકડા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. બિહારમાં કુલ મહિલા મતદારોની સંખ્યા આશરે ૩ કરોડ ૬૦ લાખ છે. તેમાંથી દોઢ કરોડ મહિલાઓને આ યોજનાનો સીધો લાભ મળ્યો ને આ મહિલા મતદારો ભાજપ અને જેડીયુ પર રીઝી તેમાં એનડીએનો બેડો પાર થઈ ગયો.

ભાજપે આ પહેલાં દિલ્હી, મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓ પણ આ ફોર્મ્યુલાથી જ જીતી હતી. દિલ્હીમાં ભાજપે સીધી રોકડ આપવામાંથી સમાજના કોઈ વર્ગને બાકી નહોતો રાખ્યો. મહિલાઓથી માંડીને બેરોજગારો સુધીનાં બધાંના ખાતામાં દર મહિને રકમ જમા કરાવવાની લાલચ આપીને ભાજપે કેજરીવાલને ધૂળચાટતા કરી દીધા હતા. આ સંકલ્પપત્રો દ્વારા ભાજપે મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા, ગરીબ મહિલાઓને સિલિન્ડર પર ૫૦૦ રૂપિયા સબસિડી, હોળી-દિવાળી પર એક-એક સિલિન્ડર મફત આપવાની જાહેરાત કરેલી. ભાજપે 'માતૃ સુરક્ષા વંદના' યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ૨૧,૦૦૦ રૂપિયા અને ૬ પોષણ કિટ આપવા ઉપરાંત વૃધ્ધોને પોતાની તરફ વાળવા ૬૦-૭૦ વર્ષના લોકોનું પેન્શન ૨૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦ રૂપિયા જ્યારે વિધવાઓ, વિકલાંગો અને ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને ૩૦૦૦ રૂપિયાનું પેન્શન આપવાનું વચન આપેલું. એ જ રીતે 'અટલ કેન્ટીન યોજના' હેઠળ ઝૂંપડપટ્ટીમાં ગરીબોને ૫ રૂપિયામાં પૌષ્ટિક ભોજન, સરકારી સંસ્થાઓમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કેજીથી પીજી સુધી મફત શિક્ષણનું વચન આપવામાં આવ્યું હતું.

યુવાનોને આકર્ષવા યુપીએસસીની પરીક્ષા આપનાર ઉમેદવારોને એકવાર ૧૫ હજાર રૂપિયાની સહાય, પોલિટેકનિક અને સ્કિલ કેન્દ્રોમાં અભ્યાસ કરતા એસસી વિદ્યાર્થીઓને બાબાસાહેબ આંબેડકરના નામે ૧,૦૦૦ રૂપિયાનું માસિક સ્ટાઇપેન્ડ સહિતનાં વચનો આપેલાં. મહારાષ્ટ્રમાં લાડલી બહેના યોજના હેઠળ દરેક મહિલાને મહિને ૧૫૦૦ રૂપિયા આપવાની યોજના ચૂંટણી પહેલાં જ શરૂ કરી દીધી હતી.

હરિયાણામાં પણ એ જ ફોર્મ્યુલા અપનાવાયેલી. આમ ભાજપ એક રીતે મતદારોને લાલચ નહીં પણ લાંચ આપીને ચૂંટણી જીતે છે, પણ આ લાંચને સરકારી યોજનાનાં વાઘાં પહેરાવી દેવાય છે તેથી તેની સામે વાંધો લઈ શકાય તેમ નથી.

આમેય ભાજપ રાજકીય વ્યૂહરચનાઓ ઘડવામાં માહિર છે તેનો આ પુરાવો છે ને આ રણનીતિ સામે ભાજપ વિરોધી પક્ષો વામણા પુરવાર થયા છે.

બિહારની ચૂંટણીએ દેશનું રાજકારણ કઈ દિશા તરફ વળી ગયું છે તેનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. એક સમય હતો કે જ્યારે ચૂંટણીઓ મુદ્દા પર લડાતી હતી, પણ હવે મુદ્દામાલ પર લડાય છે. મતલબ કે, જે પક્ષ મતદારોને વધારે માલ આપે છે તેને મતદારો મત આપે છે. સ્વાભાવિક રીતે જ ભાજપ તેમાં બાજી મારી જાય છે કેમ કે ભાજપ સત્તામાં છે અને દેશની તિજોરી પર તેનો કબજો છે અને એ સરકારી તિજોરીનાં નાણાંનો ઉપયોગ ચૂંટણી જીતવા ખૂબીપૂર્વક કરી રહ્યો છે.

બિહારનાં પરિણામોએ એક સમયે અત્યંત પાવરફુલ મનાતા લાલુ પ્રસાદ યાદવ પરિવારના રાજકીય અસ્તિત્વ સામે પણ મોટો ખતરો ઉભો કરી દીધો છે. બિહાર પર ૧૫ વર્ષ સુધી એકચક્રી શાસન કરનારા લાલુ પ્રસાદ યાદવનો દીકરો તેજસ્વી પિતાનો રાજકીય વારસો સાચવવા મથ્યા કરે છે, પણ બિહારનાં પરિણામો તેના માટે મોટી પછડાટ છે. કૉંગ્રેસને તો હારની નવાઈ નથી ને કેટલાંક રાજ્યોમાં હજુ તેનો પ્રભાવ છે પણ આરજેડીની દુકાન તો બિહારમાં જ ચાલે છે એ જોતાં ભવિષ્યમાં આ દુકાનનાં પાટિયાં પડી જાય એવી સ્થિતિ પેદા થઈ ગઈ છે.

બિહારની ભવ્ય જીત પછી ભાજપ નીતીશનું શું કરે છે એ પણ જોવાનું છે. નીતીશને હમણાં મુખ્યમંત્રી બનાવીને વરસ પછી ખંખેરી નાખશે એવી વાતો ચાલી રહી છે એ જોતાં આ પરિણામો એક રીતે નીતીશ માટે પણ ખતરાની ઘંટડી છે. ■

## કેજરીવાલ પછી હવે 'રેવડી ચેમ્પિયન' કોણ...

બિહારની જીતે સાબિત કર્યું છે કે, ભાજપને ચૂંટણી જીતવા માટે વિરોધ પક્ષોની વ્યૂહરચનાઓને અપનાવવામાં કોઈ છોછ નથી. અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં લોકોને મફત વીજળી, પાણી સહિતની યોજનાઓ શરૂ કરી ત્યારે ભાજપ કેજરીવાલની જાહેરાતોને 'રેવડી' ગણાવીને કટાક્ષ કરતો હતો કે ભારતના મતદારો કદી રેવડી કલ્ચરમાં ફસાઈને પોતાનો મત નહીં વેચે...

આજે ચિત્ર પલટાયું છે. હવે ભાજપ પોતે રેવડી કલ્ચરના રવાડે ચડી ગયો છે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં ખેડૂતોના ખાતામાં દર ચાર મહિને ૨૦૦૦ રૂપિયા જમા કરાવવાથી શરૂ થયેલું ભાજપનું આ રેવડી કલ્ચર વિસ્તરતું જ જાય છે. દેશભરના ગરીબોને ૨૦૨૯ સુધી મફત અનાજ જેવી રાષ્ટ્રીય સ્તરની રેવડીઓથી માંડીને અલગ અલગ રાજ્યો માટે અલગ અલગ સ્કીમો શાસક પક્ષે અમલમાં મૂકી છે.

---



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ધ ફેસ્ટિવલ્સ ઓફ લાઈટ

દિવાળી આવી અને ગઈ. પ્રકાશનો આ તહેવાર અદ્દભુત છે નહીં? તેના હાર્દમાં દિવાળી અંધકાર પર પ્રકાશની, બુરાઈ પર સારપની અને નિરાશા પર આશાની જીત છે. અને જો તમે તેને નજીકથી જોશો તો પ્રકાશની પરિવર્તનની શક્તિનો આ વિચાર દિવાળી માટે અજોડ છે ને?દુનિયાભરના લોકોએ અંધકાર પર પ્રકાશની જીત મેળવવાની પોતપોતાની પદ્ધતિઓ શોધી કાઢી છે.

થાઈલેન્ડમાં તરતા લેન્ટર્ન્સથી આફ્રિકામાં ફાયર ફેસ્ટિવલ્સ સુધી, ઈરાનના યાલ્દામાં કેન્ડલલાઈટ નાઈટ્સથી સિટી લાઈટફેસ્ટિવલ્સની આધુનિક ચમક સુધી, માનવતાએ પ્રકાશને હંમેશાં આશા અને એકત્રતાની ભાષામાં ફેરવી દીધો છે.

આ જ રીતે દિવાળી ભારતને પ્રકાશમય બનાવી દે છે ત્યારે હું તેની બહાર જોવા માટે તમને આમંત્રિત કરું છું. દુનિયાના દરેક ખૂણામાં લોકોતેમના પોતાના ફેસ્ટિવલ્સ ઓફ લાઈટની ઉજવણી કઈ રીતે કરે છે તે જોવા માટે આમંત્રિત કરું છું. કારણ કે જ્યાં પણ અંધકાર હોયત્યાં હંમેશાં કોઈક, ક્યાંક જ્વાળા પ્રગટતી હોય છે.

**કેન્ડલમાસ: પ્રકાશના આશીર્વાદ**

યુરોપમાં શિયાળાની ઠંડી તેની પકડ ઓછી કરવાનું શરૂ કરે છે ત્યારે કેન્ડલમાસ આવે છે, જેની 2 ફેબ્રુઆરીએ ઉજવણી કરવામાં આવે છે.શિયાળાનો અયનકાળ અને વસંતના સમપ્રકાશ વચ્ચે આવતો કેન્ડલમાસ ખ્રિસ્તી પૂર્વ યુરોપમાં ઊંડાં મૂળિયાં ધરાવે છે. ચર્ચ મીણબત્તીઓથીઊભરાઈ જતા તેના બહુ પૂર્વે પગાન્સ દ્વારા લંબાતા દિવસોના માનમાં અને પુનરાગમન કરતા સૂર્યને આવકારવા માટે ટોર્ચઅને આગ પ્રજ્જવલિત કરવામાં આવતી હતી.

સમયાંતરે કેન્ડલમાસ ચર્ચમાં બાળ જિસસના પ્રસ્તુતિકરણની યાદગીરીમાં ખ્રિસ્તી તહેવાર બની ગયો, જે અવસરને દુનિયામાં પાવન પ્રકાશનું આગમન થયું છે એ રીતે વિવરણ કરવામાં આવે છે. આ દિવસે ભાવિકો આશીર્વાદ મેળવવા માટે ચર્ચમાં મીણબત્તીઓ લાવે છે,જે પછી વાવાઝોડું, માંદગી અને દુ:ખ સામે રક્ષણ કરવા તે તેમનાં ઘરોમાં મૂકે છે. પ્રકાશ શુદ્ધિકરણ અને આશાનું પ્રતીક છે,જે શ્રદ્ધા અને મોસમ વચ્ચેનું અંતર દૂર કરે છે.

આજે પણ ફ્રાન્સ, બેલ્જિયમ અને સ્વિત્ઝર્લેન્ડમાં પરિવારો કેન્ડલમાસને ફક્ત મીણબત્તીઓ સાથે નહીં પરંતુ ક્રેપીસ, તેમના સોનેરી,વર્તુળાકાર આકાર સાથે મનાવે છે, જે સૂર્યના પુનરાગમન માટે આનંદિત આવકાર હોય છે. આ પરંપરા નમ્ર અને તેજસ્વી પણ છે.એક હાથમાં ક્રેપી અને અન્યમાં સિક્કો રાખીને આગળનું વર્ષ સદભાગ્ય લાવશે તેની ખાતરી રખાય છે. આ નાની કૃતિ છે,પરંતુ મીણબત્તી પ્રગટાવાય તેમ તે પાવન માનવી માન્યતા મઢી લે છે, જે ઊજળો આવકાર ઊજળા દિવસોને આવકારી શકે છે.

**યાલ્દા: પરોઢની જીત**

યુરોપના દૂર પૂર્વ ઈરાનમાં વધુ એક રોશનાઈની પરંપરા છે. પ્રાચીન ઝોરોઆસ્ટ્રિયાનીઝમમાં વર્ષની સૌથી લાંબી રાત્રિ શબ-એ-યાલ્દાના અવસરે તે મનાવાય છે. યાલ્દા અંધકાર પર પ્રકાશની જીતની ઉજવણી છે. પરિવાર મધરાત પછી જાગતા રહે છે, લાલ ફળો (દાડમ, કલીંગડ, બેરીઓ)થી ભરેલાં ટેબલો આસપાસ ભેગા થાય છે, જે ફળોની સ્વર્ણિમ છાંટ પરોઢની સોનેરી ચમક અને સૂર્યના પુન:જન્મની ઉષ્મા આલેખિત કરે છે.

રાત્રે મીણબત્તીઓ પ્રગટાવાય છે. વરિષ્ઠો હાફેઝની કવિતાઓ ગાય છે. પ્રેમીઓ બ્લેન્કેટ હેઠળ ગુસપુસ કરે છે અને વાર્તાકારો સૂર્યનાસ્વર્ગ વાપસીના પ્રવાસની દંતકથાઓ યાદ કરે છે. સંદેશ સરળ છતાં મજબૂત છે: આ રાત લાંબી હોઈ શકે, પરંતુ પ્રકાશ તેને માર્ગે છે.

**ચીની લેન્ટર્ન ફેસ્ટિવલ**

ચીનમાં વર્ષનો પ્રથમ સંપૂર્ણ ચંદ્ર લેન્ટર્ન ફેસ્ટિવલ (યુઆનઝિયાઓજી) સાથે ઊજવવામાં આવે છે, જે ચંદ્રના નવા વર્ષના સમયગાળાના અંતની ઉજવણી છે. આ રાત્રે શહેરો હજારો પેપર લેન્ટર્ન્સ (સદભાગ્ય માટે લાલ, સમૃદ્ધિ માટે સોનેરી અને શુદ્ધતા માટે સફેદ)થી ઝળહળી ઊઠે છે.પરિવારો ચકમકતા કમાનથી શોભતી ગલીઓ થકી ચાલે છે, લેન્ટર્ન્સ પર લખાયેલી રિડલ્સ વિશે અનુમાન લગાવે છે,જ્યારે બાળકો બાંબૂની લાકડીઓમાંથી ઝૂલતી પશુ આકારની લાઈટ્સ સાથે ચાલે છે.

આ પરંપરા 2,000 વર્ષ પૂર્વેની છે, જ્યારે બુદ્ધ સાધુ બુદ્ધના માનમાં લેન્ટર્ન્સ પ્રગટાવતા હતા. જોકે દંતકથા તેથી પણ સમૃદ્ધ વાર્તા કહે છે:એક કહે છે, જેડ સમ્રાટે ગુસ્સામાં ગામ બાળવાની યોજના બનાવી હતી અને નમ્ર પરીએ શહેરવાસીઓને શહેર જ્વાળામાં લપેટાઈ ગયું છેએવું સમ્રાટને મનાવવા માટે લાલ લેન્ટર્ન્સ અને અગ્નિ પ્રગટાવવા માટે ચેતવ્યા હતા. આ નુસખો ઉપયોગી બન્યો અને તે પછી લોકોદર વર્ષે તેમની હયાતિની ઉજવણી કરવા માટે લેન્ટર્ન પ્રગટાવે છે.



તેના હાર્દમાં લેન્ટર્ન ફેસ્ટિવલ એટલે પુન:મિલન જેવું છે. ગોળ લેન્ટર્ન્સ સંપૂર્ણ ગોળ ચંદ્ર હેઠળ પરિવારના મેળાવડાની પૂર્ણતાનું પ્રતીક છે.તે રાત્રે અને માનવી હૃદયમાં પ્રકાશ વિશે પણ છે.

**ઓબોન: મૃતજનો માટે લેન્ટર્ન્સ**

જાપાનમાં પ્રકાશ મૃત્યુનો તહેવાર ઓબોન દરમિયાન શાંત, વધુ આધ્યાત્મિક લય પકડે છે. દરેક ઓગસ્ટે પરિવારો જૂજ દિવસો માટેતેમના પૂર્વજોના આત્માને પાછા ઘરે આમંત્રિત કરે છે. આ કોઈ શ્યામ વિધિ નથી, પરંતુ ઊંડાણથી વહાલી વિધિ છે. મુલાકાત લેવા આવનારાઆત્મા માટે ઘરોમાં સાફસફાઈ કરાય છે, સજાવટ કરાય છે અને ખાવાનું પણ તૈયાર કરાય છે.

તહેવાર સમાપ્ત થવા પર આત્માને ફરી નમ્રતાથી અન્ય દુનિયામાં વાપસી માટે દોરવાના હોય છે. આ સમયે હજારો તોરોનાગાશીઅથવા તરતા લેન્ટર્ન્સ નદીઓ, સરોવરો અને સમુદ્ર પર વહેતા મુકાય છે. દરેક ચમકતા પેપર લેન્ટર્ન આત્માની યાદો ધરાવે છે,જે નમ્રતાથી પાણી પર તરતું તરતું રાત્રિમાં અલોપ થઈ જાય છે.

આ દ્રષ્ટ બહુ જ હચમચાવી નાખનારું છે, કારણ કે સપાટી પર હજારો લાઈટ્સ પ્રગટીને એક સુવર્ણ પથમાં વિલીન થઈને પવિત્રતા તરફઆગળ લઈ જતી હોય તેવું લાગે છે.

**લોય ક્રેથોંગ અને યી પેંગ**

અમુક તહેવારો પ્રકાશની કવિતા મઢી લે છે, જેમ કે, થાઈલેન્ડનું લોય ક્રેથોંગ અને યી પેંગ,જે નવેમ્બરના સંપૂર્ણ ચંદ્રની રાત્રિના જ ઉપયોગ કરાય છે.

લોય ક્રેથોંગ દરમિયાન લોકો કેળાનાં પાન, ફૂલો અને મીણબત્તીઓથી બનાવવામાં આવેલા ક્રેથોંગ નામે નાના તરતા તરાપા નદીઓ અને સરોવરો પર છોડે છે. ક્રેથોંગ દૂર જાય તેમ તે ગણગણાટ કરાયેલી ઈચ્છા જોડે લઈ જાય છે અને વર્ષનાં કરતૂત માટે જળ દેવીની માફી પણ જોડે લઈ જાય છે. હજારો મીણબત્તીથી ટમટમતા તરાપા ભૂતકાળની જગ્યા પ્રકાશ અને શાંતિએ લીધી હોવાનો અહેસાસ કરાવે છે.

નોર્ધર્ન થાઈલેન્ડમાં આ જ રાત આકાશનું રૂપાંતર કરે છે. યી પેંગ દરમિયાન હજારો પેપર સ્કાય લેન્ટર્ન્સ પ્રગટાવાય છે અને છોડવામાં આવે છે,જેથી સ્વર્ગ ઉષ્માભર્યા, અંબર પ્રકાશથી ઊભરાઈ જાય છે. સ્થાનિકો કહે છે કે દરેક લેન્ટર્ન ઉપર જાય તેમ તે દુર્ભાગ્ય લઈ જાય છેઅને આવનારા આશીર્વાદ માટે માર્ગ મોકળો કરી આપે છે.

**બુગુમચુગુ: ઘનાનો ફાયર ફેસ્ટિવલ**

નોર્ધર્ન ઘનામાં બુગુમચુગુ નામે ફાયર ફેસ્ટિવલ દગોંબા ન્યૂ ઈયરના આરંભની ઉજવણી હોય છે. સૂર્ય આકાશમાં આથમે ત્યારે ગામવાસીઓસ્ટ્રોના બંડલો સાથે ભેગા થાય છે, તેને પ્રગટાવે છે અને નાચતાગાતા અને ડ્રમ વગાડતાં વગાડતાં એકત્ર કૂચ કરે છે.આ દ્રશ્ય અદ્દભુત હોય છે: સવાનાહમાં હજારો ટોર્ચ અંધકાર થકી ઝૂલે છે, જે હાસ્યના પડઘા પાડે છે.

તેની પાછળની દંતકથા ગુમ રાજકુમારીની વાત કહે છે, જે લાંબા સમય પૂર્વે એક રાત્રે ગાયબ થઈ ગયો હતો. લોકોએ તેને શોધવા માટે ટોર્ચ પ્રગટાવી અને આખરે તે ઝાડ નીચે મળી આવ્યો ત્યારે તેમણે રાહત અને ઉજવણીમાં તે ઝાડને બાળ્યું. આજે ટોર્ચના પ્રકાશ સાથેનું સરઘસ તે રાતનેયાદ કરવા સાથે તેનો ઘેરો અર્થ પણ ધરાવે છે. આગ શયતાનને ભગાવે છે, આગળના વર્ષ માટે માર્ગ મોકળો કરે છે અને સમુદાયનાજોડાણમાં નવો પ્રાણ ફૂંકે છે. આ એકતા, શુદ્ધતા અને ખુશીની વિધિ છે.

**વિવિડ સિડની: દુનિયાની સૌથી વિશાળ આઉટડોર આર્ટ ગેલેરી**

દરેક શિયાળામાં વિવિડ સિડની નામે પ્રકાશનો અદ્દભુત નજારો જોવા મળે છે. સપ્તાહો સુધી તેનાં બંદરો ડિજિટલ પ્રોજેક્શન્સ, લાઈટ સ્કલ્પચર્સ અને ઈન્ટરએક્ટિવ ઈન્સ્ટોલેશન્સ સાથે ચમકે છે. સિડની ઓપેરા હાઉસ મોશનનું માસ્ટરપીસ બની જાય છે, તે રાત્રિના આકાશમાં ઝળહળી ઊઠતી વૈવિધ્યપૂર્ણ શૈલીઓ સાથે રંગાઈને સેર કરે છે. હાર્બર બ્રિજ સિન્ક્રોનાઈઝ્ડ છાંટમાં ટમટમે છે અને વોટરફ્રન્ટ સંગીત અને ઊર્જાથી ધમધમે છે.

વિવિડ સિડની ફક્ત ફેસ્ટિવલ નથી. તે શબ્દો અથવા ગીતો જેટલો જ પ્રકાશ પણ શક્તિશાળી રીતે વાર્તા કહી શકે તેની યાદગીરી છે. દુનિયાભરના કલાકારો શહેરનું નવું અર્થઘટન કરવા માટે ઈલ્યુમિનેશનનો ઉપયોગ કરે છે, જેને લઈ ટેક્નોલોજી અને કલ્પના વચ્ચેની સીમાઓ ઝાંખી બની જાય છે. આ કળા, વિજ્ઞાન અને ઉજવણી પણ છે, જે આપણા આધુનિક, ઈલેક્ટ્રિફાઈડ યુગમાં પણ આપણે પ્રકાશથી મોહિત થવા હજુ પણ ભેગા થઈએ છીએ તેનો પુરાવો છે.

**લિયોન ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ**

ફ્રાન્સમાં લિયોન ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ (ફેટેસ દેસ લુમિયરીસ) 1852માં શરૂ થયેલી પરંપરાને આગળ વધારે છે,જ્યારે શહેરવાસીઓ પ્લેગથી તેમના શહેરના રક્ષણ માટે વર્જિન મેરીનો આભાર માનવા માટે તેમની બારીઓમાં મીણબત્તીઓ પ્રગટાવતા.સમયાંતરે આ મીણબત્તીઓ અદ્દભુત ઈવેન્ટમાં વૃદ્ધિ પામીને હવે લાખ્ખો મુલાકાતીઓને આકર્ષિત કરે છે.

દરેક ડિસેમ્બરમાં લિયોન કેલિડોસ્કોપિક તેજસ્વિતામાં ચમકે છે: કેથેડ્રલ્સ, પુલો અને જાહેર ચોક પ્રોજેકશન આર્ટ માટે તેજસ્વી મંચોમાં ફેરવાઈજાય છે. બિલ્ડિંગોમાં સંગીતના ધબકાર બોલાય છે, ઝાડ ડિજિટલ રંગોથી નહાઈ ઊઠે છે અને ગલીઓ અજાયબીનો માર્ગ બની જાય છે.આ સર્વ અદ્દભુત નજારા વચ્ચે સ્થાનિકો તેમની બારીઓ પર નાની મીણબત્તીઓ હજુ પણ મૂકીને કૃતજ્ઞતાનો જોશ જીવંત રાખે છે.

**બર્લિન ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ**

બર્લિનમાં ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ ઐતિહાસિક સીમાચિહ્નો પર છવાઈ જાય છે. બ્રેન્ડેનબર્ગ ગેટથી બર્લિન કેથેડ્રલ સુધી તેમને વિરાટ વાર્તાકથન પડદામાં ફેરવી દેવાય છે. દરેક લાઈટ ઈન્સ્ટોલેશન શાંતિ, એકતા અને યાદગીરીની થીમ ઉજાગર કરીને શહેરના ગૂંચભર્યા ભૂતકાળઅને આશાસ્પદ ભવિષ્યને પ્રદર્શિત કરે છે. આર્ટ ઓફ ઈલ્યુમિનેશન આશાવાદની એકત્રિત અભિવ્યકિતની યાદગીરીની કૃતિ બની જાય છે.

બર્લિનની ઉજવણી આકર્ષક હોય છે, કારણ કે તે ઈતિહાસ અને નવીનતાને સંમિશ્રિત કરીને પ્રકાશ પણ વારસાનું સ્વરૂપ કઈ રીતે બની શકેતે દર્શાવે છે.

**ડિજિટલ યુગમાં પ્રકાશ**

વિવિધ ખંડોમાં આવા જ ફેસ્ટિવલ હવે યોજાય છે. એમ્સ્ટરડેમની નહેરો તરતી કળાકૃતિઓથી ટમટમે છે, સિંગાપોરનો મરીના-બે આકાશરેખા સાથે સુમેળમાં ચકમકે છે અને દુબઈની ડેઝર્ટ નાઈટ ભવિષ્યલક્ષી લાઈટ શોથી મહોરી ઊઠે છે. આ આધુનિક ઉજવણીઓમાં દિવાળી અથવા યાલ્દાની પૌરાણિક વાર્તાઓનો અભાવ હોઈ શકે, પરંતુ તેમનું હાર્દ સમાન છે. તે જોડાણ વિશેની વાત છે. ભાષા અને પાર્શ્વભૂમાં ફેરવાઈ જતી અજાયબીજોવા માટે લોકો એકત્ર આવે તે વિશે છે.

આખરે પ્રકાશ હંમેશાં સાર્વત્રિક છે. તે કોઈ એકનો નથી, તે દરેકનો છે. એક મીણબત્તીની જ્વાળા હોય કે શહેરી આકાશરેખામાં લેઝર તેજસ્વિતા હોય, તે આપણને નજીક લાવે છે અને આપણને ઉપર જોવા માટે પ્રેરિત કરે છે.

અને આથી જ તે ગમે ત્યાં ઊજવાય, દરેક ફેસ્ટિવલ ઓફ લાઈટ પરિચિત લાગે છે. ધમધમતો શહેરનો ચોક હોય કે શાંત ગામનું કોર્ટયાર્ડ હોય પ્રકાશ લોકોને એકત્ર લાવે છે. તે પેઢીઓ વચ્ચેનું અંતર દૂર કરે છે, તે ભાષાઓને પાર કરે છે અને માન્યતામાં પરિવર્તિત થાય છે. તે સાધારણ અવસરોને પવિત્રમાં ફેરવી દે છે. તે જૂજ પ્રકાશમય કલાકો માટે આખી દુનિયા ચમક સાથે લયમાં શ્વાસ લેતી હોય તેમ લાગે છે.

તો આ વિચાર સાથે મારી વાત પૂરી કરું છું! કારણ કે પ્રકાશ તેના સર્વ સ્વરૂપમાં સર્વની સામે સૌથી માનવીય છે.આ જ રીતે આપણે જીવનની ઉજવણી કરીએ છીએ. ફરી મળીશું...

VEENA WORLD presents
Where to Next?
Episode 1: Second Visits
Stories that'll make you pack tonight!
Watch Now on Veena World's YouTube channel

પસંદ કરો ફક્ત વિયેતનામ અથવા અનેક કોમ્બિનેશન્સમાંથી!
વિયેતનામનો જુસ્સાદાર જિગર અનુભવો – ઈતિહાસભર્યા શહેરોથી લઈને લીલાછમ બેઝ સુધી!
કંબોડિયાના અંકોર વાટમાં ખોવાઈ જાઓ. બાલીમાં કુદરત અને સંસ્કૃતિનો અદ્ભુત સંગમ માણો – દરેક પળ સ્વપ્ન જેવી! લાઓસના શાંત લેંડસ્કેપ્સમાં અનુભવો દક્ષિણ-પૂર્વ એશિયાનો અજાણ્યો સૌંદર્ય!

| | | |
|---|---|---|
| હાઈલાઈટ્સ ઓફ વિયેતનામ (5D) Jan 22, Mar 17 103000 - 111000 | બેસ્ટ ઓફ વિયેતનામ (8D) Dec 26 30 Jan 3 24 143000 - 162000 | ઓલ ઓફ વિયેતનામ 13 Days Mar 17 - 225000 |
| વિયેતનામ કંબોડિયા (11D) Dec 18, 21, 26, Jan 3, 9 205000 - 219000 | વિયેતનામ બાલી (12D) Feb 4, Mar 25 200000 - 202000 | વિયેતનામ લાઓસ (13D) Feb 1 260000 |

*T&C Apply
Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 313 5555
વિયેતનામ સાપા ફુ ક્વોક (7D) Jan 11, Feb 22 @ ₹125000 ઓલ ઇન્ક્લુસિવ મુંબઈ થી મુંબઈ
વુમન્સ સ્પેશ્યલ અને સિનિયર્સ સ્પેશ્યલ ટૂર્સ પણ ઉપલબ્ધ છે
વીણા વર્લ્ડ
વિયેટનામ
ચાલો, બૅગ ભરો, નીકળી પડો!
Book Online 365 days 24x7 Visit veenaworld.com
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

# લેબ ગ્રોન ડાયમંડ (LGD)... એ કેટેગરી છે કે કોમોડિટી?

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

બહેનોનો પ્રિય વિષય એટલે ઘરેણાનું શોપિંગ. નવી પેઢીની મહિલાને પૂછીએ કે તમારે શું ખરીદવું? તો એ ગોલ્ડ જ્વેલરી કરતાં ડાયમંડ જ્વેલરીને વધુ પસંદ કરશે.

આજે આપણે અહીં ગોલ્ડ વિરુદ્ધ ડાયમંડની વાત નથી કરવી, પણ ડાયમંડમાં જે નવું ઇનોવેશન-નવીનતા આવી છે તેની એટલે કે 'લેબ ગ્રોન ડાયમંડ' (LGD) તેની વાત કરવી છે, કારણ કે હમણાં જે અમુક રીલ સોશ્યલ મીડિયા પર જોઈ જેમાં નેચરલ ડાયમંડની વિરુદ્ધ પ્રચાર થઇ રહ્યો છે. બધા પોતપોતાનો વેપાર કરે છે એટલે એમને હક્ક છે કઇ રીતે પોતાનો માલ વેચવો.

આને હવે બ્રાન્ડની ભાષામાં સમજવાની કોશિશ કરીયે.

બજારમાં જયારે કોઈ પણ નવી કેટેગરી અથવા સબ-કેટેગરી આવે છે ત્યારે સૌથી મહત્ત્વની વાત હોય છે એને બ્રાન્ડ નહિ, પણ કેટેગરી બનાવવી. કેટેગરી બનશે ત્યારબાદ લોકો બ્રાન્ડને અપનાવશે. આને સમજવાની કોશિશ .... જે કોઈ પણ લીડર બ્રાન્ડ હોય છે તે લાંબા ગાળાનું વિચારી પોતાની બ્રાન્ડ વેંચતા પહેલા કેટેગરી બિલ્ડ કરે છે. ઉદાહરણ તરીકે, ઇલેક્ટ્રિક વાહનોની બોલબાલા છે એ બધી આજે ઓટો બ્રાન્ડ પાસે મળશે. ઇલેક્ટ્રિક વાહનનો વિચાર બજારમાં, કન્ઝ્યુમરના મગજમાં બેસાડવામાં આવ્યો છે. આ ઇન્ડસ્ટ્રીએ એક નવી કેટેગરી ઊભી કરી ને ત્યારબાદ પોતપોતાની બ્રાન્ડ વેચવા આવી. એનો અર્થ તે કે પેટ્રોલ- ડિઝલ કાર બંધ થઇ જશે નહિ,પણ બંને વેચાશે અને બંને સમાન ઓટોમોબાઇલ કંપનીઓ બનાવશે. ઇલેક્ટ્રિક કાર તે નવા જમાનાનું ઇનોવેશન છે, જે જૂના સાથે સંલગ્ન થશે. તે રીતે, આજની તારીખે ન્યુટ્રાસ્યુટિકલ જે શરીર માટે અમુક ઉમર પછી શા માટે જરૂરી છે તેનો પ્રચાર કરે છે. આની સાથે બ્રાન્ડસ પણ તૈયાર છે પોતાનાં ઉત્પાદનો વેચવા માટે.

આ રીતે, જયારે ફક્ત સોનાના દાગીનાનું વર્ચસ્વ હતું ત્યારે નેચરલ ડાયમંડે પણ પોતાની કેટેગરીપર કામ કર્યું હતું અને કન્ઝ્યુમરને આ વાપરવા પ્રેરિત કર્યા હતા. આજે તમે



જોશો કે ડાયમંડમાં પણ બ્રાન્ડસ ઉપલબ્ધ છે. બ્રાન્ડ સફળ ત્યારે જ થાય જયારે કેટેગરી સફળતાપૂર્વક સ્થાપિત થઈ હોય... કેટેગરીને બનાવવાનું કામ જે-તે ઇન્ડસ્ટ્રી ફોરમ હોય તે કરી શકે અથવા જે બ્રાન્ડ લીડર હોય તે કરે. કેટેગરી માર્કેટિંગનું કામ છે કન્ઝ્યુમરને સમજાવવાનું કે શા માટે આ કેટેગરી તેમના જીવનમાં જરૂરી છે અને બ્રાન્ડ માર્કેટિંગનું કામ છે જે-તે બ્રાન્ડ કઇ રીતે તે જરૂરિયાત પૂરી કરશે.

હવે આને LGDના સંદર્ભમાં જુવો. શું કોઈએ આ કેટેગરી ડેવલપ કરવાની કોશિશ કરી?! કેટેગરી ડેવલપ કર્યા વગર નાની- મોટી બ્રાન્ડો બજારમાં આવવા લાગી અને પોતપોતાની રીતે વાતો કરવા લાગી. જોવા જઇયે તો આ ઇલેક્ટ્રિક કાર જેવું ઘણું ઉમદા ઇનોવેશન છે. જો તેને વ્યવસ્થિત રીતે ઇન્ડસ્ટ્રીએ મળી સબ કેટેગરી અથવા સ્વતંત્ર કેટેગરી તરીકે સ્થાપિત કરી હોત તો આજે આનો નજારો અલગ જ હોત.

ડાયમંડનું એક અલગ સ્થાન છે. તે બધાને ન પરવડે. હવે LGD પણ ડાયમંડ છે, પણ તેનું પ્રમોશન 'બધાને પરવડે- સસ્તું છે' તે રીતે થયું. આમાં નુકસાન કેટેગરીને થયું. એક તો લોકો પોતાને એની સાથે નહીં જોડે, કારણ કે હક્કથી કહી નહીં શકે કે હું LGD વાપરું છુ અને બીજું, વેપારીઓએ પણ આને સસ્તામાં વેચવાની દોડ મૂકી અને આખી રમત કિંમત પર આવીને અટકી.

'નેનો' બ્રાન્ડ નિષ્ફળ ગઈ, કારણ કે તેને એક લાખની, સસ્તી કાર તરીકે વેચવા મૂકી. આપણા સમાજમાં ગાડી એક સ્ટેટસ સિમ્બોલ છે એટલે 'લોકો જો મને આ ગાડીમાં જોશે તો મારું મૂલ્યાંકન તે મુજબ થશે' એવી વિચારધારા લોકોમાં પ્રગટી પરિણામે 'નેનો ' જેને લેવી હતી એમણે ટાળ્યું એથી એ પ્રોડક્ટ નિષ્ફળ ગઈ. બસ, આજ વાત LGD માટે થઇ શકે અથવા થઇ હશે. હા, જો એને સસ્તી કિંમતના જોરે ના વેંચતા શા માટે આ કેટેગરી જરૂરી છે એ રીતે રજૂઆત થઈ હોત,-એની કેટેગરી બની હોત તો લોકો ગર્વથી તે અપનાવત. આજે લોકો કદાચ ખરીદશે, પણ તે LGD છે તેવું કહેશે નહીં સ્વીકારશે નહીં.

આપણે ઘણીવાર ભૂલી જઈએ છીએ કે હીરા સાથે હાર્દિક ભાવના પ્રેમ ઈત્યાદિ સંકળાયેલા છે, પણ પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલા હીરા -LGD બ્રાન્ડ્સે એ ભાવના- લાગણીને અવગણીને એની બનવાની પ્રક્રિયા - વિજ્ઞાનને સાબિત કરવા માટે ઉતાવળ કરીને ભૂલ કરી...

ટૂંકમાં કેટેગરી પહેલાં કે બ્રાન્ડ? એ વાતને સમજવા માટે 'લેબ ગ્રોન ડાયમંડ' (LGD) - કૃત્રિમ હીરા કરતાં બીજું કોઈ સચોટ ઉદાહરણ ના હોઈ શકે. હવે જયારે એ બજારમાં ઉપલબ્ધ છે ત્યારે તે જોવાનું રહેશે કે કઈ રીતે એ પોતાની બ્રાન્ડમાં અલગતા લાવશે અને બીજી મહત્ત્વની વાત આ કેટેગરી બ્રાન્ડ તરીકે ઊભરશે કે કોમોડિટી થઈને રહી જશે ? ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

હરેશ પાછળ ઊભેલી બચીબાઇને જોઇને થરથર ધ્રૂજવા લાગ્યો. એના હાથપગ પાણી પાણી થઇ ગયા. કપાળે પરસેવો તગતગવા લાગ્યો. કૂકર્મ કરતા રંગે હાથ ઝડપાઈ ગયો હોય એવા હાવભાવ સાથે ઊભો હતો...અને બચીબાઇ વિફરેલી વાઘણની જમ ત્રાટકી.

'હરામી કે પિલ્લુ.....લંપટ સાલ્લા....એક નંબર કા ચમડી...' બચીબાઇ એને ધીબેડવા લાગી. 'મૈંને મુશ્કિલ સે ઉસ ગૂંગી સે પીછા છુડાયા ઔર તૂં હોસ્પિટલ મેં પહુંચ ગયા. ક્યા સોચ કે ગયા...? ક્યું ગયા...? કૌન લગતી હૈ વો તેરી?' બચીબાઇ બાજુમાં પડેલી છત્રીથી એને ઝૂડવા લાગી. 'પુલીસ આયેગી યહાં તો કૌન તેરા બાપ બચાયેગા હમેં. જા....તૂ ઉસકા પતિ બન કે ભરતી હો જા હોસ્પિટલ મેં...ચીપક કે સો જા ઉસકો ઔર કરોના મેં મર....નીકલ યહાં સે...'

'તૂ મેરી બાત સૂન ડા...ર...લિંગ.....' હરેશ છત્રીના મારથી બચતો...થોથવાતો બોલતો રહ્યો.

'મુઝે ડા...ર...લિંગ મત બોલ, વરના કાટ કે હાથ મેં દે દુંગી. નીકલ યહાં સે...વેસે ભી તૂ મેરી રોટિયા તોડતા હૈ. રસ્તે પર ભીખ માંગોગે તો ભીખ મેં કોરોના મિલેગા...નીકલ યહાં સે.' બચીબાઈએ એને ધક્કો માર્યો.

અચાનક હોંશમાં અને જોશમાં આવી ગયેલા હરેશે બચીના હાથમાંથી છત્રી ખેંચી લઇને બાજુમાં ફેંકતા કહ્યુંઃ 'ઠીક હૈ.....જાતા હું ઔર પુલીસ સ્ટેશન જા કર બતા દેતા હું કિ તુમને ગૂંગી કો હોસ્પિટલ પહુંચાને કે લિયે મુઝે પૈસે દિયે થે. તૂ કહાં કહાં સે લડકિયાં ઉઠાતી હૈ સબ બોલ દુંગા. યે મત ભૂલ કિ મૈં એક દલાલ હું ઔર દલાલ કભી કિસી કા નહીં હોતા. મૈંને ફુકટ કી રોટિયાં નહીં તોડી...કમા કે દેતા થા તુઝે. સાલી મેરી કિસ્મત ખરાબ હૈ કિ કોરોના આ ગયા. અગર મૈં યહાં સે બહાર ગયા તો તૂ જેલ જાયેગી....'

બચીબાઇ હબક ખાઇ ગઇ. વાઘની મ્યાઉં માસી થઇને હરતો ફરતો મલાઇ ચાટતો હરેશ અચાનક વિકરાળ વાઘ બની ગયો. બચીબાઈ પાસે બચવાના કામચલાઉ ઉપાય તરીકે ઉંદર બનીને દરમાં ભરાઇ જવા સિવાય છુટકો નહતો.

'ડા...ર...લિં...ગ.....' બચીબાઇ હરેશ માટે ક્યારેય નહીં વાપરેલો શબ્દ બોલીને એના શર્ટના બટન ખોલવા લાગી. હરેશે એનો હાથ પકડી લીધો.

'રહેને દે. બચીબાઇ, તૂ અબ ખાક હો ચુકી હો...તેરે મેં અબ વો અંગાર નહીં રહા. આગ ભડકાને કી કોશિશ મત કર. હરેશ બચીબાઇને શબ્દોના ડામ દઇને બુરખો આપનારી છોકરીની રૂમમાં જતો રહ્યો ને રોમેરોમ દાઝેલી બચીબાઇ અરીસા સામે ઊભી રહીને ભડભડ બળતું પોતાનુ બદન જોતી રહી.

'કાયરે ઇતના ક્યું ભડકેલા હૈ. ક્યા હુઆ?' હરેશને ગુસ્સામાં જોઇને છોકરી બોલી.

'તુમકો માલુમ હૈના મૈં જબ ગુસ્સે મેં હોતા હું તો ક્યા કરતા હું?'

ખિલખિલાટ હસીને છોકરી પાછળ ફરીને બ્લાઉઝના બટન ખોલવા લાગી.

****************

કેશુકાકા ઘરમાં એક છેડેથી બીજે છેડે આંટા મારી રહ્યા હતા. એની ચિંતાની સોય નિર્મલમાં અટકી હતી. ચિંતા એના સ્વભાવમાં હતી...વિચારવાયુ એના દિમાગમાં સતત ઘૂમરાયા કરતો. કોઇ એક વિચાર કે ચિંતા ચિત્તમાં આવે એટલે એમનું મન ચકડોળે ચડે. તેઓ નિર્મલની ભાળ મેળવીને જ જંપ્યા. હવે એમના મનમાં નિર્મલને મળવાનું નવું ભૂત ભરાયું હતું... અને આ કોઇ તૂત નહતું. નિર્મલ પ્રત્યે કુદરતી જન્મેલી લાગણી હતી. એમના લાગણીશીલ સ્વભાવનું આ પરિણામ હતું. કાશ્મીરા એને આંટા મારતી જોતી હતી.

'પપ્પાજી, આમ સતત ચિંતા કરવાથી તમે તમારી તબિયત બગાડશો.'

'તું ઇચ્છતી હો કે મારી તબિયત નો બગડે તો તું કાંઇક કર.' કેશુકાકા બોલ્યા.

'હું શું કરું પપ્પાજી તમે જ કહો.'

'તું કિસનને 'કે કે મને નિર્મલ પાહેં લઇ જાય...મારે મળવું છે.' કેશુકાકા બોલ્યા ને એ જ વખતે કિસન દુકાન વધાવીને ઘરમાં પ્રવેશ્યો.

'તમારે એને મળવું છે કે મરવું છે.....હાથે કરીને મોતના કૂવામાં ધકેલાવું છે તમારે પપ્પા?'

'પપ્પાજી, કિસનની વાત સાચી છે. હોસ્પિટલમાં તે કાંઇ જવાતું હશે...અને એ ક્યાં આપણો કોઇ સગો થાય છે.' કાશ્મીરાએ કહ્યું.

'અરે....કોઇ સગું પણ મળવા ન જાય એવી હાલત છે અત્યારે.' કિસને હકીકત કહી.

'મને કાંઇ થાવાનું નથી....હું પ્લેનમાં એની હાર્યે હતો...એણે મારો બેલ્ટ બાંધ્યો તોય મને કાંઇ નો થિયું....તો હવે હોસ્પિટલમાં જઇને એનું મોઢું જોવાથી હું મરી જાવાનો....નાખી દેવાની વાત કરે છે તું.'

'પપ્પા, તમે સમજો હું તમને કેમ લઇ જાઉં.....લોકડાઉન છે.' કિસને કહ્યું.

'અરે, તારો ઓલો દવાબજારવાળો કો'ક છેને....તે 'દિ તો ફટ દઇને ફોન નંબર લઇ લીધો તો...' કેશુકાકા બોલ્યા.

'પપ્પા, એ રસિકભાઈ છે દવાબજારના કિંગ...બહુ મોટા માણસ છે...એને તકલીફ ન દેવાય. તમારે એના ખબર પૂછવા હોય તો સોલંકીને ફોન કરતા રહો....બસ આ એક જ રસ્તો છે.'

'ઠીક છે તો હું મારી રીતે ફોડી લઇશ.' જિદ્દી કેશુકાકા એમના રૂમમાં જતા રહ્યા.

***************

કિનુ બારીની બહાર જોતી બેઠી હતી. દાદાજીએ આવીને એના ખભા પર હાથ મૂક્યો.

'કિનુ બેટા શું જુએ છે.' દાદાજીએ પૂછ્યું.

'પપ્પાની વાટ જોઉં છું.' દાદાજી મનમાં બોલ્યા કે 'બેટા, વાટ તો અમે બધા જોઇએ છીએ.'

'પપ્પા અચાનક આવીને આપણને બધાને સરપ્રાઇઝ આપશે જોજેને.' કિનુની વાતને બીજે વાળવાના ઇરાદે બોલ્યા.

'દાદા, મને સરપ્રાઇઝનો બહુ ડર લાગે છે, નથી જોઇતી મારે. તમે જોયુંને યુએસથી આવીને સરપ્રાઇઝ આપવા જતાં હોસ્પિટલમાં જવું પડ્યું.'

દાદાજી ચૂપ થઇ ગયા.

'દાદા, શું થયું છે પપ્પાને? મને કેમ કોઇ કાંઇ સાચું નથી કહેતું? મમ્મી કેમ રાતે રડ્યા કરે છે?'

'કોરોના થયો છે એટલે હોસ્પિટલમાં ક્વોરન્ટાઇન થવું પડ્યું છે.'

'પણ આટલા બધા દિવસ? હોસ્પિટલમાંથી રજા કેમ નથી આપતા...મમ્મી રોજ હોસ્પિટલમાં ફોન કરે છે...સૂકેતુ અન્કલ પણ રોજ કોલ કરીને પૂછે છે...'

'એ લોકો પપ્પાની ખબર પૂછવા ફોન કરે છે.'

'દાદા, મારે પપ્પાને મળવું છે....મને લઇ જાઓને એમની પાસે.'

દાદા પાસે કોઇ શબ્દો ન હતા. આંસુને ધક્કો મારીને પાછા ઠેલી શકાતા નથી...એ અંતે વહીને જ રહે છે. દાદાજી કિનુને વળગી પડ્યા.

'દાદા, હું હવે પપ્પાને મળવા જવાની વાત નહીં કરું...તમે પ્લીઝ રડો નહીં, હું પણ નહીં રડું. આપણે બધા પપ્પાની વાટ જોશું.' કિનુ દાદાજીના આંસુ લૂછતા બોલી.

> બચીબાઇ, તૂ અબ ખાક હો ચુકી હો... તેરે મેં અબ વો અંગાર નહીં રહા. આગ ભડકાને કી કોશિશ મત કર.

************

મિસ એક્સે ડો. શાહની ચિંતા વધારી હતી. કદાચ આ પહેલો એવો કેસ હતો જેમાં ખુશીને બદલે ચિંતા હતી. સાજી થયેલી મિસ એક્સનું હવે શું કરવું. પ્રશ્ન જટિલ હતો. મહિલાશ્રમમાં કે મૂક-બધીરના કોઇ મહિલા શેલ્ટરમાં મોકલવાનો એમને વિચાર આવ્યો, પણ હાલ કોરોનાના માહોલમાં આ કેટલું શક્ય બને એમાં શંકા હતી. એમાંય બુરખાવાળી ઘટનાએ મિસ એક્સ માટે અસલામતી ઊભી કરી હતી. ચેનલ પરના ન્યૂઝના રિસ્પોન્સની રાહ જોવી જરૂરી હતી અને મિસ એક્સને રજા આપીને હોસ્પિટલમાં એક જગ્યા ખાલી કરવાનું પણ એટલું જ મહત્ત્વનું હતું. સોલંકીએ કહી દીધું હતું કે મિસ એક્સનું પછી, પહેલાં સાજા થયેલાઓને ડિસ્ચાર્જ આપીએ. સોલંકીની એ વાત સમસ્યાનો ઉકેલ નહતો...કદાચ સોલંકીએ એને અગ્રક્રમ આપ્યો નહતો. હોઇ શકે કદાચ એના મનમાં કોઇ ઉપાય હોય પણ ખરો. દરદીઓની સારવાર સંબંધી અનેક સમસ્યાઓથી ઘેરાયેલા ડો. શાહે ડો. સાળુંખેને બોલાવ્યાં.

*************

'ડો. સાળુંખે, સાજા થયેલા તમામને ડિસ્ચાર્જ કરાયા?' ડો. શાહે પૂછ્યું.

'જી સર, સોલંકીએ બધી વ્યવસ્થા કરી.' ડો. સાળુંખેએ ખુરસીમાં બેસતાં કહ્યું.

'મિસ એક્સનું શું કરીશું?' ડો. શાહે પૂછ્યું.

'મારી પાસે એક રસ્તો છે...કદાચ એ ટૂંકો અને કામચલાઉ છે, પણ રસ્તો છે.' ડો. સાળુંખેએ કહ્યું.

ડો. શાહને થયું કે મારે આટલી ચિંતા કરવાને બદલે ડો. સાળુંખેની સલાહ લેવાની જરૂર હતી. રસ્તો જાણવાની ઉત્સુકતા એમની આંખોમાં ઝળકી.

'આપણી જ્યોતિ ક્વાટર્સમાં એકલી જ રહે છે. મિસ એક્સને એની સાથે રાખી શકાય.' ડો. સાળુંખેએ માર્ગ સૂઝાડ્યો.

'ઓહ માય ગોડ રસ્તો સામે જ હતો ને મને ન દેખાયો.' ડો. શાહ બોલ્યા.

'સર, આપણે આપણી સમસ્યા વિશે વધુ વિચારવાને બદલે એનો વિચાર કરવાનું બંધ કરી દઇએ તો તરત એનો ઉકેલ મળી આવતો હોય છે.' ડો. સાળુંખે બોલ્યાં.

'એ ખરું...હું સવારથી કદાચ એનો જ વધુ પડતો વિચાર કરતો હતો.' ડો. શાહે કહ્યું.

'સર, મિસ એક્સ અંદરથી બહુ ઘવાયેલી છે...એના ઝખમ ઊંડા છે.' ડો. સાળુંખે બોલ્યાં.

'કોરોનામાંથી તો એ બચી ગઇ, પણ એનો ખરો ઇલાજ તાજી આબોહવામાં છે....' ડો. શાહે કહ્યું. એમણે તરત જ જ્યોતિને બોલાવી.

***************

જ્યોતિ કેબીન પર ટકોરા મારીને અંદર આવી. ડો. શાહની સાથે ડો. સાળુંખેને જોઇને એ વિચારવા લાગી કે નક્કી કોઇ ભૂલ થઇ હશે. ઠપકો મળશે. અપરાધભાવે બંનેને જોતી ઊભી રહી.

'જ્યોતિ, તારી એક મદદની જરૂર છે.' ડો. શાહે કહ્યું. જ્યોતિનો ઉચાટ શમ્યો. જોકે હોસ્પિટલના ડીન મદદ માગે એનું આશ્ચર્ય એને જરૂર થયું.

'મદદ નહીં સર, સેવા કહો...' એણે નમ્રતાપૂર્વક કહ્યું.

'નહીં નહીં આ કોઇ તબીબી સેવા નથી, અંગત કામ છે અને એ કામ તું જ કરી શકે એમ છો.' ડો. શાહે કહ્યું.

'કહો સર હું બનતી બધી કોશિશ કરીશ.' જ્યોતિ અંગત કામની કલ્પના કરતી ડો. સાળુંખેને જોવા લાગી.

'મિસ એક્સને થોડા દિવસ તારા ઘરમાં રાખવાનો વિચાર છે.' ડો. શાહ બોલ્યા. જ્યોતિ મુંઝાઇ ગઈ. એણે આવું અંગત કામ ધાર્યું નહતું.

'તું એકલી જ છો. તું એને થોડા દિવસ સાચવી લે એવું ડો. શાહ ઇચ્છે છે.' ડો. સાળુંખે બોલ્યાં. જ્યોતિ બંને સામે જોતી વિચારતી ઊભી રહી.

'જો તું આ બાબતે વિચારવા માગતી હો તો...' ડો. શાહ બોલ્યા. જ્યોતિ વચ્ચે જ બોલીઃ 'નહીં સર, મને ડર છે કે કાલ સવારે પેલો બુરખાધારી ઘરમાં ઘૂસી આવે અને અમને....'

'તું એની ચિંતા ની કર...હવે એ બુરખાવાળો આયવો ને તો હું એનો લેંઘો જ ખેંચી કાઢા...' સોલંકીએ ધમાકેદાર પ્રવેશ કર્યો.

'તું બિલકુલ ફિકર ન કર. તને કોઇ જાતની તકલીફ નહીં પડવા દઉં. મિસ એક્સને તારે ત્યાં રાખી છે એ વાત આપણે ગુપ્ત રાખીશું.' ડો. શાહે ખાતરી આપતા સ્વરમાં કહ્યું.

'જ્યોતિ, તું એને મૂક-બધીરની સાઇન લેન્ગ્વેજ શીખવજે. છુટી ગયેલી તારી પ્રેક્ટિસ થશે અને મિસ એક્સને ભવિષ્યમાં કામ લાગશે. ડો. સાળુંખેએ કહ્યું. (ક્રમશઃ)■

# કાપડથી કળા સુધીનો પ્રવાસઃ એપ્લિકનો આલેખ

વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

**માનવ** જીવનની શરૂઆતથી જ કપડું માત્ર આવરણ નહોતું, તે સ્વરૂપનું, સંસ્કૃતિનું અને સૌંદર્યનું પ્રતીક રહ્યું છે. હાથની સિલાઈ અને કઢાઈએ મનુષ્યને સૌંદર્યની નવી દિશા આપી છે. તેમાંથી ઉપજી છે એક અનોખી કળાઃ એપ્લિક. હમણાં સુમરાસરના ભરતકામ કારીગર ભાવનાબહેન ગૌતમ ભાનાણીએ બે વર્ષની ધીરજપૂર્વકની મહેનત બાદ પોતાની આંગળીઓના ટેરવે ક્વીલ્ટ સાઈઝ કાપડ પર એપ્લિકની મદદથી રામાયણના પ્રસંગો ઉતાર્યા છે. એટલે ઇજન થયું કે આજે એપ્લિકની કચ્છકથા વણી લઈએ.



'Applique' શબ્દનો ઉદ્ભવ લેટિન શબ્દ 'એપ્લિકેર' (અર્થાત્ 'લગાડવું' કે 'જોડવું') અને ફ્રેન્ચ 'એપ્લિકર' પરથી થયો છે. શરૂઆતમાં તેનો ઉપયોગ ફાટેલા કે ઘસાયેલા કપડાંને મજબૂત બનાવવા માટે થતો હતો. ધીમે ધીમે આ પ્રયોગ કળાત્મક રૂપમાં ફેરવાયો અને દુનિયાભરના અનેક સંસ્કૃતિઓમાં પોતાની ઓળખ બનાવી.

ઈન્ટરનેટ પર શોધતા તેના મૂળ ઈજિપ્તમાં ઈ.સ.પૂર્વે ૯૮૦માં ચામડાના એપ્લિકના ઉદાહરણો તરીકે મળે છે. સાઇબેરિયા અને મંગોલિયાની સમાધિઓમાં પણ ચામડું અને ફેલ્ટ એપ્લિકથી શણગારેલા કાર્પેટ અને ઘોડાનાં ઉપકરણો મળી આવ્યા છે. પશ્ચિમ આફ્રિકાના બેનિન રાજ્યમાં ૧૮મી સદીથી એપ્લિકને રાજાશાહી શણગારકલા તરીકે સ્થાન મળ્યું હતું. સ્કેન્ડિનેવિયા, રશિયા અને પૂર્વ યુરોપમાં ચામડાના એપ્લિક વડે વસ્ત્રોને શણગારવાની લોકપરંપરા છે, જ્યારે દક્ષિણ અમેરિકાના મોલા ટેક્સટાઇલ્સમાં રિવર્સ એપ્લિક વડે સુંદર ચિત્રો બનાવવાની પ્રાચીન રીત ચાલી આવે છે.

ભારતમાં એપ્લિક કળા અનેક રૂપોમાં જોવા મળે છે, ધાર્મિક ધ્વજોથી લઈને રાજાશાહી પડદાં સુધી. ઓડિશાનું પિપલી ગામ એપ્લિક કામ માટે વિશ્વપ્રસિદ્ધ છે, જ્યાં ચમકદાર રંગોના કપડાંથી બનેલા છત્ર, ધ્વજ અને પડદાં આજેય લોકપ્રિય છે; જે જોઈને લાગે જ નહીં કે તે એપ્લિક વર્કની બનાવટ હશે. કર્ણાટકનું કૌડી કામ એપ્લિકની એક લોકપ્રિય શૈલી છે, જેમાં જૂના કપડાંના ટુકડાને જોડીને ચાદર કે રજાઈ તૈયાર કરવામાં આવે છે. તે માત્ર કળા જ નહીં, પણ પુનઃઉપયોગની સમજદારીપૂર્વકની પરંપરાનો પણ ભાગ છે.

ગુજરાતની હસ્તકલાઓ વિશ્વપ્રસિદ્ધ છે જેમાં કચ્છનું કઢાઈકામ, સૌરાષ્ટ્રની પેચવર્ક કળા, અને અમદાવાદ, જામનગર, ભુજ જેવા વિસ્તારોની એપ્લિક કળા એ તેની જીવંત સાક્ષી છે. કચ્છમાં એપ્લિકનો ઉપયોગ ખાસ કરીને ઘરઘાટની વસ્તુઓમાં, પડદાં, ધ્વજ, થાંભલા-પાટલાં, રજાઈઓ, બાળકના પલંગના આવરણો અને ધાર્મિક ઉત્સવોના શણગારમાં જોવા મળે છે.

સ્થાનિક કારીગરો રંગોની સમૃદ્ધ સમજ સાથે કામ કરે છે. લાલ, પીળા, લીલા અને કાળા રંગના કપડાં પર કાપણી કરીને પાન, ફૂલ, પશુપંખી અને આકાશી નમૂનાઓ ગોઠવે છે. દરેક ટાંકા પાછળ કારીગરની કલાત્મક દૃષ્ટિ અને અનુભવ છલકે છે.

એપ્લિક બનાવવાની પ્રક્રિયા દેખાવમાં સરળ છે, પરંતુ તેમાં નક્કર કૌશલ્ય જોઈએ. સૌપ્રથમ પૃષ્ઠભૂમિ કાપડ પસંદ થાય છે. ત્યારબાદ વિવિધ રંગોના ટુકડાઓને ઈચ્છિત આકારમાં કાપવામાં આવે છે; જેમ કે ફૂલ, પંખી, પાંદડાં કે જ્યોમેટ્રિક નમૂના. આ ટુકડાઓને હાથથી અથવા મશીન વડે પૃષ્ઠભૂમિ પર સીલાઈ કરવામાં આવે છે. કાચા કિનારાઓને છુપાવવા માટે સેટિન સ્ટિચ અથવા રનિંગ સ્ટિચ કરવામાં આવે છે. ઘણીવાર વધુ સૌંદર્ય માટે મણકા, મીરર વર્ક કે કઢાઈ વડે શણગાર કરવામાં આવે છે. કારીગરો ઘણી વાર રિવર્સ એપ્લિક પણ કરે છે, જેમાં ઉપરના કાપડને કાપીને નીચેનું રંગીન કાપડ દેખાડવામાં આવે છે આ ટેકનિક ખાસ કરીને ધાર્મિક તોરણો અને પડદાંમાં જોવા મળે છે.

નગરપારકર (સિંધ, પાકિસ્તાન)માં જન્મેલા ભાવનાબહેનનો જીવનપ્રવાસ ૧૯૭૧ના યુદ્ધ પછી ભારતમાં શરૂ થયો. થરાદના શરણાર્થી કેમ્પમાં બાળપણ, ત્યાંથી ભણવાનું સપનું અધૂરું રહ્યું પણ હાથમાં સૂઈ-ધાગો પકડી લેતાં જ એક નવો માર્ગ ખુલ્યો. માતાથી શીખેલી પરંપરાગત ભરતકામ કળાને તેમણે જીવનનો આધાર બનાવ્યો.

લગ્ન પછી ઘરકામની સાથે કળા પ્રત્યેનો લગાવને યથાવત રાખ્યો અને સૂફ ભરત સાથે તેમણે એપ્લિક વર્કમાં પ્રયોગ શરૂ કર્યા. નાના કાપડના ટુકડા જોડીને તેમણે રામાયણના અનેક પ્રસંગોનું ચિત્રરૂપ સર્જન કર્યું. શ્રીરામ પ્રત્યેની તેમની શ્રદ્ધા અને લાગણી એ કળાકૃતિમાં તેમણે ઉમેરી દીધી. ભાવનાબહેનની ઈચ્છા છે કે આ રામાયણનો નમૂનો એવી જગ્યા પ્રદર્શિત થાય જ્યાં દેશ-વિદેશના લોકો તેને નિહાળી શકે અને રામભક્તિની પ્રેરણા લઈ શકે. આ કળા સાબિત કરે છે કે સૌંદર્ય ક્યારેક ફાટેલા કપડાંમાંથી પણ જન્મે છે.

ભાવનાબહેન જેવી મહિલાઓ માટે આજે આ કળા માત્ર શોખ નથી રહી, તે આર્થિક સ્વાવલંબનનું સાધન બની ગઈ છે. કચ્છ, સુરત, અમદાવાદ અને ભાવનગર જેવા શહેરોમાં મહિલાઓના સ્વયં સહાય સમૂહો આ કળા દ્વારા રોજગાર ઊભો કરી રહ્યાં છે. સ્થાનિક બજારથી લઈને આંતરરાષ્ટ્રીય ડિઝાઇન એક્ઝિબિશનમાં હેન્ડમેડ એપ્લિકની મોટી માંગ છે. ખાસ કરીને અપસાયકલ ફેશન (Upcycled Fashion)ના વધતા ટ્રેન્ડને કારણે જૂના કપડાંમાંથી બનેલી એપ્લિક વસ્તુઓ વધુ લોકપ્રિય બની છે. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com


# પ્રગતિશીલ શાયર અરુણ દેશાણી

ગુજરાતી ગઝલમાં સાઠના- સિત્તેરના દાયકા પછી બે ત્રણ પ્રવાહો સમાંતરે ચાલતા હતા. શયદા સાહેબની પેઢીના પરંપરાગત શાયરો પુરબહારમાં ખીલેલા હતા. આમ એક પરંપરાનો મોટો પ્રવાહ વહી રહ્યો હતો. પછી રે મઠમાંથી આવેલા આદિલ, ચિનુ મોદી અને મનહર મોદીએ પરંપરાગત થવા વિના ગઝલને નવું સ્વરૂપ આપવાની કોશિશ કરી.

પછી રમેશ પારેખ, મનોજ ખંડેરિયા, લલિત ત્રિવેદી વગેરેએ નવી ગઝલના પગરણ માંડ્યા. આ બધામાં પરંપરિત, મધ્યમાર્ગી અને જુદી ભાષા લઈને આવેલા રાજેન્દ્ર શુકલનો ચોકો સાવ નોખો છે. આવા ત્રિભેટાના સમયે ઘણા યુવાન ગઝલકારો આપણને મળ્યા જેઓમાં પ્રયોગશીલતાના ચમકારા અને પરંપરાનો ભાગ કરવાની પ્રતિબદ્ધ કોશિશ જોવા મળે છે. આમાં એક મહત્ત્વનું નામ છે અરુણ દેશાણી.

ઘણી વખત સક્ષમ ગઝલ પણ સારી રજૂઆતને અભાવે શ્રોતાઓ સુધી પહોંચતી નથી. જ્યારે અરુણ દેશાણી પાસે કાવ્યપઠનની અનોખી છટા હતી. ગઝલમાં જે મિજાજ વ્યક્ત થતો હતો તેમાં ખુમારી હતી. તેનામાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવાની ઈશ્વરદત્ત પ્રતિભા હતી.

આખું નામ અરુણકુમાર મોજીરામ દેશાણી. એમનો જન્મ ૧ ઓગસ્ટ ૧૯૫૦ના રોજ અમદાવાદ જિલ્લાના રંગપુર ગામે થયો હતો. બોટાદ તાલુકાનું ઢીંકવાખી એ એમનું મૂળ વતન. એફ. વાય બી.એ. સુધી અભ્યાસ કર્યો. શિક્ષણ આગળ ન વધ્યું. તેમણે ભાવનગરની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં સેવારત રહ્યા હતા. આમ તો નાની વયમાં જ જુલાઈ, ૨૦૧૨ના રોજ હૃદયરોગના હુમલા દરમિયાન અચાનક અવસાન થયું.



ગઝલ-કવિતાની સાથે સાથે સર્જકમાં સંગીતની સૂઝબુઝ હોય તો ચાર ચાંદ લાગી જાય છે. અરુણમાં આવી દેણગી હતી એટલે એમણે આકાશવાણી અને દૂરદર્શન પર પઠનના કાર્યક્રમો આપ્યા હતા. એમની કૃતિઓની કેસેટ્સ પણ તૈયાર થઈ હતી.

ભાવનગર પહેલેથી જ કવિતા- ગઝલ, સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું અગ્રગણ્ય શહેર રહ્યું છે. અરુણનું મિત્રમંડળ મોટું હતું. અનેકવિધ સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેઓ અગ્રસ્થાને હતા. આ કવિના સાતેક કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે જેમાં 'ઓછપ' (૧૯૭૭) 'કાવ્ય ગુર્જરી' (૧૯૮૧) 'લહર' (૧૯૮૯), 'તમારું નામ લખી દો' (૧૯૯૧), 'સપ્તર્ષિ' (૧૯૯૯) 'મિલેનિયમ સર' (૨૦૦૦) અને સરદાર વંદના (૨૦૦૧)નો સમાવેશ થાય છે. ભાવનગરમાં ગઝલના શિક્ષણ માટે સ્થપાયેલી ગઝલ વિદ્યાપીઠમાં તેઓ પ્રારંભથી જ કાર્યરત હતા.

ગઝલકાર- વિવેચક એસ. એસ. રાહીએ નોંધ્યું છે કે 'તેમણે નવી ગઝલના આવાહક તરીકે કામ કર્યું. અગ્રણી અને લોકપ્રિય ગઝલકારોની અસરમાં આવ્યા વગર તેમણે નાનકડી પણ પોતીકી કેડી કંડારી હતી! પ્રેમની પરિભાષા પણ જુદી હોવાનું આ શાયર કહે છે:

*આ જમાનામાં પરિભાષા છે જુદી પ્રેમની*
*દેહ, મન, વાણી, વચન વટલાવવા અઘરું નથી.*

એમની લાંબા રદીફની કેટલીક ગઝલોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું જેમ કે 'હું તને જોયા કરું', હું શું જાણું, તું શું જાણે?' 'ઢોલ વગાડો' વગેરે.

તો એની સામે 'જિંદગી' અને 'કાચબા' જેવા એકશબ્દી રદીફ પરની તેમની કેટલીક ગઝલોમાં તેમની પ્રયોગશીલતા પરત્વેનો સાફસૂથરો અભિગમ જોવા મળે છે. એમણે હિન્દીમાં પણ કાવ્યો લખ્યાં છે. કવિનું કર્મ છે, સર્જકનું ચિંતન છે અને તસવ્વુફની સમજણ છે એટલે આ કવિ કહે છે કે-

*જેના પરથી ના કદી પરદાઓ ઊંચકાયા,*
*પામવા એ ભેદનો સાચો મરમ આવ્યા.*

ભાષાની સરળતા ગઝલના રંગને ઉજાગર કરવાની આવડત. તગઝૂલના મિજાજને રમાડવાની આવડત અને અંતે તસવ્વુફના અધ્યાયની ઓળખ આ કવિમાં છે. આવા ગઝલનિષ્ઠ કવિના કેટલાક શેર જાણીએ:

*પાંખ ઊછીની મળે છે ક્યાં અહીં?*
*ઊડવાના લાખ અવસર હોય છે.*

*

*એમ હું ભટકી રહ્યો રસ્તા વગર*
*કોઈ કાગળ હોય સરનામા વગર*

*

*નીવડી શક્યા ન કોઈ પ્રયત્નો ય કારગત,*
*તૂટી પડી જ્યાં ભીંત ત્યાં હું કોને દોષ દઉં?*

*

*મનમાં આવે એ બધું તું બોલ મા,*
*જો જરા વાતાવરણ ને સ્થળ તો જો.*

*

*થોડો ખ્યાલ રાખવો તો જોઈએ નક્કર-*
*ક્યારેક કોઈ પરનો દયાભાવ પણ નડે.*

*

*આવી શકો તો આવ પછી હું નહીં મળું*
*ડૂબી જશે આ નાવ પછી નહીં મળું*

*

*પૂરો વિશ્વાસ રાખીને તમારી નાવમાં બેઠો*
*હતો સામે કિનારો એ જ વખતે છળ દઈ બેઠાં?*

*

*પિંજરની કેદમાં ઘણાં વર્ષો થઈ ગયાં*
*પાંખો પસારવામાં જરા વાર લાગશે.*

*

*જરા અજવાસ માગ્યો ને તમે કાજળ દઈ બેઠાં,*
*હું પલળી ના શકું એવાં મને વાદળ દઈ બેઠાં*

*

*રહેતો હતો હું પહેલાં માતા-પિતાના ઘરમાં,*
*છે ફર્ક ઘરડાઘરમાં માતા-પિતા રહે છે.*

*

*જે બમણા વેગથી વકરી ગયા ઉપચાર કરવાથી,*
*જખમ એ લ્હોઈ લ્હોઈને બહુ થાકી જવાયું છે.*

*

*સામા કિનારે પ્હોંચવું ખૂબ જ સરળ હતું*
*નૌકાનું ડૂબવું એ તમારો અભાવ છે.* ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જેટલું છે એનાથી સંતોષ માનતા શીખો તો સુખ મળશે

પ્રખ્યાત અભિનેતા પંકજ કપૂરે 'લલ્લનટોપ'ને આપેલી મુલાકાત જોઈ. એમાં તેમણે કહેલી એક વાત બહુ ગમી ગઈ. આ વિશે અગાઉ પણ આ કોલમમાં લખી ચૂક્યો છું, પણ પંકજ કપૂરે એ જ વાત જરા જુદી રીતે - સચોટ રીતે કહી.

તેમણે કહ્યું કે દરેક વસ્તુ તમારી પાસે હોવી અને એ પણ દરેક વખતે હોવી જરૂરી નથી. જો તમારી દરેક વસ્તુ મેળવવાની ઇચ્છા છે તો તમને ક્યારેય સંતોષ નહીં થાય. તો હવે શું? તો 'આ હવે શું?' એ ક્યારેય પૂરું નહીં થાય. એ વિચારો રોકવા માટે 'બહુ છે' એ માનવાનું શરૂ કરવું પડશે. બાકી ભલે તમે ગમે એટલા મોટા માણસ બની જાવ તોય કશુંક વધુ ને વધુ મેળવવાની ઇચ્છા તમને થતી જ રહેશે, પરંતુ તો જો તમે તમારી જાતને સમજાવી દો કે 'જેટલું છે એ બહુ સારું છે અને જે કંઈ છે એ સુખ આપી રહ્યું છે' તો તમને સંતોષ થશે. જો તમે આ વિચાર સતત નજર સામે રાખશો તો તમે તમારી વધુ મેળવવાની ખ્વાહિશ ઘટી જશે. થોડુંક સુકૂન, થોડો વિશ્વાસ, થોડો ઠહરાવ અને થોડી શાંતિ જરૂરી છે. ભગવાનનો પાડ માનો અને પછી જ્યારે તમે જિંદગી જુઓ તો સમજાશે કે ઇશ્વરે ઘણું બધું આપી દીધું છે તમને!

પંકજ કપૂરની વાત સાંભળીને ગ્રીક ફિલોસોફર ડાયોજિનિસના જીવનનો એક કિસ્સો યાદ આવી ગયો. ડાયોજિનિસ એક નદીના તટમાં રેતી પર પડ્યા-પડ્યા એક વાર શિયાળાની એક સવારે સૂર્યસ્નાન કરી રહ્યા હતા. એ વખતે સમ્રાટ સિકંદર તેના લશ્કર સાથે ત્યાંથી પસાર થયો. તેણે જોયું કે એક માણસ પોતાની મસ્તીમાં નદીના તટ પર સૂતો છે. તેણે તેના સૈનિકોને આદેશ આપ્યો કે પેલા માણસને અહીં લઈ આવો.

સૈનિકો ઉતાવળે ડાયોજિનિસ પાસે પહોંચી ગયા. તેમણે કહ્યું કે 'ચાલ, સમ્રાટ સિકંદર તને બોલાવે છે...'

ડાયોજિનિસ શાંતિથી પડ્યા રહ્યા. તેમણે પૂછ્યું :

'કોણ સિકંદર?'

સૈનિકોને ગુસ્સો આવ્યો. તેમણે કહ્યું : 'જેને આખી દુનિયા ઓળખે છે એવા સમ્રાટ સિકંદરને તું નથી ઓળખતો? તત્કાળ ઊભો થા અને સમ્રાટ સિકંદર સામે હાજર થા...'

ડાયોજિનસે કહ્યું : 'જાઓ, મારે કોઈ સિકંદરને મળવું નથી.'

સૈનિકોએ કહ્યું : 'મૂર્ખ માણસ, તું મૃત્યુને આમંત્રણ આપી રહ્યો છે. સિકંદરના આદેશનો અનાદર કરનારાએ મૃત્યુને ભેટવું પડે છે. થોડી ક્ષણમાં તારો શિરચ્છેદ થઈ જશે.'

ડાયોજિનિસે કહ્યું : 'મારું મસ્તક તો ક્યારનું અલગ થઈ ચૂક્યું છે. મેં મારા અહંકારને મારી નાખ્યો છે. જે માણસમાં અહંકાર જીવતો હોય તેણે પોતાનું માથું કપાવાની ચિંતા કરવાની હોય. મારે એવી કોઈ ચિંતા કરવાની જરૂર નથી!'

સૈનિકો માટે એ મહાન ચિંતકની વાત સમજવાનું અઘરું હતું. તેઓ સિકંદર પાસે પાછા ગયા.




તેમણે કહ્યું કે એ માણસ તો પાગલ લાગે છે. તેણે તમારી પાસે આવવાની ના પાડી દીધી.

સૈનિકોને હતું કે સમ્રાટ સિકંદર તે માણસનો શિરચ્છેદ કરી નાખવાનો આદેશ આપશે, પરંતુ સિકંદર વિચારમાં પડી ગયો કે આ કોઈ અનોખો માણસ હોવો જોઈએ જે મને મળવા આવવાની ના પાડી શકે. તે સામે ચાલીને ડાયોજિનિસ પાસે ગયો.

સિકંદર તેમની પાસે ગયો. તેણે પૂછ્યું :

'હું સિકંદર છું. તમે કોણ છો?'

ડાયોજિનિસે આકાશ તરફ જોતાં કહ્યું :

'હું ડાયોજિનિસ છું.'

ડાયોજિનિસ વિશે સિકંદરે ઘણું સાંભળ્યું હતું, પણ તે ક્યારેય તેમને મળ્યો નહોતો. તેણે કહ્યું :

'તમને મળીને મને આનંદ થયો.'

સિકંદરને હતું કે ડાયોજિનિસ પણ તેને કહેશે કે 'તમને મળીને મને પણ આનંદ થયો'. પણ ડાયોજિનિસે એવું કશું કહેવાને બદલે તેને તુંકારે ઉદ્દેશીને અણધાર્યો સવાલ કર્યો :

'તું ક્યાં જઈ રહ્યો છે?'

સિકંદરે જવાબ આપ્યો :

'હિન્દુસ્તાન જીતવા જઈ રહ્યો છું.'

ડાયોજિનિસે પૂછ્યું : 'પછી શું કરીશ?'

સિકંદર બીજા દેશોનાં નામો ગણાવવા માંડ્યો.

ડાયોજિનિસે પૂછ્યું:

'આ બધા દેશો જીતી લીધા પછી શું કરીશ?'

સિકંદરે કહ્યું, : 'પછી હું આરામ કરીશ.'

ડાયોજિનિસ હસી પડ્યા. તેમણે કહ્યું :

'તો અત્યારે તને આરામ કરવાની કોણ ના પાડે છે? આટલાં બધાં યુદ્ધો લડીને, આટલી રઝળપાટ કરીને છેવટે તારે આરામ જ કરવો હોય તો આટલી દોડધામ શા માટે કરે છે, ભલા માણસ? અહીં આ રમણીય નદીને કાંઠે ખૂબ જગ્યા છે. મારી બાજુમાં આવીને લંબાવી દે. અત્યારે જ આરામ કરવા માંડ!'

સિકંદરને થયું કે વાત તો સાચી છે. તેણે ડાયોજિનિસને કહ્યું કે 'મને તમારી ઈર્ષા આવે છે. મને જો પુનર્જન્મ મળે તો હું ઉપરવાળાને કહીશ કે મને ડાયોજિનિસ બનાવજે.!'

ડાયોજિનિસ ફરી હસી પડ્યા: 'ભલા માણસ, આમાં ઈશ્વરને વચ્ચે નાખવાની શું જરૂર છે? તું આ જન્મમાં જ, અત્યારે જ ડાયોજિનિસ જેવી જિંદગી જીવી શકે છે. ફગાવી દે તારાં શસ્ત્રો અને તારું સામ્રાજ્ય અને આ સૂર્યના કિરણોને માણવા સૂઈ જા આ નદીના તટ પર... મારે સિકંદર બનવું હોય તો મને તકલીફ પડે. મારી પાસે સૈન્ય નથી કે મને યુદ્ધો જીતતા આવડતું નથી. તારે ડાયોજિનિસ જેવી જિંદગી જીવવી હોય તો તને કોઈ તકલીફ ન પડે...!'

સિકંદર થોડી ક્ષણો માટે ડાયોજિનિસની સામે તાકી રહ્યો. તે વિચારોમાં ઘેરાઈ ગયો, પણ પછી તેને યાદ આવ્યું કે હજી તો ઘણા દેશો જીતવાના બાકી છે. એટલે તેણે કહ્યું :

'તમારી વાત સાચી છે, પણ હજી મારે ઘણા દેશો જીતવાના છે એટલે હું અત્યારે આરામ કરવાનું વિચારી પણ ન શકું!'

ઓશોને આ કથા ખૂબ જ પ્રિય હતી. ઓશો આ બોધકથા કહ્યા પછી ટિપ્પણી કરતા કે દરેક વ્યક્તિ સામે જીવનમાં આવો વિકલ્પ આવે છે, પણ માણસ પોતાની પાસે હોય એનાથી વધુ મેળવવાની લાહ્યમાં ચેનથી જીવી શકતો નથી.

જીવનમાં વધુ ને વધુ મેળવવાની ઝંખના મોટા ભાગના માણસોને જીવનપર્યંત શાંતિ મેળવવા દેતી નથી.

ટૂંકમાં, શાંતિ અને સંતોષ સિક્કાની બે બાજુ જેવા છે. શાંતિ હશે તો સુખની અનુભૂતિ થશે. એટલે જે છે એનાથી સંતોષ માનતા શીખીએ તો સુખ મળશે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# મસ્ત મસ્ત મોસમઃ એક મુઠ્ઠી શિયાળો...

*ટાઇટલ્સઃ*
*થંડ ને બંડ સામે કોઇનું કંઇ ના ચાલે. (છેલવાણી)*

એક રખડુ ભિખારી સોપી, ગાર્ડનમાં છાપું ઓઢીને સૂતો હતો. ત્યારે એના પર સુકાં પાંદડાં પડ્યાં. એટલે એણે વિચાર્યું કે શિયાળાની કાતિલ ઠંડીથી બચવા ત્રણ મહિના જેલમાં આશરો લેવા કઇ રીતે જવું?

ઘણાં પ્લાન વિચાર્યા પછી સોપીને ઉપાય સૂઝ્યો કે કોઇ મોટી હોટેલમાં જઈ જમીને પૈસા ન ચૂકવીને પકડાઇ શકે! પછી એક મોંઘી હોટેલમાં ગયો પણ દરવાનની નજર સોપીના ફાટેલાં કપડા ને જૂતાં પર પડી અને એણે તગેડી મૂક્યો. પછી સોપીએ બીજો ઉપાય શોધ્યો. પાસેની ગલીમાંની મોટી દુકાનનાં કાચ પર પથ્થર મારીને તોડી નાખ્યો. લોકો દોડી આવ્યા. એક પોલીસવાળો પણ દોડીને આવ્યો. સોપીએ પોલીસને સામેથી પૂછ્યું :

'તમને નથી લાગતું આમાં મારો હાથ હોઈ શકે?'

પોલીસને થયું કે કોઇ ગુનેગાર આમ ગુનો કરીને ઊભો થોડો રહે? એવામાં બસ પાછળ દોડી રહેલા માણસ પર પોલીસની નજર પડી ને એને પકડવા દોડ્યો.

બબ્બે વાર નિષ્ફળ ગયેલા સોપીમાં ફરીથી પકડાઈ જવાની હિંમત જાગી. એક મોટી દુકાન પાસે સુંદર દેખાતી યુવતી શો કેસમાં પ્રદર્શિત કાચનો સામાન વગેરે જોઇ રહી હતી. થોડી દૂર એક પોલીસમેન ઊભો હતો. સોપીને થયું કે એ યુવતીની છેડતી કરે ને પોલીસવાળો પકડે. પછી એણે યુવતી પાસે જઇને એક ટપોરીની અદામાં બેશરમીથી છોકરીને પાસે ખેંચીને કહ્યું : 'એય ડાર્લિંગ, ચલ ને મારા ઘરે કોઇ નથી..?'

પોલીસમેન આ જોઈ રહ્યો હતો. સોપીના માટે હવે છેડતી બદલ જેલનાં દરવાજા ખૂલી જાય તેમ હતું...પણ પેલી યુવતીએ તો સોપીના કોટને પાસે ખેંચીને કહ્યું: 'શ્યોર, માઇક!' વૃક્ષને વળગેલી વેલની માફક સોપી અને યુવતીને રોમાંસ કરતા જોઇને પોલીસમેન આગળ વધી ગયો. પછી તરત જ સોપીએ છોકરીનો હાથ છોડાવ્યો અને એ ભાગ્યો.



બેકાર બેઘર સોપીના નસીબમાં શિયાળાની ટાઢમાં એની અંતહીન આઝાદી ઊંડા મૂળિયા એને છોડતાં જ નહોતા, પછી એણે છત્રીની ચોરી કરી, દારૂડિયાનો અભિનય બધું કરી જોયું...પણ બધાં આઇડિયા એક યા બીજી રીતે નિષ્ફળ ગયા. આખરે દિશાહીન ચાલતા ચાલતા એક ચર્ચ પાસે પિયાનો અને પ્રાર્થનાનાં સ્વરોએ સોપીને રોકી દીધો. ગુનાઓના કાદવમાંથી નીકળવાનો નિશ્ચય કર્યો:

'કાલે જ કોઇ કામ શોધી લઈશ. ડ્રાઈવરની નોકરી તો મળશે જ.. '

બરોબર ત્યારે જ એના ખભા પર પોલીસવાળાનો મજબૂત પંજો પડ્યો ને એણે પૂછ્યું :

'અહીંયા શું કરે છે?'

'કંઈ નહીં...' સોપીએ જવાબ આપ્યો.

'અચ્છા? ચર્ચમાં ચોરી કરવાનો પ્લાન ઘડી રહ્યો છે ને? ચાલ મારી સાથે.'

બીજે દિવસે કોર્ટના મેજિસ્ટ્રેટે સજા ફરમાવી :

'ત્રણ મહિનાની સખત કેદની સજા.'

સોપીને તો એ જ જોઇતું હતું કે સજા મળે અને જેલની હૂંફાળી દીવાલોમાં ૩ મહિના રહેવા દે!

મુંબઇમાં તો હવે શિયાળો માંડ માંડ ડરતાં ડરતાં ધીમા પગલે આવી રહ્યો છે એવામાં મહાન વાર્તાકાર ઓ. હેન્રીની આ વાર્તામાં શિયાળાની ક્રૂર કાતિલ ઠંડી ધ્રૂજાવી નાખે છેને?

*ઇન્ટરવલઃ*
*ઠંડી સફેદ ચાદરોં મે જાગે દેર તક (ગુલઝાર)*
*ઠંડી કે શિયાળો બહુ ઠંડો પણ હૂંફાળો વિષય છે. જો તમે શેરબજારવાળાને પૂછશો કે-*
*'વરસમાં કેટલી મોસમ હોય?' તો એ કહેશેઃ*
*'બે જ મોસમ.... તેજી અને મંદી!'*
*કોઈ રાજકરણી નેતાને પૂછશું તો કહેશેઃ*

'૩ ઋતુઓ હોય- ચૂંટણી પહેલાની, સરકાર બનાવવાની અને પછી પૈસા કમાવાની.!'

-પણ કોઈ લેખક-કવિને પૂછશો તો એ ઋતુઓ વિષે ભળતું જ વેવલું વર્ણન કરશે.

એકવાર દરિયા કિનારે સૂર્યાસ્ત વખતે સમંદર કિનારે એક વાઈન પાર્ટી ચાલી રહી હતી. ત્યારે ત્યાં અંગ્રેજીના મહાકવિ બાયરન પાસે એક છોકરીએ આવીને કહયું :

'કવિ, જુઓતો ખરા કેવો અદ્ભુત સૂર્યાસ્ત છેને? જાણે જીવતી જાગતી કવિતા, કહોને તમને શું કાવ્યાત્મક અનુભૂતિ થાય છે?'

ત્યારે કવિબાયરને તરત જ પેલી હરખપદૂડી ફેનને કહ્યું, :'જુઓ મેડમ, હું સૂરજ ડૂબ્યા પછી ધંધાની વાત નથી કરતો!'

એમાંયે નિબંધકારો ને ચિંતકોને ઠંડી માત્ર ઠંડી નહિ, પણ ગુલાબી ઠંડી દેખાતી હોય છે. શિયાળામાં ગુજરાતી લેખકોનું રાતોરાત શિયાળાનું સ્વેટરાત્મક ચિંતન શરૂ થઇ જાય!

શિયાળો આવ્યો નથી કે ધુમ્મસથી ન્હાતાં વૃક્ષો... બારીમાંથી આવીને કાનાફૂસી કરતો પવન કે પછી સવારે ઠરી ગયેલાં ઝાકળનાં બિંદુઓ. વગેરે ટાઢ પડતાં જ એ લોકોને દેખાવા માંડે.

આપણને તો શિયાળામાં કાનટોપી પહેરેલા બુઢિયા ... થથરીને ઉંઘમાં સ્કૂલો જતાં બાળકો ... છાપાં બાળીને તાપણું કરતાં વોચમેન્સ ચારેબાજુએ દેખાય, પણ નવરા નિબંધકારો પાસે એવી ટેલેંટ હોય છે કે એ લોકો કોઇપણ વાત માટેકંઈ પણ લાગણીભીનું લપેટીને લખી શકે.

છેક ઉઝબેકિસ્તાનમાં બરફથી ઝાડ-પાન ઢંકાઈ જાય એમાં તો ઉપલેટા રહેતાં લેખકને 'સફેદ પાલવ ઓઢીને પ્રિયતમની રાહ જોતી કન્યા જેવાં વૃક્ષો દેખાવા માંડે!'

જો કે આ વખતે સિઝન જરાં બદલાઇ છે... હવે તો ઘણાં ફુલ ટાઇમ ચાટુકાર કે કોમવાદી ચિંતકોને ઠંડી ઓછી કે વધુ દેખાશે એમાં પાકિસ્તાનનો હાથ દેખાશે.

એમાંયે 'શિયાળાની સવારનો કૂમળો તડકો' એ તો નિબંધકારોનો ફેવરીટ ટાઈમપાસ છે.

હવે કોઈ તડકો કડક છે - કૂમળો છે...કે ચીંકણો છે એને લેખકો કઈ રીતે ચેક કરતાં હશે?

શિયાળામાં વહેલી સવારનો સમય શાંતિથી સૂતા રહેવાંનો છે ત્યારે ઉગતાં સૂર્યને ધુમ્મસમાં નિહાળવામાં હૈયાબળ્યા લેખકોને શું મળતું હશે? જો કે લેખકો-કવિઓને શિયાળાનાં બહાને ઢળતી સાંજ, પાંદડા પર નર્તન કરતાં શબનમની બૂંદો...વગેરે વાતોમાં એક પ્રકારની ક્રિએટીવ સેફટી મળે છે. કોમવાદી-તકવાદી-ભ્રષ્ટાચારી સરકારો કે સમાજ વિરુદ્ધ બોલીને બગાડવાં કરતાં ધૂળમાં ન્હાતી ચકલી, ધુમ્મસમાં ડોલતાં વૃક્ષો વધુ સેઈફ સબ્જેક્ટ છે! એમાં કોઈ નારાજ પણ ના થાય ને કેરિયર પણ ચાલે.

પોકળ પ્રકૃતિ પ્રેમ, એ લેખકોનો બેસ્ટ પલાયનવાદ છે.

*એન્ડ -ટાઇટલ્સઃ*
*આદમઃ બહુ ઠંડી છેને?*
*ઈવઃ ના, ગરમી માઇનસમાં છે.* ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# શટલકોક જેવા જીવનથી કંટાળી ગઈ હતી

છેડાછેડી બાંધીને જેની સાથે જીવનભર સાથે રહેવાનો નિર્ધાર કર્યો હોય એની સાથે જ છૂટાછેડાની નોબત આવે એ વાત ખૂબ અકળાવનારી અને અસ્વસ્થ કરનારી હોય છે. મારો દીકરો શાંગ્રિલ એ જ અવસ્થામાંથી પસાર થઈ રહ્યો હતો. આ અકળામણને જાણે એકલું લાગતું હોય એમ શાંતા બહેનના દીકરાની નિષ્ક્રિયતાએ એમાં વધારો કર્યો. એટલે મૂંઝાયેલા દીકરાએ મને ફોન કર્યો 'આઈ, તું મારા ઘરે રહેવા આવી જા. બધે પહોંચી વળવું મને ભારે લાગે છે.' અને પરિસ્થિતિ થાળે પાડવા હું પહોંચી ગઈ દીકરાના ઘરે.

ઘરે પહોંચી સામાન ગોઠવી બેઠી ત્યાં મારું મન ચકરાવે ચડી ગયું. દીવાનખંડમાં બેઠી હતી ત્યારે રેડિયો પર જીતેન્દ્ર – લીના ચંદાવરકરની ફિલ્મ 'હમજોલી'નું ગીત 'ઢલ ગયા દિન હો ગઈ શામ, જાને દો જાના હૈ' વાગી રહ્યું હતું. એ ફિલ્મ મેં જોઈ હતી અને એટલે ગીતમાં હીરો – હિરોઈન બેડમિન્ટન રમે છે એ દ્રશ્યો યાદ આવી ગયા. મારી જિંદગી પણ બેડમિન્ટનના શટલકોક જેવી જ હતી ને. ક્યારેક હું દીકરાના ઘરે એની સાથે રહેતી હતી અને એનાં લગ્ન પછી એની પત્નીને પ્રોબ્લેમ થવાથી મારા વન – રૂમ કિચનના ફ્લેટમાં રહેવા જતી રહી હતી. દીકરાને સમસ્યા ઘેરી વળી એટલે ફરી એના ઘરે આવી ગઈ. શટલકોકની જેમ અહીંથી તહીં ફંગોળાઈ રહી હતી. કદાચ એમાં પણ ઈશ્વરી સંકેત હશે એમ કરી મેં મન મનાવી લીધું. પણ સાચું કહું છું કે શટલકોક જેવા જીવનનો હવે કંટાળો આવતો હતો.

જોકે, મારી પ્રાથમિકતા હતી મુરઝાઈ ગયેલા દીકરાના જીવનને ફરી ચેતનવંતું બનાવી દેવાની. શાંગ્રિલની પત્ની કેવી ચાલાક હતી એની જાણ અમને બહુ જલદી થઈ ગઈ. ડિવોર્સ મંજૂર થયા એના ૧૩ જ દિવસ પછી વિનિતા (શાંગ્રિલે જેની સાથે લગ્ન કર્યા હતા)એ બીજાં લગ્ન પણ કરી લીધાં. આ બધું ફટાફટ બની ગયું એના પરથી જ મારા દીકરાને અંધારામાં રાખી એનો અફેર ઘણા સમયથી ચાલતો હશે એનો અમને અંદાજ આવી ગયો. જીવન સંસારમાં કેવા કેવા ખેલ જોવા પડતા હોય છે.

શાંગ્રિલના બે બેડરૂમના ફ્લેટમાં રહેવા તો આવી ગઈ, પણ દીકરાની માનસિક અવસ્થા ઉપરાંત કુલદીપ પણ એક કોયડો બનીને ઊભો હતો. છેવટે મેં આકરા થવાનું નક્કી કર્યું, કારણ કે એ વિના છૂટકો જ નથી એ હું સમજી ગઈ હતી. એક બેડરૂમ હું વાપરતી હતી એટલે મારા દીકરાને પણ પ્રોબ્લેમ થતો હતો, કારણ કે બીજો બેડરૂમમાં કુલદીપ અને એની પત્ની સૂઈ જતા હતા. 'ડોશી મરી જાય એનો વાંધો નહીં, જમ ઘર ભાળી ન જવો જોઈએ' એ કહેવતનો ભાવાર્થ નજર સામે રાખી ખોટું લાગે એની ચિંતા કર્યા વિના મેં કુલદીપને આકરા શબ્દોમાં 'ભાઈ, તું હવે હાથ પગ ચલાવ. કશુંક કામ કર. પ્રવૃત્તિની ઉંમરે નિવૃત્તિ શોભા નથી દેતી' એમ સાફ સાફ જણાવી દીધું.

દીકરાની દુર્દશા મારાથી નહોતી જોવાતી. એક મહિનો એ નોકરી પર જાય ત્યારે બધું બરાબર હોય, પણ જેવો ઘરે આવે એટલે એ જ હતાશામાં ઘેરાયેલો નિસ્તેજ ચહેરો જોવા મળતો. ડિપ્રેશનને કારણે એને શરાબનું વ્યસન લાગી ગયું અને ઘણી વાર રાતે અઢી – ત્રણ વાગ્યા પછી ઘરે આવતો. એના જીવનમાંથી ઉલ્લાસ અને ઉત્સાહની જાણે કે બાદબાકી થઈ ગઈ હતી. એટલે મને વિચાર આવ્યો કે જો ફરી એ લગ્ન કરી લે તો જીવનસાથીના આગમન સાથે પાટા પરથી ઊતરી ગયેલી જીવન ગાડી ફરી સરખી રીતે સાચી દિશામાં દોડતી થઈ જાય. એક દિવસ મેં શાંગ્રિલને કહ્યું, 'દીકરા, ફરી લગ્ન કરી લે.' પણ તેણે ચોખ્ખી ના પાડી કહી દીધું કે 'હું લગ્ન નહીં



કરું.' છૂટાછેડાના આઘાતમાંથી હજી તેને કળ નહોતી વળી.

અલબત્ત, એના જવાબથી મને કોઈ નવાઈ ન લાગી, પણ પછી વિચાર આવ્યો કે શાંતા બહેન, કુલદીપ અને એની પત્ની ઘરમાંથી નીકળી જશે અને એકલો પડશે તો કદાચ લગ્ન કરવાની દિશામાં વિચારશે. 'બને એટલું જલદી ભાડાનું ઘર ગોતી લો' એમ મેં કુલદીપને સાફ સાફ શબ્દોમાં કહી દીધું. આખરે એ દિવસ આવ્યો અને કુલદીપ એના પરિવાર સાથે ભાડાના ઘરમાં રહેવા જતો રહ્યો. મને ઘણી રાહત થઈ, કારણ કે હવે અસ્તવ્યસ્ત થયેલી કુલદીપની લાઈફને દિશા સાંપડે એ માટે કોશિશ કરી શકવાની મનઃસ્થિતિમાં હું આવી ગઈ હતી. સદનસીબે ગાડી ધીરે ધીરે પાટે ચડવા લાગી. દીકરાનું મોડી રાત સુધી બારમાં બેસી દારૂ પીવાનું ઘણું ઓછું થઈ ગયું. ઘરે વહેલો આવી જતો. એકાંતરે મારી સાથે સરસ મજાની વાતો પણ કરવા લાગ્યો. જોકે, 'તારા લગ્ન હવે મહારાષ્ટ્રીયન પરિવારની કન્યા સાથે જ કરાવવા છે' એવી મારી રજૂઆત સામે એનું એક જ રટણ સાંભળવા મળતું હતું કે 'હું લગ્ન નહીં કરું.'

દીકરાના ભવિષ્યની ચિંતામાં હું એવી ગળાડૂબ હતી કે મારી પાસે કોઈ કામ નથી અને હું નવરી બેઠી છું એનો ખ્યાલ સુધ્ધાં ન આવ્યો. એવામાં એક દિવસ સુરેશ રાજડાનો ફોન આવ્યો અને મને કહ્યું કે 'મહેશ્વરી બહેન, હું નવું નાટક કરી રહ્યો છું અને તમારે એમાં કામ કરવાનું છે.' નાટકનું નામ હતું 'સરકારી પરણેતર.' ઔપચારિક વાતચીત પછી આ નાટકના રિહર્સલ શરૂ થઈ ગયા. નાટક બેસાડી દીધું પછી એના પણ અમદાવાદમાં ઘણા શો થયા. જોકે, મુંબઈમાં એને મોળો રિસ્પોન્સ મળ્યો. ચાલીસેક શો પછી નાટક પર પડદો પડી ગયો. અમદાવાદમાં સફળતા, પણ મુંબઈમાં નિષ્ફળતાનો વધુ એક અનુભવ થયો.

નવરી પડી એટલે ફરી દીકરાને બીજાં લગ્ન કરવા સમજાવવા લાગી, પણ પહેલા લગ્નના વિચ્છેદના આઘાતમાંથી હજી એ પૂર્ણપણે બહાર નહોતો આવી શક્યો. એ એક જ રેકોર્ડ વગાડ્યા કરતો હતો કે 'હું ફરી લગ્ન નહીં કરું.' બધું પાર પાડવા પ્રભુને પ્રાર્થના કરી રહી હતી ત્યાં કાંદિવલીની હવેલીમાંથી બે છોકરા મળવા આવ્યા. હવેલીના મુખિયાજી પુષ્ટિમાર્ગ પર કોઈ નાટક ભજવવા માંગે છે એવી સ્પષ્ટતા કરી 'અમને અરવિંદ વેકરિયાએ તમને મળવા કહ્યું છે' એમ જણાવ્યું. આ નાટક સમાજના કૃષ્ણભક્તો માટે જ કરવાનું છે, એના કોઈ જાહેર પ્રયોગો નથી કરવાના એવો ખુલાસો પણ તેમણે કર્યો. એ વખતે હું નવરી હતી એટલે મેં હા પાડી અને નાટક અરવિંદભાઈ જ કરવાના હતા એટલે નાટક કરવામાં આસાની રહેશે એનો ખ્યાલ આવી ગયો. બધી વાતચીત થઈ ગયા પછી તેમણે સ્વાભાવિકપણે પૂછ્યું કે 'મહેશ્વરી બહેન, નાટકમાં કામ કરવાના કેટલા પૈસા લેશો?'

મેં તરત જવાબ આપ્યો કે 'હું પોતે કૃષ્ણભક્ત છું. આ નાટકમાં કામ કરવા માટે હું પૈસા નહીં લઉં.' નાટકના રિહર્સલ શરૂ થઈ ગયા. નાટક સરસ રીતે લખાયું હતું અને સમાજ માટે એના કેટલાક શો કર્યા અને કૃષ્ણ ભક્તો રાજી થઈ ગયા. મારી કારકિર્દીનું આ છેલ્લું નાટક હતું. દિવસો પસાર થઈ રહ્યા હતા અને એક રાહત આપનારી વાત એ હતી કે દીકરાનું જીવન પૂર્વવત થઈ રહ્યું હતું. બૂરી લત છૂટી ગઈ હતી. વિકટભર્યા દિવસોનો અધ્યાય પૂરો થઈ રહ્યો છે એવું લાગણી અનુભવી રહી હતી.

અને એક દિવસ બહુ સારા સમાચાર આવ્યા... ■

## રંગભૂમિના 'મા' ને 'બાપુ'

ગુજરાતી વ્યવસાયી રંગભૂમિ પર શિષ્ટ, સંસ્કારી રુચિ અને સાહિત્યિક સૂઝવાળાં નાટકો મૂળશંકર મુલાણીએ આપ્યા હતા. લેખકશ્રીને આધ્યાત્મિક સાહિત્યમાં ખાસ્સી રુચિ હતી. નાટક માત્ર પ્રેક્ષકોના મનોરંજન પૂરતું મર્યાદિત ન રહેવું જોઈએ, સમાજને કશુંક શીખવા મળે, બોધ મળે એવી તેમની ઈચ્છા રહેતી. એટલે જ એમનાં નાટકોમાં મનોરંજનની સાથે સાથે કોઈ સંદેશ ગૂંથી લેવામાં આવતો હતો. સ્ત્રી સન્માનની ભાવના તેમના જીવનમાં વણાયેલી હતી. સ્ત્રીને સન્માન મળે એનાથી તેમને સંતોષ નહોતો થતો. સન્માનથી વિશેષ નારી અર્ઘ્યને પાત્ર છે એવી એમની દ્રઢ માન્યતા હતી. એમનાં નાટકોમાં જોવા મળતાં સ્ત્રી પાત્રો તેમ જ જાહેર જીવનમાં સ્ત્રી સાથેના તેમના વર્તન પરથી આ વાત સ્પષ્ટ થાય છે. 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે, તત્ર રમંતે દેવતા' – જ્યાં નારી પૂજાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે એવી તેમની નારી વિશે માન્યતા હતી. આ માન્યતા તેમની વિચારશૈલીનું પ્રતિબિંબ છે. રંગભૂમિના અનેક પરિચિતો કવિશ્રીને 'બાપુ'ના લાડકા અને આદરપૂર્વક સંબોધનથી બોલાવતા હતા. રસપ્રદ વાત એ છે કે અનેક લોકોના આ 'બાપુ' નાટકની નાની – મોટી દરેક અભિનેત્રીઓને 'મા'નું પવિત્ર સંબોધન કરતા હતા. 'મા' જેવું પવિત્ર સંબોધન કર્યા પછી માનવીના હૃદયમાંથી રહ્યો સહ્યો મેલ પણ દૂર થઈ જાય. માનવીના મનનો મેલ નાટકો દ્વારા ધોવાની તેમની કોશિશ રહેતી. ગુજરાતના યોગી તરીકે ઓળખાયેલા શ્રીમાન નથુરામ શર્માને મૂળચંદભાઈ ગુરુ માનતા હતા. ગુરુને સંતોષ થાય એ દ્રષ્ટિએ તેમણે તેમના પુત્ર હરિલાલના નાટક 'વીરવીણા'ની કથાવસ્તુ પરથી રૂપાંતર કરી 'ચૈતન્યકુમાર' નાટક તૈયાર કર્યું હતું. આ નાટકમાં જીવ અને શિવનું તત્ત્વજ્ઞાન રૂપકો દ્વારા સમજાવવામાં આવ્યું હતું. નાટક જોઈ નથુરામ શર્મા રાજી થયા હતા અને કવિની પ્રશંસા કરી હતી. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# હર પલ યહાં હર પલ જીઓ... કલ હો ના હો!

ભારતીયોના ભારત સિવાયના પ્રિય દેશના ઇતિહાસથી વાત શરૂ કરીએ. ધ ગ્રેટ ડિપ્રેશન. ઇ.સ. ૧૯૨૯નો સમયગાળો. પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થઈ ચૂક્યું હતું. બીજું વિશ્વયુદ્ધ શરૂ થવાને દસ વર્ષની વાર હતી. અમેરિકન સ્ટોક માર્કેટ કડડભૂસ થઈ ગયું. લગભગ આખું અમેરિકા રસ્તા પર આવી ગયું. રાતોરાત ગરીબોની સંખ્યા દસ ગણી થઈ ગઈ. કરોડો અમેરિકનો પાસે બે ટંક જમવાના પૈસા ન હતા. ત્યાંની એ મહામંદીને કારણે આખી દુનિયા એના સપાટામાં આવી ગઈ હતી.

એવા દારુણ સમયે જોસેફ કેનેડીએ રાતોરાત લાખો ડૉલર બનાવ્યા. મફતના ભાવે અમુક કંપનીઓનો માલિક બની ગયો. કેમ? એના પગરખાં પોલિશ કરનારો નાનકડો છોકરો પણ એને સ્ટોકની ટિપ્સ આપતો હતો. જ્યારે બજારની સલાહ રસ્તે ચાલનારાઓ આપવા માંડે ત્યારે સમજવું કે માર્કેટ ક્રેશ થવાનું છે. આખો દેશ જ્યારે રડતો હતો ત્યારે આ માણસ સંપત્તિ સર્જી રહ્યો હતો.

આ જ સમયમાં એક બીજો માણસ હતો. માઈકલ કુલેન એનું નામ. એને આઈડિયા આવ્યો કે અમેરિકન લોકો પાસે નોકરી નથી કે ખાસ પૈસા નથી. આવા ખરાબ સમયમાં એ લોકોને વિશાળ જગ્યાએથી કોઈ પાસે માંગ્યા વિના જાતે જ ખરીદી કરી શકે એવી ફેસિલિટી પ્રોવાઇડ કરીએ તો કેવું રહે? 'કિંગ કુલેન' કરીને એણે સુપરમાર્કેટ ખોલીને એણે દુનિયામાં મોલ-કલચરને જન્મ આપ્યો. લોકોને દુકાનદાર પાસે સસ્તી વસ્તુ માંગતા શરમ આવે એને બદલે ગોડાઉન સ્ટાઇલની મોટી દુકાનમાં જાતે જઈને વિના સંકોચે ખરીદી કરવાની... આ આઈડિયા ત્યારે હાસ્યાસ્પદ લાગ્યો હશે , પણ અત્યારે આવા મોલ કરોડો ડૉલરની ઇન્ડસ્ટ્રી છે. એ અત્યંત ખરાબ સમયમાં બુટલેગરો પણ બહુ કમાયા (હા, અમેરિકામાં વર્ષો સુધી દારૂબંધી રહી છે.) આલ્બર્ટ વિગ્ગીન નામના એક બેંકરે તો પોતાની જ બેંકના શેરને શોર્ટ-સોલ્ડ કરીને બેન્ક કરતાં વધુ પૈસા કમાઈ લીધા. બેંકે દેવાળું ફૂંક્યું પણ પોતે પૈસાદાર થઈ ગયો. કેમ? એને પોતાની બેન્ક વહાલી હતી, પણ એ તટસ્થ નજરે વર્તમાન જોઈ શકતો હતો એટલે એ નજીકનું ભવિષ્ય કળી શક્યો.

આ બધાં ઉદાહરણો અમેરિકન છે. એ માત્ર સંયોગ છે. ડોનલ્ડ ટ્રમ્પ આવી સ્થિતિનું અત્યારે નિર્માણ કરી રહ્યા છે . આ દ્રષ્ટાંતો કોઈ બોધપાઠ નથી. એ એક યાદી છે જ્યારે દુનિયાભરમાં અફરાતફરી મચી પડી હોય ત્યારે પોતે નિષ્ઠા સાથે કરેલું હોમવર્ક કેટલું કામ લાગે. હોમવર્ક બહુ જરૂરી છે. સ્થિરતા અતિ અગત્યની છે. તૈયાર માણસને ઝંઝાવાત પણ ડગાવી શકતો નથી એવાં કેટલાંય ઉદાહરણ આપણી આસપાસ પણ મળે. આના પરથી એ સત્ય દોહી શકાય કે દુનિયા (કે જિંદગી) તકવાદીઓની નથી, પણ તૈયાર માણસોની છે. 'તકસાધુ' આમ તો નેગેટિવ શબ્દ છે, પણ આપણા મનમાં તો એવું જ હોય છે કે સારી તક મળે એ ઉઠાવી લે એ હોશિયાર અને સફળ. આ માન્યતા બાળકની નજરે દેખાતી વાસ્તિવિકતા છે. અસલમાં તૈયાર માણસો જ તક ઝડપી શકે, જેને કંઈ ન પડી હોય એ નહીં. કૂદકાબાજ નહીં. એને માટે સમજ શક્તિ જોઈએ, જે વર્ષોના અનુભવ, ઠરેલપણું, સાહજિક વૃત્તિ અને હિમ્મત સાથે આવે.



પ્રાચીન ગ્રીસમાં કૈરોઝ નામની એક કોન્સેપ્ટ-વિભાવના હતી.'કૈરોઝ' શબ્દનો અર્થ થાય 'પાકેલો સમય.' સમયની ટર્મિનોલોજીમાં બે શબ્દ છે : ક્રોનોઝ અને કૈરોઝ. ક્રોનો પરથી ક્રોનોલોજી શબ્દ બન્યો – તબક્કાવાર સમયસારણી. કૈરોઝ એટલે ગુણવત્તાસભર સમય. ખરા સમયે ખરી જગ્યાએ હાજરી અને પરફેક્ટ એક્શન. કૈરોઝનો સદુપયોગ એ જ કરી શકે જે તૈયાર છે અને જેમાં કિલર ઇન્સ્ટિનકટ છે. સમય ખરાબ અને નસીબ નબળા કરીને રડતા માણસો પાંચ સદી આયુષ્ય ભોગવે ને તો પણ કંઈ જ નક્કર ઉકાળી ન શકે એ નક્કી. જાપાનીઝ તીરંદાજને એ જ શીખવવામાં આવે. શ્વાસ એકદમ શાંત પણ મન તીર કરતાં પણ વધુ તીક્ષ્ણ રાખો તો જ લક્ષ્યવેધ થાય. યુદ્ધોમાં એ જ લશ્કર જીત્યું છે જે લડાઈ પહેલા શિસ્તબદ્ધ રહેતું હોય. બાહુબલીમાં કાલકેયનું સૈન્ય જંગલી અને ખૂંખાર હતું, પણ શિસ્તના અભાવે એ જીતી ન શક્યું...

હવે આજની વાત કરીએ. આજે જેવો સમય છે એવો ઇતિહાસમાં ક્યારેય ન હતો. અત્યારે બહુ સુખ સગવડ ટેક્નોલોજી છે, પણ માહોલ બહુ વોલેટાઇલ છે સમય એવો ચંચળ છે કે ક્યારે બીજો આતંકવાદી હુમલો થશે એ આપણને ખબર નથી. ક્યારે કોરોના જેવો બીજો વૈશ્વિક રોગચાળો ફાટી નીકળશે એની આપણને ખબર નથી. માર્કેટ ક્યારે ક્રેશ થશે કે બૂમ થશે એ આપણને ખબર નથી. સરકારી નોકરી મળશે કે નહીં એ આપણને ખબર નથી. AI - આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આપણને નક્કામા ક્યારે કરશે એ આપણને ખબર નથી. બીજા દેશોમાં ક્યારે ઇકોનોમિક મેલ્ટડાઉન થશે, જેની સીધી અસર આપણાં માર્કેટ પર થશે એનો આપણને જરાય અંદેશો નથી. સોસાયટીમાં ક્યારે નવો ટ્રેન્ડ આવશે ને આપણે આઉટડેટેડ થઈ જશું એ આપણને ખબર નથી.......અત્યારે જે લાઈફ પાર્ટનર સાથે છે, જે સંબંધો છે એ એક દાયકા પછી હશે કે નહીં હોય એની કોઈ ગેરંટી આપણી પાસે નથી. આ એ સમય છે જેમાં ખાતરી કશાની નથી, પણ બદલાવ આવશે એ ચોક્કસ છે.

ગુજરાતના પેલા અંબાલાલ કાકા ફક્ત વરસાદની આગાહી કહે છે – આપણા સંજોગોની નહીં. મનોવિજ્ઞાનમાં માણસની વર્તણુકના ત્રણ પ્રકાર છે – ફ્રીઝ / ફિઅર / ફોકસ. આળસુ બનીને કંઈ ન કરીને ફ્રીઝ થઈ જવું એ આઠ અબજ લોકોનો કમ્ફર્ટ ઝોન છે. અણધાર્યા સંજોગોમાં ડરી જવું એ માનવસહજ પ્રતિક્રિયા છે. ફોકસની આદત જે બહુ ઓછા લોકો કેળવી શકે છે એ લોકો જીતે છે. સર્વાઇવ તો બધા થઈ જાય. અહીં થ્રાઇવ- વિકસવાની સમૃદ્ધ થવાની વાત છે. આર્થિક રીતે નહીં, પણ અસ્તિત્વ જાળવવાની વાત છે. બાકી મૂડ, માહોલ, નસીબ, સંજોગો, સેલ્ફી, રીલ્સ - આ બધા નબળા લોકોના વેસ્ટેજ ઓફ ટાઈમ છે.

બીજા શબ્દોમાં -કટોકટીનો સમય વિજેતાઓ બનાવતો નથી પણ વિજેતા કોણ છે એ બતાવે છે. એના માટે દર મિનિટની સંપૂર્ણ હાજરી, સમર્પણ અને તૈયારી જોઈએ. એ છે? નહીંતર શિયાળામાં ગોદડું ઓઢીને પડ્યા રહેવું કોને ન ગમે?! ■

ક્લોઝ-અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# અજબ મ્યુઝિયમોની અનોખી દુનિયા

**આદિ માનવના જમાનાથી માનવમાત્રને સંઘરવાની આદત પડી ગઈ છે, જેમાંથી સંગ્રહાલયો સર્જાતાં ગયાં . તાજેતરના જ સમાચાર છે કે એક અબજ ડૉલરના ખર્ચે ઈજિપ્તે વિશ્વનું સૌથી વિશાળ મ્યુઝિયમ ખુલ્લું મૂક્યું છે...શું શું છે એની વિશેષતા?**

માનવ મન મર્કટ જેવું છે. જલદી સ્થિર રહે જ નહીં. એક કામ કરતાં કરતાં બીજું કંઈ કરવાની ઈચ્છા જાગે. વાર્તા વાંચતાં વાંચતાં અચાનક થાય : ચાલો, આ વાર્તા પરથી ફિલ્મ બનાવીએ કવિતા વાંચતાં -લખતાં પેન્ટિંગ કરવાનું મન થઈ આવે આપણા DNA માં આ ખાસિયત છે. જેને કારણે જાણતા-અજાણતા કશું ને કશું અને એ પણ કોઈ ખાસ પ્રયોજન વિના સંઘરતા રહેવું આદિમાનવનો સ્વભાવ બની ગયો અને એ જ કારણથી એ પ્રાચીનથી અર્વાચીન સુધીનો પુરુષ સંગ્રહખોર બનતો ગયો છે. અને આ જ સંગ્રહખોરીને પાછળથી આપણે વિરાસતનું રૂપકડું નામ આપ્યુ. પ્રાચીન વસ્તુઓને વારસારૂપે એક જ સ્થળે વ્યવસ્થિત ગોઠવણી થતી ગઈ ને લીધે એમાંથી ક્રમશઃ મ્યુઝિયમ-સંગ્રહાલય અસ્તિત્વમાં આવતાં ગયાં. આવાં સંગ્રહાલય વધતાં જ ગયા પછી આપણે જ એવા પ્રશ્ન પૂછાતા થઈ ગયા કે આજના આ ડિજિટલના યુગમાં આટલી વિશાળ જગ્યા રોકી- માનવ કલાકો તેમ જ ધનનો આવો વ્યય કરી વર્ષો જૂની વસ્તુઓને હવે શા માટે ને કોને ખાતર સાચવી રાખવી જોઈએ? હા, એ ખરું કે આવતી પેઢીની જાણ માટે આપણી સંસ્કૃતિ-ઈતિહાસને અકબંધ રાખવા જોઈએ તો એની સાચવણી માટે આપણી પાસે અતિ આધુનિક ડિજિટલ ટેક્નોલોજી ક્યાં નથી?! તમે ધારો ત્યારે સૈકાઓ પહેલાંની પૂરાણી વસ્તુ -એનો ઈતિહાસ એક માત્ર ક્લિક કરવાથી લેપટોપ પર હાજર થઈ જાય.

જોકે બીજી તરફ, આવાં સંગ્રહાલયોની તરફેણ કરતો પણ એક વર્ગ છે. એ કહે છે કે ઈતિહાસનાં પાઠ્યપુસ્તકોમાં વાંચેલા કે પછી ફિલ્મોમાં જોવાં મળેલાં અકબરનાં ભારેખમ બખ્તર કે ટીપુ સુલતાનની જીવલેણ તીક્ષ્ણ તલવાર કે પછી ઈજિપ્તનાં અતિ પ્રાચીન મમીથી લઈને સૌપ્રથમ ચન્દ્રયાત્રા કરી ધરતી પર પરત થયેલું 'એપોલો-૧૧' યાન આજે આપણને મ્યુઝિયમમાં સાક્ષાત નજરોનજર નિહાળવા મળે છે. એના જેવી અનેક ઐતિહાસિક ક્ષણ સાક્ષાત જીવવાનો કેવો અનન્ય રોમાંચ થાય?!

આવી અનેક દલીલો રજૂ થયાં કરે છે તેમ છતાં મ્યુઝિયમનો ચાર્મ આકર્ષણ ઓછા થતાં નથી. હા , ફર્ક એટલો પડ્યો છે કે હવે તૈયાર થતા સંગ્રહાલયોને આધુનિક ટેક્નોલોજી દ્વારા નવો ઓપ અપાઈ રહ્યો છે.

લોકોમાં આજે પણ જિજ્ઞાસાવૃત્તિ એવી પ્રબળ છે કે સમય મળે તો મ્યુઝિયમની મુલાકાત લેવાની તક ચૂકતા નથી. એમાંય પોતાના ગમતા વિષયનું સંગ્રહાલય હોય તો ખાસ. કોઈને 'ઍન્ટિક્વોરિયન' (અતિ પ્રચીન)થી લઈને અતિ આધુનિક શિલ્પકળામાં રસ હોય તો એ પ્રકારના મ્યુઝિયમ જોવાં જશે. તમને સ્પોર્ટ્સ- રમતગમતમાં ઈન્ટરેસ્ટ છે તો પ્રાચીનથી અર્વાચીન ગેમ્સ વિશે વિસ્તૃત જાણકારી પણ આવાં સ્થળની મુલાકાતથી મળી શકે.. ઈજિપ્તનાં રાજા-રાણી-કુંવરનાં પ્રાચીન મૃતદેહ-મમીને સાચવીને એને પ્રદર્શિત કરનારાં પણ સંગ્રહાલય છે. એમાંય આપણું કોલકાતાનું



અહીં રાજા રામ સેસની વિરાટ પ્રતિમા સાથે ઈજિપ્તના પ્રતીક સમા પિરામિડ આકારનું ભવ્ય પ્રવેશદ્વાર...

'નેશનલ મ્યુઝિયમ' આગવું ગણાય છે.

એ જ રીતે, સામાન્ય આદમીથી નિષ્ણાત તબીબનેય મુગ્ધ કરી દે એવાં હ્યુમન અનેટમિ- માનવશરીરની રચના સમજાવતાં મ્યુઝિયમ બોસ્ટન-ન્યૂયોર્કમાં છે. આવું એક અદ્ભુત મ્યુઝિયમ 'ધ બોડી' તો મેં ખુદ વિસ્ફરિત આંખે ન્યૂયોર્કમાં જોયું છે...

આમ આવાં સંગ્રહીલયોની લાંબી-પહોળી નામાવલિ છે. આમ છતાં વિદેશનાં પ્રમુખ મ્યુઝિયમોનાં નામ ગણાવા હોય તો હમણાં જ જ્યાં ગણત્રીની ૭ મિનિટમાં ૮૫૦ કરોડની ચીલઝડપ લૂંટ થઈ એવા મોનાલિસા ફેમ પેરિસના 'ધ લુવ્ર મ્યુઝિયમ'નું નામ સર્વપ્રથમ ગણાવવું પડે. એ પછી 'માદામ ત્યૂસોદ વેક્સ મ્યુઝિયમ' અને 'ધ બ્રિટિશ મ્યુઝિયમ' ઈત્યાદિ આવે.



'બોય કિંગ' તુતનખામુનની કબર-મકબરો અને એનો સંપૂર્ણ ખજાનો અહીં વિશેષ આકર્ષણ રૂપ છે

જોકે આ બધા વચ્ચે હમણાં ૧ નવેમ્બરના દુનિયાનું સૌથી મોટું મ્યુઝિયમ આમ દર્શકો માટે ખૂલ્લું મૂકવામાં આવ્યું છે. ૧ અબજ ડૉલર અર્થાત આપણા આશરે ૮.૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ સંગ્રહાલયમાં દુર્લભ એવી ૫૬ હજારથી વધુ પ્રાચીન કલાકૃતિ છે. એટલું જ નહીં, આ તાજા ઈજિપ્તના સંગ્રહાલયમાં ત્રણ હજાર વર્ષ જોનો તૂતનખામુનની કબર અને ખજાનો પણ દર્શકોને જોવા મળે છે...

આ મ્યુઝિયમની વિશેષતા એ છે કે એ માત્ર એક જ પ્રાચીન સંસ્કૃતિ ઈજિપ્ત (સિંગલ સિવિલાઈઝેશન) પર આધારિત છે. આ 'ગ્રાન્ડ ઈજિપ્શિયન મ્યુઝિયમ (GEM)' દર્શકો માટે સત્તાવાર રીતે ખૂલ્લુ મૂકાઈ ચૂક્યું છે.

'ઈજિપ્ત ટુ ડે' અનુસાર, એક જ સભ્યતા પર આધારિત ગ્રાન્ડ જેમાં ૭૦૦,૦૦૦ બીસીથી ૩૯૪ પૂર્વે સુધીનો સમયગાળો એક જ સ્થળે આવરી લેવામાં આવ્યો છે. સંગ્રહાલયમાં જે ૫૬,૦૦૦ થી વધુ કલાકૃતિઓ છે એમાં રાજા તુતનખામુનનો સંપૂર્ણ ખજાનો વિશેષ આકર્ષણ રૂપ છે. છેક ૧૯૨૨માં 'બોય કિંગ' તુતનખામુનની કબરની શોધ પછી આ પહેલી વાર તેમનો સંપૂર્ણ ખજાનો એકસાથે જોવા મળશે.

ઈતિહાસ કહે છે કે તુતનખામુને નાની વયે ઈજિપ્તની સત્તા સંભાળી પછી માંડ ૧૯ વર્ષની આયુએ એનું અચાનક અવસાન થયું હતું. એક અહેવાલ મુજબ અશ્વસવારી વખતે ઘોડા પરથી પડી જતા એનું મરણ થયું હતું. એ પછી ખડકો અને કાટમાળ વચ્ચે એની કબર ૩૦૦૦ વર્ષ સુધી દબાયેલી પડી રહી હતી!

આશરે ૫૦૦૦૦૦ ચોરસ મીટર જેટલા વિસ્તારમાં ફેલાયેલા આ સંગ્રહાલયનું વિશાળ પ્રવેશદ્વારને પિરામિડનો આકાર દેવામાં આવ્યો છે અને GEM મ્યુઝિયમમાં છ માળની ઊંચાઈ સુધી ૬,૦૦૦ ચોરસ મીટરની એક સીડી છે, જે મ્યુઝિયમમાં ૧૨ મુખ્ય પ્રદર્શન હોલ-ગેલેરી છે. એમાં મુખત્વે પ્રાગઐતિહાસિક યુગથી રોમન સમયના ઈતિહાસને વિભિન્ન થીમ દ્વારા રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત અહીં બાળકો માટે પણ એક મ્યુઝિયમ છે.

GEMની રોજિંદી ઊર્જા- પર્યાવરણ અને સલામતી માટે અતિ અધુનિક ગોઠવણ છે. ગ્રાન્ડ ઈજિપ્શિયન મ્યુઝિયમનું મુખ્ય બાંધકામ ૨૦૧૬માં શરૂ થયું હતું, જેનું ભવ્ય ઓપનિંગ હમણાં ૧નવેમ્બર, ૨૦૨૫ના રોજ થયું. એક અંદાજ મુજબ આ અદ્ભુત સંગ્રહાલયને નિહાળવા વિશ્વભરથી દર વર્ષે આશરે ૫૦ લાખ મુલાકાતીઓ આવશે એવી ઈજિપ્ત મ્યુઝિયમના કર્તા-હર્તાઓની અપેક્ષા છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# બાળકનું સ્ક્રીન-એક્સપોઝર માનસિક વિકાસ માટે કેટલું જોખમી?

**બાળક સ્ક્રીન સાથે વ્યસ્ત રહે ત્યારે આસપાસના વયસ્ક લોકો સાથે વાતચીતનો અવસર એ ગુમાવી દે છે. સવાલ-જવાબ કરવા, નામ વાંચવાં, ઈશારાઓથી પ્રતિક્રિયા આપવી, આઈ-કોન્ટેક્ટ કરવો જેવી નાની-નાની ક્રિયા બાળકોમાં ભાષા-વિકાસ માટે પાયાના પથ્થર સમાન છે.**

મમ્મી બાળકને કોળિયા ભરાવતી હોય ત્યારે બાળક થાળીને બદલે સ્ક્રીન તરફ ઝુકેલું હોય એવું ‘મધુર’ દ્રશ્ય હવે ઘણાં ઘરોમાં જોવા મળે છે, પણ તે આપણી પારિવારિક આદતો અને બાળકોના વિકાસને લઈને ઊંડા નિહિતાર્થનો સંકેત  પણ છે.

અમુક રાજ્યોને પણ આ દિશામાં વિચારવાની પ્રેરણા મળે તેવા એક અભ્યાસમાં, ‘ઇન્ડિયન એકેડમી ઓફ પેડિયાટ્રિક્સ’ના કેરળ વિભાગે કહ્યું છે કે રાજ્યમાં બે વર્ષની નીચેનાં ૮૯.૧ ટકા બાળકો સ્ક્રીનનાં વ્યસની થઇ ગયાં છે.

પ્રમુખ કારણ એ છે કે તેમને ખવડાવવા માટે, ઊંઘાડવા માટે કે રડતાં હોય તો શાંત કરવા માટે તેમની સામે સ્ક્રીન ધરી દેવામાં આવે છે.

આ અભ્યાસ ‘કેરળ હેલ્થ સર્વિસિસ’ના નિઓનેટોલોજિસ્ટ અને આઈએપીના કોલ્લમ જિલ્લા અધ્યક્ષ ડૉ. મનોજ   મોનીએ કર્યો હતો. તેમના સરકારી ક્લિનિકમાં નિયમિત ૧૮-મહિનાના રસીકરણ માટે લાવવામાં આવતાં બાળકોની  તપાસ દરમિયાન તેમણે આ અભ્યાસ કયો હતો, જેનો નિષ્કર્ષ સ્પષ્ટ હતો. જે પરિવારોમાં માતાઓ ખાલી હાઈ-સ્કૂલ સુધી ભણી હતી તે ઘરોમાં તમામ (૧૦૦ ટકા) બાળકો સ્ક્રીનનાં વ્યસની હતાં. તેનાથી વિપરીત, જે માતાઓ પોસ્ટ-ગ્રેજ્યુએટ હતી ત્યાં સ્ક્રીન ટાઇમ ૮૦ ટકા હતો. અર્થાત્, માતાઓનું શિક્ષણ જેટલું વધુ હોય તેટલું બાળકોનો સ્ક્રીન-ટાઇમ ઓછો હોય, છતાં તે સુરક્ષિત તો ન જ કહેવાય. ભણેલા-ગણેલા પરિવારોમાં પણ આ સ્થિતિ વ્યાપક છે.

સંયુક્ત પરિવારોમાં રહેતાં બાળકોમાં ૯૧.૫ ટકા સ્ક્રીન એક્સપોઝર જોવા મળ્યું હતું. વિભક્ત પરિવારોમાં આ આંકડો થોડો ઓછો- ૭૮.૯ ટકા છે. મતલબઃ સંયુક્ત પરિવારોમાં બાળકો વધુ સ્ક્રીન જોવે છે. તેનું કારણ એ હોઈ શકે કે વધુ સભ્યો હોવાને કારણે બાળક અનેક લોકોની દેખરેખમાં રહે છે, અને સૌની વ્યસ્તતા અથવા સંભાળ રાખવાના પડકારને કારણે સ્ક્રીન સરળ વિકલ્પ બની જાય છે અથવા વિવિધ સભ્યો બાળકોને શાંત કરવા માટે કે મનોરંજન માટે તેમને સ્ક્રીન આપે છે.

ભારતમાં જનસામાન્ય સમસ્યાઓ અને નાનાં બાળકો પર થયેલા ઘણા અભ્યાસોમાં વારંવાર એવું જાણવા મળ્યું છે કે બાળકોમાં સ્ક્રીનનું એક્સપોઝર વ્યાપક છે. કેટલાક મોટા શહેરોમાં અને વિશિષ્ઠ સર્વેમાં જાણવા મળ્યું છે કે ક્વોલિટી ટાઈમના બહાને બાળકોને સ્ક્રીન પર વળગાડી દેવાનું ચલણ સૌથી મોખરે છે. એક અભ્યાસમાં બાળકોને ખવડાવાનાં   મુખ્ય કારણોમાં સ્ક્રીનનો ઉપયોગ લગભગ ૪૬ ટકા હતો. બીજો એક અભ્યાસ કહે છે ૮૦ ટકાથી વધુ પરિવારોમાં બાળકોને ટીવી સામે બેસાડીને ખવડાવવામાં આવે છે. આવી આદતોની બાળકોના વિકાસ પર અસર પડે છે.

‘અમેરિકન મેડિકલ એસોસિએશન’ના જર્નલ જામા પેડિયાટ્રિક્સનો રિપોર્ટ કહે છે કે એક વર્ષની ઉંમરમાં વધુ પડતા સ્ક્રીન-એક્સપોઝર પછી બાળકમાં કોમ્યુનિકેશન અને પ્રોબ્લેમ-સોલ્વિંગની ક્ષમતા વિલંબથી વિકસે છે એટલે કે શરૂઆતની ઉંમરમાં આવી જતી સ્ક્રીનની નિર્ભરતા બાળકોમાં બોલવા-સમજવાના અવસર ઓછા કરે છે, કારણ કે બાળક સ્ક્રીન સાથે વ્યસ્ત રહે ત્યારે તે તેની આસપાસના વયસ્ક લોકો સાથે વાતચીતનો અવસર ગુમાવી દે છે. સવાલ-જવાબ કરવા, નામ વાંચવાં, ઈશારાઓથી પ્રતિક્રિયા આપવી, આઈ-કોન્ટેક્ટ કરવો જેવી નાની-નાની ક્રિયાઓ બાળકોમાં ભાષા-વિકાસ માટે પાયાના પથ્થર સમાન છે. બાળકો જેટલાં વહેલાં અને જેટલાં વધુ સ્ક્રીનના સંપર્કમાં આવે છે, તેમની ભાષાઈ કુશળતા પર એટલો જ નકારાત્મક પ્રભાવ જોવા મળે છે.





બાળકનું મોઢું સ્ક્રીન તરફ રાખીને તેને ખવડાવાની ટેવથી તેનું ધ્યાન આહારને બદલે વિજ્યુઅલ-ઉત્તેજના પર રહે છે. તેનાથી તેની સતર્કતા (એટેન્શન) ક્ષમતા પર અસર પડે છે, ભોજન સાથે જોડાયેલી સ્વાદ, ગંધ અને તેની બનાવટને સમજવાની સમજ ઘટે છે અને ખાવાનું ખાવું તે યંત્રવત બની જાય છે. લાંબા સમય સુધી આવી આદત એટેન્શન સંબંધિત સમસ્યા, ખાવા-પીવાની અનિયમિતતા અને આહાર સંબંધી અસંતુલિત ટેવોને જન્મ આપે છે.

અન્ય અનેક અભ્યાસોમાં એવું પણ જાણવા મળ્યું છે કે સ્ક્રીન સામે રાખીને ખાવાથી બાળકોમાં સ્થૂળતા અને પેટની બીમારીઓ પણ થાય છે. ખાતી વખતે પેરેન્ટ્સ અને બાળક વચ્ચે ‘કેમ નથી ખાતો?’ અથવા ‘આ ખાવાનું કેવું છે?’ અથવા ‘ચાવીને ખા’ જેવા નાનકડા સંવાદો બાળકોના સામાજિક-ભાવનાત્મક વિકાસ માટે જરૂરી છે. જો તેની જગ્યા સ્ક્રીન લઈ લે તો બાળકો અને તેમની દરકાર કરનારાઓ વચ્ચેની ઘનિષ્ઠતા ઓછી થઇ જાય છે. પછી પરંપરાગત પેરેન્ટિંગની જગ્યાએ સ્ક્રીન-પેરેન્ટિંગ આવી જાય છે. આના કારણે બાળકની ભાવનાત્મક સુરક્ષા અને આત્મ-નિયંત્રણ ક્ષમતાઓ પર અસર પડી શકે છે. પિતા- માતા પણ આના પર બહુ  ધ્યાન  નથી આપતા, કારણ કે એ લોકો ખુદ મોબાઈલ ફોનનાં વ્યસની છે.

ભોજનનો સમય પરિવારોમાં બાળક અને પેરેન્ટ્સ વચ્ચે ઘનિષ્ઠતા વધારવાનો છે. આપણું વર્તમાન જીવન આમ પણ   ઘણું વ્યસ્ત રહે છે. ખાતી વખતે એકબીજા સાથે વાતો કરવી એ સદીઓ જૂની પરંપરા રહી છે અને તેના ચોક્કસ ભાવનાત્મક લાભ પણ છે. હવે પેરેન્ટ્સ અને બાળકો સ્ક્રીનમાં મોઢું ઘાલી રાખે છે. એવું નથી કે સ્ક્રીન શેતાન છે, પણ આપણે તેની સાથે કેવી રીતે પનારો પાડવો તેની શિસ્ત નથી વિકસાવી.

કેટલીક ડિજિટલ સામગ્રીઓ અને વીડિયો-કોલ ક્યારેક ઉપયોગી હોઈ શકે છે અને વ્યસ્ત માતા- પિતાઓ માટે સ્ક્રીન અસ્થાયી મદદરૂપ પણ થઈ શકે છે, પરંતુ મુખ્ય મુદ્દો છે બાળકો માટે સરળતાથી સ્ક્રીનની ઉપલબ્ધી તેમના માનસિક વિકાસ માટે જોખમી છે. વિશ્વ આરોગ્ય સંગઠન અને બાળકોના વિશેષજ્ઞ ઓછી ઉંમરના બાળકો માટે   સ્ક્રીન-સમયને કડક રીતે મર્યાદિત કરવાની સલાહ આપે છે. કેરળનો અભ્યાસ આ જ વાત કરે  છે. હવે પૂરા ભારતમાં પણ આ વિશે વ્યાપક જાગૃતિની જરૂર છે.■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# રોકાણનાં  વિવિધ સાધન સાથે સંકળાયેલાં લાભ-જોખમ

**આપણે ગયા અઠવાડિયે રોકાણ જગતમાં નવા પ્રવેશી રહેલાં રોકાણકારોને પાયાની સમજણ આપી હતી. હવે જાણીએ રોકાણ જગતનાં વિવિધ વિકલ્પ અને એના ઉપલબ્ધ લાભ-ગેરલાભ**

દરેક વર્ગ માટે ચોક્કસ પ્રકારની રોકાણ યોજના હોય છે તો ‘દરેકે એની મૂડીનું ક્યાં રોકાણ કરવું જોઈએ?’

વેલ, એના જવાબમાં વિવિધ પ્રકારના રોકાણ વિકલ્પ છે, જેમકે ફિઝિકલ એસેટસ એટલે કે રિયલ એસ્ટેટ, સોનું- જ્વેલરી, કોમોડિટીઝ વગેરે. આ ઉપરાંત ફાઈનાન્શિયલ એસેટસ જેમ કે બૅન્કોમાં ફિક્સ્ડ ડિપોઝિટ્સ, પોસ્ટ ઓફિસમાં સ્મોલ સેવિંગ સ્કિમ્સ, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ અથવા પેન્શન ફંડ, શેર્સ, બોન્ડ્સ, ડિબેન્ચર્સ, મ્યુચ્યુઅલ ફંડસ વગેરે જેવા સિક્યુરિટીઝ માર્કેટનાં ઈન્સ્ટ્રુમેન્ટ્સનો પણ સમાવેશ થાય છે.

આમાં અમુક સાધનો ટૂંકા ગાળાના હોય છે તો અમુક લાંબા ગાળાના. યાદ રહે, સમયગાળો જેટલો લાંબો તેટલું જોખમ મર્યાદિત અથવા નહીંવત અને વળતર તુલનાત્મક રીતે બહેતર. લોંગ ટર્મ રોકાણમાં પોસ્ટ ઓફિસ સેવિંગ્સ, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, કંપની ફિક્સ્ડ ડિપોઝિટ્સ, બોન્ડ્સ અને ડિબેન્ચર્સ, મ્યુચ્યુઅલ ફંડ્સ, ઈન્શ્યુરન્સ પોલિસી, ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. એના લાભ-  ગેરલાભ પણ સમજવા જોઈએ.

## સોનામાં રોકાણ

સૌપ્રથમ ગોલ્ડની વાત કરીએ તો ભારતમાં રોકાણના વિકલ્પોની ચર્ચા થાય ત્યારે ઘણી વાર સોનું ખરીદવાની સલાહ આપવામાં આવે છે. તમારી બચતનું રોકાણ કરવું હોય તો ફિઝિકલ ગોલ્ડમાં રોકાણ એ સૌથી સરળ બાબત છે. પરંપરાગત અનુભવ અને સમજણ સૂચવે છે કે લાંબા ગાળે સોનામાં સારું વળતર મળે છે. જોકે દર વખતે એમ થાય એવું જરૂરી નથી, તાજેતરમાં સોનામાં જોવાયેલું અસારણ વળતર કે વૃદ્ધિ એ અપવાદરુપ ઘટના કહી શકાય, અલબત્ત, સોનું સેફ હેવન તો ચોકકસ કહેવાય. સોનાને વ્યક્તિગત ઉપયોગ માટે ઘરેણાંમાં રૂપાંતરિત કરી શકાય છે. આ ઉપરાંત નાણાકીય કટોકટી કે ઇમરજન્સીમાં સોનું સહેલાઈથી લોન માટે ગીરવે મૂકી શકાય છે.

હવે આમાં જોખમની વાત સમજીએ તો સોનાની કિંમત મેક્રો ઈકોનોમિક પરિબળો પર આધારિત હોય છે. ફિઝિકલ ગોલ્ડની ખરીદી અને વેચાણ સમયે તેની ગુણવત્તાના સંદર્ભમાં ઓછી પારદર્શકતાની શકયતા રહેલી હોય છે. સોનાની ચોરી થવાનું મોટું જોખમ હોય છે. સોનાનો સંગ્રહ અને જાળવણી પણ ખર્ચાળ હોય છે. સોનામાં રોકાણ દરમિયાન કરલાભનો અભાવ હોય છે. વધુમાં સોનામાં રોકાણથી તેના દ્વારા નિયમિત આવક પણ પ્રાપ્ત થતી નથી. તેથી જ એકસપર્ટ વર્ગ સોનામાં મર્યાદિત રોકાણ કરવાની સલાહ આપે છે.

## રિયલ એસ્ટેટમાં રોકાણ

જીવનની ત્રણ મૂળભૂત જરૂરિયાત પૈકીની એક રિયલ એસ્ટેટમાં કરેલા રોકાણને ઓછી અસ્થિરતાનો સામનો કરવો પડે છે. પ્રોપર્ટીની બજાર કિંમત સતત વધતી હોવાથી રોકાણ માટેની આ હંમેશાની પસંદ હોય છે. જોકે આમાં રોકાણ માટે નાણાં પણ ભરપૂર કે ઊંચી માત્રામાં ઉપલબ્ધ હોવા જોઈએ. રિનોવેશન અને સમારકામ દ્વારા પ્રોપર્ટીની કિંમતમાં વધારો થઈ શકે છે. પ્રોપર્ટીને ગીરવે મૂકવી સરળ હોય છે અને પ્રોપર્ટીને ભાડે આપીને નિયમિત આવક મેળવી શકાય છે. બાકી રહેવા માટે ખરીદેલી પ્રોપર્ટી તો પાયાની જરૂરીયાતમાં આવે. જોકે પ્રોપર્ટીમાં રોકાણના જોખમને સમજીએ તો પ્રોપર્ટીને ખરીદવા માટે તમારે બચતમાંથી બહુ જ મોટી રકમનું રોકાણ કરવું પડે છે. સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ચાર્જિસને પરિણામે સોદાનો ખર્ચ પણ ઘણો વધુ થાય છે. પ્રોપર્ટીની જાળવણીનો ખર્ચ પણ ઘણો વધુ હોય છે. કટોકટીના સમયે પ્રોપર્ટીનું ઝડપી વેચાણ મુશ્કેલ બની શકે છે. જોકે હવે નાની રકમ સાથે રોકાણ થઈ શકે એવાં સાધન આવી ગયા છે, પણ તેમાં હજી જાગ્રતિનો અભાવ છે.

## ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ :

ફિક્સ્ડ ડિપોઝિટના વ્યાજ દરો પૂર્વનિર્ધારિત હોય છે. નાણાંની સુરક્ષા અને સારા વળતરની ખાતરી સાથે ફિક્સ્ડ ડિપોઝિટ ચોક્કસ સમયગાળા માટે લોક કરી શકાય છે, જેમાં ચોક્કસ વળતરની ખાતરી છતાં અન્ય ટૂંકા ગાળાના રોકાણની તુલનાએ ફિક્સ્ડ ડિપોઝિટ્સનું વળતર સામાન્યપણે ઓછું હોય છે. જો તમે ફિક્સ્ડ ડિપોઝિટ્સને પાકતાં પૂર્વે જ પાછી ઉપાડી લો તો તમારા વળતરને કયાંક નુકસાન થાય છે અથવા ફિક્સ્ડ ડિપોઝિટ્સ પર તમને ઓછું વ્યાજ મળે છે. ફિક્સ્ડ ડિપોઝિટ પરની વ્યાજની રકમ પણ કરપાત્ર હોય છે.


## સ્ટોક માર્કેટઃ વળતર વધુ-જોખમ વધુ...

સ્ટોક માર્કેટમાં રોકાણ પર પ્રમાણમાં વધુ વળતર પ્રાપ્ત થાય છે. નાની રકમ સાથે પણ રોકાણનો પ્રારંભ કરી શકાય છે. એક વર્ષથી વધુના રોકાણ પર લોંગ ટર્મ કેપિટલ ગેન ટેકસ ઓછો લાગે છે. જોકે તેમાં પણ જોખમની વાત કરીએ તો શેર માર્કેટમાં વધુ વોલેટિલિટી રહેતી હોવાથી ટૂંકા ગાળાનું રોકાણ ઘણું જોખમી હોય છે. યોગ્ય સ્ટોક્સની પસંદગી પણ મુશ્કેલ હોઈ શકે છે. આમાં ધીરજ, સંયમ અને યોગ્ય સમજણ વિના પ્રવેશવું ભારે જોખમી બની શકે છે. સ્ટોક માર્કેટ એ પબ્લિક માર્કેટ છે, જેમાં શેરોનું ટ્રેડિંગ અને ઈન્વેસ્ટમેન્ટ બંને થાય છે. શૅરબજાર અથવા ઇક્વિટી માર્કેટમાં જોખમ ઊંચું રહે છે તો વળતર પણ ઊંચું રહે છે, પરંતુ સ્ટોકસની પસંદગી અને તેને જાળવી રાખવાનો સમયગાળો લાંબો હોવો જોઈએ. આ વિષય ગહન છે, જેની ચર્ચા પણ લાંબી થઈ શકે. જેથી ફરી કયારેક આ વિષયની આજના અને ભાવિ સંદર્ભમાં વિગતે વાત કરીશું. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# કૈલાશ એટલે આસ્થા-શ્રદ્ધા સાથે રહસ્ય-ભેદનો પર્વત...





કૈલાશ પર્વત. કબૂલ કે આ હિન્દુઓનું વિશાળ આસ્થા કેન્દ્ર છે. દેવોના દેવ મહાદેવનું એકમાત્ર સરનામું, નિવાસસ્થાન છે આ પર્વત. આની પરિક્રમાનું અદ્ભુત મહત્ત્વ હોવાનું વર્ણન મળે છે,  સ્વીકારાય છે. આમ છતાં કુદરતી કરામત વિજ્ઞાન માટે એક કોયડો છે, સદીઓથી વણઉકલ્યો કોયડો.

નકશાનો ધ્યાનથી અભ્યાસ કરીએ તો આ કૈલાશ પર્વતમાળા છેક ભારતના કાશ્મીરથી  લઇને ચીનના કબજા હેઠળના તિબેટ અને ભુતાન સુધી પ્રસરેલી છે. આ કૈલાશ પર્વતમાળાનું ઉત્તરી શિખર કૈલાશ પર્વત તરીકે ઓળખાય છે. એવી આકૃતિ વિશાળ-ભવ્ય શિવલિંગ જેવી દેખાય છે અને એનું સ્થાન પણ કેવું અદ્ભુત અલૌકિક છે! એ ષોડશદલ (સોળ પાંખડીવાળા) કમળના વચ્ચોવચ છે.

દૂરથી કાયમ શુભ્રધવલ દેખાતો કૈલાશ પર્વત કાયમ બરફથી છવાયેલો હોય છે. અહીં સુધી પહોંચવું કે ત્યાં પ્રવાસ કરવું એ લોઢાના ચણા ચાવવાથીય આકરું છે.

આ બધા થીજવી નાખતા અવરોધ અને જોખમ છતાં શ્રદ્ધાળુઓની આસ્થાને ડગાવી શકતા નથી. આની સાથે જોડાયેલી આસ્થા અને શ્રદ્ધાની માન્યતા જ એટલી જબરદસ્ત છે કે ન પૂછો વાત. તિબેટના  ભોટિયા લોકોમાં કૈલાશ માનસરોવરની પરિક્રમા અત્યંત મહત્ત્વપૂર્ણ મનાય છે. એક પરિક્રમાથી એક જન્મના અને દશ પરિક્રમાથી બધા પાપનો નાશ થાય છે. અને જો આની ૧૦૮ વાર પરિક્રમા થાય તો જન્મ અને મરણના ફેરામાંથી મુક્તિ મળી જાય એટલે મોક્ષ.

કૈલાશ પર્વત ખૂબ પ્રાચીન છે. એટલી જ મહાન એના પરની આસ્થા ને શ્રદ્ધા છે. આ મહત્ત્વને પ્રતાપે જ સ્કંદ પુરાણ, શિવપુરાણ અને મત્સ્ય પુરાણમાં કૈલાશ ખંડ નામના અલાયદા અધ્યાય છે. આમાં કૈલાશ પર્વતના મહિમાનું સવિસ્તાર વર્ણન છે. એના રહસ્યોનો ઉલ્લેખ છે, જેને દુનિયાભરના વિજ્ઞાનીઓ આજ સુધી ઉકેલી તો ઠીક સમજી પણ શકયા નથી.

પૌરાણિક માન્યતા મુજબ તો કૈલાશ પર્વત પાસે જ ધનપતિ કુબેરની અલકાપુરી નગરી આવેલી છે. અહીં જ વિષ્ણુના કર-કમળમાંથી વહીને ગંગા માતા કૈલાશ પર્વતની ટોચ પર પડે છે. જયાં ભોલેનાથ એને પોતાની જટાઓમાં ઝિલ્યા બાદ નિર્મળ ધારા તરીકે અવતરિત કરે છે. એવું ય મનાય છે કે કૈલાશની ઉપર સ્વર્ગલોક અને નીચે મૃત્યુલોક છે.

આ બધી પૌરાણિક બાબતો, શ્રદ્ધા અને આસ્થા સિવાય અનેક રહસ્યો છે, જે વણઉકલ્યા છે પણ જાણી-સમજીને અવશ્ય વિસ્મય પમાડે એવા છે.

કૈલાશ પર્વતમાળા જેટલી પ્રાચીન અને વિશાળ છે, એવું જ એમાં મહત્ત્વ અને ભેદભરમનું છે. જો વિગતવાર એક એક મુદ્દા પર લખાય તો પાનાના પાનાં નહીં, પુસ્તકો ભરાઇ જાય.

તમને ખબર છે કે દુનિયાના સૌથી ઊંચા માઉન્ટ એવરેસ્ટને સાતેક હજાર જણ સર કરી ચૂકયા છે. મતલબ કે ત્યાં જીવતા પહોંચ્યા છે અને સલમાત પાછા ફર્યા છે. પણ લંબાઇમાં એનાથી હજારો મીટર નીચું અને વિશ્વના ટોચના ૧૦૦ પર્વતોની યાદીમાં સ્થાન ધરાવતા કૈલાશ પર્વત પર કોઇ ચડી શકયું નથી. એકદમ અનુભવી કે ભારે સાહસિક પર્વતખેડુ પણ નહીં! ત્યાં જવાનો પ્રયાસ કરનારાઓને કૈલાશ પર્વત ભેદી અને રહસ્મય લાગ્યો. માની કે કલ્પી ન શકાય એવા અનુભવો થયા.

વીસમી સદીના અંત ભાગમાં સાઇબેરિયન પર્વતારોહકોની ટુકડીએ કૈલાશ પર્વત  સર કરવાની કોશિશ કરી હતી પણ તેઓ ભેદી રીતે ગાયબ થઇ ગયા હતા. એ ટુકડીના પર્વતારોહણના આરંભિક તબક્કાની જે વિગતો બહાર આવી એ માની શકાય એમ નહોતી. ચડાણ શરૂ કર્યાના કલાકોમાં જ ન થવાનું થવા માંડયું. તેમની ઉંમર ઝડપભેર વધવા માંડી હોય એવું વર્તાવા માંડયું. વાળ અને નખ અસાધારણ  ઝડપે વધવા લાગ્યા હતા. જાણે કલાકોને બદલે તેઓ કેટલાય મહિનાઓથી પર્વતારોહાણ કરતા હોય એવી નખ-વાળની વૃદ્ધિ હતી. કોઇક અગમ્ય ભય અને ડરને લીધે અમુક લોકોને પાછા ફરવામાં ડહાપણ સમજાયું હતું. આમ છતાં એકાદ વર્ષની અંદર આ ટુકડીના એક-એક પર્વતારોહક ઉંમર લક્ષી માંદગીને લીધે મૃત્યુ પામ્યાં, જયારે તેમની સાચી ઉંમર તો વૃદ્ધવસ્થાથી ઘણી દૂર હતી.

આમ કેમ, કેવી રીતે અને શા માટે થયું એનો જવાબ કોઇને નથી મળ્યો આજ સુધી.

આપણા દેશના એક જાણીતા અને સૌથી મોટા અંગ્રેજી અખબારમાં કૈલાશ પર્વત સંબંધી લેખમાં જે પ્રગટ થયું એ ઘણું સૂચક છે. વિશ્વની સર ન કરી શકાયેલી પર્વતીય ટોચ જેણે આ પવિત્ર પર્વત પર જવાના પ્રયાસ કર્યા તેમણે જીવ ગુમાવ્યા કાં કયારેય પાછા ન ફર્યા.

કૈલાશ પર્વત જાણે શ્રદ્ધા-આસ્થા સાથે રહસ્ય-ભયનો તોતિંગ પહાડ હોય એવું લાગ્યા વગર ન રહે. (ક્રમશ)■




# શશશ... જો જો કોઈને કહેતા નહીં!

## જાહેરમાં કહું છું ‘ખાનગી રાખજો!’નું આ તે કેવું ચક્કર?!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

‘શશશ ધીમે બોલ ખબર છે ને દીવાલોને પણ કાન હોય છે’ હંસામાસીએ ઘેર આવેલી બહેનપણીને કહ્યું.

બીજા કોઈ ઘરમાં પણ આવી જ વાત શીતલબહેને એમનાં જૂના પાડોશીને ફોન કર્યો :

‘જો સાંભળ, આ તો આપણા બે વચ્ચેની જ વાત છે હોં, જો જો કોઈને કહેતા બેલાબહેન છે ને એમનાં ઘરની, એમનાં મનની વાત ખાલી મને જ કરે... એમને મારી ઉપર પૂરો વિશ્વાસ કે મને કરેલી વાત મારા પેટમાં જ રહે, ક્યાંય બહાર જાય જ નઈ ને. આ તો તમે મારા ખાસ ને એટલે તમને કહ્યું, પાછા તમે કોઈને કહેતા નઈ હોં! આ તો શું ખોટા એ બદનામ થાય.’

મનસુખભાઈએ મોર્નિંગ વોક કરતાં જયેશભાઈને કહ્યું કે ‘બોલો, પેલા શરદને શેરબજારમાં મોટું નુકસાન થયું છે તોયે કેવા ઠાઠથી રહે છે, જો પણ આ તો અંદરની વાત છે હોં, મારું નામ ના આવે.’

આપણા સમાજની રચના જ કંઈક આવી છે. વાત કરવી, વાત મેળવવી, વાત ફેરવવી, વાત વાળવી, વાત સાચવવી આ બધું જ વાત શરૂ કરવાથી થાય છે. જો આપણી ખાનગી વાત પોતાના સુધી ના રાખી શકતાં હોઈએ તો બીજા પાસેથી શું અપેક્ષા રાખી શકાય? હા, આપણા દરેકનાં જીવનમાં એક વ્યક્તિ એવી હોય છે અને હોવી જ જોઈએ, જે આપણને સમજે છે, આપણી હિતેચ્છુ છે.

જરૂર પડે સાચી સલાહ આપે છે તો સમય આવ્યે ઠપકો પણ આપે છે. જો તમારા જીવનમાં આવી કોઈ વ્યક્તિ છે તો તમે સાચે નસીબદાર છો! મુશ્કેલી એ છે કે કોઈની પણ ખાનગી વાત પચાવનાર કે પછી વાત ખાનગી રાખે તેવા લોકો જવલ્લે જ મળે છે.

અઠંગ રાજનેતા બેન્જામિન ફ્રેન્કલીને કટુ શબ્દોમાં લખ્યું છે કે ‘ત્રણ જણ વચ્ચે વાત ખાનગી ત્યારે જ રહે જ્યારે ત્રણમાંથી બે જણ હયાત ના હોય!’

ભાવાર્થ એ જ કે માનવ સ્વભાવની એક લાક્ષણિકતા છે કે જે માહિતી તેને મળે છે તે બીજા સુધી પહોંચાડવાની તાલાવેલી તેને લાગે છે. જ્યાં સુધી પોતે સાંભળેલી વાત બીજાને ના કરે ત્યાં સુધી તેને ચેન નથી પડતું. કોઈએ જે વિશ્વાસ સાથે પોતાનાં મનની વાત તેને કરી હોય તેવા જ વિશ્વાસ સાથે યે એ જ વાત પોતાનાં વિશ્વાસુને કરે છે પણ ભૂલી જાય છે જે વ્યક્તિએ એના પર વિશ્વાસ રાખ્યો છે તૂટવાનો જ!

યાદ છે, નાના હતાં ત્યારે એક રમત રમતાં. રમતનું નામ – ટેલિફોન. આમાં બધાં મિત્રો એક વર્તુળમાં બેસે. કોઈ પણ એક જણ કોઈ વાક્ય બાજુમાં બેઠેલાને ખાનગી રીતે કાનમાં કહે અને આગળ આગળ બીજાને કહીને વર્તુળ પૂરું થાય. જેનો વારો છેલ્લો હોય તે સાંભળેલું વાક્ય મોટેથી બોલે. એક વાક્ય પહેલીથી છેલ્લી વ્યક્તિ સુધી પહોંચતા સુધી બદલાઈને એટલું હાસ્યાસ્પદ થઈ ગયું હોય કે હસી હસીને બધાં આ રમતની મજા લે. ચીનમાં ‘ચાઈનેસ વિસ્પર્સ’ તરીકે ઓળખાતી આ ‘કોઈને કહેતાં નઈ’ વાળી ખાનગી વાતમાં પણ આવું જ કંઈ થાય છે. ઘણી વાર તો આખે આખી વાત, પ્રસંગ, નામ, સમય, વ્યક્તિ બધું જ બદલાયા કરે છે. લોકો સાંભળે અડધું અને વાતમાં પોતાની રીતે મસાલા ઉમેરીને બમણા જોશથી આગળ વધારે.

કહેવાતા તાજા ખબર અને અફવાઓને હવા એમ જ નથી મળતી. બોલનારને તો મજા આવે જ છે પણ પારકા લોકોની વાતો સાંભળવામાં અને જેને ઓળખતા પણ નથી એની પણ પંચાત કરવામાં લોકોને જબરો રસ પડે છે. આ માનવ સ્વભાવની ફક્ત લાક્ષણિકતા નહીં, પણ વિચિત્રતા પણ કહી શકાય.

વાત ફેરવવાની (કુ)ટેવ ઓછા વત્તા અંશે લગભગ આપણા બધામાં હોય છે. બીજાની દુઃખી વાતે સુખી થવામાં ક્યાંક તો અહં સંતોષાય છે તો ક્યાંક બીજાને ઊતરતાં મનાય છે. આવી રીતે વાત કરનારાને ગોપનીયતાની કિંમત નથી.

‘વાત ફેરવી ફેરવીને કહેવાની કુટેવ છોડવી જોઈએ’ એવું કહેવાનો કોઈ મતલબ નથી. જે ટેવ હકીકતમાં કુ -ટેવ છે તે સહેલાઈથી જવાની નથી માટે આપણે નક્કી કરવું રહ્યું કે ખાનગી વાત કોને કરવી જોઈએ. આપણી એવી કોઈ અંગત વ્યક્તિ કે જે સાચે જ આપણું સારું ઈચ્છતી હોય તેને ખાનગી વાત કરી શકાય કે તેની પાસેથી સલાહ લઈ શકાય. હા, પણ જેનાં પર એક ટકા જેટલો પણ અવિશ્વાસ જાગે એવી વ્યક્તિ સામે લાલ સિગ્નલ માની ચૂપ રહેતાં શીખવું પડે. કોને શું અને કેટલું કહેવું એ આપણા અનુભવના આધારે શીખી લેવું પડે...ખાનગી વાત જ્યાં સુધી આપણા મોઢાની બહાર ના નીકળે ત્યાં સુધી જ ખાનગી છે એમ માનીને ચાલવું બાકી દીવાલને માત્ર કાન જ નહીં, બીજાને કહી દેવા માટે મોઢું પણ હોય છે!

**બોલો, તમે શું કહો છો?!**

---

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી feedback@bombaysamachar.com

# ગુજરાતનાં ઘાસિયાં મેદાનમાં કલરવ કરતાં મુસાફર પક્ષી- કુંજ

**પંખીઓ** સૃષ્ટિનાં આરંભથી જ આ ધરાને વસુધૈવ કુટુંમ્બકમની ભાવનાથી જોતા આવ્યા છે અને એ ક્રમ આજ દિન સુધી ચાલતો આવ્યો છે. યુરોપિયન દેશોમાંથી ભારત આવતા વિવિધ પક્ષીઓની મુસાફરીનું વિજ્ઞાન અચરજ પમાડે તેવું હોય છે. આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યાં છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીના એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પતઝડની મોસમ બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું. જીવનનાં દરેક પાસાઓનો ખૂબ જ ઓછા સમયમાં અનુભવ કેળવીને કોઈ પણ જાતનાં સ્વાર્થ વિના બધી જ હકારાત્મક અને નકારાત્મક શક્યતાઓને તેઓ પોતાની આગલી પેઢીને શીખવે છે. આ જ પક્ષીઓ સરળ અને સફળ લાંબી એટલે કે હજારો માઈલની મુસાફરી માટેની વ્યૂહ રચનાને દરેક સાથીદારોના મગજમાં ઠસ્સાવી દે છે અને સઘળાં પક્ષીઓ એક સાથે મુસાફરી આદરે છે. મારા પપ્પા ખેતરમાં ઊંચે નજર માંડીને કહેતા કુંજડાં આવવાનાં શરૂ થઇ ગયા એટલે હવે શિયાળો બેઠો સમજો. આ કુંજ ગજ્જબનાં મુસાફર જીવડાં હો ભાઈ. શિયાળાનું પાકું એંધાણ જ આ પક્ષીઓ આપે. આપણા પ્રદેશમાં શિયાળુ મોંઘેરા મહેમાન કુંજનાં આગમનની શરૂઆત થઇ ચૂકી છે. સદીઓથી પક્ષીઓ આ સૃષ્ટિ પર રાજ કરતા આવ્યા છે. પક્ષીઓનાં માઈગ્રેશન રૂટ સેન્ટ્રલ એશિયન ફ્લાયવેનો મહત્ત્વનો હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે એટલે હવે અવનવા પક્ષીઓ મુસાફર બનીને ગુજરાત આવે છે. પંખીઓનાં આવા વિશ્વને શ્રી ધ્રુવ ભટ્ટે અદ્‌ભુત શબ્દો આપ્યા છે.

*પાંખમાં ભરીને ચલો આખું આકાશ કોઈ તગતગતા સરોવરમાં ઢોળીએ*
*ભાંગતા કિનારાનું ભાંગે એકાંત એવી કલબલતી કોઈ વાત બોલીએ*
*માળાનો હોય નહીં આપણને સાદ સાવ ટૂંકા રોકાણ છીએ આપણે*
*યાયાવર ગાન છીએ આપણે*

– ધ્રુવ ભટ્ટ



શિયાળો બેસે કે ગુજરાત અને રાજસ્થાનનાં રણ વિસ્તાર, ઘાસિયાં મેદાનો અને સરોવરોની આસપાસનાં ખેતરોમાં કુંજનો કલરવ ગુંજવા માંડે. વહેલી સવારે ઊંચે આકાશમાં નજર માંડો કે એકમેકની પાછળ શિસ્તબદ્ધ V શેપમાં ઉડાન ભરતા નજરે ચઢે. દેખાવે આકર્ષક લાગતા કુંજ મોટા ભાગનો સમય ખોરાક શોધવામાં જ વિતાવતા હોય છે. પોતાની લાંબી અને મજબૂત ચાંચનો ઉપયોગ કરીને જમીનમાં ઉગેલા ઝાંખરાઓનાં મૂળ ખોદીને તેઓ ખાતા હોય છે. તેઓનું દિશા જ્ઞાન અચરજ પમાડે તેવું છે. જે રૂટનો ઉપયોગ કર્યો હશે એ જ રસ્તેથી તેઓ પરત ફરે છે અને એ જ પ્રક્રિયા વર્ષો વર્ષ સુધી ચાલ્યા જ કરે છે. મોટાભાગે તેઓ ૨૫૦૦ મીટર કરતા વધારે ઊંચાઈ વાળા વિસ્તારો પરથી ઉડવાની પ્રક્રિયાને ટાળતા હોય છે જેથી યોગ્યતા માત્રામાં હવાની મદદ મળી રહે અને શક્ય એટલા ઓછા સમયમાં યોગ્ય સ્થળે વિરામ માટે ઉતરાણ પણ કરી શકાય. યુરોપિયન દેશોમાં વધુ માત્રામાં જોવા મળતું આ પક્ષી રાજસ્થાન અને ગુજરાતને પોતાનું શિયાળુ આવાસ બનાવે છે. કચ્છનાં મોકળા બન્નીનાં ઘાસિયાં મેદાનો તેઓ માટે સ્વર્ગ છે. નળ સરોવર આસપાસનાં ખેતરોમાં, કાઠિયાવાડનાં ભાલ વિસ્તારનાં મગફળીનાં ખેતરોમાં, કચ્છનાં નાના રણનાં ખુલ્લાં મેદાનોમાં આ પક્ષીઓ ખૂબ જ મોટા સમૂહમાં ઊતરે છે. આ પક્ષીઓની ઉડાનને જોઈને જાણે પળવાર માટે જગ વિસરી જવાય એવો એનો નાદ હોય છે.

અસંખ્ય પક્ષીઓ એક સાથે ઝડપથી ઉડતા હોવા છતાં એકમેક સાથે એવો તાલમેળ જાળવે છે. તેઓ એકબીજાને મદદ કરીને સુરક્ષિત રીતે હજારો કિમી જેટલી મુસાફરી દિવસ દરમ્યાન સતત ઉડાન ભરીને પાર પાડે છે અને રાત થતા જ સુરક્ષિત વિસ્તાર પસંદ કરીને આરામ કરે છે અને દિવસની શરૂઆત થતા જ ફરી ઉડાન શરૂ કરે છે. પરત ફરતી વખતે ગુજરાતથી નીકળીને પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને છેલ્લે કઝાકિસ્તાન પહોંચે છે અને ફરી પાછા ગુજરાતનાં નળ સરોવર સુધી પરત ફરે છે. કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે.

બનાકસકાંઠાનો રણ વિસ્તાર, પોરબંદર નજીક આવેલ અમીપુર ડેમ વિસ્તાર, મોકરસાગર જળ પ્લાવિત ક્ષેત્ર, માંડવીનો દરિયાઈ પટ્ટો, કચ્છનાં નાના રણથી લઈને રાજસ્થાનનાં રણ વિસ્તારનો વિશાળ પટ્ટામાં કુંજનો કલરવ આખા શિયાળા દરમ્યાન સાંભળવા અને જોવા મળે. શિયાળાની ઋતુમાં કુદરતનાં સંપૂર્ણ પણે ખીલેલા રંગો, પંખીઓનું મધુર સંગીત અને સમીરનાં સ્પર્શની શીતળતાનો અનુભવ શબ્દોમાં વર્ણવીને કોઈ સાથે શેર કરવા કરતા વગડાની વાટે જ નીસરી જવું પડે.

અમદાવાદ નજીકની નવી જ જાહેર કરાયેલી રામસર સાઈટ થોળ પક્ષી અભયારણ્યમાં હાલમાં કુંજનાં ટોળેટોળા તળાવનાં કિનારે ગમ્મત કરતા જોવા મળે એમને જોવામાં મારો આખો ટંક ક્યાં જતો રહે એ સૂર્ય ક્ષિતિજ પર ઢળ્યા પછી જ ખયાલ આવે. ઓક્ટોબર – નવેમ્બર દરમ્યાન શરૂ થયેલું માઈગ્રેશન થકી ડિસેમ્બરમાં ખૂબ જ મોટા પ્રમાણમાં કુંજ જોવા મળે છે. માર્ચ એપ્રિલ મહિનાની ગરમી શરૂ થતા જ પોતાનાં બ્રિડીંગ ગ્રાઉન્ડ તરફ પરત ફરવા ઉડાન ભરે છે.

દુનિયા માટે દિવસ ઢળે પણ મારા માટે તો દિવસ ઊગે. સોનેરી સંધ્યા ટાણે આ વિશ્વપ્રવાસી કુંજ તેઓના કલરવથી આખું વાતવરણ ગૂંજવી મૂકે ત્યારે એક આખો પરિવાર ક્યાંક પ્રવાસે નીકળવાનો હોય ત્યારે આદરવામાં આવતી તૈયારીઓ નજર સમક્ષ તરવરે. કોઈ પણ જીવ જ્યારે કોઈ સ્થળને પોતાનું ઘર બનાવે એટલે એ સ્થળ સાથે ગજ્જબની આત્મીયતા બંધાઈ જાય. પોતાના જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેઓ લાંબો પ્રવાસ ખેડીને ગુજરાતમાં શિયાળો ગાળવા આવતા આ પક્ષીઓ ઉનાળો બેસે કે અધધધ લાંબી એટલે કે હજારો માઈલની સફર શરૂ કરે એ પહેલા તેઓ આખાયે આકાશમાં ગુંજતા ગુંજતા ચક્કર લગાવે જાણે તેઓ પોતાના ઘરને છેલ્લી વાર જતાં જતાં જોઈ લેતાં હોય. મારા મનમાં તેઓને જોઈને એક નિઃશ્વાસ નખાઈ જાય કે આ તળાવે ફરી હું આવીશ પણ મને કુંજની ગુંજ થોડા મહિનાઓ સુધી નહિ સાંભળવા મળે. આપણે પોતાની જાતને વિશ્વ પ્રવાસી તરીકે ઓળખાવીએ પણ આમનાથી વિશેષ વિશ્વ તો આપણે નહિ જ જોયું હોય ને?

**બસ આ સફર ચાલ્યા જ કરે અવિરત!** ■

---

ટૂંકુ ને ટચ

અંતર પટેલ feedback@bombaysamachar.com

# એક મહિલાના પર્સમાં સમાય જાય સમસ્ત દુનિયા!

**મહિલા** અને તેનું પર્સ... આ બન્નેને તમે ક્યારેય અલગ ન કરી શકો... એમ કહી શકાય કે એક મહિલાના ટોટ બેગમાં આખી દુનિયા સમેટાઈ જાય છે, જેમકે, મેકઅપ, સન ગ્લાસ, વૉટર બોટલ, સ્નેક્સ, સેનિટરી પેડ્સ, ડાયરી, સ્પ્રે, ટીસ્સ્યૂ વગેરે. અને એની સરખામણીએ પુરુષના ખિસ્સામાં હોય છે માત્ર વોલેટ અને ફોન!

ઘરની જવાબદારી સાથે બહાર જઈને જોબ કરતી- કામ કરતી ‘વર્કિંગ વુમન’ મહિલાની પર્સ કે બેગ એ શોભા માટે કે પછી માત્ર એક્સેસરીઝ નથી. બેગ એ મહિલાની વ્યક્તિગત ઓળખ અને વ્યક્તિગત સ્ટાઈલનો એક ભાગ છે.

જોવા જેવી તો વાત એ છે કે, મહિલા જે પર્સમાં વસ્તુઓ મૂકે છે તેમાં વર્તમાન કરતાં ભવિષ્યની ચિંતા વધારે દેખાય છે. ઉદાહરણ તરીકે એમાં બેન્ડ – ડેડ હોય છે. ક્યારેક કંઈ વાગી જાય તો? પર્સમાં નાસ્તાનો મિની ડબ્બો હોય છે. અત્યારે ભૂખ નથી લાગી, પરંતુ જો સાંજે લાગશે તો? હજી સવારે જ મેકઅપ કરીને નીકળ્યા છે, પણ અચાનક જ ઓફિસથી કંઈ બહાર જવાનું થાય તો? પર્સમાં મેકઅપ કીટ પણ મોજૂદ હોય છે...

મનોવૈજ્ઞાનિકોનું માનવું છે કે, આ તાત્કાલિક કામ આવવાવાળી વસ્તુઓ નથી, પરંતુ કામમાં આવી શકે એવી શક્યતા પૂરી છે. આનાથી એમ જ તારણ નીકળી શકે કે, બેગ-પર્સની આ વસ્તુઓ કદાચ કામ આવી શકે એટલે કે, આ એક એવો માનસિક બોજ છે, જે દરેક મહિલા દરરોજ લઈને ફરે છે.

બીજી રીતે જુવો તો એક આખો ઉદ્યોગ એ વિચાર પર નભે છે કે, મહિલાઓએ હંમેશાં તૈયાર રહેવું જોઈએ. કોસ્મેટિક્સ, ફેશન અને લાઈફ સ્ટાઇલ બ્રાન્ડ્સ એ આજે પેકેજિંગમાં સારી એવી નિપુણતા મેળવી છે. ટ્રાવેલ પરફ્યુમ તન-મનને પ્રફુલ્લિત કરવાનો દાવો કરે છે, કોમપેક્ટ પાઉડર ચહેરાને સુંદર રાખવાનો દાવો કરે છે, ફોલ્ડેબલ ફ્લેટ હિલ્સ પગને રાહત આપવાનો દાવો કરે છે, ઈત્યાદિ ઈત્યાદિ. યાદ રહે કે આ બધી જ વસ્તુઓ લક્ઝરીના રૂપમાં નથી વેચવામાં આવતી. એ સુંદરતા અને ‘ફીલ ગુડ’ના કવચરૂપે વેચવામાં આવે છે.

અહીં પ્રશ્ન એ છે કે રોજિંદા સારા-સુંદર-વ્યવસ્થિત દેખાવાનો બોજ એક મહિલા ખાસ કરીને વર્કિંગ વુમન કઈ રીતે ઉપાડે છે? તેમની પર્સ- બેગમાં પોતાની જરૂરિયાત અને ગમતી વસ્તુઓ હોય છે અને હોવી પણ જોઈએ, કારણ કે એક બેગ એક મહિલાનો અરીસો જ છે. બેગમાં રાખેલી-રહેલી હર એક વસ્તુ મહિલાની અસાધારણ ક્ષમતાની સાક્ષી પણ છે. ■





---

કિતાબી દુનિયા

feedback@bombaysamachar.com


## મારા એઃ જેવા છે તેવા




**સંપાદનઃ** ડૉ. કૃષ્ણા હસમુખ ગાંધી મૂલ્ય રૂ. ૧૫૦, **પ્રકાશકઃ** હેમંત એન. ઠક્કર એન.એમ.ઠક્કરની કંપની, ૧૪૦ શામળદાસ ગાંધી રોડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, ગોવિન્દ બિલ્ડિંગ, મુંબઈ-૪૦૦૦૦૨. મો. નં. 9967454445.

આમ તો દરેક પત્નીને પોતાના પતિ વિષે કંઈક તો ફરિયાદો હોય જ છે, જેમ કે ગુસ્સાવાળો સ્વભાવ, ઘરકામમાં અરૂચિ, બિલકુલ અવ્યવહારુ, સાવ જ અરસિક, પરિવારને સમય ન આપવો, છાપા, મોબાઈલમાં વ્યસ્ત રહેવું. બે સ્ત્રીઓ મળે અને પોતાના પતિ વિષે વાત ન નીકળે તેવું ભાગ્યે જ બને. આ પુસ્તકમાં લેખિકા, કવયિત્રી, ડૉક્ટર, ગૃહિણી, પ્રોફેસર, કલાકાર મોટીવેશનલ સ્પીકર, રેડિયો જોકી જેવી વિવિધ ક્ષેત્રની સ્ત્રીઓએ (પોતાની રસપ્રદ શૈલીમાં) પોતાના પતિની ખાસિયતો વિષે હાસ્યલેખો લખ્યાં છે. ડૉ. પ્રીતિ જરીવાલા, ભારતી નલીન ભૂતા, દીપા નીલેશ દેસાઈ, ડૉ. નિરંજના જોશી, પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી દેવયાની હસમુખ વોરા, ડૉ. મંજરી સ્નેહલ મુઝુમદાર વર્ષા ભૂતા, સ્વાતિ મેઢ, પ્રીતિ ધનંજય કોઠી, ડૉ. કૃષ્ણા હસમુખ ગાંધી, અવની ભટ્ટ, મેઘના મુકુલ પટેલ, અશ્વિની અશોક સુદ અને કલ્પના દેસાઈ જેવી જાણીતી લેખિકાઓએ આ પુસ્તકમાં પોતાના પતિ, વિષે હાસ્યસભર શૈલિમાં લેખો લખ્યા છે. પ્રખ્યાત પત્રકાર તરુબેન આ પુસ્તક વિષે લખે છે. ‘આ પુસ્તકમાં પંદર પત્ની-કલમોથી અવતર્યા છે પતિઓની વિચિત્ર આદતો અને તેમણે સર્જેલા છબરડાંના નિખાલસ એકરારનામા કેટલાંક તો નરવા હાસ્યરસના છલોછલ કટોરા, તો કેટલાંક કટોકટ, પણ બધાં ય કટુતાના અંશ વગરના નિર્મળ અને ‘નિડંખ.’’ કનુભાઈ સૂચક આ પુસ્તક વિષે લખે છે. ‘‘કૃષ્ણાબેનના દરેક લેખ મને ગમ્યા છે. સરસ ભાષામાં લખાયેલા લેખોમાં દાયકાઓની અનુભૂતિના દામ્પત્યજીવનની વાતો હૃદય ખોલીને કહેવાઈ છે.’’

## શૈશવથી યુવાવસ્થાઃ યાદોના હિલ્લોળે




લેખકઃ ડૉ. કૃષ્ણા ગાંધી મૂલ્ય રૂ. ૨૫૦, પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની, ૧૪૦ શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૨. મો. નં. 9967454445.

આ પુસ્તક વિષે પ્રખ્યાત પત્રકાર અને હાસ્યલેખક લખે છે. ‘‘આ પુસ્તક વાંચતાની સાથે મને મારું બાળપણ યાદ આવી ગયું. મને ગળા સુધી ખાતરી છે કે મારી જેમ જે કોઈ આ પુસ્તક વાંચશે તેમને પોતાનું બાળપણ અને યુવાનીના દિવસો કૃષ્ણાબેનની જેમ કાગળ ઉપર ઉતારવાની પ્રેરણા મળશે.’’ તો પ્રખ્યાત હાસ્યલેખક રતિલાલ બોરીસાગરે પણ આ પુસ્તકને આવકાર્યું છે. તેઓ લખે છે. ‘‘લેખિકા પાસે રજૂઆતની કળા છે, હાસ્ય નિષ્પત્તિની સહજ શક્તિ છે. તક મળે ત્યાં હાસ્યનો છંટકાવ કરવાનું લેખિકા ચૂક્યાં નથી. તેને લીધે વાચકોને સતત હળવાશનો અનુભવ થયા કરે છે. હાસ્યરસમાં રસ ધરાવનારાઓએ આ બંને પુસ્તકો વસાવવા જેવાં છે. હાસ્ય એ શ્રેષ્ઠ ઔષધ છે. તમામ પુસ્તકોમાં કુરિયર ચાર્જ ફ્રી છે.’’

## સંઘર્ષથી સફળતા




લેખકઃ ધનંજય દેસાઈ મૂલ્ય રૂ. ૩૦૦, પ્રકાશકઃ હેમંત ઠક્કર એન.એમ.ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, મો. નં. 9967454445. (કુરિયર ચાર્જ ફ્રી)

વિશ્વના સફળ ધનપતિઓ જેવા કે વોરેન બફેટ, વોલ્ટ ડિઝની, એલન મસ્ક, બિલ ગેટ્સ, લેરી પેજ, જેકમા, નિકોલસ, પીટર લીન્ચ, સ્ટીવ જોબ્સ, હેન્રી ફોર્ડ, એન્ડ્રુ કાર્નેગી, જહોન ડી. રોકફેલર, અકબરઅલીના જીવનની સફળતાનાં રહસ્યો રજૂ કરતું પ્રખ્યાત પુસ્તક. આ ગ્રંથમાં કુલ ૨૨૧ પૃષ્ઠોમાં ૪૨ ધનાઢ્યોના જીવન સંઘર્ષની કથા રજૂ કરવામાં આવી છે. એક સમયના છાપાના ફેરિયા વોરેન બફેટની મુલાકાત છાપવા આજે અખબારો પડા પડી કરે છે. ઉંદરથી ડરતા વોલ્ટ ડિઝનીએ ઈતિહાસ સર્જ્યો છે. ગૂગલના સ્થાપકે સંઘર્ષથી સફળતા કેવી રીતે મેળવી. સ્ટીવ જોબ્સે એપલ કંપનીને વિશ્વવિખ્યાત કઈ રીતે બનાવી તેની સંઘર્ષ કથા આ પુસ્તકમાં છે. માત્ર ગણતરીની નકલો જ છે. જીવનમાં સફળતા મેળવવાની ઈચ્છા ધરાવનારાઓ માટે ખૂબ જ ઉપયોગી પુસ્તક. ■

# ....તો પછી શનિને કોણ નડતું હશે?

હાસ્ય વિનોદ

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

આપણા નાટ્યકાર ચન્દ્રવદન મહેતાને ગુજરાત સાહિત્ય અકાદમી સન્માનવા ઈચ્છતી હતી, પણ ચન્દ્રવદન જેનું નામ, એમ કંઈ જલદી કોઈને હાથ ન મૂકવા દે એટલે અમે કેટલાક મિત્રો તેમને સમજાવવા વડોદરા ગયા. ઘણી લાંબી ચર્ચાને અંતે તેમણે જણાવ્યું:

'હમણાં મારો શનિ ખાડામાં છે... તે ખાડામાંથી બહાર આવે પછી તમને હું જણાવીશ.'

'તમારા શનિને ખાડામાંથી બહાર નીકળતાં કેટલો સમય લાગશે?' અમે જાણવા માગ્યું.

'આજે કઈ તારીખ છે?' તેમણે પ્રશ્ન કર્યો.

'પાંચમી...' અમે તારીખ કહી પછી પોતાની આંગળીના વેઢા ગણી ચન્દ્રવદન બોલ્યા:

'બસ, આ એકવીસમીએ શનિ સુધરે છે...' તેમણે માહિતી આપી, ને બાવીસમીએ તેમણે અમને લખી દીધું કે

'જાવ, સન્માન હું લઈશ, પણ રકમ નહીં સ્વીકારું...'

અમને એમ લાગ્યું કે કોઈનીય સાડાબારી ન રાખે, કોઈથી ગાંજ્યા ન જાય એવા આ ચન્દ્રવદન પૃથ્વીથી એક અબજ પાંત્રીસ કરોડ કિલોમિટર દૂર રહેલા શનિથી ડરે છે!

તો પછી પેલા શનિને કોણ નડતું હશે...?

પછી તો શનિ વિશે જેમ જેમ અમે જાણતા ગયા તેમ તેમ અમને ખબર પડવા માંડી કે માથાફરેલ આ ગ્રહથી સામાન્ય માણસ જ નહીં, દેવો પણ ગભરાયા હતા. આમ તો શનિને ભગવાન સૂર્યનો પુત્ર ગણવામાં આવે છે, પણ ખુદ પોતાના પરમ પૂજ્ય પિતાશ્રીને પણ તે ગાંઠયો નથી.

કહે છે કે ભલભલાની ખબર લઈ નાખનાર એ પોતાની ત્રીજી-સ્પેર આંખ વડે સામેની વ્યક્તિને ભસ્મ કરી દેવાની શક્તિ ધરાવનાર ભગવાન શંકરને તેણે સંદેશો મોકલ્યો :

'સાવધાન, હવે તમારી ખેર નથી, મારી દશા તમારા પર નાખું છું...' અને શિવજી શનિની મહાદશાથી, આમ તો પોતાની અવદશાથી બચવા હાથીમાં રૂપાંતર પામી જંગલમાં ચાલ્યા ગયા. અત્યારે ભૂગર્ભમાં ઊતરી જવાનો રિવાજ છે એ રીતે તે સમયમાં જંગલમાં જતા રહેવાનો રિવાજ હતો. જંગલની જેલમાં લાંબો સમય રહેતાં કંટાળો આવવાથી તે પોતાના અસલ નિવાસ 'કૈલાસધામ'માં પાછા ફર્યા. ને શનિને બોલાવીને હળવાશથી પૂછયું :

'બોલ, તું મને સહેજ પણ નુકસાન કરી શક્યો? મારો વાળ પણ વાંકો કરી શક્યો?'

જવાબમાં શનિએ સહેજ મરકીને જણાવ્યું કે

'સંહારના દેવતા ગણાતા આપને હાથી બનીને જંગલમાં સંતાઈ જવું પડ્યું એ ઓછી દશા કહેવાય ?! આ જ તો મારો પ્રભાવ હતો!'

ભગવાન રામચન્દ્રએ સિંહાસન પર બેસવાની તમામ તૈયારીઓ કરી નાખી હતી. તેમના માથાના માપનો મુગટ પણ મહેલમાં આવી ગયો હશે ત્યાં જ શનિએ પોતાનો પરચો બતાવ્યો. રામચન્દ્રજીએ સત્તાવિહોણા કરવા પાછળ કૈકેયીનો નહીં, શનિનો હાથ (કે પછી પગ) હતો, રાજા થવાનું તો એક બાજું રહ્યું, તેમને ચૌદ વર્ષ વનમાં ભટકવું પડ્યું.

અને ભગવાન શ્રીકૃષ્ણ. નાનપણમાં તે માખણ ચોરીને ખાવાની નિર્દોષ પ્રવૃત્તિઓ કરતા, પણ શનિના કારસ્તાનને કારણે એકવાર તેમના પર મણિ ચોરવાનો આરોપ મુકાયો હતો. વિશ્વની સૌ પ્રથમ કુરિયર સર્વિસ આપનાર નળને પણ શનિએ રસ્તે રઝળતો કરી મૂકયો હતો. અને હરિશ્ચંદ્ર માત્ર સત્યવાદી હોવાને કારણે નહીં, પણ શનિના સતાવ્યાથી ધાનધાન ને પાનપાન થઈ ગયો હતો....

શનિમાં 'સેન્સ ઑફ હ્યુમર' કહેતાં વિનોદવૃત્તિ અતિ અલ્પ પ્રમાણમાં હોઈ શામળ ભટ્ટની સિંહાસન બત્રીસીમાં આવતી એક વાર્તા પ્રમાણે પરદુઃખભંજક રાજા વિક્રમે શનિની ટીખળ કરવાને કારણે વીર અટકધારી આ વિક્રમને પણ હેરાન-પરેશાન કર્યો હતો.

આ પરથી લાગે છે કે શનિની હોબી ચમરબંધીઓને જ સતાવવાની છે. ગરીબોને તે પજવતો નથી, પડેલા પાર પાટુ કોણ મારે એવી જ દયાની વૃત્તિ તેનામાં ઊંડે ઊંડે પડી હશે. સિંહ રાશિ ધરાવતા અમારા એક મિત્ર મહેશને, એ જ રાશિધારી તેના ભાઈ મયૂરે એક વાર કહ્યું: 'મહેશિયા, આપણો શનિ સુધરી રહ્યો છે...' જેના પ્રત્યુત્તરમાં મહેશ બોલ્યો: 'આપણો શનિ સુધરવાથી બીજું તો શું થશે, આપણને ઉધાર ધીરવાવાળા બે જણ વધારે મળશે...'

આ શનિ સગપણમાં યમનો મોટો ભાઈ હોવાનું મનાય છે. યમ માણસને એક ઝાટકે પતાવી દે છે, પણ આ શનિ ટી.વી. પરની લાંબી સિરિયલની જેમ રિબાવી, રિબાવીને મારે છે... હિન્દી ફિલ્મોમાં કેટલાંક પાત્રો વિલન તરીકે જ શોભતાં હોય છે એ રીતે આકાશમાં વિહરતા નવ ગ્રહોમાં એક તગડા ખલનાયક તરીકે શનિ રીમોટ કન્ટ્રોલથી માણસોનાં સુખો પર નિયંત્રણ કરે છે. જોકે શનિનું નંગ વીંટીમાં જડી દેનાર સોનીઓ એવી ફરિયાદ કયારેય નથી કરતા કે અમને શનિ નડે છે.

આ શનિ કેટલીક વ્યક્તિઓને તો છત્રીસ વર્ષ સુધી કુંવારા રાખીને સુખનો અનુભવ કરાવે છે, પણ એ મૂર્ખ લોકોને સુખની વ્યાખ્યાની ખબર નહીં હોવાને લીધે એ લોકો એવું માનતા પ્રેરાતા હોય છે કે શનિના નડતરને કારણે અમારું ચોકઠું બેસતું નથી, બેઠાં પહેલાં ઊખડી જાય છે. પોતાનું લગ્ન નહીં થવાનો દોષ તે શનિ પર ઢોળી દે છે. જ્યોતિષીઓ પણ આવા લોકોને દિલાસો આપતા કહેતા હોય છે કે જન્મકુંડળીમાં જો સ્વગ્રહી ઉચ્ચનો યોગકર્તા કે શુભદૃષ્ટિ વગરનો શનિ હોય તો આવા જાતકોનાં લગ્ન ૩૬ વર્ષ સુધી લંબાઈ જાય છે.

હા, જેને ભવિષ્યની ચિંતા ન હોય ને જ્યોતિષમાં શ્રદ્ધા ન હોય એવા લોકો માટેય શનિ અભ્યાસલાયક ગ્રહ છે. આ શનિ નામનો ગ્રહ ઑફિસે નોકરી કરવા જતા સરકારી કર્મચારી જેવો અત્યંત ધીમો છે. તેની ચાલ ગજગામિનીને ઝડપી કહેવડાવે તેની હોવા છતાં તેનું વાહન ગજને બદલે કાગડો છે. તે સૂર્યથી ૮૮ કરોડ ૬૦ લાખ માઈલ દૂર છે. સ્વભાવે તે ચીકણો ને ચોંટુ હોવાને લીધે દરેક રાશિમાં તે ઓછામાં ઓછો અઢી વરસ સુધી રહી જાય છે. ને ૩૦ વર્ષે આખી રાશિમાળા પૂરી કરે છે. ભાડૂતની જેમ જે ઘરમાં રહે છે તેમાં નુકસાન કરે છે, સાથે પાસ-પડોશના ગ્રહોને પણ પજવે છે. તે રીઝે તેને ન્યાલ કરે છે ને જેના પર ખીજે તેની ખાલ ખેંચી નાખે છે.

જ્યોતિષની દૃષ્ટિએ સૂર્ય એક રાશિ પર એક મહિના નિવાસ કરે છે, ચન્દ્ર કોઈ હોટેલમાં ઊતરતો હોય એ રીતે એક રાશિ પર માત્ર સવા બે દિવસ રહે છે. મંગળનો મુકામ દોઢ મહિનો હોય છે. પણ આ શનિ સૌથી વધારે ૩૦ મહિના - અઢી વરસ સુધી એક જ ઘરમાં વસે છે. એનું એક કારણ કદાચ એ હશે કે સ્વભાવે ધીમો ને આળસુ હોવાને લીધે જલદી ઘર બદલતાં કંટાળતો હશે. આપણે ત્યાં લીવ એન્ડ લાઈસન્સ અગિયાર માસ ને અમુક દિવસોનું હોય છે એ રીતે શનિ અન્ય રાશિઓ પર અઢી વર્ષના કરારથી રહેતો હોવો જોઈએ.

એમ કહેવાય છે કે માણસ અમુક ઉંમરે થોડો ઘણોય સુધરતો હોય છે, પણ શનિની ઉંમર લાખો વર્ષની હોવા છતાં તે એવો ને એવો જ છે. વેદ ને પુરાણોમાં તેનો ઉલ્લેખ છે એટલે એમના કરતાં તો ઘણો પુરાણો તે હશે. છે.

તેની છાપ પોલીસ જેવી છે, લાગમાં આવે તો સગા બાપનેય ન છોડે. પોતાનામાં પડેલા શનિના પ્રભાવને કારણે જ પોલીસો પણ આ રીતે વર્તતા હોવા જોઈએ.

શનિને લોખંડનો સ્વામી ગણવામાં આવ્યો છે એટલે જીવનમાં લોઢાના ચણા ચાવવા ન પડે એ વાસ્તે શનિથી પીડિત લોકો પોતાના ઘરની બાર સાખ પર ઘોડાની નાળ જડાવે છે. કેટલાક શેખચલ્લીઓ ઘોડાની નાળ પોતાના પાટલૂનના ખિસ્સામાં એટલા માટે રાખે છે કે પછી તો એક ઘોડો ને ત્રણ નાળ જ લાવવાનાં રહે.

શનિથી ડરીને ચાલનારાં, તેને રીઝવવા માટે કાળા રંગની વસ્તુ ને કાળું વસ્ત્ર વગેરે ભેટ તરીકે ચડાવે છે. કાળાં નાણાંથી તેની રીઝવી શકાય કે કેમ એ સંશોધનનો વિષય છે. આપણે આગળ જોયું તેમ શનિનું વાહન કાગડો છે. કાગડાનો રંગ કાળો હોવાને લીધે જ તેના પર શનિએ પસંદગી ઉતારી હશે. આમ શનિને વિહાર કરવા તેમજ ઈસપ કથના શિયાળને લુચ્ચાઈથી પૂરી પડાવવા માટે કાગડાએ જન્મ ધર્યો છે.

આ શનિને પહેલી વાર ૧૬૧૦ની સાલમાં ગેલિલિયોએ તેના નાના દૂરબીનથી જોયો હતો ને પછી તો શનિએ પણ ગેલિલિયોને જોઈ લીધો હતો - તે કરુણ રીતે ગુજરી ગયો હતો.

શનિનો વ્યાસ ૧,૨૦,૦૦૦ કિલોમિટર છે. શનિમાં ધીમી અણુભઠ્ઠી બળી રહી છે. ભવિષ્યમાં પ્રજા ત્યાં વસવાટ કરશે તો તેને ગેસના બાટલાનો ભાવ ચૂકવે છે એ કરતાં ઓછો ચૂકવવો પડશે, સિવાય કે આ અણુભઠ્ઠી તેમજ તમામ પ્રકારના વાયુ સરકાર પોતાના હસ્તક લઈ લે.

આ શનિ પાસે પોતાની માલિકીના કહી શકાય એવા ૨૩ ઉપગ્રહો છે. કોઈ ઈન્કમટેક્ષ અધિકારીને થશે કે શનિએ તેના આ ઉપગ્રહો વેલ્થ-ટેક્ષના રીટર્નમાં બતાવ્યા હશે! સૂર્યમાળા કરતાં પણ વધારે સભ્યો તે ધરાવે છે. 'ઓછા બાળ જય ગોપાળ' વાળું સૂત્ર ત્યાં પહોંચ્યું નહીં હોવાથી શનિનો પરિવાર ખાસ્સો બહોળો છે.

આપણે ત્યાં ઋતુ માત્ર ચાર મહિના ચાલે છે, જ્યારે શનિ પર એક જ ઋતુ લગભગ દસ વર્ષ ચાલે છે. ત્યાં પાનખર દસ વર્ષ જેટલી લાંબી હોય છે ને વસંત પણ દસ વર્ષ જેટલી ટકાઉ હોય છે.

શનિ વજનમાં એટલો બધો હલકો છે કે જો તેને ઊંચકીને પાણીની ભરેલી એક ડોલમાં નાખવામાં આવે તો તે તરે. પણ તે ઘણા લોકોને ડુબાડે છે, પણ પોતે તરી શકે એટલો હલકો છે. શનિનો પ્રભાવ દાહક છે, પણ તેની પ્રકૃતિ ઘણી ઠંડી છે. શનિ પર ઉષ્ણતામાન ૩૨૭ અંશ સેલ્સિયસ છે. આપણે હવે એ શોધવાનું રહે છે કે ઘણા બધાને રંજાડનાર, નડનાર આ ગ્રહ શનિને કોઈ નડે છે ખરું?! ■

# ઠોઠ નિશાળિયો ને વતરણાં ઝાઝા

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com



આપણી આસપાસ અનેક પ્રકારના લોકો વસવાટ કરતા હોય છે. દરેકનો સ્વભાવ, ખાસિયત, લક્ષણો જુદા જુદા. અલગ અલગ, નોખા નોખા હોય છે. કોઈ ઉદ્યમી (ઉદ્યમ વગર નસીબ લૂલું) હોય તો કોઈ આળસુનો પીર હોય. કોઈ ભણવામાં હોશિયાર હોય તો કોઈ ઠોઠ હોય. ઠોઠ નિશાળિયાના સંદર્ભની કહેવત અને એની પાછળની કથા જાણવા જેવી છે, રસપ્રદ છે અને એ જાણવા - સમજવાથી ભાષાની હોશિયારી - ચતુરાઈ આવે છે. પહેલી કહેવત છે **ઠોઠ નિશાળિયાને લેખણ ઘણી.** લેખણ એટલે ભણતી વખતે અક્ષર પાડવા વપરાતું સાધન. આ સાધન સમય અનુસાર પીંછી, કલમ કે પાટીની પેન કે પેન્સિલ, બોલપેન, ઈન્ડીપેન કે સ્ટાઈલિશ પેન હોઈ શકે છે. કહેવતનો ભાવાર્થ એવો છે કે ભણવામાં ઢ (ઠોઠ, અડબંગ, બોથડ બૂચટ, જડસો) હોવા છતાં ભણતર માટે જરૂરી હોય એવા સાધનો ખૂબ રાખે. બીજી સમજવા જેવી કહેવત છે **ઠોઠ સુથાર વતરણાનો વાંક કાઢે.** ચોક્કસ ડિઝાઇન અને અમુક વપરાશ અનુસાર ફર્નિચર બનાવવા કહ્યું હોવા છતાં મેળ વગરની વસ્તુ બનાવી દીધા પછી પોતાની અણઆવડત ઢાંકવા ઓજારનો દોષ કાઢવાની ટેવ સુથારને હોય છે. આવડત વગરનો માણસ સામી વ્યક્તિનો દોષ કાઢે ત્યારે આ કહેવત વપરાય છે. ત્રીજી કહેવત છે **ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝા.** આ કહેવતનો ભાવાર્થ છે ભણતો ન હોય પણ ભણવાના ડોળ - દેખાવ ઘણા કરે છે. ટૂંકમાં જો કામની આવડત ન હોય એવી વ્યક્તિને ગમે તેટલાં સાધનો આપો પણ એથી કામ સરે નહીં.

ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝા કહેવતમાં આવતો **વતરણું** શબ્દ સાવ વિસરાઈ ગયો છે. ભાષામાંથી જાણે એનો લોપ થઈ ગયો હોય એવું લાગે છે. **વતરણું એટલે આંગળીના કદ જેવડી લાકડાની કલમ.** અનેક વર્ષો અગાઉ નિશાળે ભણવા જતા વિદ્યાર્થીઓ વતરણું ઉપયોગમાં લેતા હતા. રાજ પરિવારના કુંવરોની વાત અલાયદી હતી. તેમની પાસે સુખડ અથવા હાથીદાંતના બનાવેલા વતરણાં જોવા મળતા. આર્થિક ગરીબીમાં જીવતા લોકો પાસે પાટી ખરીદવાનો વેંત નહોતો. એટલે આ પરિવારના વિદ્યાર્થીઓ જમીન પર ધૂળ પાથરી એને પાટી બનાવી એના પર વતરણાંની મદદથી અક્ષરજ્ઞાન મેળવતા હતા. એમની પાસે માંડ એકાદ વતરણું જોવા મળતું. હવે જો અછત ધરાવતા હોવા છતાં લગનથી ભણતા આ વિદ્યાર્થીઓમાંથી કોઈ નીવડે અથવા કુશળ સાબિત થાય તો **હોશિયાર નિશાળિયાને વતરણાં ઓછા** કહેવત કેમ નહીં પડી હોય એવો સવાલ થઈ શકે છે.

## कोल्हा काकडीला राजी

**अडाणाच्या आला गाडा, वाटेवरच्या वेशी पाडा.!** અડાણી એટલે અનાડી કે ઘનચક્કર. અનાડી માણસનું ગાડું ભર રસ્તે અટવાઈ જાય તો અન્યને તકલીફ પહોંચાડે. પોતાના સામાન્ય કામ માટે બીજા લોકોને કેવું અને કેટલું મોટું નુકસાન થાય છે એ જેમને સમજાતું નથી એવા ઘનચક્કર લોકો માટે આ કહેવત વપરાય છે. બીજી કહેવત છે **कोल्हा काकडीला राजी.** કોલ્હા એટલે શિયાળ. મોટો લાભ મેળવવાની શક્તિ કે કૌવત પોતાની પાસે ન હોય ત્યારે જે મળે છે એનાથી સંતોષ પામી રાજી થવું એ દર્શાવવા આ કહેવત વપરાય છે. શિયાળ અને દ્રાક્ષની કથા તમે જરૂર વાંચી હશે. દ્રાક્ષ મેળવવી પોતાની પહોંચ બહાર છે એ જાણ્યા પછી એ ખાટી છે એવું બહાનું કાઢી શિયાળ ત્યાંથી બીજે જવા નીકળી જાય છે. આગળ રસ્તામાં કાકડીનો વેલો નજરે પડે છે અને કાકડી ખાઈને સંતોષ મેળવે છે. કેવી અર્થપૂર્ણ વાત.

## हिंग्लिश VINGLISH — Life की Dictionary में Impossible Word नहीं है

અયોધ્યા પ્રસાદ ખત્રી નામના હિન્દી ભાષાના કવિએ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં (૧૮૫૦થી ૧૯૦૦ દરમિયાન) હિન્દી સાહિત્યમાં આધુનિક યુગના મંડાણ કર્યા એવું અભ્યાસુઓ કહે છે. ખત્રીજીના સાતત્યપૂર્ણ પ્રયાસોને પગલે ખડી બોલી હિન્દી ગદ્યની ભાષા બની અને સમયાંતરે પદ્ય રચનાઓનું સર્જન પણ ખડી બોલીમાં થવાની શરૂઆત થઈ. અગાઉ એવી માન્યતા હતી કે પદ્ય રચના કેવળ વ્રજ ભાષામાં જ અવતરી શકે, ખડી બોલીમાં એને ઉતારવી શક્ય જ નથી. અયોધ્યા પ્રસાદ ખત્રીએ આ પડકાર ઝીલી લીધો અને ખડી બોલીમાં કવિતાનું સર્જન કરી લોકોને ચકિત કરી દીધા. ખત્રીજી હિંગ્લિશનો પ્રયોગ પણ કરતા હતા. તેઓ એને 'યુરેશિયન હિન્દી' કહેતા હતા. એમની પંકિતઓ Rent law **का गम करें या** Bill of Income Tax **का?** વિશે આપણે બે હપ્તા પહેલા વાત કરી હતી. તેમની એક કવિતામાં બે પંક્તિ પણ એ સમયે ખાસ્સી ચર્ચામાં હતી: Peace **का नाम-ओ-निशां अब** World **में बाकी नहीं, हर तरफ सुनने में आता है,** Fight nowadays. અરાજકતા અને સંઘર્ષ કેવા સરસ વણાઈ ગયા છે.

એકવીસમી સદીની હિન્દી ફિલ્મોની જે કેટલીક લાક્ષણિકતા છે એમાં ઊડીને આંખે વળગે એવો ફરક છે ફિલ્મોના સંવાદ - ડાયલોગ્સની ભાષા વર્ણસંકર જોવા મળે છે. હિંગ્લિશનો વ્યાપક ઉપયોગ યંગસ્ટર્સની કથામાં જોવા મળે છે. અગિયાર વર્ષ પહેલા (૨૦૧૪)માં આવેલી 'ક્વીન' ફિલ્મ યાદ છે? કંગના રનૌટની કારકિર્દીને સડસડાટ દોડતી કરનારા આ ચિત્રપટની કથા તો યુવા પેઢીને આકર્ષિત કરનારી હતી તો એની ભાષા આ દર્શકોની પોતીકી લાગી, કારણ કે એ લોકો વચ્ચે દૈનિક ધોરણે આ રીતે જ વાતચીતનો દોર ચાલતો હોય છે. અંગ્રેજી ફાંકડું ન આવડતું હોય કે જેની સાથે વાર્તાલાપ થઈ રહ્યો હોય એને અંગ્રેજી પર કાબૂ ન હોય તો આ વર્ણસંકર ભાષાને કારણે વ્યવહારમાં આસાની રહે છે. મંગેતર સાથે સંબંધ તૂટી ગયા પછી હતાશ થયેલી નાયિકા રાની કહે




છે **मेरी** Life **का** Biggest Moment Spoil **कर दिया.** વિચાર કરો આ આખો સંવાદ શુદ્ધ હિન્દીમાં કેવો લાગ્યો હોત? **मेरे जीवन की सब से महत्त्वपूर्ण क्षण को बरबाद कर दिया.** વાત તો એ જ છે, પણ ઉપયોગમાં લેવાયેલી ભાષા એકવીસમી સદીના યંગસ્ટર્સની ભાષા નથી લાગતી. Life, Biggest Moment જેવા શબ્દોના ઉપયોગને કારણે ડાયલોગની ફ્લેવર જ બદલાઈ જાય છે. બીજું એક ઉદાહરણ જોઈએ. 'ક્વીન'ની વાંસોવાંસ ૨૦૧૫માં આવેલી 'દિલ ધડકને દો' ફિલ્મમાં પણ યુવા પેઢીની બળકટ હાજરી હતી. એટલે સ્વાભાવિક છે કે હિંગ્લિશ વાતચીતમાં ઉપયોગમાં લેવામાં આવે. Life is all about taking chances. **बस रिस्क लेना आना चाहिए.** યંગસ્ટર્સના દ્રષ્ટિકોણના પ્રતિબિંબ જેવા આ બે ડાયલોગ બોલનાર સમાજના કયા સ્તરનું પ્રતિનિધિત્વ કરે છે એનો ખ્યાલ આવે છે. એક આખું વાક્ય અંગ્રેજીમાં બોલ્યા પછી હિંગ્લિશનો ઉપયોગ ઉચ્ચભ્રૂ સોસાયટીનો અણસાર આપે છે. ■

# ખબરદાર, આવાં ફાલતુ કામ માટે મને ફોન કર્યો છે તો!

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

'ટ્રિન ટ્રિન ટ્રિન'

મંત્રીના મોબાઇલની રિંગ વાગતી રહી. સામેના છેડેથી કોઇ પ્રતિભાવ નહીં. રાજુ રદીએ કલેક્ટર સામે શેખી કરેલ કે 'તમારા પર અડધી કલાકમાં ગાંધીનગરથી ફોન આવશે અને તમને સૂચના મળી જશે...' આને કહેવાય રેતીમાં વહાણ ચલાવવા. રાજુએ ફોન કટ કરી ફરીવાર મોબાઇલમાં નંબર ડાયલ કર્યો.

'ટ્રિન ટ્રિન ટ્રિન'

'હેલ્લો, કોણ બોલે છે?' મંત્રીએ સવાલ પૂછયો.

'સાહેબ, અત્યાર સુધી તો માણસ જ પ્રયત્ન કરતો હોય છે. કૂતરા કરડી શકે છે, પરંતુ બોલી શકતા નથી. હું રાજુ રદી બોલું છું.' રાજુએ જવાબ આપ્યો.

'ભઇ કેટલાક બે પગવાળા કૂતરા ભસવાની એક પણ તક છોડતા નથી.' મંત્રીએ ઊખડેલ અવાજે આરોપ મૂકયો.

'સાહેબ, મને ઓળખ્યો કે નહીં?' રાજુએ મંત્રી ડાંડને પૂછયું.

'ભૈ, અમે મંત્રી મૂંઆ છીએ. એટલે દિવસ અને રાત કેટલાય માણસો ફોન કરતા હોય. હું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તો છું નહીં કે બધાના નામ યાદ રહે.' મંત્રી ડાંડે ઊડઝૂડ જવાબ આપ્યો.

'સાહેબ, હું તમારો ફેન છું.' રાજુએ માખણ માર્યું.

'રાજુ ભૈ, હું પેડસ્ટલ, ટેબલ કે સિલિંગ ફેન વાપરતો નથી. હું તો મફતમાં મળતા એસીનો ફેન છું.' મંત્રી ડાંડે રાજુની વાત કાપી.

'સાહેબ, દર ચૂંટણીએ હું તમને જ મત આપું છું.' રાજુએ પાછું માખણ માર્યું.

'રાજુભાઇ તમારે ગપ્પા મારવાનો બિઝનેસ છે?' મંત્રી ડાંડે પ્રશ્ન કર્યો.

'સાહેબ, કેમ આવું પૂછો છો?' રાજુ મુંઝાયો. ચહેરા પર પસીનો આવી ગયો.

'રાજુભાઇ, તમે ગપ્પા મારવામાં અમારા સાહેબ કે પાર્ટી સાથે સ્પર્ધા કરી શકશો નહીં.' મંત્રીએ બાકીનું વાક્ય અધ્યાહાર રાખ્યું.

'મતલબ સાહેબ? આપ કહેના કયાં ચાહતે હૈ?' રાજુએ મૂંઝવણને વાચા આપી.

'રાજુભાઇ, મારા મતવિસ્તારમા કયાં નાગરિકે કોને મત આપ્યો તેનો ઇલેક્ટ્રોનિક ડેટા ચૂંટણી પંચની મહેરબાનીથી અમારી પાસે હોય છે. તમે દસ ચૂંટણી પૈકી સાડા ત્રણ ચૂંટણીમાં જ મને મત આપ્યો હતો. અડધો મત એટલા માટે કે લોકસભા-વિધાનસભાની ચૂંટણી સાથે થઇ ત્યારે લોકસભામાં અમારી પાર્ટીના ઉમેદવાર અને વિધાનસભામાં તમે પંજા પાર્ટીને મત આપેલો.' મંત્રીએ રાજુને મતદાનની વિગતો આપી. રાજુ સજજડબમ થઇ ગયો.

'સાહેબ, ઓણ સાલ વરસાદ બહુ સારો પડે છે. આપણી સરકારે વાઇબ્રન્ટ ગુજરાતમાં વરસાદ સાથે એમઓયું કર્યું છે કે શું? પાક સોળઆની પાકશે' રાજુએ વરસાદના વાવડ જણાવ્યા.

'તંબૂરો સારું? વરસાદ પડ્યો એટલે મોકાણ વધી છે.' મંત્રીએ વિવાહની વરસી કરી.

'સાહેબ, એમ કેમ વાંકું બોલો છો?' રાજુ અચરજ પામી ગયો. મંત્રી વરસાદના વિરોધી? વ થી શરૂ થતા શબ્દના જ વિરોધી? વાઇન, વનિતા, વાઇફ, વર્તમાનપત્ર , વિપક્ષના વ થી શરૂ થતા શબ્દોની યાદી લાંબી થતી ગઇ.


'એમાં એવું છે કે અમે વિકાસનો હાઇપ ઊભો કર્યો છે. વિકાસના કામો એટલા બધા મજબૂત હોય છે કે અમુક કામ તો ઉદ્‌ઘાટન થાય એ પહેલા દમ તોડી દે છે. અમુક ઉદ્‌ઘાટન સમયે જ મોટા ગામતરે ઉપડી જાય છે. અમારે કોન્ટ્રેક્ટરને સાચવવા પડે. ચૂંટણી સમયે એ લોકો અમને સાચવે. રસ્તામાં ગાબડાં પડે કે પુલ નદીના પાણીમાં ન્હાવા ડૂબકી મારે કે જનતા અમારી ખો ભૂલવાડી દે. રાજુભાઇ, આ બધું મિત્રતાને ભાવે ઓફ ધી રેકર્ડ કહું છું. ક્યાંક ઓડિયો વાયરલ ન કરી દેતા, પ્લીલીલીવીઇઝ.' મંત્રીએ વિનંતી કરી.

'સાહેબ, તમે વરસાદને શું માનો છો?' રાજુએ ગહન સવાલની ગૂગલી નાંખી.

'ઓફ કોર્સ વરસાદ એક્ટ ઓફ ગોડ છે.' મંત્રીજીએ ઉત્સાહિત થઇ જવાબ આપ્યો.

'વરસાદને લીધે રોડ પર ખાડાં પડે, ખાડાં ટુરિઝમ પ્રમોટ કરી શકાય એને શું કહેવાય? રાજુનો અણિયાળો સવાલ.

'રાજુભાઇ તેને એક્ટ ઓફ ફ્રોડ જ કહેવાય.' તમે મને શા માટે ફોન કર્યો એ તો કહ્યું નહીં? તમે ખાલી વાતોના વડાં કરવા તો ફોન નહીં જ




કર્યો હોય, ખરું કે નહીં?' મંત્રીએ ફોન કરવા માટેનું કારણ પૂછયું.

'સાહેબ, મેં પણ વરસાદના કારણે ફોન કર્યો છે.' રાજુએ મંત્રી ડાંડને જાણકારી આપી.

'રાજુભાઇ, તમે મેઘલાડુના જમવા આમંત્રણ આપવા ફોન કર્યો છે? લાડું જોડે કાંદા મરચાંના ભજિયા પણ રાખજો.' પ્રધાનની દાઢ ડળકી.

'તમારો હુકમ સરમાથા પર. પણ સાહેબ એક શરત છે.' રાજુએ સશરતી આમંત્રણ આપ્યું.

'રાજુભાઇ, કંઇ શરત? લાડવા અને ભજિયા વચ્ચે કંઇ શરત હોય, બાપલિયા?' મંત્રી મફતનું ઝાપટવા તલપાપડ થયા. અમસ્તા મંત્રીને પર-ધાન કીધા હશે?

'સાહેબ, મારા ઘરના રોડમાં ખાડા, ગાબડાં અને માથોડા મોટા ભૂવા પડયા છે. તમે રોડ રિપેર કરાવી દો એટલે તમારા લાડવા, ભજિયા અને મઘઇ પાનના બીડા પાકકા. આ જેન્ટલમેન પ્રોમિસ છે.' રાજુએ ખખડધજ છાતી ઠોકીને વચન આપ્યું.

'રાજુભાઇ, તમે નાતે કેવા?' મંત્રીએ અચાનક જાતિવાદી સવાલ પૂછી લીધો.

'સાહેબ અમે ખેતીકામ સાથે પશુપાલન કરીએ છીએ.' રાજુએ સમજ્યા વિના જવાબ આપ્યો.

'રાજુભાઇ, તમારે ત્યાં પાવડો, કોદાળી અને તગારું પણ હશે, ખરું કે નહીં?' મંત્રીએ સાપ અને નોળિયા જેવી રમત આદરી.

'સાહેબ, તમારે ક્યાંય ખાતમુહૂર્ત કરવાનું હોય અને પાવડા, કોદાળી, તગારાનો મેળ ન પડતો હોય તો મને મિસકોલ મારજો. હું બધું તમારે ત્યાં પોકાડી દઇશ.

'થેંક્સ, રાજુભાઇ. તમે અડધી કલાકથી મારી સાથે ખપાવો છો. તમે રોડની બાજુમાં ટેકરા જેવું હોય ત્યાં ખોદી નાંખો અને જે માટી નીકળે તે ખાડામાં પૂરી દો તો અપના હાથ જગન્નાથ થઇ જાય. આને નાગરિક ધર્મ કહેવાય. તમારે કોઇ કામનું ટેન્ડર મંજૂર કરાવવું હોય, કોન્ટ્રેક્ટર તરીકે રજિસ્ટ્રેશન કરાવવું, આર્બીટ્રેશનના કેસમાં ફેવર જોઇતી હોય, રોડનો જોબ નંબર મેળવવો હોય તો ફોન કરાય. બે પૈસા તમે કમાવ, બે અબજ રૂપિયા હું કમાવ અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપી શકાય. રોડ રિપેરિંગમાં શું મળે? ખબરદાર, આવા ફાલતુ કામ માટે ફોન કર્યો છે તો. રેશન બેસન બધું બંધ કરાવી દઇશ. તમારો તો ઠીક મારો ટાઇમ બગાડ્યો.' આમ કહી નારાજ થઇ મંત્રી ડાંડે ફોન કાપી નાખ્યો!

રાજુ કરી કરીને શું કરી શકે? આવતી ચૂંટણીમાં મંત્રી ડાંડને મત નહીં આપીને રાજુએ નાગરિક ધર્મ અદા કરવાનો અડગ નિશ્ચય કરી લીધો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ફેડરલનાં રેટકટના આશાવાદ-નિરાશાવાદમાં તેજી-મંદી વચ્ચે ઝોલા ખાતાં સોનાચાંદી, રિટેલ માગ ઠપ

## પ્લેટિનમ ઍલૉય જ્વેલરીની ડ્યૂટીમુક્ત આયાતનાં છીંડા દૂર કરવા સરકારને અનુરોધ

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકાનાં ઈતિહાસમાં સૌથી વધુ ચાલેલા ૪૩ દિવસનાં ગવર્નમેન્ટ શટડાઉનનો ગત ગુરુવારે અંત આવ્યો હતો. આ શટ ડાઉન દરમિયાન અમેરિકાના આર્થિક ડેટાઓની ગેરહાજરીમાં ફેડરલ રિઝર્વ આગામી ૯-૧૦ ડિસેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો પ્રબળ આશાવાદ સેવાઈ રહ્યો હોવાથી સોના અને ચાંદીમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. જોકે, ત્યાર બાદ ફેડરલ રિઝર્વનાં અધિકારીઓએ આગામી બેઠકમાં તંગ નાણાનીતિ જળવાઈ રહેવાની અને ડિસેમ્બર મહિનાની બેઠકમાં રેટકટની શક્યતા ધૂંધળી હોવાનુ જણાવ્યું હતું. તેમ જ વ્હાઈટ હાઉસે પણ ઑક્ટોબર મહિનાના બેરોજગારીનાં ડેટા જાહેર કરવામાં ન આવે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. તેમ જ ગત સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફુગાવાને અંકુશમાં રાખવા માટે ચા, કૉફી, માંસ, સંતરાના જ્યૂસ સહિતની અંદાજે ૨૦૦ ચીજો પરની ટૅરિફ પાછી ખેંચી હોવાના પણ અહેવાલ હતા. તેમ છતાં ડેટાના અભાવ વચ્ચે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ ન મૂકે તેવી શક્યતાઓ વધી જતાં ખાસ કરીને વૈશ્વિક સોનામાં પીછેહઠ જોવા મળી હતી, જ્યારે ચાંદીમાં ઘટાડો મર્યાદિત માત્રામાં રહ્યો હતો. આમ ગત સપ્તાહમાં ફેડરલનાં રેટકટના આશાવાદ અને નિરાશાવાદ વચ્ચે સોના અને ચાંદીમાં ભાવ તેજી-મંદી વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા.

તાજેતરમાં સોનાના ભાવ ઊંચી સપાટીએ પ્રવર્તી રહ્યા હોવાથી ઘણાં જ્વેલરો નીતિવિષયક છીંડા શોધીને વેપારો ડહોળી રહ્યા છે. આ સંદર્ભે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશને સરકારને પ્લેટિનમ ઍલૉય જ્વેલરી જેમાં ૯૦ ટકા સોનાનો હિસ્સો હોય છે તેની ડ્યૂટીમુક્ત આયાતની નીતિનાં છીંડાઓ દૂર કરવાનો અનુરોધ કર્યો છે. આ બાબતે કોલકાતા સ્થિત હોલસેલર જે જે ગોલ્ડહાઉસના હર્ષદ અજમેરાએ જણાવ્યું હતું કે અમુક જ્વેલરો આ પ્લેટિનમ ઍલૉય જ્વેલરીની ડ્યૂટીમુક્ત આયાત કરીને તેમાંથી સોનું કાઢીને ડિસ્કાઉન્ટમાં વેચાણ કરી રહ્યા છે, જ્યારે બૅન્કો મારફતે થતી સોનાની આયાતમાં છ ટકા ડ્યૂટી લાગતી હોય છે. આમ નીતિના દુરુપયોગ થકી વેપારો ખરડાઈ રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.



વધુમાં ગત સપ્તાહ દરમિયાન સ્થાનિકમાં પણ વિશ્વ બજાર પાછળ સોના અને ચાંદીમાં બેતરફી વલણ જોવા મળ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત સાતમી નવેમ્બરનાં રૂ. ૧,૨૦,૧૦૦ના બંધ સામે તેજીના અન્ડરટોને રૂ. ૧,૨૨,૦૮૭ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૧,૨૬,૫૫૪ અને નીચામાં ખૂલતી જ રૂ. ૧,૨૨,૮૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૩.૯૦ ટકા અથવા તો રૂ. ૪૬૯૪ વધીને રૂ. ૧,૨૪,૭૯૪ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત સાતમી નવેમ્બરના રૂ. ૧,૪૮,૨૭૫ના બંધ સામે રૂ. ૧,૫૦,૯૭૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૧,૬૩,૮૦૮ અને નીચામાં ખૂલતી જ રૂ. ૧,૫૦,૯૭૫ની સપાટીએ રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૭.૪૮ ટકા અથવા તો કિલોદીઠ રૂ. ૧૧,૦૯૨ વધીને રૂ. ૧,૫૯,૩૬૭ની સપાટીએ બંધ રહ્યા હતા.

દરમિયાન સ્થાનિક બજારમાં સોનાચાંદીમાં ઊંચા મથાળેથી ખાસ કરીને દિવાળીના તહેવારો પશ્ચાત્ માગ ઠપ્પ થઈ હોવાનું તેમ જ ગ્રાહકોની જ્વેલરીના શૉરૂમમાં અવરજવર પણ પાંખી થઈ ગઈ હોવાનું ડીલરોએ જણાવતાં ઉમેર્યું હતું કે હવે લગ્નસરાની મોસમ શરૂ થઈ ગઈ છે, પરંતુ અપેક્ષિત માગનો વસવસો રહેતાં ગત સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક બજારની સરખામણીમાં ઔંસદીઠ ૪૩ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ડિસ્કાઉન્ટની આ સપાટી પાંચ મહિનાની ઊંચી સપાટી રહી હતી. જોકે, આ પૂર્વેના સપ્તાહે ડીલરો ૧૪ ટકા ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. વધુમાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ ગત સપ્તાહે ઊંચી સપાટીએ માગ સ્થગિત જેવી થઈ ગઈ હતી તેમ જ કામકાજો પણ પાંખાં રહ્યા હોવાથી ડીલરો વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ચારથી આઠ ડૉલર ડિસ્કાઉન્ટ ઑફર કરી રહ્યાના અહેવાલ હતા.

એકંદરે ગત સપ્તાહના અંતે સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હોવા છતાં ડૉલર ઈન્ડેક્સની નબળાઈને ટેકે સાપ્તાહિક ધોરણે ૨.૩ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. વાસ્તવમાં ફેડરલ રિઝર્વના અધિકારીઓ દ્વારા તંગ નાણાનીતિનાં અણસાર આપવામાં આવ્યા હોવાથી રોકાણકારો આગામી ડિસેમ્બર મહિનાના રેટકટની સ્પષ્ટતા માટે અમેરિકાના આર્થિક ડેટાઓની રાહ જોઈ રહ્યા છે. તેમ છતાં સતત બીજા સપ્તાહમાં ડૉલર ઈન્ડેક્સમાં સાપ્તાહિક ધોરણે ઘટાડો નોંધાયો હોવાથી સોનાના સુધારાને ટેકો મળ્યો હતો અથવા તો કહી શકાય કે મોટો ઘટાડો અટક્યો હતો, એમ એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલનાં ઘણાં નીતિઘડવૈયાઓએ ફુગાવો વધવાના જોખમ અને રોજગારી ક્ષેત્રની અસ્થિરતાને ધ્યાનમાં લેતા શેષ વર્ષ ૨૦૨૫માં રેટકટની શક્યતા નકારી કાઢી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે છેલ્લી નીતિવિષયક બેઠકના અંતે શટડાઉનને કારણે આર્થિક ડેટાની ગેરહાજરીમાં ડિસેમ્બરમાં રેટકટની શક્યતા પાંખી હોવાનું જણાવ્યું હતું. અગાઉ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ડિસેમ્બરની બેઠકમાં ૨૫ બેસિસ પૉઈન્ટના કપાતની શક્યતા જે ૫૦ ટકા મૂકી રહ્યા હતા તે હવે ૪૬ ટકા મૂકી રહ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૯૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૪૩૮૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેમ જણાય છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૧૯,૫૦૦થી ૧,૨૯,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૧,૪૯,૦૦૦થી ૧,૭૩,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ત્રણ ટકા ઘટ્યા બાદ અંતે ૧.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૯૨.૭૨ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૨.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૯૪.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૫૦.૮૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ફેડરલ દ્વારા વ્યાજદરમાં કપાતની શક્યતા મંદ પડતાં સોનામાં તેજી મંદ પડી હોવાનું હાઈ રિજ ફ્યુચર્સનાં મેટલ ટ્રેડિંગ વિભાગના ડિરેક્ટર ડેવિડ મીજરે જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલની તંગ નાણાનીતિના અણસારે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં વેચવાલીનું દબાણ વધતાં કડાકા બોલાયા હતા. જોકે, હવે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વના રેટકટના નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવે તેવાં અમેરિકાના આર્થિક ડેટાઓની જાહેરાતો પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ૨.૭ અબજ ડૉલર ઘટી



મુંબઈઃ ગત સાતમી નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૨.૬૯૯ અબજ ડૉલર ઘટીને ૬૮૭.૦૩૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. છેલ્લાં કેટલાક સપ્તાહથી અનામતમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ પૂર્વેના સપ્તાહે પણ અનામત ૫.૬૨૩ અબજ ડૉલર ઘટીને ૬૮૯.૭૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૪૫૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૬૨.૧૩૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧૯.૫ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૧૦૧.૫૩૧ અબજ ડૉલરની સપાટીએ તેમ જ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૫.૧ કરોડ ડૉલર ઘટીને ૧૮.૫૯૪ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હતા. જોકે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત આગલા સપ્તાહની ૪.૭૭૨ અબજ ડૉલરની સપાટીએ યથાવત્ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ઉત્પાદન વધારવા એસઈઝેડ માટે રાહતનાં પગલાંની શક્યતા તપાસતી સરકારઃ ગોયલ

વિશાખાપટનમઃ દેશના સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (એસઈઝેડ)માં ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે અમુક રાહતનાં પગલાંઓનાં પ્રસ્તાવો પર સરકાર તપાસ કરી રહી હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પિયૂષ ગોયલે જણાવતા ઉમેર્યું હતું કે સરકાર આ ઝોનમાં વધારાની ક્ષમતાઓને પ્રોત્સાહન આપવાના માર્ગો અને માધ્યમો પણ શોધી રહ્યું છે.

અત્રે આંધ્ર પ્રદેશન એસઈઝેડમાં બ્રાન્ડિક્સ ટેક્સ્ટાઈલ એકમની મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે ઉત્પાદનમાં પ્રોત્સાહન એક રીતે આયાતનો વિકલ્પ પણ હશે કારણ કે અન્ય દેશમાંથી આવતા ઘણાં માલ સામાનને ડૉમેસ્ટિક ટૅરિફ એરિયામાં સપ્લાય કરવામાં આવતા વધુ સારા ફાયદા મળતા હોય છે. અમને આશાવાદ છે કે દેશમાં એસઈઝેડમાં ઉત્પાદન મોટી માત્રામાં વધશે. અમે આ ઝોનમાં ઉત્પાદન વધારવા માટે વધુ રાહતો આપવા અંગે પણ વિચારણા કરી રહ્યા છીએ, એમ તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે તેઓ અત્રે સીઆઈઆઈ દ્વારા યોજાનાર 'પાર્ટનરશિપ સમિટ ૨૦૨૫'માં પણ હાજરી આપવાના હતા.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે એસઈઝેડનાં કમિશનરોએ પણ આગામી સપ્તાહે બેઠક યોજવા માટે જણાવ્યું છે અને તેઓ બ્રાન્ડિક્સ પાર્ક અને એએમટીઝેડ (આંધ્ર પ્રદેશ મેડટૅક ઝોન) પાર્કની મુલાકાત લઈને વૈશ્વિક કક્ષાની માળખાકીય ગુણવત્તા અને જાળવણીની ચકાસણી કરશે. જોકે, આ ઝોનને રાહત વધારવા માટે કોઈ ખરડો સંસદ પસાર કરશે કે કેમ એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે અમે આ તમામ શક્યતાઓની ચકાસણી કરી રહ્યા છીએ અને જો જરૂર પડશે તો અમે સુધારો કરશું અથવા તો નિયમ અનુસાર રાહત આપવામાં આવશે.

વધુમાં એસઈઝેડનાં ઉત્પાદનોનું ડ્યૂટી ફોરગોન ધોરણે ડૉમેસ્ટિક ટૅરિફ એરિયા (ડીટીએ) હેઠળ વેચાણ માટે મંજૂરી આપવાનાં પ્રસ્તાવ અંગે મંત્રાલય કોઈ વિચારણા કરી રહી છે કે કેમ એવું પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે અમે આંતરપ્રધાનમંડળીય સલાહમસલત કરીને એસઈઝેડ અને ડીટીએ એકમોના હિતને ધ્યાનમાં રાખી જે શ્રેષ્ઠ હશે તે કરવાની કોશિશ કરીશું. ■

# હિન્દુસ્તાન ઝિન્કને આંધ્ર પ્રદેશમાં ટંગસ્ટનનાં ખનનનું લાઈસન્સ મળ્યું

નવી દિલ્હીઃ હિન્દુસ્તાન ઝિન્ક લિ.ને આંધ્ર પ્રદેશમાં બ્લોકમાં ટંગસ્ટનના ખનન માટેનું રાજ્ય સરકાર તરફથી લાઈસન્સ મળ્યું હોવાનું કંપનીએ આજે જણાવ્યું હતું.

આ સાથે જ વેદાંતા જૂથની આ કંપનીને હવે ઝિન્ક (જસત), લીડ (સિસુ) અને ચાંદી જેવાં એડવાન્સ મેન્યુફેક્ચરિંગ માટે મહત્ત્વના મૂલ્યવર્ધિત ખનીજ ઉપરાંત ટંગસ્ટનનો પણ સમાવેશ થતાં કંપનીએ વધુ એક સિમાચિહ્ન હાંસલ કર્યું છે. રાજ્ય સરકાર તરફથી ઔપચારિક કમ્પોઝિટ લાઈસન્સ પ્રાપ્ત થયા બાદ આંધ્ર પ્રદેશમાં ટંગસ્ટન અને સંકળાયેલ ખનીજનાં બ્લોક માટે હિન્દુસ્તાન ઝિન્ક લિ.ને સફળ બિડર તરીકે સત્તાવાર ધોરણે જાહેર કરવામાં આવ્યું હોવાનું કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું. ખનનમાં કમ્પોઝિટ લાઈસન્સ એક, બે તબક્કાનાં કન્સેસન માટેનું હોય છે જેમાં ખનીજની શોધના હકો અને જો શોધમાં સફળતા મળે તો ખનનના હકનો સમાવેશ થાય છે.

આ વર્ષના આરંભે કેન્દ્ર દ્વારા આયોજિત લિલામની પ્રક્રિયામાં કંપની પસંદગીના બિડર તરીકે ઉભરી હતી. કંપનીના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર અરુણ મિશ્રાએ જણાવ્યું હતું કે સિમાચિહ્નરૂપ હિન્દુસ્તાન ઝિન્કનાં ખનીજ ક્ષેત્રના વિસ્તારણ અને મહત્ત્વપૂર્ણ ખનીજમાં દેશની આત્મનિર્ભરતામાં યોગદાન આપવાની સફરમાં વધુ એક પગલું આગળ ધપાવશે. ■

# ટીન અને નિકલની આગેવાનીમાં ધાતુમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને ટીન,નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. સાત, રૂ. પાંચ અને રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ટીન, નિકલ અને ઝિન્ક સ્લેબની આગેવાની હેઠળ કોપર વાયરબાર સિવાયની અન્ય વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં પણ છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને ઝિન્ક સ્લેબમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ પણ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૩૩૫૫, રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૩૩ અને રૂ. ચાર ઘટીને રૂ. ૩૧૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૯૪૨ અને રૂ. ૯૧૧ના મથાળે અને કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૯૨૮, રૂ. ૮૫૩, રૂ. ૬૫૪ અને રૂ. ૨૭૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની તમામ ધાતુઓમાં છૂટાછવાયાં કામકાજોને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પાંખાં કામકાજે ખાંડમાં નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ના સુધારા સાથે રૂ. ૩૭૪૦થી ૩૮૦૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં એકંદરે પાંખાં કામકાજો વચ્ચે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી છનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી શુષ્ક રહેતાં ક્વિન્ટલે રૂ. પાંચથી ૧નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

આમ એકંદરે નિરસ માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૧૬થી ૩૯૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૭૬માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

# આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સપ્તાહના અંત અને વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યા હોવાથી હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, ગઈકાલે મોડી સાંજે સરકારે આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં ઘટાડો કર્યો હોવાથી અસરકારક જકાતમાં ઘટાડો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ગઈકાલે સરકારે ટનદીઠ ક્રૂડ પામતેલની ટૅરિફ જે ૧૧૧૩ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૬૬ ડૉલર, આરબીડી પામ ઑઈલની ટૅરિફ જે ૧૧૪૨ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૮૪ ડૉલર અને આરબીડી પામોલિનની ટૅરિફ જે ૧૧૮૭ ડૉલર હતી તે ઘટાડીને ૧૧૫૯ ડૉલર નિર્ધારિત કરી છે. વધુમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા તાજેતરમાં સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૧૫ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં આગલા ઑક્ટોબર મહિનાની સરખામણીમાં ૧૫.૫ ટકાનો ઘટાડો નોંધાયો હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૬ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૪, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૨, ભારત ફૂડના નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૧૭ અને રૂ. ૧૨૨૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૮, રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને પતંજલિ ફૂડસના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૨ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. જોકે, ભારત ફૂડ્સની સોયા રિફાઈન્ડના નવેમ્બર ડિલિવરીનાં કોન્ટ્રાક્ટમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૨૦ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હતી. ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૩૦,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૪૦,૦૦૦ ગૂણી મળી કુલ ૭૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે ૭૦,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૩૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાબીનની ૫૦,૦૦૦ ગૂણીની આવક થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સિંગતેલના રૂ. ૧૫૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૫૦ના મથાળે રહ્યા હતા. ■

# આયાત થતાં સ્ટીલ પર પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી

નવી દિલ્હીઃ દેશમાં થતી સસ્તી આયાતના ડમ્પિંગને કારણે સ્થાનિક ઉત્પાદકોના હિત જોખમાઈ રહ્યા હોવાથી ભારતે વિયેટનામથી આયાત થતાં હોટ રોલ્ડ ફ્લેટ સ્ટીલનાં ઉત્પાદનો પર પાંચ વર્ષ માટે ટનદીઠ ૧૨૧.૫૫ ડૉલરની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી છે. સૂચિત એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર) દ્વારા કરવામાં આવેલી ભલામણને ધ્યાનમાં રાખીને લાદવામાં આવી હોવાનું નાણાં મંત્રાલયે એક નોટિફિકેશનમાં જણાવતા ઉમેર્યું હતું કે આ ઉત્પાદનો પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી નોટિફિકેશન જાહેર કર્યાની તારીખથી પાંચ વર્ષ માટે લાદવામાં આવી છે. સિવાય કે તેને મુદત પહેલાં પાછી ખેંચવામાં આવે કે નાબૂદ કરવામાં આવે કે પછી તેમાં સુધારાવધારા કરવામાં આવે. નોંધનીય બાબત એ છે કે સ્ટીલ ઉદ્યોગ દ્વારા કરવામાં આવેલી ડમ્પિંગની ફરિયાદને ધ્યાનમાં લેતા ડીજીટીઆર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી અને તપાસના અંતે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરવામાં આવી હતી. એકંદરે સ્ટીલ ઉદ્યોગ તરફથી ફરિયાદ કરવામાં આવી હોવાથી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવતા ઉદ્યોગમાં રાહતની લાગણી જોવા મળી રહી છે, જ્યારે ઉપયોગકર્તા ઉદ્યોગમાં નારાજગી પ્રવર્તી રહી છે.

વિશ્વના ૧૬૬ રાષ્ટ્રોનાં સભ્ય ધરાવતા વિશ્વ વેપાર સંગઠનમાં ભારત અને વિયેટનામ બન્ને સભ્યો છે. તેમ જ ભારતનાં ૧૦ રાષ્ટ્રોના બ્લોક ધરાવતા બ્લોક આસિયન (એસોસિયેશન ઑફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ)સાથે મુક્ત વેપાર કરાર ધરાવે છે. ■

# કચ્છના ભચાઉ-રાપર નજીક ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

## વહેલી સવારે આવેલા આંચકાને પગલે મકાનોના બારી-બારણા ખખડી ઊઠતાં લોકો ભયભીત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: ધરતીકંપ માટે અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં સમાવાયેલા રણપ્રદેશ કચ્છની અઢી દાયકાથી અશાંત બનેલી ધરા ફરી ધણધણી ઊઠી હતી અને શનિવારે ભચાઉ-રાપર વચ્ચે આવેલા કણખોઇ ગામ નજીક કેન્દ્રબિંદુ ધરાવતો, જમીનમાં માત્ર ૧૬.૪ કિલોમીટરની ઊંડાઇએથી ૨.૭ની તીવ્રતાનો ધરતીકંપનો વધુ એક આંચકો રેક્ટર સ્કેલ પર નોંધાતા ગભરાટ ફેલાયો હતો.

ઉત્પત્તિ એકાદશીની વહેલી સવારે ૫ અને ૩૪ કલાકે ઉદ્‌ભવેલા આ ભૂકંપના આંચકાની કેન્દ્રબિંદુ આસપાસના ગામોમાં વિશેષ અસર જોવા મળી હતી જેમાં કાચા - પાકાં મકાનોના બારી તથા બારણા ખખડવાની સાથે ભયના માર્યા લોકોએ પણ ઘરની બહાર દોટ મૂકી દીધી હતી.

આ આંચકાની અનુભૂતિ છેક ભુજ, અંજાર, ગાંધીધામ સહિતના શહેરોમાં વિશેષ કરીને ખખડેલી બહુમાળી ઇમારતોમાં રહેતા પરિવારોએ પણ કરી હોવાનું જાણવા મળ્યું હતું.

નોંધનીય છે કે, કચ્છને તબાહ કરનારા ભયાનક ધરતીકંપને અઢી દાયકા જેટલો સમય વીતી ચૂક્યો છે ત્યારે સતત વધી રહેલી ભૂ-હલચલથી કચ્છીઓના માનસપટ પર અંકિત થઇ ગયેલી એ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના વિનાશક ધરતીકંપની વરવી યાદો ફરી જીવંત થઇ ઊઠી હતી. ■

# રાજકોટમાં જન્મ-મરણના દાખલા માટે ૬ મહિનાથી લાંબી લાઈનો: વિપક્ષની રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકામાં લોકોને જન્મ-મરણના દાખલા કઢાવવા માટે કલાકો સુધી રાહ જોવાનો અને વારંવાર ધક્કાઓ ખાવા પડે છે તેવો આરોપ કોંગ્રેસે કર્યો હતો. તેમણે આરોપ કર્યો હતો કે, શહેરના લોકો પોતાનું કામ-ધંધા મૂકીને લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે, વળી બેઠક વ્યવસ્થાના અભાવે લોકોને નીચે બેસવાની ફરજ પડે છે.

આ સૌથી મોટી અવ્યવસ્થા છેલ્લા છ મહિનાથી ચાલી રહી હોવાનો પણ વિરોધ પક્ષ દ્વારા આરોપ કરવામાં આવ્યો હતો. રાજકોટ મનપાના મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની ઓફિસની નીચે જ આવેલો આ જન્મ-મરણ વિભાગ લોકોની મુશ્કેલીનું કેન્દ્ર બન્યો હોવાનું કોંગ્રેસે કહ્યું હતું.

સત્તાધારી પદાધિકારીઓની ઓફિસની નીચે જ દરવાજા સુધી લાઈનો લાગતી હોવા છતાં પણ તંત્ર અને પદાધિકારીઓના પેટનું પાણી હલતું ન હોવાનો આક્રોશ શહેરીજનોમાં જોવા મળી રહ્યો છે.

વધતી સમસ્યાનું મુખ્ય કારણ જન્મ-મરણ વિભાગમાં અપૂરતો સ્ટાફ હોવાનું વિરોધ પક્ષનો આક્ષેપ છે. લાંબા સમયથી સ્ટાફની તંગીને કારણે શહેરીજનો દાખલાઓ કઢાવવા માટે ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ ઉપરાંત, સંકલનના અભાવે વખતોવખત કનેક્ટિવિટી બંધ થવી, સર્વર ડાઉન થવું, નેટવર્કમાં ખામી આવવી કે નવું પોર્ટલ ધીમું ચાલવું જેવી અનેક ટેકનિકલ સમસ્યાઓ લોકોને હાલાકી આપી રહી છે.

અગાઉના કમિશનર વિજય નહેરાના સમયમાં વોર્ડ ઓફિસ સુધી જન્મ-મરણના દાખલા સહિતના કામો શરૂ કરાયા હતા, પરંતુ સિસ્ટમની આ ખામીઓના પગલે હાલ તે સુવિધા બંધ થઈ ગઈ છે અને દાખલાઓ માત્ર સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે જ આપવામાં આવે છે.

આ ગંભીર સમસ્યાને લઈને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહજીએ જણાવ્યું હતું કે, અપૂરતા સ્ટાફને કારણે સર્જાતી અફરાતફરી તાત્કાલિક દૂર થવી જોઈએ.

કોંગ્રેસે તંત્રને સત્વરે નવી ભરતી અથવા કોન્ટ્રાક્ટ દ્વારા કર્મચારીઓની નિમણૂક કરીને આ સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ કરી હતી.

તેમણે સત્તાધારી પદાધિકારીઓ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભૂતકાળમાં તેમમે આ વિભાગની મુલાકાત લઈને લાઈનો દૂર કરવાના બણગાં ફૂંક્યા હતા અને ફોટો સેશન કરાવ્યા હતા, પરંતુ હવે તે પદાધિકારીઓ ભૂગર્ભમાં જતા રહ્યા છે. ■

# સોશ્યલ મીડિયા મારફતે સસ્તાં સોનાં, બમણા આર્થિક લાભ જેવી લોભામણી સ્કીમ વડે લોકોને લૂંટવાનું કારસ્તાન ભુજમાંથી પકડાયું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: બજાર ભાવ કરતાં ઓછા ભાવે શુદ્ધ સોનું, ઓછા વળતર સામે બમણો આર્થિક લાભ આપવાના નામે ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સના મધ્યમથી લોકો સાથે છેતરપિંડી આચરતી રહેતી ભુજની કુખ્યાત ગેંગના એક સાગરીતને પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ દબોચી લઇ, આરોપી પાસેથી ૯૯,૩૦,૦૦૦ની ખોટી તથા સાચી ભારતીય ચલણી નોટો તેમજ ધાતુથી બનાવાયેલાં નકલી સોનાનાં બિસ્કિટ સહિત કુલ રૂ.૧૪,૯૮,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો, જ્યારે અન્ય ચાર આરોપીને ઝડપી લેવા પોલીસે તપાસ તેજ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પેટ્રોલિંગ દરમિયાન મળેલી પૂર્વ બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ભુજ શહેરના સરપટનાકાની બાજુમાં આવેલા શેખ ફળિયામાં રહેતા અજરૂદ્દીન કાસમશા શેખને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપી અજરૂદ્દીને કબૂલ્યું હતું કે, તેની સાથે રમજુશા કાસમશા શેખ અને અલીશા કાસમશા શેખ,સુલતાન લંઘા અને અંજારનો શેખડાડા લોકોને છેતરવાના ઈરાદે ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર બનાવાયેલી જુદી-જુદી આઈ.ડી. મારફતે ભારતીય ચલણી નોટોના વીડિયો બનાવી તેમાં અલગ-અલગ બોક્સ-થેલાઓમાં નોટોના બંડલો, જેમાં ઉપર સાચી નોટ અને બાકીની તમામ કોરી નોટો રાખી અને એક લાખના પાંચ લાખ કરી અપાશે તેવા વીડિયો બનાવતા હતા. આ વીડિયો મારફતે જાળમાં ફસાયેલા લોકો સાથે સંપર્ક સાધી વિશ્વાસ કેળવતા હતા અને નાણાં પડાવી લેતા હતા. આરોપીના ઘરની તલાશી લેતાં તેમાંથી ૯૯,૩૦,૦૦૦ના ભારતીય ચલણની સાચી-ખોટી નોટોના બંડલ તેમજ સોના જેવી ધાતુના ૧૧ બિસ્કિટ તથા ૯ મોબાઈલ ફોન અને એક દુબઈના સીમકાર્ડ સહિત ૧૮ જેટલા ભારતીય સીમકાર્ડ મળી આવ્યા હતા. આ ઉપરાંત તેના ઘરમાંથી પોલીસને વિનુભાઈ નામની વ્યક્તિના આધાર કાર્ડ-ચૂંટણી કાર્ડની નકલ સહિત કુલ રૂ. ૧૪,૯૮,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ડી.વાય.એસ.પી ક્રિશ્ચિને જણાવ્યું હતું કે, ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપી અજરૂદ્દીન અને તેના બે ભાઈ રમજુશા તથા અલીશાએ અગાઉ કેટલા લોકોને છેતર્યા છે તથા તેમની સાથે અન્ય કોણ-કોણ સંડોવાયેલા છે તે જાણવા પકડાયેલા આરોપી અઝરૂદ્દીનના રિમાન્ડ સહિતની તજવીજ હાથ ધરાશે તેમજ અન્ય આરોપીઓ રમજુશા, અલીશા, સુલતાન અને શેખડાડાને ટ્રેસ કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનું ડી.વાય એસ.પી ક્રિશ્ચિયને ઉમેર્યું હતું.

# કચ્છના આદિપુરમાં ભૂગર્ભ પાણીના ટાંકામાં પડી જતા કિશોરીએ જીવ ખોયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છના આદિપુર શહેરના વોર્ડ-૧ એમાં આવેલા મકાનમાં ભૂગર્ભ પાણીના ટાંકામાં પડી જતાં લક્ષ્મી સુરેશ રાણા (ઉં.વ.૧૭) નામની કિશોરીએ જીવ ખોયો હતો. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી મળતી વિગતો મુજબ, ગત મોડી સાંજે આદિપુરના વોર્ડ-૧એ ખાતેની તોલાણી હાઉસિંગ સોસાયટીમાં આવેલાં મકાન નંબર ૪૪૫માં રહેનાર લક્ષ્મી નામની કિશોરીનું ઘરના આંગણામાં આવેલા ભૂગર્ભ પાણીના ટાંકામાં પડી ગઈ હતી જેમાં ડૂબી જવાથી તેણીનું મોત નીપજ્યું હતું. હતભાગી કિશોરી અકસ્માતે ટાંકામાં પડી ગઈ કે આપઘાત કર્યો તે જાણવા પોલીસે તપાસ આદરી છે. ■

# જૂનાગઢ સંકલન સમિતિ બેઠક યોજાઈ: પ્રજાલક્ષી પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા કલેક્ટરની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની મહત્ત્વપૂર્ણ બેઠક કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે તમામ સંબંધિત અમલીકરણ અધિકારીઓને પ્રજાલક્ષી પ્રશ્નોનું સત્વરે અને સમયમર્યાદામાં નિરાકરણ લાવવા માટે સ્પષ્ટ સૂચના આપી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ જિલ્લામાં નાગરિક સેવાઓના કાર્યો અને લોક સેવાઓના પ્રશ્નોનું ઝડપી અને નિયમ અનુસાર નિવારણ લાવવાનો હતો. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશ ઠુમર, ધારાસભ્ય ભગવાનજી કરગઠિયા અને ધારાસભ્ય અરવિંદ લાડાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ જનપ્રતિનિધિઓએ રજૂ કરેલા ગ્રામ્ય વિસ્તારના લોકોના વિવિધ પ્રશ્નો અને તેના નિરાકરણ માટે ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ સંબંધિત અમલીકરણ અધિકારીઓને નાગરિક સેવાઓ અને લોક સેવાઓના કાર્યો સરકારની જોગવાઈઓ નિયમો પ્રમાણે સમય મર્યાદામાં થાય તે માટે સુચના આપવામાં આવી હતી. આ બેઠકમાં જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર, જિલ્લા પોલીસ વડા, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારીઓ અને જિલ્લાના અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય ભગવાનજી કરગઠિયા અને અરવિંદ લાડાણી તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશ ઠુમર દ્વારા ગ્રામ્ય વિસ્તારના લોકોના વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નોમાં પાયાની સુવિધાઓ, જાહેર સેવાઓના અમલીકરણમાં થતો વિલંબ અને વહીવટી કાર્યક્ષમતા સંબંધિત મુદ્દાઓનો સમાવેશ થતો હતો.

કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ દરેક પ્રશ્નની વિગતવાર સમીક્ષા કરી હતી અને સંબંધિત વિભાગના વડાઓને તાત્કાલિક અસરથી તેના નિરાકરણ માટે આદેશ આપ્યો હતો.

કલેક્ટરે સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી હતી કે સરકારી જોગવાઈઓ અને નિયમો અનુસાર તમામ કાર્યો ગુણવત્તા સાથે અને નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થવા જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પ્રજાના પ્રશ્નો અને ફરિયાદોને ગંભીરતાથી લઈને તંત્રએ સંવેદનશીલતાથી કામ કરવું જરૂરી છે.■

# સર્વોત્તમ ડેરીમાં ૭૨માં અખિલ ભારતીય સહકાર સપ્તાહ કાર્યક્રમની દૂધ ઉત્પાદકોની વિશાળ હાજરીમાં ઉજવણી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: શ્રી ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. સર્વોત્તમ ડેરી દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૧૪/૧૧/૨૦૨૫ થી ૨૧/૧૧/૨૦૨૫ સુધી સહકાર સપ્તાહ કાર્યક્રમ સર ચિલિંગ સેન્ટર ખાતે સર્વોત્તમ ડેરી સાથે સંયોજિત કુલ ૬૯૩ દૂધ મંડળીઓ અંતર્ગત દરરોજની ૧૦૦ મંડળીઓમાંથી કુલ ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા દૂધ ઉત્પાદકોની વિશાળ હાજરી સાથે યોજાય રહ્યો છે.




સહકાર સપ્તાહ અંતર્ગત સર્વોત્તમ ડેરીના આ અભૂતપૂર્વ કાર્યક્રમ દ્વારા સર્વોત્તમ ડેરીના સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોત, સંઘના સ્થાપક અને મેનેજિંગ ડીરેક્ટર એચ.આર.જોષી અને ડાયરેક્ટરો દ્વારા અલગ અલગ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવે છે. આજના સમયમાં મૂલ્યવૃધ્ધિ પશુપાલન, પશુપાલનના ધંધામાં નફો વધારે કઈ રીતે મળે, દૂધ મંડળી થકી ગામનો વિકાસ કરવા માટેના સૂચનો, દૂધ મંડળી થકી પશુપાલકોનો વિકાસ કરવા માટેનું માર્ગદર્શન, બજારુ ભેળસેળયુક્ત દાણ કરતા સસ્તું અને સંપૂર્ણ પોષકતત્ત્વોથી ભરપુર એવા સર્વોત્તમ દાણ, સેક્સડ શોર્ટેજ સીમેન ડોઝથી બીજદાન કરાવવાથી વધારે મળતાં માદા પશુ તેમ જ દૂધ ઉત્પાદનમાં થતો વધારો બાબતની સંપૂર્ણ માહિતી, ઓછા પશુએ વધારે નફો વિગેરે બાબતની તમામ ઊંડાણપૂર્વકની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવી રહેલ છે.

સર્વોત્તમ ડેરીના સંઘના સ્થાપક અને મેનેજિંગ ડીરેક્ટર એચ.આર.જોષીના જણાવ્યા મુજબ આજે સર્વોત્તમ ડેરીમાંથી દરરોજ ખુંધવાળી દેશી ગીર ગાયનું ૧ ટેન્કર મહેસાણાનાં ધારુહેડા પ્લાન્ટમાં પેકિંગ થાય છે આ એર દૂધ દિલ્હીની બજારમાં વેચાય છે. ૧ ટેન્કર પંચમહાલની પંચામૃત ડેરીમાં પેકિંગ થાય છે આ એર દૂધ મુંબઈની બજારમાં વેચાય છે. આવું ખુંધ વાળી દેશી ગીર ગાયનું દૂધ ભારત દેશની એકપણ ડેરી પાસે નથી. સમગ્ર ગુજરાતમાં ખુંધ વાળી દેશી ગીર ગાયનું ઘી માત્ર સર્વોત્તમ ડેરીમાં પેકિંગ થાય છે. જે ભારત દેશના સીમાડા ઓળંગી દુબઈના સાતેય દેશોમાં તથા અન્ય દેશોમાં વેચાય રહયું છે. સામાન્ય ઘી ના ભાવ રૂ. ૬૦૦/- થી ૬૨૫ /- હોય છે જયારે આ ઘી ના ભાવ ૧૪૦૦/- રૂ. છે. સમગ્ર ગુજરાતમાં માત્ર સર્વોત્તમ ડેરી પાસે જ આ ખુંધવાળી ગાયનું દૂધ છે એ આપણા માટે ગૌરવ છે. આજે વિશ્વમાં સર્વોત્તમ ડેરી વધારેમાં વધારે ભાવ ભેંશના દૂધના રૂ. ૯૦૦/- તેમજ ગાય દૂધના ૯૨૦/- થી ૧૨૦૦/- આપી રહી છે જો ગાયના દૂધમાં વધારો થશે તો આનાથી પણ વધારે ભાવ આપણને મળશે.

આમ સર્વોત્તમ ડેરી હંમેશા જિલ્લાના દૂધ ઉત્પાદકોના જીવનધોરણ ઊંચા લાવવામાં મહત્ત્વનો ફાળો આપી રહેલ છે. તે માટે અલગ અલગ શિબિરો યોજવી, મહિલા સશક્તિકરણ વિગેરે નવીન કાર્યક્રમો દ્વારા દૂધ ઉત્પાદકોને આધુનિક પશુપાલન તરફ વાળવા હંમેશા પ્રયાસ કરતી રહે છે. સમગ્ર સભાનું સફળ સંચાલન ચીફ જનરલ મેનેજર વાય.એચ.જોષીએ કરી હતી. ■

# વ્યાજખોરો પઠાણી ઉઘરાણીથી કંટાળેલા કોટડા (જડોદર) ના વૃદ્ધે એસિડ ગટગટાવી આપઘાત કરી લીધો: બે કિન્નરો સહિત ત્રણ વિરુદ્ધ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છના નખત્રાણા તાલુકાના કોટડા (જડોદર)ના હૉસ્પિટલના ખર્ચ પેટે વ્યાજે લેવાયેલા એક લાખની સામે વ્યાજખોરો દ્વારા ચાર લાખની પઠાણી ઉઘરાણી કરતા વૃદ્ધે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. નાદેવજી રામજી બુચિયા (ઉં.વ.૫૮) નામના વૃદ્ધે એસિડ ગટગટાવીને આપઘાત કરી લેતાં બે કિન્નરો સહિતના ત્રણ વ્યાજંકવાદીઓ વિરુદ્ધ નખત્રાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, હતભાગી દેવજીભાઈએ ભુજ તાલુકાના ખેંગારપરના માવજી જાદવ પાસેથી ટુકડે-ટુકડે રોકડ તથા ઓનલાઈન ટ્રાન્સફર મારફતે રૂ. એક લાખ ઉછીના લીધા હતા, જેના બદલામાં દેવજીભાઈને હબાય ખાતે આવેલી વાડીમાં બોલાવી એક લાખ સામે વ્યાજ સહિત ચાર લાખ આપવા દબાણ કરાયું હતું અને ધાક ધમકી કરાઈ હતી, તેમજ અન્ય બે અજાણ્યા કિન્નરે મૂઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને દેવજીભાઈએ એસિડ ગટગટાવી લઈને જીવાદોરી ટૂંકાવી લીધી હતી.

પઠાણી ઉઘરાણી કરી અવાર-નવાર ધાકધમકી આપનારા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ નખત્રાણા પોલીસે આત્મહત્યા દુષ્પ્રેરણ આપવા સહિતની દંડ સંહિતાની વિવિધ કલમો તળે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# દુષ્કર્મના આરોપી જામનગરના ઉદ્યોગપતિની આગોતરા જામીન અરજી નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરના ચકચારી દુષ્કર્મ કેસમાં ઉદ્યોગપતિ વિશાલ મહેન્દ્રભાઈ મોદીની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી દીધા હતા. આ નિર્ણયથી આરોપીની ધરપકડનો માર્ગ મોકળો થયો છે. જામનગરના બેંડેશ્વરમાં જનક ઓઇલ મિલ એન્ડ એક્સપોર્ટ ચલાવતા વિશાલ મોદી સામે એક મહિલાએ બળાત્કાર અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ નોંધાયા બાદ આરોપી વિશાલ મોદી ધરપકડથી બચવા માટે જામનગર છોડીને નાસી છૂટ્યો હતો. છેલ્લા ૧૫ દિવસથી ફરાર રહેલા આરોપીએ ધરપકડ ટાળવા માટે જામનગર કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી.

આ જામીન અરજીનો ભોગ બનનાર મહિલાએ તેમના એડવોકેટ દિનેશભાઈ વિરાણી મારફતે કોર્ટમાં સખત વિરોધ કર્યો હતો. વકીલે દલીલ કરી હતી કે આરોપી સામે ગંભીર ગુનો છે અને તેની પાસેથી ભોગ બનનારના વીડિયો, ફોટા વગેરે કબજે કરવાના બાકી છે. ઉપરાંત, પોલીસ કસ્ટડી દરમિયાન દુષ્કર્મનું સ્થળ શોધવાનું પણ બાકી છે.

એડવોકેટે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ પણ રજૂ કર્યા હતા. તમામ દલીલો અને પુરાવાઓને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ કોર્ટે ઉદ્યોગપતિ વિશાલ મહેન્દ્રભાઈ મોદીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી. ■

# ભાવનગર ઔદિચ્ય ઝાલાવાડી સાડા ચારસો જ્ઞાતિ મંડળ (રમાવાડી) દ્વારા સમૂહ લગ્ન અને યજ્ઞોપવિતનું આયોજન

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: જિલ્લા ઔદિચ્ય ઝાલાવાડી સાડા ચારસો જ્ઞાતિ મંડળ દ્વારા આગામી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સમૂહ લગ્ન અને યજ્ઞોપવિતનું આયોજન પ્રતિ વર્ષની માફક ગાયત્રી મંદિર - ચિત્રા ભાવનગર શુભ સ્થળે રાખવાનુ નિયત કરેલ છે. જ્ઞાતિ મંડળના માન. પ્રમુખ દિનકરરાંય પંડિત તથા મંત્રી હિતેશ વ્યાસ તથા જ્ઞાતિ મંડળના આગેવાની નીચે અને રાહબરી નીચે આયોજન કરવામા આવી રહ્યું છે તેમજ જ્ઞાતિ મંડળના દાતાઓ તરફથી પણ ઉદાર સખાવત મળી રહી છે.

સમૂહ લગ્ન અને યજ્ઞોપવિતમા જોડાવા માગતા જ્ઞાતિ મંડળના પરિવારજનોએ ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમા નિયત નમુનાનુ ફોર્મ જ્ઞાતિ મંડળ કાર્યાલય રમાવાડી સિંધુનગર - ભાવનગર ખાતેથી કાર્યાલય સમય દરમ્યાન મેળવી જરૂરી આધાર પુરાવા સાથે જમા અચૂક જમા કરાવનાનુ રહેશે.

જ્ઞાતિ મંડળ દ્વારા સમૂહ લગ્ન તથા યજ્ઞોપવિતમાં યોગદાન આપવા માંગતા જ્ઞાતિજનોએ જ્ઞાતિ મંડળના આગેવાનો સંપર્ક કરી યથાયોગ્ય સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# અમરેલીમાં ફરી સિંહબાળ આવ્યું રેલવેની હડફેટે: વન વિભાગે શરૂ કરી સારવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના વડીયા નજીક ટ્રેનની અડફેટે આવી જવાથી વધુ એક સિંહબાળ ઇજાગ્રસ્ત થયું હતું. આ ઘટના વેરાવળથી બાંદ્રા જતી ટ્રેન નંબર ૧૯૨૦૪ સાથે બની હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જેતપુરથી વડીયા તરફ જઈ રહેલી ટ્રેન વડીયા રેલવે સ્ટેશનથી આશરે દોઢ કિલોમીટર પહેલાં પસાર થઈ રહી હતી, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. સિંહબાળ ટ્રેન અડફેટે આવતાં ઇજાગ્રસ્ત થયું હતું. આ દુર્ઘટનાને કારણે ટ્રેન ત્યાં જ રોકાઈ ગઈ હતી, જેના પરિણામે ટ્રેન તેના નિર્ધારિત સમય કરતાં બેથી અઢી કલાક જેટલી મોડી પડી હતી, અને મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રેલવે ટ્રેક પર સિંહોના રહેણાંક વિસ્તારમાં અવારનવાર થતા આવા અકસ્માતો સિંહ પ્રેમીઓ અને પર્યાવરણવિદો માટે ગંભીર ચિંતાનો વિષય બન્યા છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. વન વિભાગ દ્વારા ઘાયલ સિંહબાળને સારવાર આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ■

# મોરબીમાં કમલમનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય પ્રધાન અમિત શાહના હસ્તે થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના મોરબીમાં ઊભા થયેલા કમલમ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિતભાઈ શાહના હસ્તે થશે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી. શાહ તારીખ ૨૧ નવેમ્બર,૨૦૨૫ના રોજ ગુજરાતની મુલાકાતે આવશે અને મોરબીના શનાળા ગામ પાસે બનેલા કમલમ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરશે, તેમ જાણવા મળ્યું હતું. આ સાથે ગુજરાત ભાજપ પ્રદેશના નવનિયુક્ત પ્રધાન જગદીશ વિશ્વકર્માનો અભિવાદન સમારોહ પણ યોજવામાં આવશે, તેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહેશે, તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું.

અહીં મોટો કાર્યક્રમ યોજાવાનો હોવાથી પદાધિકારીઓ તૈયારીઓમાં લાગ્યા છે. મોરબીના રવાપર ગામે આવેલા ઉમા હોલખાતે જિલ્લા ભાજપની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કર્યક્રમની તૈયારીઓ અંગે ચર્ચા થઈ હતી અને પદાધિકારીઓને કામે લાગી જવા કહેવામાં આવ્યું હતું.

અમિત શાહનો પહેલાનો ગુજરાતનો પ્રવાસ દિલ્હીમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના પગલે રદ કરવામાં આવ્યો હતો. ■

# રાજકોટ કમિશનર ખુદ રસ્તાના કામની ચકાસણી કરવા નીકળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલે રસ્તાના કામના સંદર્ભે ગુણવત્તાની ચકાસણી કરવા અને કોઈપણ પ્રકારની બાંધછોડ ન કરવા સૂચના આપી હતી. ત્યારે રાજકોટ મનપા કમિશનર સહિતના અધિકારીઓ પોતે રોડ રસ્તાના કામોની ચકાસણી કરવા નીકળી પડ્યા હતા.

મળતી માહિતી અનુસાર કમિશનર તુષાર સુમેરા શહેરના વિવિધ વિસ્તારોમાં ફિલ્ડ પર ગયા હતા અને કામકાજનું નિરિક્ષણ કર્યું હતું. તેમણે અધિકારીઓની ટીમ સાથે રોડ રસ્તા રિપેરિંગનું કામ, ડામરની ક્વોલિટી વગેરે ચેક કર્યા હતા.

તેમણે ત્રણેય ઝોનના રસ્તાઓના રોડ રસ્તા રિપેરિંગનું નિરિક્ષણ કર્યું હતું. તેમણે કામ કરતા લોકો સાથે પણ વાત કરી હતી અને કામની માહિતી મેળવી હતી. ■